સ્વાધ્યાય

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૩૯

પુસ્તક ૨૦

અંક ૩

(ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. વસંતકુમાર ભટ્ટનો લેખ)

ચિત્ર ૧

શિવ સપ્ત સ્વરમય, પરેલ (મુંબઈ)

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા

અ. નિયામક

પ્રાચ્યવિદ્યા મન્દિર,

વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

અક્ષય તૃતીયા — પુસ્તક ૨૦ : અંક ૩

વિ. સં. ૨૦૩૯ — મે, ૧૯૮૩

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	સ્વાધ્યાયમીમાંસા—રામકૃષ્ણ વ્યાસ	... ૨૨૧
૨.	માલણ નામલનો પ્રબન્ધ—જયન્ત પ્રે. ઠાકર	... ૨૩૧
૩.	કાવ્યબન્ધ કિંવા વાક્યવિન્યાસ—રમેશ બેટાઈ	... ૨૪૦
૪.	અનુપ્રાસ અલંકાર-એક અધ્યયન—અનંતરાય જ. રાવલ	... ૨૪૭
૫.	સૌન્દર્ય—પ્રેમલતા બાફના	... ૨૫૪
૬.	કવિ શ્રી નગીનદાસ સંઘવી રચિત 'શ્રી સદ્ગુરોર્મહિમ્નઃ સ્તોત્રમ્'નો અલંકારવૈભવ—મહેન્દ્રકુમાર મો. દેસાઈ ('કુમાર')	... ૨૬૪
૭.	મીરાં-તુલસી પત્રવ્યવહાર—હસમુખ વ્યાસ	... ૨૭૦
૮.	ઇતિહાસમાં નવસારી ભૂપૃષ્ઠ, પુરાવસ્તુ અને સ્થળનામોની દૃષ્ટિએ—રમણલાલ ના. મહેતા	... ૨૭૪
૯.	મુનશીની નવલકથાઓમાં વ્યક્તિત્વનિરૂપણ—બાબુ દાવલપુરા	... ૨૮૮
૧૦.	શિવની દક્ષિણામૂર્તિઓ—વસંતકુમાર એસ. પારેખ	... ૩૦૧
૧૧.	પ્રો. રસિકલાલ છો. પરીખને અંજલિ—કે. કા. શાસ્ત્રી	... ૩૦૯
૧૨.	વેદશાસ્ત્ર-સંપન્ન પં. જગન્નાથ શ્રીધર પદેશાસ્ત્રી,-જયન્ત પ્રે. ઠાકર	... ૩૧૩
૧૩.	ગ્રન્થાવલોકન	... ૩૨૨
૧૪.	સાભાર સ્વીકાર	... ૩૪૪

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૯ પુસ્તક ૨૦

મે, ૧૯૮૩ અંક ૩

સ્વાધ્યાયમીમાંસા

રામકૃષ્ણ વ્યાસ

મનુષ્ય વિત્તથી કે અન્નથી જ તૃપ્ત થતો નથી. તેની અનેક સહજ વૃત્તિઓમાં જિજ્ઞાસા–અસ્તિત્વનાં તમામ પાસાંઓને જાણવાની ઇચ્છા–બહુ પ્રબળ છે. તેથી તે સૃષ્ટિનું અને પોતાનું રહસ્ય પામવા આદિકાળથી મનોયત્ન કરતો આવ્યો છે. માનવ–ચિત્ત સઘળાં સર્જનોમાં સૌથી મહત્ત્વનું અને અસીમ બળ ધરાવતું તત્ત્વ છે, કેમકે તે પોતાના ભંડારમાં પોતે જ નિપજાવેલાં ચિન્તનનાં અને વૈજ્ઞાનિક અનુસંધાનોનાં પરિણામો સંઘરે છે. ઋગ્વેદ માણસજાતનો સૌથી પ્રાચીન જિજ્ઞાસામૂલક ચિન્તનાત્મક સાહિત્યનો દસ્તાવેજ છે. મૌખિક પરંપરાથી તે આજસુધી યથાવત્ સુરક્ષિત રહ્યો છે. એ કારણે 'સ્વાધ્યાય' અને 'વેદ' પર્યાય બની ગયા હતા અને આજે પણ ચુસ્ત વૈદિકો સ્વાધ્યાય કે બ્રહ્મયજ્ઞમાં રોજબરોજ વેદશાખાનો પાઠ કરે છે.

ઋગ્વેદના મંત્રો ક્યાં અને ક્યારે રચાયા એ વિષે વિદ્વાનોમાં મતભેદ છે. ડૉ. રાવે સિન્ધુઘાટીની સભ્યતા વૈદિકસભ્યતાની પુરોગામી હતી અને તેનો વિકાસ આર્યોએ કર્યો હતો એમ ત્યાંની લિપિનું વાચન કરીને સિદ્ધ કર્યું છે.[૧] તે મુજબ આજથી પાંચ કે છ હજાર વર્ષ પહેલાં વેદમંત્રોની રચના થઈ હશે એમ માની શકાય. પરંતુ મંત્રોની રચનામાં પ્રગટ થતી સાંસ્કૃતિક, સાહિત્યિક વિકાસની સ્થિતિ વૈદિક સભ્યતાના આરંભકાળની અતિપ્રાચીનતાનો નિર્દેશ કરે છે. સંહિતામાં પણ પૂર્વના ઋષિઓ અને "પથિકૃત્" પૂર્વજોનું સ્મરણ, અભિવાદન નિર્દેશાયું છે.[૨] કેટલા પહેલાંના અને કેટલા પછીના કવિઓ થયા? કેવી રીતે એમણે કવિપણું કેળવ્યું? એ વિષે નિશ્ચિત માહિતીનો અભાવ પણ ઉલ્લેખાયો છે.[૩]

---

૧ Rao, S. R. "The Decipherment of Indus Script", Asia Publishing House, Bombay, 1981, P. 82 ff.

૨ इदं नमः ऋषिभ्यः पूर्वजेभ्यः पूर्वेभ्यः पथिकृद्भ्यः ।

ઋગ્વેદ, ૧૦.૧૪.૧૫

૩ कतरा पूर्वा कतरा परायोः कथा जाते कवयः को विवेद ।

એજન, ૧.૧૮૫.૧

શકુન્તલા રાવ શાસ્ત્રીના અભિપ્રાય મુજબ વેદની અપૌરુષેયતા કે તે ઈશ્વરપ્રણીત હોવાની માન્યતાના મૂળમાં આરંભના મંત્ર–રચયિતા ઋષિઓનું કોઈ આકસ્મિક કારણસર થયેલું વિસ્મરણ હોઈ શકે.[૪] રાવ આર્યોના આક્રમણથી સિન્ધુ ઘાટીની સભ્યતા નાશ પામી એ વ્હીલરે પ્રવર્તાવેલા મતનુ ભારપૂર્વક ખંડન કરીને પૂર જેવા પ્રાકૃતિક કારણોસર તેનો નાશ થયો એમ કહે છે. પૂર્વકાળના ઋષિઓના વિસ્મરણનું આ એક કારણ હોઈ શકે.

પૂર્વજ ઋષિઓએ તપના બળે[૫] અવતારેલી જ્ઞાનધારાનો પ્રવાહ અવિચ્છિન્ન વહેતો રહે એ ઉદાત્ત હેતુને લક્ષમાં રાખી, જે સમયે મનુષ્ય ભૌતિકસભ્યતાની દૃષ્ટિએ ખૂબ જ પછાત હતો, ત્યારે પિતા, પિતામહની પરંપરાથી ચાલી આવેલ વેદ–શાખાના દૈનિક સ્વાધ્યાયના[૬] નિયમને નિત્યકર્મ (Obligatory) બનાવનાર આર્યપ્રજાની પ્રબુદ્ધ ચેતના, જ્ઞાનનિષ્ઠા અને ગતિશીલતા આપણી હાર્દિક અંજલિને પાત્ર ગણાય. યજ્ઞ, ઉપાસના જેવાં શાસ્ત્રીયકર્મ, સાધારણ જીવનવ્યવહાર તેમજ વિકાસનો આધાર જ્ઞાન છે, તેથી તેનું સંરક્ષણ, સંવર્ધન નિરન્તર નિર્વિઘ્ને થતું રહે એવી સામાજિક વ્યવસ્થા પણ નિપજાવાઈ હશે, એનો નિર્દેશ શતપથ બ્રાહ્મણમાં મળે છે. તેના ૧૧.૫.૫.માં ઉપનયનવિધિ, ૧૧.૫.૬.માં પાંચ મહાયજ્ઞો અને ૧૧.૫.૭.માં એ યજ્ઞો પૈકી બ્રહ્મયજ્ઞ કે સ્વાધ્યાય વર્ણવ્યાં છે.

બ્રહ્મ એટલે વેદ. તેના અધ્યયનનું યજ્ઞપણું આ રીતે છે:—વાણી જૂહુ છે. મન ઉપભૃત છે. ચક્ષુ ધ્રુવા છે. મેધા ... વો છે. સત્ય અવભૃથસ્નાન છે. તેનું ફળ લૌકિક અભ્યુદય, સ્વર્ગ તેમજ મોક્ષ સુધી વિસ્તરેલું છે.[૭]

સ્વાધ્યાય માણસમાં પઠન ચિન્તન, અધ્યાપન પ્રત્યે રુચિ પેદા કરે છે. તેના મનને ઉચ્ચ, હેતુપૂર્ણ વિચારોમાં જોડે છે. તેને સ્વતંત્રપણે દરરોજ ધનાર્જન કરવામાં સમર્થ બનાવે છે. તે સુખમય ઊંઘ લઈ શકે છે, અને આત્માનો ચિકિત્સક બને છે. ઇન્દ્રિય–સંયમ, ચિત્તની એકાગ્રતા, પ્રજ્ઞાનો વિકાસ, યશની પ્રાપ્તિ અને લોકશિક્ષણ સ્વાધ્યાયની આડપેદાશો છે. નિરંતર વિકસતી પ્રજ્ઞા મનુષ્યની આંખમાં અનેરું તેજ લાવે છે. શિષ્ટ પુરુષને છાજે એવો આચાર, યશની પ્રીતિ અને સામાન્યજનો માટે આદર્શજીવન પ્રજ્ઞાશીલ પુરુષનાં લક્ષણ છે. લોકશિક્ષણથી

---

૪ Shastri, S. Rao, "Aspirations from a fresh world", Bharatiya Vidya Bhavan, Bombay, 1961, PP. 1–2

૫ મંત્રદર્શન કે મંત્રપ્રણયન ઋષિપણાનો હેતુ છે અને ઋષિત્વનો તપ સાથે સંબંધ છે એ હકીકત વેદ, પુરાણ વગેરેમાં નોંધેલી છે. જુઓ : ऋषीन् तपस्वतः ।

ઋગ્વેદ, ૧૦.૧૫૪.૫

ऋषीणां तप्यतामुग्रं तपः परमदुश्चरम् ।
मंत्रा प्रादुर्बभूवुर्हि पूर्वमन्वन्तरेष्विह ॥

વાયુપુરાણ, ૧.૫૬.૬૦

૬ स्वस्याधारणत्वेन पितृपितामहादिपरंपराप्राप्ता शाखा स्वाध्यायः ।

શતપથબ્રાહ્મણ, ૧૧.૫.૭-૧. સાયણભાષ્ય

૭ શતપથબ્રાહ્મણ, ૧૧.૫.૬.૩

આદર, પૂજ્યભાવ, દાન, મહત્તા કે ઉચ્ચપદ મળે છે. લોકશિક્ષક બ્રાહ્મણ અવધ્ય ગણાય છે. આકાશ અને પૃથ્વી વચ્ચે જે શ્રમના પ્રકારો છે તેમાં સ્વાધ્યાય પરાકાષ્ઠારૂપ છે.[૮]

સ્વાધ્યાય કરનાર સુખે તપ કરે છે. ભલે તે અભ્યંગ (તેલમાલિશ) કરતો હોય, સુંદર વસ્ત્રાભૂષણ પહેરતો હોય, આરામથી બેસીને કે શય્યામાં સૂતાં સૂતાં અભ્યાસ કરતો હોય તો પણ તે નખશિખ તપ કરે છે એમ માનવું જોઈએ.[૯]

ઋચાઓ મધ છે. સામગાન ઘી છે. યજુષ્વાક્યો અમૃત છે. વેદવાક્યમીમાંસા પાયસ છે. મધ વગેરે વડે તે દેવોને તૃપ્ત કરે છે, જે ઋચાઓ વગેરેનો સ્વાધ્યાય કરે છે. તૃપ્ત થયેલા દેવો બધા ભોગોથી એને સંતુષ્ટ કરે છે.[૧૦]

જળ વહે છે. સૂર્ય ગતિમાન છે. ચન્દ્ર ચાલતો રહે છે. નક્ષત્રો પણ સ્થિર નથી. જેમ આ બધા દેવો ગતિશીલ ન રહે, પોતાનું નિયત કાર્ય ન કરે, એવો તે દિવસે બ્રાહ્મણ બને છે, જે દિવસે એ સ્વાધ્યાય કરતો નથી.[૧૧]

શ્રી વલ્લભાચાર્ય મુજબ સ્વાધ્યાય શબ્દનો યૌગિક અને રૂઢ અર્થ વેદ છે. સુ + આ + અધ્યાયઃ એમ એની સંધિ છૂટી પાડી તેઓ લખે છે કે સુ એટલે શોભન–દેશ, કાળ, ગુરુ અને શિષ્યના અપેક્ષિત ગુણો તથા નિયમોના સુયોગે–આ એટલે સર્વ રીતે–શબ્દ, અર્થ અને અનુષ્ઠાનમાં શંકા ન થાય એમ–અધ્યાય એટલે અધ્યયન સ્વાધ્યાય કહેવાય. તેનાથી કર્મ તેમજ જ્ઞાનના કાંડોમાં દર્શાવેલાં ચિત્તશુદ્ધિ અને મોક્ષ એ બન્ને ધ્યેયો પાર પડે છે.[૧૨] તેઓ આવા

---

૮ अथातः स्वाध्यायप्रशंसा । प्रिये स्वाध्यायप्रवचने भवतः युक्तमनाः भवत्यपराधीनोऽहरहरर्थान् सम्पादयते सुखं स्वपिति परमचिकित्सक आत्मनो भवति । इन्द्रियसंयमश्चैकारामता च प्रज्ञावृद्धिर्यशोलोकपक्तिः, प्रज्ञा वर्धमाना चतुरो धर्मान् ब्राह्मणमभिनिष्पादयति ब्राह्मण्यं प्रतिरूपचर्यां यशो लोकपक्तिं, लोकः पच्यमानः चतुर्भिर्धर्मैः ब्राह्मणं भुनक्ति अर्चया दानेन चाज्येयतया चावध्यतया च । ये ह वै के च श्रमाः इमे द्यावापृथिव्योरन्तरेण स्वाध्यायो हैव तेषां परमता काष्ठा । એજન, ૧૧.૫.૭.૧–૨

૯ એજન, ૧૧.૫.૭.૪.

૧૦ એજન, ૧૧.૫.૭.૫–૯.

૧૧ यन्ति वा आपः, एत्यादित्यः एति चन्द्रमाः, यन्ति नक्षत्राणि । यथा ह वा एता देवता नेयुर्न कुर्युरेवं हैव तदहर्ब्राह्मणो भवति यदहः स्वाध्यायं नाधीते । એજન, ૧૧.૫.૭.૧૦

૧૨ काण्डद्वयार्थसिद्धयर्थं स्वाध्यायविधिरुच्यते ।
स्वाध्यायशब्दो वेदे हि रूढो योगोऽपि वर्तते ॥
सुष्ठ्वासमन्तादध्येयः शोभनं नियमैर्युतः ।
... ...
तादृग् गुणविशिष्टोऽत्र वेदः स्वाध्याय उच्यते ॥

શ્રી વલ્લભાચાર્યકૃત પત્રાવલમ્બનમ્, ભટ્ટ ગોવિન્દલાલ, સમ્પાદક, શ્રીપુષ્ટિમાર્ગીય યુવક પરિષદ, મુંબઈ, ૧૯૬૦, પૃ. ૩–૫

સ્વાધ્યાયની જવાબદારી પિતા અને આચાર્ય ઉપર રહેલી છે એમ જણાવે છે, કેમકે બાળકની સમજણ ખીલી ન હોવાથી એને જવાબદાર ગણી ન શકાય.

સાધારણ રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે બ્રહ્મચર્યઆશ્રમમાં કે જીવનનાં પ્રારંભિક વર્ષોમાં ગુરુકુળ, શાળા, વિદ્યાલય કે વિશ્વવિદ્યાલયમાં દાખલ થઈને વિવિધ વિષયોનો અભ્યાસ કરી લીધા પછી સ્વાધ્યાય આવશ્યક નથી. ગૃહસ્થાશ્રમની કપરી જવાબદારીઓ વચ્ચે સ્વાધ્યાય કેમ કરવો ? એમ માની–મનાવી તેનાથી છટકવાનો પડી ચૂકેલો ચીલો ચાતરીને અભ્યાસનો વ્યાસંગ આજીવન ટકાવી રાખનાર સ્વાધ્યાય–વીર જડવા મુશ્કેલ છે. શિક્ષણના કાર્યમાં જોડાયેલા શાળા, મહાશાળાના પ્રાધ્યાપકોમાં પણ યથાર્થ રીતે અને હેતુલક્ષી સ્વાધ્યાય કરનારા વિરલ છે એ હકીકત નકારી શકાય એમ નથી. આ હકીકતની પૃષ્ઠભૂમિમાં તૈત્તિરીય અને છાન્દોગ્ય ઉપનિષદ્‌માં મળતા સ્વાધ્યાય અંગેના ઉલ્લેખો–ઉપદેશો–આદેશો વિચારવા જેવા છે.

વેદ ભણાવ્યા પછી અન્તેવાસીને અનુશાસન શીખવતાં સમાવર્તન (Convocation) પ્રસંગે આચાર્ય ધર્મમય જીવન જીવવાના અનેક આદેશો પૈકી સ્વાધ્યાય કરવામાં કદી પણ પ્રમાદ ન કરવો એમ કહે છે.[૧૩] એની સંગતિ અને રહસ્ય એજ ઉપનિષદ્‌માં નિરૂપાયાં છે. વૈયક્તિક અને સામાજિક જીવન–વ્યવહારના તમામ તબક્કે સ્વાધ્યાય પાયારૂપ હોવાથી તેનો સહયોગ સમજપૂર્વક હંમેશાં જાળવવો જોઈએ એમ એનો ફલિતાર્થ છે.[૧૪] શાળાના ઓરડામાંથી વિદ્યાર્થીને તે તે વિદ્યા–કર્મની પ્રયોગભૂમિરૂપ કાર્યાલયો–યંત્રાલયોમાં લઈ જઈને ક્રિયા–શ્રમ–મૂલક શિક્ષણ આપવાની નવી પદ્ધતિ વિદેશી આયાત જેવી જણાય છતાં તેની પાછળ રહેલી દૃષ્ટિ ઉપનિષદોમાં સ્પષ્ટપણે નિર્દેશી છે. જ્ઞાન અને ક્રિયા પરસ્પર પૂરક છે.

વિદ્યાલયો વિદ્યાપ્રાપ્તિની પ્રક્રિયા શીખવે છે. તેનો અમલ કરી વિદ્યા–જ્ઞાન–મેળવવાનો ઉદ્યોગ ગૃહસ્થે તેમજ અન્ય આશ્રમે વસનારે સતત કરતા રહેવાનું છે–તેમાં પ્રમાદ કરવાનો નથી–એમ કરવાથી જ આ લોક અને પરલોક બંને સુધારી શકાય એ વાત કહેવામાં ઉપનિષદો અત્યંત સ્પષ્ટ છે. છાન્દોગ્યમાં કહ્યું છે :—કુટુમ્બમાં રહેનાર વ્યક્તિએ નિવાસના શાન્ત–પવિત્ર ભાગમાં બેસીને નિયમિતપણે સ્વાધ્યાય કરવો. હંમેશાં કર્તવ્યકર્મ ધર્મદૃષ્ટિથી કરતા રહેવું. આત્મામાં બધી ઇન્દ્રિયોને કેન્દ્રિત કરવાનો અભ્યાસ કરવો. પ્રાણીઓ તરફ અહિંસાની દૃષ્ટિ રાખવી. જીવન રહે ત્યાં સુધી આમ વર્તતો વિદ્વાન્ બ્રહ્મલોક પામે છે.[૧૫]

બૃહદારણ્યક ઉપનિષદ્ સ્વાધ્યાય કે વેદાનુવચનના પ્રયોજન વિષે નવું દૃષ્ટિબિન્દુ રજૂ કરે છે કે વેદાનુવચન ઉપરાંત યજ્ઞ, દાન, તપ અને વ્રતો વડે બ્રાહ્મણો આત્માને જાણવાની ઇચ્છા–વિવિદિષા કરે છે. આમ સ્વાધ્યાય અને તેનાથી પ્રેરિત ઉત્તમ કર્મોનો હેતુ આત્માના તત્ત્વને જાણવાની ઇચ્છા ઉત્પન્ન કરવાનો છે. આ વિધાન આત્માની જિજ્ઞાસાનું કેવું મહત્ત્વ છે એ

---

૧૩ તૈત્તિરીય ઉપનિષદ, ૧.૧૧

૧૪ એજન, ૧.૯.

૧૫ છાન્દોગ્ય ઉપનિષદ, ૮.૧૫.૧

દર્શાવે છે. એનું કારણ એ છે કે પ્રસ્તુત સંદર્ભમાં આત્મા પરમ સત્ય કે અંતિમ તત્ત્વ તરીકે–મહાન, અજન્મા, વિજ્ઞાનમય અને પ્રાણોમાં કે હૃદયમાં આવેલા આકાશમાં રહેતો હોવા છતાં સર્વનો ઈશ્વર, ભૂતાધિપતિ, લોકોને ધારણ કરનાર–વર્ણવ્યો છે. એને જાણીને મનુષ્ય મુનિ, મનીષી, કવિ કે દ્રષ્ટા બને છે.[૧૬]

અંતિમ તત્ત્વરૂપ આત્મા માટે છાન્દોગ્યમાં "સત્" અને "સ્વ" એમ બે શબ્દો પ્રયોજ્યા છે. તેનો અનુભવ સૌ કોઈને ગાઢ સુષુપ્તિની અવસ્થામાં થાય છે :

यत्रैतत्पुरुषः स्वपिति नाम सता सोम्य तदा सम्पन्नो भवति, स्वमपीतो भवति, तस्मादेनं स्वपितीत्याचक्षते । स्वं हि अपीतो भवति ।

"જ્યારે આ પુરુષ સૂઈ જાય છે ત્યારે, સોમ્ય, એ "સત્" સાથે એકરૂપ થાય છે, "સ્વ"માં વિલીન બને છે. તેથી એને "સ્વપિતિ" એમ કહે છે, કેમકે એ "સ્વ"માં લય પામે છે."[૧૭]

બૃહદારણ્યકમાં ગાઢ નિદ્રાની અવસ્થામાં સંપ્રસન્ન બનેલા આત્માને બધી ઇચ્છાઓથી અતીત, બધાં પાપોથી કે દોષોથી પર બ્રહ્મલોક તરીકે વર્ણવ્યો છે.[૧૮] આ બ્રહ્મલોકમાં રોજ રોજ જવા છતાં, અસત્યથી ભટકી રહેલાં પ્રાણીઓ–અજાણ્યા માણસો ખેતરમાં દાટેલા હિરણ્ય-નિધિને, તેની ઉપર ફરતા હોવા છતાં, જાણે નહીં એમ–જાણતા નથી.[૧૯] આ કથનનો સ્પષ્ટ સંકેત એ છે કે આત્મા દરેકનું સ્વ-કેન્દ્ર હોવા છતાં કોઈ એને જાણતું નથી, તેમજ તેને જાણવા માટે સભાનપણે નિદ્રા જેવી વૃત્તિરહિત અવસ્થામાં પ્રવેશ કરવો જરૂરી છે. ભારતીય મનોવિજ્ઞાન મુજબ નિદ્રા અભાવ પ્રત્યયનો અવલંબ કરનાર વૃત્તિ છે. તેથી તેમાં અનાવૃત સ્વરૂપ–જ્ઞાન થઈ શકે નહીં. ઈતર સર્વ વિક્ષેપકારી વૃત્તિઓ સાથે મૂઢ બનાવનાર નિદ્રાવૃત્તિનો પણ નિરોધ કર્યા પછી જ દ્રષ્ટા સ્વરૂપાવસ્થિતિરૂપ મોક્ષ પામે છે. સર્વવૃત્તિઓનો નિરોધ સાધી આપનાર યુક્તિને યોગ કહે છે. તેનું લક્ષ્ય અદ્વૈત આત્માનુભવ કે સમાધિ છે. એની પ્રાપ્તિ કર્મ, ભક્તિ કે જ્ઞાનથી અને ખરી રીતે એ ત્રણેના યોગ્ય સમન્વયથી થાય છે. સમાધિ વડે સ્વ-રૂપજ્ઞાનની સિદ્ધિ માટે પતંજલિ મુનિએ તપ, સ્વાધ્યાય અને ઈશ્વર–પ્રણિધાનને નિયમ તરીકે સ્વીકાર્યાં છે.

---

૧૬ स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु, य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते । सर्वस्य वशी, सर्वस्येशानः, सर्वस्याधिपतिः । एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय । तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन, दानेन, तपसाऽनाशकेन । एतमेव विदित्वा मुनिर्भवति ।

બૃહદારણ્યક ઉપનિષદ્, ૪.૪.૨૨

૧૭ છાન્દોગ્ય ઉપનિષદ, ૬.૮.૧

૧૮ બૃહદારણ્યક ઉપનિષદ્, ૪.૩.૩૨

૧૯ तद्यथाऽपि हिरण्यनिधिं निहितमक्षेत्रज्ञा उपर्युपरि सञ्चरन्तो न विन्देयुरेवमेवेमाः सर्वाः प्रजाः अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्त्यनृतेन हि प्रत्यूढाः ।

છાન્દોગ્ય ઉપનિષદ્, ૮.૩.૨

યોગશાસ્ત્ર મુજબ સદ્‌ગ્રંથ વાંચવા ઉપરાંત સ્તોત્રપાઠ, મંત્રજપ (ખાસ કરીને ૐકારનો અર્થાનુસંધાનપૂર્વક જપ) તેમ જ આત્મ–વિચાર કે આત્મ–નિરીક્ષણનો સ્વાધ્યાયમાં સમાવેશ થાય છે. જૈનમત પ્રમાણે સ્વાધ્યાય આભ્યંતર તપના છ પ્રકારોમાંનો એક છે. તેમાં વાચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા (વારંવાર શાસ્ત્રનું વાચન, મનન કરવું) આમ્નાય (સૂત્રાદિનું રહસ્ય ચિંતવવું) અને ધર્મોપદેશ એ પાંચનો સમાવેશ થાય છે.

સ્વતત્ત્વબોધ કે આત્મસાક્ષાત્કાર માટે સ્વાધ્યાયનું મહત્ત્વ ઉપનિષદ્‌કાળ પછીના વેદાન્ત-ગ્રંથોમાં બધા આચાર્યોએ સ્વીકાર્યું છે. પ્રારંભમાં વેદમંત્ર-પાઠ એ જ સ્વાધ્યાય ગણાતો. ઉપનિષદોમાં સ્વાધ્યાયના આવા સ્થૂલ તેમજ યાંત્રિક રૂપને તજીને આત્માના (એટલે કે આત્માનું પ્રતિપાદન કરનાર ગ્રંથોના) શ્રવણ, મનન અને નિદિધ્યાસન જેવા તેના સૂક્ષ્મ સ્વરૂપનો પુરસ્કાર કરવામાં આવ્યો. તેના કારણ તરીકે આત્માના જ્ઞાનને સર્વ તત્ત્વોના જ્ઞાનનો હેતુ દર્શાવવામાં આવ્યો.[૨૦] આત્મા વિશ્વનું કારણ હોવાથી તેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય એવી પ્રતિજ્ઞા ઉપનિષદો કરે છે. બધાં તત્વોના નિરીક્ષણ, પરીક્ષણ ઉપરાંત મન, તેની વૃત્તિઓ, તેમજ ચેતન આત્માનું જ્ઞાન તર્કસંગત વિચારણાથી થઈ શકે. તેથી અર્વાચીન વિજ્ઞાનનો બૌદ્ધિક અભિગમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ ન્યાયસંગત વિચાર–પદ્ધતિનો પુરસ્કર્તા હોઈ ઉપાદેય છે એ હકીકત ધર્મ વિષે પ્રસરેલા વહેમો જેવાં અંધ પરિબળોના નિષેધથી સ્પષ્ટ થતી ચાલી છે. સાધારણ જનસમૂહની દૃષ્ટિમાં શરીર જ આત્મા છે. શરીર ભૌતિક પરિસ્થિતિનો એક ભાગ છે. તેથી ભૌતિક પ્રકૃતિનું વૈજ્ઞાનિક અધ્યયન તેમજ શારીરિક સ્વસ્થતા તેમજ સામર્થ્ય અને ભૌતિક સુવિધાઓ નિપજાવનાર વિદ્યાશાખાઓ સ્વાધ્યાયનું મહત્વનું અંગ છે એ સમજી શકાય એવું છે. ભૌતિક સુવિધાઓ અને સમૃદ્ધિની ખોજ તાત્ત્વિક રીતે આવશ્યક હોવા છતાં, તેને જ આખરી મૂલ્ય ગણવાની ભૂલ કરવામાં આવે તો કર્મક્ષેત્રમાં ઉત્પન્ન થતી સ્પર્ધા અને સંઘર્ષની તીવ્રતા માણસના મનનું સમતોલપણું નષ્ટ કરે, તેનાથી અશાન્તિ વધે અને સતત અશાન્તિ કે તાણ અનુભવતા મનમાંથી ઘણા માનસિક (આધિઓ) તેમજ શારીરિક વ્યાધિઓ ઉત્પન્ન થાય. તેમને નિવારવાની અને સમાધિની દિશા ચીંધનાર મનની પ્રક્રિયાઓ સમજાવતું મનોવિજ્ઞાન પણ સ્વાધ્યાયનું અનિવાર્ય અંગ ગણાય. મનુષ્ય-જીવનની વધતી જતી સંકુલતા અને મનની સૂક્ષ્મ પ્રક્રિયાઓની જટિલતા આખરે તેને પોતાના કેન્દ્રભૂત આત્મામાં રહેલી અખંડ આનંદથી સભર શાન્તિ મેળવવા પ્રેરે એ સ્વાભાવિક છે. તેથી આત્મતત્ત્વની સમજ આપતાં ઉપનિષદ્, ગીતા જેવાં પુસ્તકોનું અનુશીલન પણ સ્વાધ્યાયનું અનિવાર્ય અંગ ગણાય એ સ્પષ્ટ છે. તેથી ભગવદ્‌ગોમંડળમાં સ્વાધ્યાય શબ્દના દસ અર્થો પૈકી એક અર્થ આમ આપ્યો છે: " સ્વ એટલે આત્મા અને અધ્યાય એટલે જ્ઞાન. શરીર, મન અને ચેતન આત્માનું જેના દ્વારા જ્ઞાન થાય એવાં પુસ્તકોનો નિયમિત, અર્થજ્ઞાનપૂર્વક, મૂળ ધ્યેયને અનુસરીને થતો અભ્યાસ." સ્વાધ્યાયનો વ્યાપ આમ માનવકુળ દ્વારા અભ્યાસનો વિષય બનતી બધી જ વિદ્યા–વિજ્ઞાન–વિનયન–શાખાઓ સુધી

---

૨૦ आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः...। आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् (भवति) ।

બૃહદારણ્યક ઉપનિષદ્, ૨.૪.૫

વિસ્તરેલો છે. છતાં બધા માનવ–પ્રયત્નો માટેની પ્રેરણાના મૂળરૂપ અને એ પ્રયત્નોના લક્ષ્યરૂપ આત્માનું જ્ઞાન, વ્યવહારકાળે પણ તટસ્થતા કે સ્વસ્થ સંતુલન જાળવવામાં અગત્યનું હોઈ, ચેતન પુરુષ આત્માના તત્ત્વને દર્શાવતાં વેદ, ઉપનિષદ્, ગીતા અથવા તે તે ધર્મના પ્રામાણિક ગ્રંથોનો નિયમિત સમજપૂર્વકનો અભ્યાસ સ્વાધ્યાય તરીકે ઓળખાય છે. આમ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન મળીને સ્વાધ્યાયનું વાસ્તવિક ક્ષેત્ર બને છે.

આત્મા મનુષ્યનું (હકીકતમાં પ્રાણીમાત્રનું અને પદાર્થમાત્રનું) સ્વ–કેન્દ્ર હોવા છતાં અને પ્રત્યેક બોધ તેના જ ચૈતન્ય પ્રકાશથી ઉદ્‌ભાસિત થતો હોવા છતાં, તેનું જ્ઞાન ખંતપૂર્વકની દીર્ઘકાલીન અને પ્રમાણિક વિચાર–પદ્ધતિને વૈજ્ઞાનિક ઢબે અનુસરતી શોધ વિના–તપ વિના–શક્ય બનતું નથી. વૈજ્ઞાનિકોમાં જોવા મળતી ચિત્તની એકાગ્રતા કરતાં પણ ઉચ્ચ કોટિની વિશુદ્ધ એકાગ્રતા વિના આત્માનો–સ્વનો–સાક્ષાત્કાર કે પરિચય સાધી શકાય નહીં. તેથી સ્વરૂપાવસ્થાન કે મોક્ષને ભારતીય સાંસ્કૃતિક–સામાજિક–પરિવેશમાં મનુષ્યજીવનનું ચરમ અને ઉચ્ચતમ મૂલ્ય તથા લક્ષ્ય કે પુરુષાર્થ ગણવામાં આવ્યો છે. ખરી રીતે તો માણસની પ્રત્યેક ક્રિયા અને ભાવના આત્મ–લક્ષી હોય છે, છતાં વ્યવસ્થિત, તબક્કાવાર પ્રગતિ સંભવિત બને એ હેતુથી આર્ય તત્ત્વચિંતકોએ કર્મ, ભક્તિ અને જ્ઞાનને આત્મ–સાક્ષાત્કારનાં સાધન ગણ્યાં છે અને તે તે માર્ગની સ્પષ્ટ રૂપરેખા પણ ઉપસાવી આપી છે.

વસ્તુ જેવી છે તેવી જાણતાં, તેના વિપરીત જ્ઞાનથી ઉત્પન્ન થતા દોષો નિવૃત્ત થાય છે. જેમ આછા અંધારામાં પડેલ દોરડીને જોતાં સાપની ભ્રાન્તિ થાય, ભય અને નાસી જવાની વૃત્તિ–પ્રવૃત્તિ પણ થાય. યોગ્ય પ્રકાશ થતાં એ ભ્રાન્તિ ટળે અને તેનાથી પ્રેરિત વૃત્તિ–પ્રવૃત્તિ પણ શમે. તેમ પૃથ્વી, પાણી વગેરે જડ પાંચ તત્ત્વોના સંઘરૂપ દેહ "આ હું છું" એમ કહી ન શકે. તો શરીરમાં, ચેતનાનો જ જે ધર્મ છે એવી "અહંબુદ્ધિ", કયાંથી અને કેવી રીતે ઉત્પન્ન થાય છે. એની સતત તેમજ એકાગ્રતાપૂર્વક શોધ કરવામાં આવે તો સ્વપ્નમાંથી જાગ્રત થતાં સ્વપ્નના કાલ્પનિક દેહમાંથી અહંબુદ્ધિ નિવૃત્ત થઈ જાય એમ જાગ્રતના સ્થૂલ ભૌતિક દેહમાંથી આત્મબુદ્ધિ નિવૃત્ત થાય; તેમજ તેની હયાતિ કે અભાવના નિત્યસાક્ષી એવા અસલ અવિનાશી આત્મામાં અહંબુદ્ધિ થાય અને પરિણામે દેહાત્મભાવથી ઉત્પન્ન થતા મોહ, હર્ષ, શોક, ભય વગેરે હંમેશને માટે અદશ્ય થાય એ જ્ઞાનમાર્ગનો સ્વાધ્યાય કે સ્વને પરખવાનો અભિગમ છે. આ વિચારનો માર્ગ છે. વિચાર પ્રકાશ કરનાર શક્તિ છે. દશ્ય તરફ પ્રેરેલો વિચાર તેના બંધારણને પ્રકાશિત કરે. દ્રષ્ટા તરફ વાળેલો વિચાર અખિલ બ્રહ્માંડરૂપ દશ્યના એકમાત્ર દ્રષ્ટા આત્મા કે શ્રીહરિને જ્ઞાનનો વિષય બનાવી આપે. પરંતુ દશ્યની સત્યતા, સુંદરતા અને સુખ-રૂપતામાં જેને અસંખ્ય જન્મોથી દૃઢબુદ્ધિ અને આસક્તિ થયેલી છે એવો મનુષ્ય પોતાની દૃષ્ટિને ખેંચી લઈ, દેહ, મન વગેરેને "નેતિ નેતિ"ની રીતે અનાત્મ ગણી ત્યજી દીધા પછી, દ્રષ્ટામાં જ સ્થિર કરી શકે એમ નથી. તેથી આ માર્ગ ઉપર ચાલનાર અધિકારીઓ માનવજાતના ઇતિહાસમાં વિરલ છે. સોળમા વર્ષે જેમની દેહબુદ્ધિ કશી સાધના વિના ચાલી ગઈ હતી અને સર્વાત્મભાવ પ્રગટ્યો હતો તે શ્રી રમણ મહર્ષિ પોતાના પુરોગામી તરીકે વામદેવ, શુક, ઋભુ અને શંકર જેવા જ્ઞાનમાર્ગીઓ વિષે રસપ્રદ વાતો કહેતા. યોગવાસિષ્ઠમાં આ માર્ગની પ્રણાલી આમ વર્ણવી છે:

कोऽहं कथमयं दोषः संसाराख्य उपागतः ।
न्यायेनैवं परामर्शो विचारः सोऽयमुच्यते ॥

ત્યાર પછી કેટલાંક ઉપનિષદોમાં અને શંકરાચાર્યના પ્રકરણગ્રંથોમાં આ માર્ગની ભલામણ કરવામાં આવી છે. પરંતુ સંપૂર્ણ સંયમ અને ત્યાગ જેની અનિવાર્ય શરત છે એવો આ માર્ગ સૌને અનુકૂળ નથી.

ભક્તિનો રાહ રાજમાર્ગ ગણાય છે, અને નૈસર્ગિક હોવાથી અપેક્ષાએ સરળ છે. અંતિમ વિશ્લેષણમાં આત્મા સ્વરૂપ હોવા છતાં તે જાગૃત અવસ્થાના સ્થૂલ શરીરમાં અભિમાન કરનાર પ્રમાતાથી તદ્દન ભિન્ન, વિપરીત છે. તેથી મનીષી કવિઓએ આત્માને પોતાનાથી ભિન્ન પુરુષોત્તમ કે પરમાત્મા તરીકે આદર્શ ગણીને ભક્તિ–સ્મરણ, ચિન્તન, પૂજન, અને શરણાગતિ વડે અહંકારના વિસર્જન–વડે પામવા યોગ્ય માન્યો છે. આત્મા જ ગુરુ તેમજ ઈશ્વરના રૂપમાં દેહધારી બનીને, ઉદ્ધારકના રૂપમાં પ્રગટ થાય છે, એવો જ્ઞાની ભક્તોનો વિશ્વાસ હોય છે. ભક્ત પરમહંસોની સંહિતા ગણાતા ભાગવતમાં મળતી ભગવાનની સ્તુતિઓમાં આ તથ્ય ઘણીવાર સ્પષ્ટ થયું છે. પોતાનાં ઘરબાર, પતિપુત્રને છોડીને આવેલી ગોપીઓને શ્રીકૃષ્ણ જ્યારે સ્ત્રીધર્મ સમજાવીને, ઘેર પાછા જવા અને પતિસેવામાં જોડાઈ જવા જણાવે છે ત્યારે તેઓ કહે છે :

"તમે ઈશ્વર છો અને તમે જ ધર્મનો ઉપદેશ પણ કર્યો છે, પરંતુ તમે દેહધારીઓના શ્રેષ્ઠ–પ્રિયતમ–બંધુ આત્મા છો. જ્ઞાનીઓ 'દુઃખ આપનાર પતિ–પુત્ર વગેરેથી શું ?' એમ માનીને નિત્યપ્રિય એવા પોતાના આત્મારૂપ તમારામાં પ્રીતિ કરે છે."[૨૧] "આત્મત્વાત્ સર્વભૂતાનાં સર્વભૂતપ્રિયો હરિઃ"[૨૨] જેવાં વચનો ભાગવતમાં વારંવાર મળી આવે છે. તેથી ભગવાન પોતાની માયાથી દશ્યરૂપમાં પ્રગટ થતા હોવા છતાં, હકીકતમાં તેઓ એકમાત્ર, અદ્વિતીય દ્રષ્ટા–અન્તરતમ આત્મા–છે, એ સત્ય ભક્તો કદી વિસરતા નથી એમ જણાય છે. ગોધૂલિધૂસરિત શ્રીકૃષ્ણ વેદાન્તનો સિદ્ધાન્ત છે એ રહસ્ય બાળલીલાના અનેક પ્રસંગોમાં છતું કરવામાં આવ્યું છે. ગીતા ૧૦.૨૦માં પોતાનો પરિચય આપતાં શ્રીકૃષ્ણ કહે છે :

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।

"હે અર્જુન, હું સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા છું".

સાચી શરણાગતિ, આચારશુદ્ધિ અને સમદષ્ટિ એ ત્રણ અગત્યની શરતો પાળવી અઘરી હોવાથી ભક્તિમાર્ગ પણ કોઈ વિરલ સંતપુરુષને જ અનુકૂળ આવે છે. પરંતુ કર્મમાર્ગ સૌને માટે ખુલ્લો છે. કર્મ કરતાં કરતાં જ માણસ કર્તૃત્વનું અભિમાન ત્યજી દઈ સંપૂર્ણ સ્વતંત્ર કે મુક્ત કેવી રીતે થઈ શકે એ યુક્તિ ગીતાએ બતાવી છે. કર્મમાં કે કર્મફળમાં લેશ

---

૨૧ अस्त्वेवमेतदुपदेशपदे त्वयीशे प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा ।
कुर्वन्ति हि त्वयि रतिं कुशलाः स्व आत्मन् नित्यप्रिये पतिसुतादिभिरार्तिदैः किम् ॥
શ્રીમદ્ ભાગવત, ૧૦.૨૯.૩૨

૨૨ એજન. ૧.૧૭.૩૩

પણ આસક્તિ હોય એવો મનુષ્ય જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ માટે અધિકારી નથી. અર્વાચીન સામાજિક સંદર્ભમાં કર્મ વડે સ્વરૂપસ્થ બનવાનો માર્ગ સૌથી વધુ ઉપયોગી છે. સ્વવિકાસ અને સ્વબોધ કર્મ સજીને સિદ્ધ થઈ શકે નહીં એ પાયાનું સત્ય સમજપૂર્વક સ્વીકારાય તો આજનાં કાર્યાલયોમાં પ્રસરી રહેલી અકર્મણ્યતાને બદલે પ્રતિબદ્ધ કર્મનિષ્ઠા અને તેના અનુષંગરૂપ રાષ્ટ્રિય સદ્‌ગુણોનો વિકાસ થઈ રહેલો નજરે પડે. રાષ્ટ્રિય ચારિત્ર્યના ધોરણમાં વરતાતી ન્યૂનતા મોટે ભાગે કર્તવ્યબુદ્ધિની શિથિલતાને આભારી છે. કર્મના રાહે સ્વાધ્યાય કે સ્વાત્માને પામવાના અભિગમની રૂપરેખા આંકવા માટેનો કૅન્વાસ, વ્યક્તિનો સ્વભાવ, જીવનનો તબક્કો અને સામાજિક દરજ્જો એ ત્રણનો બનેલો છે. જ્યાં સુધી પોતાના વાસ્તવિક સ્વરૂપની જ્ઞાનમયતા અને વ્યાપકતા અનુભવાય નહીં ત્યાં સુધી મનુષ્યને ક્રતુમય એટલે કે સંકલ્પમય, ઇચ્છામય અને કર્મમય કહ્યો છે. ઇચ્છા હેતુઓના રૂપમાં જીવનના જુદા જુદા તબક્કે માણસને આગળ વધવાની પ્રેરણા કરતી રહે છે. હેતુને અનુરૂપ પડકારો જીવનમાં આવતા રહે છે. સામે આવેલા પડકારને કર્તવ્યબુદ્ધિથી ઝીલી લઈ પોતાનામાં રહેલી શક્તિઓને ખીલવતા ચાલવાથી મનુષ્યના વ્યક્તિત્વનો પૂરેપૂરો વિકાસ થાય છે, અને સાથે સાથે તેનો આધ્યાત્મિક વિકાસ પણ સધાતો રહે છે. ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા વધે એ રીતે કર્મ કરવાથી ચિત્તના આશ્રયરૂપ આત્માની દિવ્યતા અને વ્યાપકતાની અનુભૂતિ થવા માંડે અને આખરે એ અન્તર્યામીની સર્વવ્યાપક શક્તિ જ કર્મ કરે–કરાવે છે એવી પ્રતીતિથી અહંકારનું વિસર્જન સધાય એ ક્રમ કર્મમાર્ગ દ્વારા મળતી સિદ્ધિનો છે. ઇચ્છાઓથી બંધાયેલા કે મુક્ત થયેલા બધા મનુષ્યો માટે કુદરતે વિકાસનો અને લોકસંગ્રહનો નિયમ કર્મની અનિવાર્યતાના રૂપમાં બાંધી આપ્યો છે. કર્મ જ એક એવો અરીસો છે જેમાં પોતાનામાં રહેલી ખામીઓ નિહાળી તેમજ નિવારી શકાય. આ રીતે અંતઃકરણ નિર્મળ બનતાં આત્માની સ્વયંપૂર્ણતા અનુભવ્યા પછી કાંઈપણ કર્તવ્ય શેષ રહે નહીં. કર્મથી કાંઈ પામવાનું રહે નહીં, એવી અવસ્થાને મોક્ષ કે સ્વરૂપાવસ્થાન કહે છે. એની પ્રાપ્તિ એક બે જન્મોમાં ન પણ થાય. કર્મનિયમ એવો છે કે નિષ્ઠાપૂર્વક થયેલું કર્મ પોતે જ આત્માની અધ્યક્ષતામાં કર્તાના વિકાસના આગળના તબક્કાની આવશ્યકતા મુજબ અનુકૂળ શરીર, પરિસ્થિતિ વગેરેનું નિર્માણ કરે. કર્મનિયમની એક કડીરૂપે પુનર્જન્મની હકીકત વિદ્વાનો સ્વીકારે છે. પરંતુ ફળ નિપજાવવાની અનિવાર્યતા કર્મમાં નહીં, તેની પાછળ છુપાયેલી ઇચ્છામાં રહેલી છે. તેથી કામ્યકર્મો સિવાયનાં નિત્યકર્મ કરનાર પુરુષ હંમેશાં મુક્ત ગણાય છે, તે પુનર્જન્મ પામતો નથી.

આમ પ્રકૃતિની વિશ્વવ્યાપી યોજનાનો–માનવીના બધા જ પ્રયત્નોનો–પ્રધાન સૂર આત્મસંયમ, આત્મશુદ્ધિ, આત્મવિકાસ અને આત્મજ્ઞાન છે. વેદ, જ્ઞાન, બ્રહ્મ, આત્મા અને સ્વ પર્યાયો છે. માનવકુળ દ્વારા થતા બધા અભ્યાસો અસ્તિત્વના કેન્દ્રભૂત સ્વના રહસ્યને પામવાનો મૂલ્યવાન પ્રયાસ છે, સ્વાધ્યાય છે. એલેક્ઝાન્ડર પોપ કહે છે:

Know then thyself, presume not God to scan;
The proper study of mankind is Man.

ભક્ત નરસૈંયો પણ આ વિચારને સ્પષ્ટપણે કાવ્યરૂપમાં રજૂ કરતાં કહે છે: "જ્યાં લગી

આતમા તત્ત્વ ચીન્યો નહી; ત્યાં લગી સાધના સર્વ જૂઠી." પ્રભુને ઓળખવા માટે પોતાની સાચી ઓળખ હોવી જરૂરી છે. સ્વાધ્યાય આ રીતે સ્વનું જ્ઞાન આપે, ત્યાર પછી સર્વાન્તર્યામી ઈશ્વરના તત્ત્વનું જ્ઞાન થઈ શકે. હ્યૂગો આ વિચારને સ્પષ્ટ કરતાં જણાવે છે:

In vain he lifteth up the eye of his heart to behold his God who is not first rightly advised to behold himself. First thou must see the visible things of thyself, before thou canst be prepared to know the invisible things of God; for if thou canst not apprehend the things within thee, thou canst not comprehend the things above thee.

અંતિમ સત્યના સાક્ષાત્કાર માટે ત્રણ તબક્કા છે: મનની શુદ્ધિ, સ્વરૂપનું જ્ઞાન અને પરમાત્માનો અનુભવ. આ ત્રણેયની સિદ્ધિ સ્વાધ્યાયથી થાય છે. ગ્રન્થોનું અધ્યયન સ્વાધ્યાયનું આવશ્યક અંગ ખરું, પરંતુ ગ્રંથના રહસ્યને જાણ્યા પછી ગ્રંથને ત્યજવો જોઈએ.[૨૩] શ્રી રમણ મહર્ષિ કહેતા કે આત્મા ગ્રંથોમાં નહી, પાંચ કોશોની અંદર છે. ગ્રંથ, ગુરુ અને ઈશ્વર આત્મા તરફ સંકેત કરીને વિરમે છે. કેમકે સ્વરૂપનું જ્ઞાન સ્વ સિવાય અન્ય કોઈથી થઈ શકે નહીં. સ્વાધ્યાય શબ્દનું આ છેલ્લું રહસ્ય છે. યાજ્ઞવલ્કય કહે છે કે શાન્ત, દાન્ત, ઉપરામ પામેલ, તિતિક્ષુ અને સામાહિત બનીને આત્મામાંજ (આત્મા વડે) આત્માને જુએ છે, પછી સર્વને આત્મા તરીકે જુએ છે.[૨૪]

---

૨૩ ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्त्वतः ।
पलालमिव धान्यार्थी त्यजेद् ग्रन्थमशेषतः ॥

બ્રહ્મબિન્દુ ઉપનિષદ્, ૧૮

૨૪ तस्मादेवंविच्छान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वा आत्मन्येवात्मानं पश्यति, सर्वमात्मानं पश्यति ॥

બૃહદારણ્યક ઉપનિષદ્, ૪.૪.૨૩

માલણ નામલનો પ્રબન્ધ

જયન્ત પ્રે. ઠાકર

મ. સ. વિશ્વવિદ્યાલય સંશોધન ગ્રન્થમાળામાં ૧૯૭૦માં પ્રકાશિત થયેલ **लघुप्रबन्धसंग्रह** પ્રમાણમાં નાનો છતાં મહત્ત્વપૂર્ણ પ્રબન્ધગ્રન્થ છે. તેમાંના છઠ્ઠા પ્રબન્ધનું એક અધ્યયન આપવાનો આ લેખનો હેતુ છે. આ પ્રબન્ધનું નામ છે **नामल–मालिनी–प्रबन्ध** અર્થાત્ **નામલ** નામની માલણનો પ્રબન્ધ. અન્ય કોઈ પ્રબન્ધગ્રન્થમાં આ કથા ઉપલબ્ધ થતી ન હોવાથી તે આ ગ્રન્થનું એક આગવું પ્રદાન છે. સંસ્કૃતમાં લખાયેલી એ કથાનું ગુજરાતી રૂપાન્તર કંઈક આવી રીતે આપી શકાય :

એક વખત રાજા **જયસિંહદેવ** દિગ્વિજય કરીને **પત્તન**માં પાછો ફર્યો ત્યારે તેની માતા **મયણલદેવી**એ તેને કહ્યું :

"પુત્ર ! જ્યારે તું દિગ્વિજય કરવા નીકળ્યો ત્યારે મેં **ડભોઈયા પાર્શ્વનાથ**ની માન્યતા માની હતી કે જ્યારે મારો પુત્ર ક્ષેમકુશળ પાછો આવશે ત્યારે તે પ્રથમ શ્રી**પાર્શ્વનાથ**ને પ્રણમીને પછી **પત્તન**માં પ્રવેશશે. માટે પહેલાં **ડભોઈ** જઈ **પાર્શ્વનાથ**નાં દર્શન કરી આવ."

માતાની આજ્ઞા માથે ચડાવી રાજા યાત્રા અર્થે નીકળ્યો.

હવે **ડભોઈ**ના **પાર્શ્વનાથ**ની ઉત્પત્તિની કથા સંક્ષેપમાં આ પ્રમાણે છે :

પૂર્વે **ગંગા**નું વ્રત પરિપૂર્ણ કરવા માટે **શાન્તનુ** રાજાએ જાતે આ મૂર્તિ બનાવીને કૂવામાં મૂકી હતી. ત્યારબાદ તેના વંશજ **પરીક્ષિત્** રાજાની મદદે આવેલ **તક્ષક** નાગે **ધન્વન્તરિ** બનીને ડર્ભ–દર્ભ–વડે ત્યાં વડને સીંચ્યો. આથી તે નગરનું નામ પડયું **ડભોઈપુર.** ત્યાં **વૈદ્યનાથ** અને **પાર્શ્વનાથ** એમ બે મન્દિરો છે.

રાજા **જયસિંહદેવ પાર્શ્વનાથ**ના મન્દિરે દર્શન કરવા ગયો. ત્યાં **નામલ** નામની એક માલણની આસપાસ ભમરો ભમતા હતા તે જોઈ રાજાએ જાણી લીધું કે તે પદ્મિની સ્ત્રી છે. પછી દેવને પુષ્પટોડર અર્પણ કરી પ્રણામ કરીને તે પોતાને ઉતારે ગયો.

ઉતારે જઈને રાજાએ **હૂણ ડેપણિયા**ના પુત્રો **દૂજણસલ** તથા **શત્રુસલ** દ્વારા તે માલણને બોલાવી મંગાવી. માલણ ફૂલનાં આભરણો લઈને હાજર થઈ.

રાજાએ તે માલણને પોતાની પત્ની બનવા કહ્યું. **નામલે** કોઈ તેનું અપમાન ન કરે તે શરતે તે વાત સ્વીકારી. રાજાએ તે શરત મંજૂર રાખી અને તેને પરણીને **પત્તન** લઈ ગયો.

હવે **પત્તન**માં દરેક માસની શુકલ પક્ષની અષ્ટમી અને ચતુર્દશીને દિવસે **નામલ** પડદા પાડેલી પાલખીમાં બિરાજીને અચૂક **પંચાસરા પાર્શ્વનાથ**નાં દર્શન કરવા જતી. એક

દિવસ એવી રીતે તે જઈ રહી હતી ત્યારે માર્ગમાં **મોઢ કેલ્હણસી** નામના એક ઘાંચીની **લીલૂ** નામની પુત્રી તેને પગે લાગવા આવી. પગે પડતાં એકદમ તેણે મોં ફેરવી લીધું. આમ મોઢું મચકોડવાથી રાણી **નામલ**ને અપમાન લાગ્યું. તેથી તેણે રાજા **જયસિંહ** આગળ રાવ નાખી. તેના મનનું સમાધાન કરવા રાજા તેને લઈને પહોંચ્યો પેલા ઘાંચીને ઘેર. ત્યાં આસન વગેરે આપીને તે બન્નેનું સ્વાગત કરવામાં આવ્યું. સાથે બે મુદ્રારત્નો પણ આપવામાં આવ્યાં–એક ભેટ તરીકે અને બીજું ભોજન અર્થે.

દેવઘરના દ્વાર પાસે ઊભેલી **લીલૂ નામલ**ને પગે પડી. **નામલે** તેને સીધો સવાલ કર્યો :

"અલી, રસ્તામાં મને પગે લાગવા આવી ત્યારે કેમ મોં મચકોડીને ગઈ હતી ?"

લીલૂએ તરત ઉત્તર વાળ્યો : "એ તો આપના સુખાસનમાં તેલના દીવાની ગન્ધ લાગી જતાં મેં મોં ફેરવી લીધું હતું !"

આ જવાબથી રાજા-રાણી સંતોષ પામ્યાં.

વળી એક વાર **નામલ પંચાસરા**ના દર્શને જઈ રહી હતી ત્યારે **જાલ્હાક** નામના ધોબીના ઘર પાસેથી પસાર થઈ. તે વખતે તે ધોબીની સાત પુત્રવધૂઓ છીંપણકામ કરતાં કરતાં તેને જોવા માટે ગવાક્ષમાં દોડી આવી. આથી તેમની નણંદે તેમને પૂછ્યું : "અલી ઓ ભાભીઓ ! ત્યાં શું જુઓ છો ?"

આ વચનથી **નામલ**નું સ્વમાન ઘવાયું. તેથી તેણે રાજાને ફરિયાદ કરી. તેને લઈને રાજા તે ધોબીને ત્યાં ગયો. ત્યાં રાજાને પીઠમાં ખુજલી ઊપડી. ત્યારે **જાલ્હાક**ની એક પુત્રવધૂ બોલી ઊઠી :

"**નામલ !** પીઠ ઉપર ખંજવાળ !"

આ સાંભળી રાજા ખુશ થઈ ગયો અને તેને એક લાખ મુદ્રાઓ આપી. આથી બીજી પુત્રવધૂએ પણ તે જ વચન ફરી કહ્યું અને તેને બે લાખ મુદ્રાઓ મળી.

આમ રાજા–રાણી ખુશ થઈને મહેલે ગયાં.

* * *

પ્રબન્ધ અહીં પૂરો થાય છે. હવે આપણે તેની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભાષાકીય વિશેષતાઓનો વિચાર કરીએ.

જયસિંહદેવ આ કથાનો નાયક છે. તે જ ઇતિહાસ–પ્રસિદ્ધ **સિદ્ધરાજ જયસિંહ** જેણે ઈ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી ગુજરાત પર રાજ્ય કરેલું અને જેના શાસનકાળને ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે નવાજાયો છે. તેના જીવન અને શાસનને સ્પર્શતા પુષ્કળ પ્રબન્ધો રચાયા છે.

મયણુલદેવી તે આ મહાન્ રાજાની માતા જે ઇતિહાસમાં **મીનળદેવી** તરીકે **પ્રસિદ્ધ** છે. સાહિત્યમાં **મયણલ્લદેવી, મયણલ્લાદેવી** અને **મીણલ્લદેવી** એવાં નામો પણ તેને માટે પ્રયોજાયાં છે. તે **કર્ણાટકની** રાજકુમારી હોઈ તેનાં ગુજરાતના રાજા **કર્ણદેવ** **સાથેનાં** લગ્ન તે રાજકીય લગ્ન હતાં અને ગુજરાતના શાસનમાં તેની વિચક્ષણ બુદ્ધિએ ઘણો **મહત્ત્વનો** ભાગ ભજવેલો.

આમ આ બન્ને પાત્રો નિર્વિવાદ રીતે ઐતિહાસિક પાત્રો છે; પરન્તુ પ્રસ્તુત પ્રબન્ધમાંનાં અન્ય પાત્રોની ઐતિહાસિકતા સંદિગ્ધ છે.

નામલ માલિનીનું પાત્ર આ કથાનું વિશિષ્ટ પાત્ર છે. તે કથાની નાયિકા છે, પરન્તુ નથી ઇતિહાસ તેને ઓળખતો કે નથી અન્ય પ્રબન્ધકારો તેને પિછાનતા. તેને 'પદ્મિની' પ્રકારની લલના તરીકે અહીં આલેખેલી છે. ભગવાન્ **પાર્શ્વનાથ**ના દર્શને **ડભોઈ** ગયેલો રાજા તેને **પદ્મિની** તરીકે પિછાનીને તેની શરત મંજૂર રાખી તેને પરણીને **પાટણ** લઈ જાય છે. આ શરતનો ભંગ થાય તેવા બે પ્રસંગો આ પ્રબન્ધમાં આલેખ્યા છે, અને તે બેઉ પ્રસંગે વિના વિલંબે તેના મનનું સમાધાન કરાયું છે. ગુજરાતના આ અપ્રતિમ સોલંકી નૃપતિની રાણી થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરનાર **ડભોઈ**ની આ માલણનો પરિચય આપણને કેવળ **लघुप्रबन्ध-संग्रह** જ કરાવે છે. મુનિશ્રી **જિનવિજયજી**–સમ્પાદિત **पुरातनप्रबन्धसंग्रह**માં (પૃ. ૩૮) એક **નામલદેવી**નો નિર્દેશ થયો છે, પરન્તુ તે તો **જયસિંહ**ના ઉત્તરાધિકારી **કુમારપાળ**ની ભગિની અને રાજસભાના અગ્રણી **પ્રતાપમલ્લ**ની પત્ની હતી. તે જ રીતે **રાજશેખર**કૃત **प्रबन्धकोश**માં (પૃ. ૮૬–૮૮) નિરૂપાયેલી **નામલદેવી** પાતાળમાંના **કૌંચહરણનગર**ના **નાગરાજા વાસુકિ**ની રાણી હતી. આમ આ પાત્રોનો કેવળ નામના સામ્ય સિવાય અન્ય કોઈ સંબંધ પ્રસ્તુત પ્રબન્ધની નાયિકા **નામલ** માલિની સાથે નથી.

હૂણ ડેપણિયો ડભોઈના એક રજપૂત તરીકે આ કથામાં નિરૂપાયો છે, પરન્તુ તે ઇતિહાસમાં કે અન્ય પ્રબન્ધગ્રન્થોમાં યે મળતો નથી. **ડેપણિયો** તેનું વિશેષનામ અને **હૂણ** તેનું જાતિનામ હશે. તે જ રીતે તેના પુત્રો **દૂજણસલ** અને **શત્રુસલ** પણ અન્યત્ર અનુપલબ્ધ પાત્રો છે. કદાચ રાજાના ખાસ પરિચિત હોઈ શકે.

મોઢ કેલ્હણસી ઘાંચી અને તેની પુત્રી **લીલૂ** પણ અન્યથા અજ્ઞાત છે. અને તે જ પ્રમાણે ધોબી **જાલ્હાક** તથા તેની સાત પુત્રવધૂઓ તેમ જ પુત્રીનાં પાત્રો પણ માત્ર પ્રસ્તુત પ્રબન્ધમાં જ ચમકેલાં છે.

આમ રાજા **જયસિંહદેવ** અને રાજમાતા **મયણલદેવી** સિવાયનાં બધાં પાત્રો નવાં છે અને પ્રથમ દૃષ્ટિએ કપોલકલ્પિત જ દીસે છે. પરન્તુ એવો નિર્ણય એકદમ બાંધી લેવો ઉચિત નથી તેવો નમ્ર અભિપ્રાય આ લખનાર ધરાવે છે. 'પ્રબન્ધ' એટલે ઐતિહાસિક દન્તકથા. આવી દન્તકથાઓ નિરૂપતો સમગ્ર સાહિત્યપ્રકાર પણ 'પ્રબન્ધ' તરીકે ઓળખાય છે. **જિનભદ્ર**કૃત **प्रबन्धावलि** (ઈ. સ. ૧૨૩૪) અને અન્ય પ્રાચીન પ્રબન્ધોનો સંગ્રહ **पुरातन-प्रबन्ध-संग्रह, પ્રભાચન્દ્ર**કૃત **प्रभावकचरित** (ઈ. સ. ૧૨૭૭), **મેરુતુંગસૂરિ**–વિરચિત

प्रबन्ध-चिन्तामणि (ઈ. સ. ૧૩૦૫), **જિનપ્રભ**રચિત कल्पप्रदीप કે विविधतीर्थकल्प (ઈ. સ. ૧૩૩૩), **રાજશેખરસૂરિ**કૃત प्रबन्धकोश કે चतुर्विंशति-प्रबन्ध (ઈ. સ. ૧૩૩૯) અને **બલ્લાલ**–વિરચિત भोजप्रबन्ध (આશરે ઈ. સ.નું ૧૬મું શતક) જેવા પ્રબન્ધગ્રન્થોમાંની કથાઓમાંથી ઇતિહાસકારોએ કેટલીય ઐતિહાસિક સામગ્રી તારવી કાઢી છે અને એ રીતે આ ગ્રન્થોને જ્ઞાત ઇતિહાસમાં મહત્ત્વનો ઉમેરો કરનાર ગણાવ્યા છે. ત્યારે આ लघु-प्रबन्ध-संग्रह પ્રસિદ્ધિ પામ્યો ન હતો. હવે જ્યારે તે પ્રકાશમાં આવ્યો છે ત્યારે તેમાંની આવી નવી સામગ્રીને વિદિત ઇતિહાસની મહત્ત્વપૂર્ણ પૂર્તિ રૂપે લેખવી જોઈએ. હા, શકય હોય ત્યાં સુધી તે સામગ્રીને ઐતિહાસિક સાધનો દ્વારા ચકાસી લેવી જોઈએ. આ પ્રબન્ધગ્રન્થોને ગુજરાતના ઇતિહાસની સાધન-સામગ્રી તરીકે મુનિશ્રી **જિનવિજયજી**એ પણ નવાજ્યા છે.

તેથી આવી કોઈ સૌન્દર્યશીલ માલણને સિદ્ધરાજ પરણ્યો હોય અને સ્વમાની માલણે પોતાનું સ્વમાન ઘવાવાનો ભય દર્શાવતાં તેમ ન થાય તેની ખાતરી રાજાએ તેને આપી હોય, સ્વાભાવિક રીતે જ આવી ઘટનાઓ લોકજીભને સારી પ્રવૃત્તિ પૂરી પાડી શકે અને તેને પરિણામે કોઈ ટીખળીએ મોં મચકોડયું હોય તો અન્ય રમતિયાળે 'એમાં તે શું જોવાનું છે?' એવી ભાવના વ્યક્ત કરી હોય, અને એવા વખતે રાજાએ તાત્કાલિક પોતાની પ્રિયાનું મન મનાવી લીધું હોય–આ બધું અસંભવિત નથી.

જે એક જ હસ્તપ્રત ઉપલબ્ધ છે તે વડોદરાના મ. સ. વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં સચવાયેલી છે. પૃષ્ઠમાત્રામાં લખાયેલ આ હસ્તપ્રત વિ. સં. ૧૪૬૫ અર્થાત્ ઈ. સ. ૧૪૦૯ના ચૈત્ર વદ ૫ને ગુરુવારે પૂર્ણ થયેલી છે. વળી અન્ય કેટલાંક પ્રમાણોને આધારે એમ નિશ્ચિત કરી શકાય છે કે આ લઘુગ્રન્થની રચના ઈ. સ.ના તેરમા શતકના ઉત્તરાર્ધમાં થઈ છે–એટલે કે **સિદ્ધરાજ જયસિંહ**ના શાસનકાળ પછી એક જ સદીમાં થઈ છે. એટલે તેના જીવનની ઘટનાઓની પ્રચલિત કથાઓ ઝાંખી થાય તે પૂર્વે જ તેની રચના થઈ છે. આથી આ નાનકડી કથાને ગુજરાતના સુવર્ણયુગના વિધાયક સોલંકી રાજાના શાસનકાળની કેટલીક ઐતિહાસિક સામગ્રી પૂરી પાડનારી લેખી શકાય.

પ્રસ્તુત પ્રબન્ધમાંના ભૌગોલિક નિર્દેશો વિષે વિચાર કરતાં પ્રથમ આવે છે **પત્તન. પત્તન** તે જ ઉત્તર ગુજરાતમાં **સરસ્વતી** નદીને તીરે વસેલ **પાટણ.** આ ઐતિહાસિક નગર **અમદાવાદ**થી આશરે ૬૦ માઈલ દૂર હશે. **વનરાજ ચાવડા**એ ગુજરાતના પાટનગર તરીકે આ શહેર ઈ. સ. ૭૪૬માં વસાવેલું અને પોતાના વિપત્તિના દિવસોમાં પોતાને મદદ કરનાર મિત્ર **અણહિલ્લ** ભરવાડની સ્મૃતિને ચિરંજીવ કરવા તેનું નામ **અણહિલ્લપુર** કે **અણહિલ્લવાડ પત્તન** રાખ્યું હતું. ઈ. સ. ૧૪૧૧માં પાટનગર **અમદાવાદ** ખસેડાયું ત્યાં સુધી તે ગુજરાતના પાટનગર તરીકે સર્વ રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું. જૂનું **પાટણ** આજના **પાટણ**ની પશ્ચિમે હતું.

પંચાસરા પાર્શ્વનાથનું મન્દિર પણ **પાટણ**માંનું ઐતિહાસિક સ્થળ છે. **પાર્શ્વનાથ** એ જૈનોના ૨૩મા તીર્થંકર છે, જેમને ઐતિહાસિક ગણવામાં આવે છે. **પાટણ**માં ઈ. સ.

૭૪૬ થી ૮૦૫ સુધી શાસન ચલાવનાર **વનરાજ ચાવડાએ** એ બંધાવેલું મનાય છે. તેનું નામ દર્શાવે છે તેમ, **પાર્શ્વનાથની** આ પ્રતિમા **પંચાસરમાંથી પાટણ** લાવવામાં આવેલી. **પંચાસર** તેના પૂર્વજોનું પાટનગર હતું-છેક તેના શૂરવીર પિતા **જયશેખર** કે **જયશિખરીના** પરાજય અને મૃત્યુ પર્યન્ત. હાલ **પંચાસર** ઉત્તર ગુજરાતમાં કચ્છના રણની સીમા ઉપર આવેલ વઢિયાર પ્રદેશના **રાધનપુર** પાસે નાના ગામડા રૂપે અવશિષ્ટ છે. આ **પંચાસરા પાર્શ્વનાથના** પૂજન અર્થે **નામલ** દર સુદ ૮ અને ૧૪ના રોજ જતી હતી.

બીજો ઉલ્લેખ છે **ડભોઈનો**. **વડોદરા** જિલ્લામાં **વડોદરાથી** અગ્નિ ખૂણામાં આશરે ૨૦ માઈલ દૂર આવેલ આ પ્રાચીન સ્થળનું મૂળ નામ છે **દર્ભાવતી**. વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના **ગિરનારના** શિલાલેખમાં ગુજરાતનાં પ્રધાન નગરોમાં તેને ગણાવેલું છે. પ્રસ્તુત પ્રબન્ધમાં તેના નામની રમૂજી વ્યુત્પત્તિ આપી છે :

"परीक्षिद्वाहरायां तक्षिकेन धन्वन्तरिणा डर्भेण वट उज्झितः इति डभोईपुरम् ।"

અર્થાત્—**પરીક્ષિતની** મદદે આવેલા **તક્ષકે ધન્વન્તરિ** બનીને ત્યાં વડને બાળ્યો તેથી તે **ડભોઈપુર** !

આમાં મૂળ નામના 'દર્ભ' અને 'વતી' એ પદોને આધારે કેવળ કલ્પના જ કરી હોય એમ લાગે છે. એથી વિશેષ આ વ્યુત્પત્તિનું મહત્ત્વ નથી. છતાં આ સન્દર્ભમાં એક અગત્યની હકીકત નોંધવી જોઈએ : **ડભોઈનો** કિલ્લો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. તેનો એક દરવાજો કિલ્લો બાંધનાર હોશિયાર કડિયા **હીરાના** નામને અમર કરવા 'હીરા ભાગોળ' તરીકે ઓળખાય છે. આ દરવાજાની પૂર્વમાં કિલ્લાની દિવાલમાં જ **ભદ્રકાળી** માતાનું મન્દિર આવેલું છે. આ મન્દિરની ઉત્તરે દિવાલમાં સરસ કોતરણી કરેલી છે. આ કોતરણીમાં રાજા **પરીક્ષિત્** માટે સમુદ્રમાં બાંધેલા મહેલનું નયનરમ્ય દૃશ્ય આલેખાયેલું છે !

આ ઐતિહાસિક નગરમાંનાં **વૈદ્યનાથ** અને **પાર્શ્વનાથનાં** મન્દિરો પણ ઐતિહાસિક છે.

આ પ્રબન્ધમાંથી ઊપસી આવતી કેટલીક સાંસ્કૃતિક મહત્ત્વની હકીકતો પણ નોંધવા લાયક છે :

(૧) આજથી આઠસો વર્ષ પૂર્વેના જમાનામાં પણ દેવને માન્યતા માનવાની પ્રથા મોજૂદ હતી. **સિદ્ધરાજ** જેવા વિજયશીલ રાજાની માતાએ પણ તે કુશળ પાછો આવે તે માટે **ડભોઈના પાર્શ્વનાથની** માન્યતા માની હતી :

"यदा त्वं दिग्यात्रायां चलितः तदा मया डभोईया पार्श्वनाथस्य मानितं यत् मम सुतः कुशलेन समेष्यति तदा श्रीपार्श्वनाथं नत्वा पश्चात् पत्तनमध्ये समागमिष्यति ।"

(૨) આજની જેમ ત્યારે પણ દેવોને ચઢાવવા માટેનાં ફૂલ-હાર વેચવા માટે માલણો મન્દિરોમાં કે મન્દિરો પાસે બેસતી. રાજાને માલણ **નામલનો** સમાગમ ત્યાં જ થયો હતો. તેણે દેવને ધરેલ પુષ્પટોડર આ માલણ પાસેથી જ ખરીદેલ હશે.

(૩) રાણી બહાર નીકળતી ત્યારે તેના સુખાસન–પાલખી–ના પડદા ઢાળી દેવામાં આવતા. આથી તેને અન્ધકાર પજવે નહિ તે માટે તેમાં તેલનો દીવો રાખવામાં આવતો. આ દીવાનો ધુમાડો અને સુગંધ સુખાસનમાં ફેલાઈ જતાં અને પડદો ખોલવામાં આવે ત્યારે એકદમ બહાર ધસી જતાં ! **નામલ**ના સુખાસનને 'વજ્રપંજર' ઢાળેલાં હતાં અને માર્ગમાં તેને પગે પડવા જતાં **લીલૂ**એ મોં મચકોડયું તેનું કારણ તેણે એવું દર્શાવ્યું કે તેમાંના તેલના દીવાની ગન્ધ લાગતાં તેણે મોં ફેરવી લીધેલું !—

"सुखासने तैलदीपगन्धो लग्न: इति मुचकोटितम् ।"

(૪) આવી રીતે રાણી બહાર નીકળે ત્યારે પ્રજાજનો રસ્તામાં તેને પગે લાગવા જતાં—ખાસ કરીને બાળાઓ. યુવાન સ્ત્રીઓ પોતાનું કામ મૂકીને પણ કુતૂહલપૂર્વક રાણીને જોવા ગવાક્ષોમાં દોડી જતી. **જાલ્હાક** ધોબીની સાતે પુત્રવધૂઓ પોતાનું છીંપવાનું કામ પડતું મૂકીને **નામલ**ને જોવા ગવાક્ષમાં આવી હતી.

(૫) તે જમાનામાં પણ કાપડને છીંપવાનો–રંગવાનો તથા છાપવાનો–છીંપાનો ધંધો પ્રચલિત હતો.

(૬) આજથી આઠસો વર્ષ ઉપર પણ ઘાંચીઓમાં 'મોઢ' અટક પ્રચલિત હતી. ઘાંચી **કેલ્હણુસીં** ને '**મોઢકેલ્હણુસીં**' કહ્યો છે.

(૭) છોકરીઓ રાજા–રાણીની ઉપસ્થિતિમાં પણ કશો ક્ષોભ ન અનુભવતાં ગભરાયા વિના નિર્ભયતાથી વ્યવસ્થિત રીતે બોલી શકતી. ઘાંચીની છોકરી **લીલૂ**એ એવી રીતે જવાબ આપેલો. વળી રાજાની પીઠમાં ખુજલી ઊપડી ત્યારે છીંપા **જાલ્હાક**ની એક પુત્રવધૂ હિંમતપૂર્વક બોલી હતી: "**नामल ! पृष्टिं कण्ड्वहलय ।**" અર્થાત્ "નામલ ! (મહારાજની) પીઠમાં ખંજવાળ !" આવી નિર્ભય ઉક્તિની કદર પણ થતી. આ રમૂજથી ખુશ થઈ રાજાએ એક લાખ મુદ્રાઓ બક્ષિસમાં આપી હતી. આમાં (કદાચ પોતાનું અહમ્ પોષવા માટે) ક્વચિત્ અતિરેક પણ થતો. છીંપાની બીજી પુત્રવધૂએ પહેલીના વચનની પુનરુક્તિ કરતાં રાજાએ તેને બે લાખ મુદ્રાઓ આપી હતી !

(૮) રાજા-રાણી જરૂર પડે ત્યારે પ્રજાજનોને ઘેર–ઘાંચી અને ધોબીને ઘેર પણ–પધારતાં. આવા મોટા માણસની પધરામણી થાય ત્યારે તેમને નજરાણું પણ ધરવામાં આવતું. **મોઢ કેલ્હણસિંહ**ને ઘેર **સિદ્ધરાજ** અને **નામલ** પધાર્યાં ત્યારે તેમને બે મુદ્રારત્નો આપવામાં આવ્યાં હતાં–એક ભેટ તરીકે અને બીજું ભોજન નિમિત્તે.

રાજા બોલાવે ત્યારે પણ યથાશક્તિ કંઈક તેમને ધરવામાં આવતું. **નામલ** માલણને જ્યારે રાજાએ બોલાવી મંગાવી ત્યારે તે કુસુમાભરણો લઈને ગઈ હતી.

(૯) ઘાંચી જેવાના નિવાસસ્થાનમાં પણ પૂજા માટેનું અલગ દેવઘર રાખવામાં આવતું. રાજા–રાણી તેને ઘેર ગયાં ત્યારે **લીલૂ** દેવઘરના દ્વાર પાસે ઊભી હતી.

* * *

મધ્યયુગીન જૈન પ્રબન્ધોની સંસ્કૃત ભાષા વિશિષ્ટ પ્રકારની સંસ્કૃત ભાષા છે, જેને તદ્વિદોએ 'જૈન સંસ્કૃત' એવું વિશિષ્ટ નામ આપ્યું છે. તે સરળ ભાષા છે. તેમાં પ્રાકૃત અને પ્રાદેશિક બોલચાલની ભાષાની ભારે અસર જણાય છે; પ્રાકૃત અને પ્રાદેશિક ભાષાના પ્રત્યયો, પ્રયોગો, શબ્દો સંસ્કૃત સાથે બહુ સરસ રીતે સંમિશ્રિત થઈ ગયા છે. પ્રાદેશિક શબ્દોનું સંસ્કૃતીકરણ પણ કુશળતાપૂર્વક તેમાં કરાયું છે. સંસ્કૃત સાહિત્યમાં જવલ્લે જ પ્રયોજાતા શબ્દો તેમ જ પ્રાચીન કાળમાં યોજાતા અને પછીના સંસ્કૃત સાહિત્યમાં બિલકુલ નહિ વપરાયેલા શબ્દો પણ આ ભાષામાં ઉપયોગમાં લેવાયેલા દષ્ટિગોચર થાય છે. **लघु–प्रबन्ध–संग्रह** પ્રબન્ધ–સાહિત્યની આવી બધી વિશિષ્ટતાઓથી સભર છે અને ભાષાનું મૂલ્યાંકન કરતાં ઉપલબ્ધ પ્રબન્ધગ્રન્થોમાં પ્રાચીનતમ લાગે છે. આથી ભાષાના વિશિષ્ટ પ્રયોગોના અધ્યયન વિના પ્રસ્તુત પ્રબન્ધનું અધ્યયન અપૂર્ણ જ ગણાશે. તેથી આ અધ્યયન પૂર્ણ કરતા પહેલાં આવા પ્રયોગોનો વિચાર પણ કરી લઈએ :

अग्रे (અ.)—આગળ, સમીપ. **राज्ञोऽग्रे** એટલે 'રાજાની આગળ'. સંસ્કૃત **अग्रे** > પ્રાકૃત **अग्गे** > જૂની ગુજરાતી **आगइ, आगलि** > ગુજરાતી **आगळ, अगाउ.**

उत्तारक (પું.)—ઉતારો. સં. **उद्** + √ **तॄ**ના પ્રેરક **उत्तारयति**નું ભાવવાચક નામ.

खण्ड्वहलय (ક્રિ.)—ખંજવાળ, ખણ. √ **खण्ड्वहल्** > ગુ. √ **खंजवाळ** 'ખંજવાળવું, ખણવું'નું આજ્ઞાર્થ દ્વિતીય પુરુષ એક વચન.

घांचिक (પું.)—ઘાંચી. સં. **घांचिक** > પ્રા. **घंचिय** > ગુ. **घांची.**

चरणौ √ **पत्** ચરણમાં પડવું, પગે પડવું.

छम्पनकम् (નપું.)—છીંપવાનું કામ, કાપડને રંગવાનું તેમ જ તે પર ચિત્રાકૃતિઓ છાપવાનું કામ. આવું કામ કરનારા ગુજરાતીમાં 'છીંપા' તરીકે જાણીતા છે.

√ **ढाल्**—ઢાળવું, ઢાંકવું, (પડદો) પાડવો. પ્રા. √ **ढाल** > ગુ. √ **ढाळ.**

नत्वा पश्चात्—નમીને પછી. સં.માં આ માટે માત્ર '**नत्वा**' 'નમીને' √ **नम्**નું સં. ભૂ. કૃ. યોજાય. **पश्चात्** 'પછી'એ વધારાનો શબ્દ પ્રાદેશિક બોલચાલની ભાષાની સ્પષ્ટ અસર દર્શાવે છે.

°**पार्श्वात्**—પાસે, પાસેથી, દ્વારા. ગુ. **पासे, पासेथी** < જૂ. ગુ. **पासि, पासिं** < અપભ્રંશ **पासहिं** < પ્રા. **पासम्मि** < સં. **पार्श्वे.**

पृष्टि: (સ્ત્રી.)—પીઠ, પૂંઠ. સં. **पृष्ठिका** > પ્રા. **पुट्ठी, पिट्ठी, पट्ठी** > જૂ. ગુ. **पूंठि** > ગુ. **पूंठ, पूठ, पीठ** (સ્ત્રી.), હિન્દી **पीठ** (સ્ત્રી.), મરાઠી **पाठ** (સ્ત્રી.)

प्रासादे गत:—મન્દિરે ગયો. સં.માં જ્યાં જવાનું હોય તેની દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય, પરન્તુ '**જૈન સં.**'માં દ્વિતીયાને બદલે સપ્તમી વિભક્તિનો પ્રયોગ થાય છે જે સ્પષ્ટ રીતે પ્રાદેશિક ભાષાની જ અસર દર્શાવે છે.

भेटा (સ્ત્રી.)—ભેટ. દેશી **भिट्ट, भिट्टा** > ગુ., હિ., મ. ભેટ.

मचकोडितम्—મચકોડયું. √ **मचकोड्**નું ક. ભૂ. કૃ. સર. જૂ. ગુ. √ **मुचकोड**; ગુ. √ **मचकोड**.

मानितम्—(૧) માનેલું, માન્યતા માની હતી.
(૨) માની ગઈ.

√ **मन्**નું પ્રેરક કર્મણિ ભૂત કૃદન્ત. સરખાવો ગુ. √ **मान** અને પ્રેરક √ **मनाव**.

मुचकोटितम्—મચકોડયું. √ **मुचकोट्**નું ક. ભૂ. કૃ. સર. જૂની ગુ. √ **मुचकोड**; ગુ. √ **मचकोड**.

मोटितम्—મોડયું. મચકોડયું. √ **मुट्**નું પ્રે. ક. ભૂ. કૃ. પ્રા. √ **मोड** > અપ. √ **मोड** > જૂ. ગુ. √ **मोड** > ગુ. √ **मोड** સર. હિન્દી, મરાઠી √ **मोड**.

रावा (સ્ત્રી.)—રાવ, ફરિયાદ. **रावा कृता** 'રાવ કરી, ફરિયાદ કરી'.

√ **लग्**—લાગવું. **लग्न** (ક. ભૂ. કૃ.) 'લાગેલું'. સર૦ ગુજ., મ. √ **लाग**; હિં. √ **लग**.

√ **ला**—લેવું. **लात्वा** 'લઈને'. સર. પ્રા., અપ., ગુ., હિં., મ. √ **ले**.

वाहरा (સ્ત્રી.)—વહાર, મદદ. પ્રાકૃત √ **वाहर** < સં. **वि + आ + √ हृ** = વહાર કરવી, વહારે ધાવું, મદદ કરવી. ગુજરાતીમાં '**वार**' અને '**वहार**' એ સ્ત્રીલિંગી શબ્દો આ અર્થમાં પ્રચલિત છે.

श्रीहरद्वारम् (નપું.)—દેવઘરનું બારણું. સં. શબ્દ '**गृह**', જ્યારે તે સમાસનું પ્રથમ પદ ન હોય ત્યારે, પ્રાકૃત અને જૂની ગુજરાતીમાં '**हर**'માં રૂપાન્તર પામે છે. સં. **श्रीगृह** > પ્રા. અને જૂ. ગુ. **सिरिहर**. આને બદલે અહીં **श्रीहर** છે તે વિશિષ્ટ ગણાય. કારણ સ્પષ્ટ છે: આ લખાણ સંસ્કૃતમાં છે.

'**डमोईया पार्श्वनाथस्य**' અને '**डमोईना पार्श्वनाथोत्पत्तिः**' એ પ્રયોગો પણ ગુજરાતી જે પ્રાદેશિક ભાષા, તેની સ્પષ્ટ અસર દર્શાવે છે. **डमोईया** એ **डमोईना** એ અર્થનો ગુજરાતી પ્રયોગ છે, જ્યારે **डमोईना** માં તો **ना** એ ગુજરાતીનો ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય જ આ સંસ્કૃત લખાણમાં લગાવી દીધેલો છે! એવો બીજો પ્રયોગ છે **पंचासराश्रीपार्श्वनाथनमस्करणाय** જેનો અર્થ થાય '**પંચાસર**ના અર્થાત્ મૂળ **પંચાસર**ના અને ત્યાંથી **પાટણ**માં લાવી પ્રતિષ્ઠાપિત કરેલા **શ્રીપાર્શ્વનાથ**ને નમસ્કાર કરવા માટે'.

પ્રબન્ધોની આ સંસ્કૃત ભાષા સરળ અને પ્રવાહી બની ગઈ છે. પ્રાદેશિક કે પ્રાકૃત ભાષાનું જ્ઞાન જેને ન હોય તેને તેમાંનું કેટલુંક સમજવું કઠિન લાગે. રાષ્ટ્રભાષા તરીકે સંસ્કૃત કેવી હોય તેનો એ આદર્શ નમૂનો છે. સમસ્ત રાષ્ટ્રમાં પ્રચલિત, સામાન્ય માણસો માટે પણ વિચાર–વાહક બનતી રાષ્ટ્રભાષા તરીકેની સંસ્કૃતની ક્ષમતાની આથી પ્રતીતિ થાય છે. સંસ્કૃતના અમુક શબ્દો અમુક પ્રદેશમાં વિશેષ પ્રચલિત હોઈ ત્યાં બોલચાલમાં તે વધારે વપરાતા હોય, જ્યારે સાહિત્યની ભાષામાં સર્વ પ્રયોગો સરખી રીતે થતા હોય. પાણી માટે ગુજરાતમાં '**पानीय**' પ્રચલિત હોય, કોઈ પ્રદેશમાં '**जल**' હોય, '**तोय**' હોય, '**नीर**' હોય. બિલાડી માટે ગુજરાતીમાં '**बिडाल**' હોય, મહારાષ્ટ્રમાં '**मार्जार**' હોય. આ શબ્દો જે તે પ્રદેશના સામાન્ય જનોના વપરાશમાં હોય. સાહિત્યમાં જો કે સમગ્ર રાષ્ટ્રમાં ઉપયુક્ત બધા શબ્દો પ્રયોજાતા હોય, પરન્તુ જે તે પ્રદેશના સાહિત્યકારની ભાષા ઉપર પોતાના પ્રદેશની અને પોતાના સમયની વિશેષતાઓ અસર કર્યા વિના રહી શકે નહિ, તે, સાહિત્ય–ગ્રન્થોનું આ વિશિષ્ટ દૃષ્ટિએ અધ્યયન કરવામાં આવે તો, સ્પષ્ટ રીતે પ્રતીત થયા વિના રહે નહિ. પ્રબન્ધોની આ ભાષા સંસ્કૃતની સમૃદ્ધતા અને જીવંતતાનાં દર્શન કરાવે છે. પોતાની માતૃભાષાના શબ્દો અને પ્રયોગો તો નિરક્ષરને પણ યાદ રાખવાના હોતા નથી. એ શબ્દો પ્રાયઃ સંસ્કૃતમાંથી જ રૂપાન્તરિત થઈને આવ્યા છે. કેટલાક વિશિષ્ટ રીતે દેશી જ હોય છે. પણ રાષ્ટ્રભાષા તો સમગ્ર રાષ્ટ્રમાં એકસરખી રીતે પ્રયોજાતી રહેતી હોવાથી અને સામાન્યમાં સામાન્ય અદના માણસની પણ તે વિચાર–વાહક હોવાથી જે સંસ્કૃતમાંથી વ્યુત્પન્ન ન થતા હોય તેવા શુદ્ધ દેશી શબ્દો તથા પ્રયોગોને પણ સરળતાથી સ્વીકારી શકે. તેથી તેની સરસતા કે એકવાક્યતાને સહેજે હાનિ પહોંચી શકે નહિ; ઊલટું, સરળતા, પ્રવાહિતા અને સમૃદ્ધતા વધે.

આવા સાહિત્યનું સેવન રાખવાથી સંસ્કૃતમાં બોલવાની પણ છૂટ થાય, સંકોચ જાય, અને આપોઆપ નવા પ્રયોગો પણ કરાતા જાય.

રાષ્ટ્રભાષા સાથેના પ્રાદેશિક ભાષાના ઘનિષ્ઠ સંબંધનો આ ખ્યાલ રાખીને સંસ્કૃત શીખવવાનાં પાઠ્યપુસ્તકો રચાય, તો 'સંસ્કૃત શીખવું બહુ અઘરું છે' એવો હાઉ દૂર થઈ શકે. પરન્તુ ગુજરાતી વિદ્યાર્થીઓને '**बिडाल**'ને બદલે '**मार्जार**' શબ્દ જ શીખવીએ અને મહારાષ્ટ્રનાને માથે '**बिडाल**' ઠોકીએ તો આ ગીર્વાણ ગિરાની અને રાષ્ટ્ર તથા સંસ્કૃતિની યે કુસેવા જ થાય.

આમ પ્રબન્ધોની આ સમૃદ્ધ, સરળ, રુચિકર અને પ્રવાહી બની જતી ભાષા આપણે માટે દર્પણની ગરજ સારે છે, માત્ર તે માટે આપણે તેના પ્રત્યે પરાઙ્મુખ થવાને બદલે અભિમુખ થવું પડે !

કાવ્યબન્ધ કિંવા વાક્યવિન્યાસ
(નરેન્દ્રપ્રભસૂરિનું ચિન્તન)*

રમેશ બેટાઈ

વિષયપ્રવેશ

એ તો પ્રાયઃ સર્વવિદિત છે કે શબ્દ અને અર્થ એ કવિની કાવ્યગત ભાવાભિવ્યક્તિ અને સૌન્દર્ય સાકારતાનું માધ્યમ છે. શિલ્પીનાં ટાંકણું અને હથોડી; ચિત્રકારનાં કાગળ, પીંછી અને રંગો; નૃત્યકારની અંગભંગીઓ; સંગીતકારનાં કંઠ અને વાદ્ય—આ બધાની માફક જ કવિના માધ્યમરૂપ છે શબ્દ અને અર્થ. કવિ સ્વાનુભૂતિને કાવ્યદેહે સાકાર કરતાં માધ્યમ તરીકે વિલક્ષણ એવા શબ્દ અને અર્થના પ્રયોગો કરે છે, તેને છન્દતઃ પ્રયોજે છે, તેની ક્ષમતા કરતાં અનેકગણો વધુ અર્થ તે શબ્દ અને અર્થમાંથી તારવે છે. આથી શબ્દ અને અર્થ એ કાવ્યનો દેહ ગણાય છે. છતાં શબ્દ અને અર્થ એ માત્ર કાવ્યનો દેહ નથી; કાવ્યમાં તે ઘણું ઘણું વિશેષ છે. આને લીધે કવિ તેની વિનીત દશામાં સપ્રયત્ન અને સિદ્ધ દશામાં સહજભાવે શબ્દ અને અર્થની વિલક્ષણતા, પોતે તેમાં મૂકેલી નવીનતા અને અવનવી અર્થચ્છાયાઓ આપવાની ક્ષમતા પર વિશેષ ધ્યાન આપે છે. આમાંથી આલોચકોની "કાવ્યમાં શબ્દ અને અર્થ," "કાવ્યમાં શબ્દની શક્તિ," "કાવ્યમાં વાક્યવિન્યાસ" વગેરે પ્રશ્નોની મીમાંસા ઉદ્ભવે છે.

નરેન્દ્ર પ્રભસૂરિ તેના અલંકારગ્રંથ "અલંકાર–મહોદધિ"માં વિધાન કરે છે કે તેનું ચિન્તન જુદા જુદા સમર્થ પૂર્વાચાર્યોના નદીસમા પ્રવાહથી સમૃદ્ધ બન્યું છે.[1] આ છતાં તેના ચિન્તનમાં વિશાળ સાગરપણું જોવા મળે જ છે. ગ્રંથની શૈલી, તેની માંડણી, તેનાં ઉદાહરણો, તેનો વિસ્તાર, તેની આન્તરિક વ્યવસ્થા અને કાવ્યચિન્તનની ઉત્ક્રાન્તિમાં એક આગવી વિદ્વત્તા પ્રપૂર્ણસૂઝ દેખાય છે. તેણે કેટલાંક યોગ્ય સ્થળોએ કેટલાક સુંદર સિદ્ધાન્તો અવનવી મૌલિકતા સહ રજૂ કર્યા છે. આનાં અનેક પ્રમાણો આપણને આ વિશાળ ગ્રન્થમાં મળે છે. અહીં આપણે તેની કાવ્યબન્ધની એટલે કે વાક્યવિન્યાસની[2] ચર્ચા સાનુવાદ લઈએ અને મીમાંસીએ.

દ્વિતીય તરંગમાં શબ્દવૈચિત્ર્યની ચર્ચાના અનુસંધાનમાં ૨.૧૭ થી ૨૦ આ ચાર કારિકાઓ તથા તેમના પરન્ત વૃત્તિમાં ન. પ. વાક્યવિન્યાસનું નિરૂપણ કરે છે.

---

* આ લેખમાં પ્રયોજેલા સંક્ષેપો–નરેન્દ્ર પ્રભસૂરિ = ન. પ્ર.; અલંકારમહોદધિ = અ. મ. આનંદ = આનંદવર્ધન; અભિનવ = અભિનવગુપ્ત.

૧ જુઓ :

नास्तिप्राच्यैरलङ्कारकारैराविष्कृतं न यत् ।
कृतिस्तु तद्वचःसारसङ्ग्रहव्यसनादियम् ॥ — અ. મ. પ્રથમ તરંગ

૨ कोऽप्यसौ वाक्यविन्यासः काव्यबन्ध इति स्मृतः । — અ. મ. ૨.૨૦

शाणोल्लिखितमाणिक्य–कान्तिकेलिपदं पदम् ।
अर्धनारीश्वरस्पर्धी यत्रसंघट्टनक्रमः ॥
गिरां किमपि लावण्यं तरङ्गयति यः परम् ।
वस्तु किञ्चिदिवाभाति न किञ्चिदपि यद्वशात् ॥
मज्जतीव क्षणं चेतः स्नातीव सुधया क्षणम् ।
माद्यतीव क्षणं यत्र विलीयत इव क्षणम् ॥
अमन्दतद्विदानन्दकन्दकन्दलनाम्बुदः ।
कोऽप्यसौ वाक्यविन्यासः कवेर्बन्ध इति स्मृतः ॥

અર્થાત્

"સરાણ પર ઘસાઈ (ઉજ્જવલ બનેલા એવા) માણેકની કાન્તિની ક્રીડાના સ્થાન સમું પદ (જેમાં પ્રયોજાય); જેમાં સંઘટનાનો ક્રમ અર્ધનારીશ્વર સાથે સ્પર્ધા કરનારો હોય;[3] જે વાણીના કોઈક (અપૂર્વ) પરમ લાવણ્યને તરંગિત કરે; જેના યોગે (કાવ્ય) વસ્તુ કંઈક આભાસિત હોય, કંઈક ન પણ હોય; જેમાં (સહૃદયનું) ચિત્ત ક્ષણવાર જાણે મજ્જન કરે, ક્ષણવાર જાણે સુધાસ્નાન કરે, ક્ષણવાર જાણે મદમસ્ત બને અને ક્ષણવાર જાણે વિલીન થાય. જે તદ્વિદ સહૃદયને માટે મુગ્ધતાના અંકુર એવા સતત વર્ષતા મેઘરૂપ હોય–આવા કોઈક વિલક્ષણ કાવ્યવિન્યાસને કવિની (કાવ્યરચનાનો) બન્ધ કહે છે."

આ ચાર કારિકાઓ પર પ્રમાણમાં વિસ્તૃત એવી વૃત્તિમાં કારિકાઓનાં વિધાનો મીમાંસતાં તે કહે છે :

"આ કોઈક (વિલક્ષણ એવો) અવ્યાખ્યેય (કાવ્ય) મહિમા છે, જે પ્રતિભાથી પલ્લવિત વર્ણનો (સ્વરચનામાં આલેખવામાં) નિપુણ એવા કવિનો વાક્યવિન્યાસ છે; વાક્યનો એટલે પદોના સમુદાયરૂપનો જે વિન્યાસ એટલે કે અન્ય તમામથી વિલક્ષણ (અને તેથી) વિશિષ્ટ રચનારૂપ જેને પૂર્વાચાર્યોએ બન્ધ તરીકે જાણ્યો છે. વાક્યવિન્યાસ કેવો? અમન્દ એટલે સતત પ્રવહમાન (ઉત્તમ) લક્ષણોથી સ્ફૂર્તિયુક્ત; તજ્જ્ઞોનો આનંદ એટલે કે બન્ધના સૌન્દર્યને પારખનારાઓનો આનન્દ; તે જ કન્દ એટલે કે મુગ્ધતા વગેરેનું પ્રથમ કારણ; તેનું કન્દલન એટલે અંકુરનું ફૂટવું, તેનું વાદળ એટલે (સતત એવી) વર્ષાનો મેઘ. સહૃદયના હૃદયને આહ્લાદક એવો જ વાક્યવિલાસ કાવ્યમાં ઉપકારક હોય છે. વળી એ કેવો એ બતાવવા માટે (આગળ) કહે છે–'સરાણ' એટલે જ્યાં જેમાં પદનું પ્રવર્તન હોય. કેવું (પદ)? સરાણ પર ઉલ્લિખિત એટલે કે ઉત્તેજિત જે માણેક અર્થાત્ શ્રેષ્ઠ રત્ન, તેની કાન્તિ એટલે ઉજ્જ્વલતા, તેની કેલિનું સ્થાન એટલે રમણનો આધાર ખરેખર કાવ્યમાં પદો ઉજ્જ્વલ જ હોવાં જોઈએ. એ જ રીતે

3 આની સાથે સરખાવવા જેવું કાલિદાસનું વિધાન.

वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥ રઘુવંશ, ૧.૧

જ્યાં સંઘટનાનો ક્રમ એટલે કે (પ્રયોજાયેલાં) પદોના (પરસ્પર) સન્દર્ભનો ક્રમ, (એ) કેવો (હોવો ઘટે?) અર્ધનારીશ્વરસ્પર્ધી એટલે કે અર્ધનારીશ્વરની પ્રતિમા સાથે સ્પર્ધા કરનાર. સર્વરીતે (તે બેની વચ્ચેના) સન્ધિ અલક્ષિત હોવાને કારણે; એક પદ સમી જ ભાસે એવી પદોની યોજના (કાવ્યમાં) કરવી ઘટે છે. તે જ રીતે, જે પરમા એટલે પ્રકૃષ્ટા, ગિરાની એટલે વાણીની, લાવણ્ય એટલે વિલક્ષણ કાન્તિને કોઈક અપૂર્વ રીતે તરંગિત કરે છે, અર્થાત્ પોષે છે. એ જ રીતે જેના યોગે એટલે જેના આધારે, કાવ્યાર્થરૂપ વસ્તુ કોઈ પણ એટલે કે અરુચિકર હોય તોપણ કોઈકના સમું એટલે કે કમનીય સમું ભાસે છે, શોભે છે. જેમ કે કહેવાયું છે :

"પરન્તુ (કાવ્યગત) કોઈક વિલક્ષણ એવી અનોખી પદરચના છે જ, જેમાં કશું પણ બીજા કશાને સમાન જાણે ભાસતું નથી, વળી તે (પદરચના) શ્રવણ માર્ગે ગતિ કરે ત્યારે, સજ્જનોની પ્રકૃષ્ટ [= અનેરા સ્નેહથી ભીની] અમૃતદષ્ટિ (અથવા અમૃતવૃષ્ટિ) સમી[૪] (સહૃદયની) ચેતનાને આનન્દિત કરે છે."

તેથી જ તો જ્યાં એટલે જેમાં, આનન્દરૂપ અમૃતના એકમાત્ર સરોવરમાં સહૃદયોનું ચિત્ત ક્ષણવાર જાણે મજ્જન કરે છે, મગ્ન બને છે. (બીજી) ક્ષણે વળી પીયૂષથી આરંભેલા સ્નાન સમું જાણે સુધાન્નાન કરે છે. સ્વની વિસ્મૃતિથી જાણે ઉન્માદયુક્ત બન્યું હોય તેમ વળી ક્ષણવાર મદમસ્ત બને છે. અને વળી ક્ષણવાર નિષ્પન્દત્વને લીધે વિલીન થાય છે, અર્થાત્, વિલીન સમું બની જાય છે. આમ, આ પ્રકારનો જ 'બન્ધ' એ શબ્દથી નામાભિધાન પામેલો કવિનો વાક્યવિન્યાસ (તેની) કવિતાને અલંકૃત કરે છે, તે પણ શબ્દ વૈચિત્ર્ય જ છે."

અહીં ચાર કારિકાઓમાં વાક્યવિન્યાસ કિંવા કાવ્યબન્ધ બાબત ન. પ્ર. આટલા વિચારો વ્યક્ત કરે છે :

(૧) કાવ્યના શબ્દપ્રયોગો કાળજીથી પસંદ કરેલા, ઉજ્જ્વલ, સહજભાવે કાવ્યમાં રમતા સમા લાગે એવા હોવા જોઈએ. કવિની પ્રતિભારૂપી સરાણ પર ભાષાના શબ્દો અથડાય, ઘસાય અને અવનવી અવર્ણનીય એવી તેજસ્વિતા પ્રાપ્ત કરે; કાવ્યનો શબ્દે શબ્દ સહૃદય વાચકને તેજસ્વી રત્નસમો ભાસે.

(૨) શબ્દ અને શબ્દ તથા શબ્દ અને અર્થ કાવ્યમાં એટલાં અવિભાજ્ય સમવેત, સંવાદી હોય, કે વાચકને કાવ્ય વાંચતાં તેમની એકરૂપતાની જ, તેમના અવિનાભાવની જ પ્રતીતિ થાય, તેનાથી એક વિલક્ષણ સમગ્ર સૌન્દર્ય ઊભું થાય. અર્ધનારીશ્વર સમો સંઘટનાક્રમ એટલે આ.

(૩) વાણીમાં જે વિલક્ષણ સૌન્દર્યાનુભૂતિ કરાવવાની ક્ષમતા છે, તે જલપ્રવાહના તરંગોની માફક વિલસે છે. આ વાણી કાવ્યવસ્તુ કે કાવ્યભાવનો કંઈક આભાસ આપે, કંઈક ન પણ આપે. આનો અર્થ એ થશે કે કવિવાણીમાં વાચ્ય અને વ્યંગ્ય બંને કાર્યરત હોય છે.

૪ અહીં બે વાચનાઓ છે—अमृतदृष्टिरिव અને अमृतवृष्टिरिव.

વાચ્ય પોતે અનોખો હોવો જરૂરી છે, વ્યંગ તો ખરો જ. આમ બને તો જ કાવ્યની વ્યંજના સાથે સહૃદયના હૃદયનો સંવાદ સધાય, તેની તન્મયતાને કવિ જીતી શકે.

(૪) આવા વિલક્ષણ કાવ્યના વાચન થકી સહૃદય વાચકને વિવિધ પ્રસન્નકર અનુભવો થાય, જે તેની તદાકારતાને જીતનાર, તેના હૃદયભાવોનો કાવ્યભાવો સાથે સંવાદ સાધનાર, તેને મુગ્ધ અને મસ્ત બનાવી દેનાર, તેને અલૌકિક રસાસ્વાદનના નિરતિશય આનંદમાં નિમગ્ન કરી દેનાર બને. આપણે આગળ કહી શકીએ કે આ મુગ્ધતા ક્ષણિક કે કાવ્યવાચન પૂરતી સીમિત ન હોય. કાવ્યના વાચન, ચર્વણનું અને તજ્જનિત આનંદનું સ્મરણ થાય ત્યારે વાચકને વાચન સમયની પેલી તન્મયતા તેને આવરી લે.

આ ચાર મુખ્ય મુદ્દા દ્વારા ન. પ્ર. કારિકાઓમાં વાક્યવિન્યાસની મીમાંસા કરે છે. આ ચાર અને અન્ય સંકલિત મુદ્દાઓ તે વૃત્તિમાં આ રીતે આલોચે છે અને કારિકાગત મુદ્દાઓ પર પ્રકાશ પાડવા પ્રયત્ન કરે છે.

કાવ્યનાં પદો ઉજ્જ્વલ, કાન્તિયુક્ત જ હોવાં જોઈએ. કાન્તિયુક્ત એટલે કાન્તિગુણ-યુક્ત તો ખરાં જ, પરન્તુ સાથે કાવ્યમાં પ્રયોજાતાં અવનવા ચારુ અર્થથી સમ્પન્ન અને પ્રભાવશાળી બનેલાં.

અર્ધનારીશ્વર સમો બંધ એટલે જેમાં શબ્દ અને શબ્દ, શબ્દ અને વાક્ય, વાક્ય અને વાક્યના સન્ધિઓની પ્રતીતિ જરા જેટલી પણ ન થાય; માત્ર એકરૂપતાનો અનુભવ થાય.

કવિનો વાક્યવિન્યાસ કે કાવ્યબન્ધ વાણીના કાવ્યગત ચારુતા, મૃદુતા, લાલિત્યને સતત પ્રવહમાન કરે છે, તરંગિત કરે છે.

કાવ્યની કાવ્ય તરીકે એ ખૂબી છે કે તેમાં સામાન્ય અસામાન્ય બને, અરુચિકર રુચિકર બને, કમનીય નહીં તે કમનીય બની રહે.

તેમાં સહૃદયના હૃદયને આકૃષ્ટ કરવાની અને તેના સ્નેહને જીતી લેવાની આન્તરિક ક્ષમતા છે. વાક્યવિન્યાસ સહૃદયની ચેતનાને અમૃતપાન કરાવતી હોય તે રીતે અમૃતસ્નાનથી માંડી તન્મયતા સુધીના વિવિધ અનુભવો કરાવે છે.

આમ, વાક્યવિન્યાસની ખૂબીઓ, તેની વિલક્ષણતા ગમે તેટલા પ્રયત્ન છતાં શબ્દોમાં વ્યક્ત થઈ શકતાં નથી. એ જ તો કાવ્યબન્ધની સાર્થકતા છે.

સમીક્ષા

કવિના કાવ્યગત શબ્દપ્રયોગ, વાક્યવિન્યાસ કિંવા કાવ્ય બન્ધની આ મીમાંસા ન. પ્ર.ના તથા ભારતીય કાવ્યમીમાંસાના ચિન્તનને અને અનેરી વાચા આપે છે, અને કાવ્યગત શબ્દપ્રયોગની અનેકાનેક શક્તિઓને તથા ક્ષમતાઓને અભિવ્યક્ત કરે છે; સાથે વ્યવહારની ભાષા કરતાં કાવ્ય-ભાષા ક્યાં એકદમ જુદી પડે છે તેની પ્રતીતિ પણ આપણને આપી દે છે. આનંદ કહે છે :

ध्वनेरित्थं गुणीभूतव्यङ्ग्यस्य च समाश्रयात् ।
न काव्यार्थविरामोऽस्ति यदि स्यात्प्रतिभागुणः ॥ (૪.૬)

એ જ વચન આ ધ્વનિને સર્જતા કવિના વાકયવિન્યાસને પણ લાગુ પાડી શકાશે. સૌન્દર્યની અલૌકિકતા અને વિલક્ષણતાના અનુભવ માટે જેમ રમણીનાં અંગોની, અંગપ્રત્યંગની વિલક્ષણ એકરૂપતા, સંવાદિતા, સપ્રમાણતા, સમપ્રમાણતા અપેક્ષિત છે, તેવું જ કાવ્યના દેહનું પણ છે. આનંદ કહે છે તેવો, કાવ્યના ચારુત્વનો 'લલનાલાવણ્યપ્રખ્ય' અનુભવ (ધ્વ. ૧.૪)[૫] કાવ્યબન્ધને આધીન છે, છતાં કાવ્યબન્ધ સહૃદયના કાવ્યાનુભવથી ઘડાય છે, નિર્ણિત થાય છે. આથી ન. પ્ર. સહૃદય વાચકના કાવ્યાનુભવ અને કાવ્યાસ્વાદનને ધ્યાનમાં રાખીને જ કાવ્યબન્ધને મીમાંસે છે. એ રીતે કવિ, કાવ્ય તથા તેનો વાકયવિન્યાસ, અને સહૃદય વાચક—નો ત્રિવેણી સંગમ અહીં સધાય છે. કાવ્યબન્ધની આ વ્યાખ્યા કાવ્ય, સર્જક કવિ તથા સહૃદય—ત્રણેયને જાણે કે એકરૂપ ગણી સાથે સાથે જ મીમાંસે છે. આમ કાવ્યબન્ધની વ્યાખ્યા સર્જક તથા તેની રચનાનુભૂતિ, કાવ્ય તથા સહૃદયત્વ ત્રણેયને, જાણે કે એકી સાથે થોડામાં ઘણું કહી દેતી વાણીમાં અભિવ્યકત કરી દે છે. સર્જન કેવું હોય, કેવી વાણીમાં હોય અને તે વાચકને શું આપે ને શું ન આપે તે અહીં એકી સાથે સંક્ષેપમાં છતાં પ્રભાવશાળી રીતે ન. પ્ર. આલેખે છે. અને કાવ્યમાં શબ્દની શક્તિ વિષેનું તેનું ચિન્તન પણ આ ચર્ચા સાથે સહજ ભાવે ઉત્ક્રાન્ત થાય છે, એ આ સૂત્રાત્મક કારિકાઓ તથા તેના પરની વૃત્તિની વિશેષ એવી સિદ્ધિ છે.

આ ચર્ચાના નિષ્કર્ષ રૂપે નિષ્પન્ન થતા અગત્યના વિચારો આ રીતે વ્યક્ત કરી શકાય.

વ્યવહારની ભાષા એ જ સાહિત્યની, કાવ્યની ભાષા છે. આ છતાં વ્યવહારની ભાષા એ કાવ્યની ભાષા નથી, એ અર્થમાં કે કવિનો શબ્દ અને તજ્જનિત અર્થ અને તેમનો સુભગ યોગ વાચકને વિવિધ અર્થો અને તેની પાછળ અનેકાનેક ભાવોનો અનુભવ કરાવે છે, અને આ અર્થોની મીમાંસા ન. પ્ર. કરે જ છે. એક જ વાચકને જુદા જુદા વાચનસમયે તેની સહૃદયતાની તત્કાલીન સ્થિતિ અનુસાર જુદા જુદા અનુભવો કરાવી શકે. એ જ રીતે કવિના આ શબ્દ અને અર્થ તથા તજ્જનિત વિલક્ષણ ચારુત્વ જુદા જુદા વાચકોને તેમની સહૃદયતા, તેની કક્ષા તથા તેના ભેદ અનુસાર જુદા જુદા અનુભવ કરાવી શકે છે તેમાં કોઈ જ સંશય નથી. ગમે તેમ હોય, આ કાવ્યવાચન અને આસ્વાદન જે ભાવજગત અને વિલક્ષણ વૈવિધ્યપૂર્ણ સૌન્દર્યાનુભૂતિ સર્જે છે તે અન્તે સહૃદય વાચકની સમગ્ર ચેતનાને કાવ્યમાં સુખકર, સાનંદ તન્મયતા, તલ્લીનતા અને તજ્જનિત આનંદમય તદ્રૂપતા તેમજ સ્વના વિસ્મરણનો મુગ્ધકર અનુભવ કરાવે છે. આથી જ આ અવ્યાખ્યેય, ભાષાથી અતીત અનુભવને ન. પ્ર. વિલક્ષણ કહે છે, તે બતાવે છે કે આચાર્યોની પરંપરા અને તેને અનુસરીને તે પોતે ગ્રંથમાં અન્યત્ર ત્રિવિધ શબ્દ ત્રિવિધ અર્થ તથા તેમાં

---

૫ જુઓ ૧.૪ પરની વૃત્તિના શબ્દો :

यथा ह्यङ्गनासु लावण्यं पृथङ्निर्वर्ण्यमानं निखिलावयवव्यतिरेकि किमप्यन्यदेव सहृदय-लोचनामृतं तत्त्वान्तरं तद्वदेव सोऽर्थः ।

ધ્વનિની શ્રેષ્ઠતા (અ. મ. ૨.૩૦)નું સંસ્થાપન કરે છે તે છતાં કાવ્યની ખૂબીઓની આમાં પરિસમાપ્તિ થતી નથી, આ મીમાંસા માત્ર દિશાસૂઝ કરાવનારી છે; કવિવાણી ખરેખર તો આનાથી પણ અતીત, અવ્યાખ્યેય રહે છે એવું ન. પ્ર.નું સંસ્થાપન છે. બીજી બાજુ એ જ કવિવાણીની સતત નવીનતા તથા સદાબહારતાનું પ્રમાણ છે.

કવિવાણીની આ વિલક્ષણતા, અવ્યાખ્યેયતા કાવ્યમાં શબ્દવૈચિત્ર્ય તેમજ તેની પાછળ અર્થવૈચિત્ર્ય રૂપે વિલસે છે. કાવ્યમાં આ બંને તથા ઉભયનો સુભગ સમન્વય, તેની એકરૂપતા અપેક્ષિત છે. આ વૈચિત્ર્યને માટે ન. પ્ર. વિચ્છિત્તિ એટલે શોભા, ચારુત્વ, સૌન્દર્ય એ શબ્દ પણ પ્રયોજે છે. આનાથી ન. પ્ર.ની એ અપેક્ષાની પણ પ્રતીતિ થાય છે કે કાવ્યમાં શબ્દ વાચ્યરૂપ હોય, લક્ષ્યરૂપ કે વ્યંગ્યરૂપ–ગમે તે રૂપે તે ચારુત્વાન્વિત હોવો જરૂરી છે.

ન. પ્ર. કહે છે તેમ કવિ વાણીના પરમ લાવણ્યને તરંગિત કરે છે તે આ અર્થમાં, બીજી રીતે ન. પ્ર. એમ પણ કહી દે છે કે કાવ્યમાં શબ્દ, અર્થ, તેમનું સમગ્રત્વ, તેમનો વિન્યાસ, બધું જ વિલક્ષણ રીતે ચારુત્વાતિશયસમ્પન્ન હોવું જરૂરી છે. સાથે, આ તમામના એકરૂપત્વ તથા સમગ્રના સમન્વિત સૌંદર્ય થકી નવું જ કોઈક, જુદું જ સૌંદર્ય કાવ્યમાં ઊભું થાય છે. અર્ધનારીશ્વર જેવો સંઘટનાનો ક્રમ એટલે આ બધા વચ્ચેના સન્ધિની પ્રતીતિનો અભાવમાત્ર નહીં, પરન્તુ કાવ્યનાં તમામ અંગોના સૌંદર્ય, તેમનો સમન્વય અને એ વિલક્ષણ સમન્વય થકી જન્મતી કાવ્યના અનુપમ ચારુત્વની મુગ્ધકર પ્રતીતિ. આ પ્રતીતિ જ વાચકને, અલબત્ત તેની સહૃદયતા અનુસાર જુદા જુદા અનુભવ કરાવી શકે. ન. પ્ર. આ અનુભવોને પણ અવ્યાખ્યેય તરીકે, વિલક્ષણ તરીકે ઓળખાવીને તેમના વૈવિધ્ય ઉપરાન્ત વાચકનાં તેની સહૃદયતા સાથે કાવ્યામૃતમાં સ્નાન, નિમજ્જન, અવગાહન, તલ્લીનતા, તદાકારતા તરીકે જાણે છે, ત્યારે તેનો આધાર પણ આ વિલક્ષણ વાક્યવિન્યાસ એટલે કે તેને ઘડનારા શબ્દ અને અર્થનું અનુપમ ચારુત્વ એ છે.

साहित्यपाथोनिधिमन्थनोत्थं कर्णामृतं रक्षत हे कवीन्द्राः ।[૬]

એવી આરજૂભરી વિનંતી બિલ્હણ કરે છે તેવી વિજ્ઞપ્તિ આ વાક્યવિન્યાસની બહુમૂલ્યતાના આલેખનમાં પણ નિહિત છે. આવો વાક્યવિન્યાસ અને આવો કાવ્યનો શબ્દ હોય ત્યારે ભારવિની એ વાત કવિવાણીની બાબતમાં પણ સિદ્ધ થાય કે :

अपि वागधिपस्य दुर्वचं वचनं तद्विदधीत विस्मयम् ।[૭]

અને આવો વિસ્મય જન્માવવાની ક્ષમતા કવિવાણીમાં હોય ત્યારે એ પણ સાચું લાગે કે :

किं कवेस्तेन काव्येन किं काण्डेन धनुष्मतः ।
परस्य हृदये लग्नं न घूर्णयति यच्छिरः ॥[૮]

---

૬ વિક્રમાંકદેવચરિત, ૧.૧૧

૭ કિરાતાર્જુનીય, ૨.૨.

૮ નલચમ્પૂ

આથી જ ન. પ્ર. કાવ્યાનુભૂતિને સુધાસ્નાન તરીકે ઓળખાવે છે. સુધાસ્નાન એટલે કાવ્યમાં તન્મય બનીને તેના વિલક્ષણ માધુર્ય અને અમૃતત્વનું પ્રસન્નકર, ચેતોવિસ્તારકર આસ્વાદન તથા તજ્જનિત મુગ્ધતાની અનુભૂતિ, માનવના મર્ત્ય જીવનમાં અમરત્વની અનુભૂતિ કરાવનારાં જે સુભગ તત્ત્વો જગન્નિયન્તાએ બક્ષ્યાં છે તેમાં આ રીતે ન. પ્ર. કાવ્યકલાનો સમાવેશ કરે છે. આમ થાય છે ત્યારે આપણને મમ્મટની :

> नियतिकृतनियमरहितां ह्लादैकमयीमनन्यपरतन्त्राम् ।
> नवरसरुचिरां निर्मितिमादधती भारती कवेर्जयति ॥ (કાવ્યપ્રકાશ, ૧.૧)

અને ‘ અગ્નિપુરાણ ’ની :

> अपारे काव्यसंसारे कविरेव प्रजापतिः ।
> यथाऽस्मै रोचते विश्वं तथैव परिवर्तते ॥માં

અભિવ્યક્ત વાતો પણ અધૂરી લાગે છે. સાથે ન. પ્ર. અભિનવગુપ્તની ‘ લોચન ’ ટીકાના પ્રથમ શ્લોકની આ વાતનો અત્યન્ત નિકટવર્તી બને છે :

> अपूर्वं यद्वस्तु प्रथयति विनाकारणकलां जगद्ग्रावप्रख्यं निजरसभरात्सारयति च ।
> क्रमात्प्रख्योपाख्या प्रसरसुभगं भासयति तत् सरस्वत्यास्तत्त्वं कविसहृदयाख्यं विजयते ॥

અ. મ. એ સમગ્ર ગ્રન્થનો અભ્યાસ કરતાં આપણને લાગશે જ કે ન. પ્ર. આનંદ તથા અભિનવને અનુસરે છે. સાથે એ પણ હકીકત છે કે આનંદ વિશાળ ધ્વનિમીમાંસા કર્યા પછી પૂરી નમ્રતા સાથે સ્વીકારે છે કે :

> दिङ्मात्रं तूच्यते (૨.૧૩) અને
> न काव्यार्थविरामोऽस्ति यदि स्यात्प्रतिभागुणः । (૪.૬)

અને આ અવ્યાખ્યેય ધ્વનિના માર્ગે હોય તેમાં જ મહાકવિનું મહાકવિત્વ રહેલું છે. આ જ વાત પોતાના વાકયવિન્યાસને વ્યાપક રીતે ન. પ્ર. લાગુ પાડી અહીં રજૂ કરે છે તે તેની એક અગત્યની સિદ્ધિ ગણી શકાય. એક આધુનિક પાશ્ચાત્ય વિદ્વાન કાવ્યશબ્દ માટે કહે છે :

> “ ...by which words are charged into something beyond themselves and their arrangement transmuted into the language of another world; a language in which the very shape and size and texture of words, their resonance, their position and significance, become, as it were, faery, charged with tremendous or mysterious or ravishing music. ”

શબ્દ અને વાકયવિન્યાસની ઉપર્યુક્ત મીમાંસા આ જ દિશાની છતાં આના કરતાં વધારે વ્યાપક, ઊંડી અને કાવ્યના હાર્દના રહસ્યની નિકટવર્તી છે.

અનુપ્રાસ અલંકાર—એક અધ્યયન*

અનંતરાય જ. રાવલ

भामह :

ભરત પછી અને ભામહ પહેલાં અનુપ્રાસ અસ્તિત્વમાં હતો. ભામહે જણાવેલા પાંચ સર્વસ્વીકૃત અલંકારોમાં ચાર ભરતે જણાવેલા અલંકારો અને પાંચમો અનુપ્રાસ દર્શાવ્યો છે.[1] ભામહે પહેલાં શબ્દાલંકારોમાંના યમક અને અનુપ્રાસ જણાવ્યા છે અને પછી અર્થાલંકારોમાં ઉપમા, રૂપક, દીપક જણાવ્યા છે.

આથી તેઓ કદાચ પ્રથમ શબ્દાલંકારો વર્ણવવા માગતા હશે એમ કહી શકાય. ભામહ અનુપ્રાસની વ્યાખ્યા આપતાં જણાવે છે કે ' સરૂપ વર્ણોનો વિન્યાસ એટલે અનુપ્રાસ '.[2]

અનુપ્રાસમાં અર્થ અને શબ્દ બન્નેનું મહત્ત્વ છે અને આ મધ્યમ માર્ગ છે. અર્થ ભિન્ન ભિન્ન હોય છે પરંતુ અક્ષરો ભિન્ન ભિન્ન હોતા નથી.[3]

ગ્રામ્ય અનુપ્રાસમાં લ જેવા ગ્રામ્ય અક્ષરોની પુનઃ પુનઃ આવૃત્તિ થાય છે. આ ગ્રામ્ય અનુપ્રાસના બે આધાર છે; એક તો ઉપર જણાવ્યું તેમ ગ્રામ્ય અક્ષરોની આવૃત્તિ અને બીજું અક્ષરોની અકુશળ આવૃત્તિ. બીજો પ્રકાર લાટાનુપ્રાસ છે તેને સુંદર માનવામાં આવે છે. તેમાં અર્થ અલગ અલગ હોય પરંતુ અક્ષરો સમાન હોય છે.[4]

---

* પૂર્વભૂમિકા માટે જુઓ અનંતરાય જ. રાવલ, "રૂપક અલંકાર એક અધ્યયન"— "સ્વાધ્યાય", પુ. ૨૦, અંક ૧, પૃ. ૧૯

१ अनुप्रासः सयमको रूपकं दीपकोपमे ।
इति वाचामलंकाराः पञ्चैवान्यैरुदाहृता ॥

भामह 'काव्यालंकार'–२/४

२ सरूपवर्णविन्यासमनुप्रासं प्रचक्षते ।
किन्तया चिन्तया कान्ते नितान्तेति यथोदितम् ॥

भामह 'काव्यालंकार'–२/५

३ नानार्थवन्तोऽनुप्रासा न चाप्यसदृशाक्षराः ।
युक्तानया मध्यमया जायन्ते चारवो गिरः ॥

भामह 'काव्यालंकार'–२/७

४ लाटीयमामनुप्रासमिहेच्छन्त्यपरे यथा ।
दृष्टिं दृष्टिसुखां धेहि चन्द्रश्चन्द्रमुखोदितः ॥

भामह 'काव्यालंकार'–२/८

दण्डिन् :

દંડી એ 'કાવ્યાદર્શના' પ્રથમ પરિચ્છેદમાં વૈદર્ભમાર્ગના દસ ગુણોનું વર્ણન કરતી વખતે માધુર્ય ગુણના પ્રસંગમાં અનુપ્રાસ અને યમકની ચર્ચા કરી છે. તેમાં અનુપ્રાસનું વિસ્તૃત વિવેચન છે.[5] દંડીની દૃષ્ટિએ અનુપ્રાસનો મુખ્ય ઉદ્દેશ્ય વૈદર્ભ અને ગૌડ શૈલીની દૃષ્ટિએ કાવ્યમાં ભિન્નતા બતાવવાનો તથા આવૃત્તિનો માધુર્ય સાથે સંબંધ પ્રસ્થાપિત કરવાનો છે. આથી તેમણે અનુપ્રાસના બે ભેદ બતાવ્યા છે. એક વૈદર્ભપ્રિય શ્રુત્યનુપ્રાસ અને બીજો ગૌડપ્રિય વર્ણાનુપ્રાસ.

શ્રુત્યનુપ્રાસ વૈદર્ભમાર્ગવાળાઓને પ્રિય છે. તેઓ વર્ણાનુપ્રાસ કરતાં શ્રુત્યનુપ્રાસને રસ-ઉપકારક માને છે, પણ ગૌડમાર્ગવાળાઓ આ શ્રુત્યનુપ્રાસને સ્વીકારતા નથી.[6]

વૈદર્ભમાર્ગવાળાઓની દૃષ્ટિએ જે શ્રુતિ પૂર્વોચ્ચારિત શ્રુતિની સમાન હોય તે રસાવહ છે. શ્રુત્યનુપ્રાસમાં સમાન સ્થાન વડે ઉચ્ચારિત થતા વ્યંજનોનું સાદૃશ્ય હોય છે અને સ્થાન સામ્યને કારણે તેને શ્રુત્યનુપ્રાસ કહે છે.[7]

વર્ણાનુપ્રાસમાં વર્ણોની આવૃત્તિ થાય છે. પૂર્વોચ્ચારિત (વ્યંજનો) વર્ણોના અનુભવથી જે સંસ્કાર ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન કરાવનાર નિકટતા જ વર્ણાનુપ્રાસનો પ્રાણ છે.[8] આ વર્ણાનુપ્રાસના બે ભેદ છે: પાદગત અને પદગત.

વૈદર્ભમાર્ગી શ્રુત્યનુપ્રાસને આવકારે છે. અને વૃત્ત્યનુપ્રાસનો વિરોધ પણ કરતા નથી. છતાં તેઓ માત્ર અનુપ્રાસના લોભથી સદોષ-આવૃત્તિવાળા શિથિલ કાવ્યબંધને સ્વીકારતા નથી. આથી વિપરીત ગૌડમાર્ગીઓ અનુપ્રાસના લોભથી સદોષને પણ સ્વીકારે છે, પરંતુ વૈદર્ભમાર્ગીઓ ભ્રમર-સમાન શિથિલ કાવ્યનો શિથિલ-માલતીમાલાની જેમ ત્યાગ કરે છે.[9]

---

५ वर्णावृत्तिरनुप्रासः पादेषु च पदेषु च ।
पूर्वानुभवसंस्कारबोधिनी यद्यदूरता ॥

दण्डिन् 'काव्यादर्श'–१/५५

६ इतीदं नादृतं गौडैरनुप्रासस्तु तत्प्रियः ।
अनुप्रासादपि प्रायो वैदर्भैरिदमिष्यते ॥

दण्डिन् 'काव्यादर्श'–१/५४

७ यथा कदापि श्रुत्या यत्समानमनुभूयते ।
तद्रूपा हि पदासत्तिः सानुप्रासा रसावहा ॥

दण्डिन् 'काव्यादर्श–१/५२

८ दण्डिन् 'काव्यादर्श'–१/५५

९ श्लिष्टमस्पृष्टशैथिल्यमल्पप्राणाक्षरोत्तरम् ।
शिथिलं मालतीमाला लोलालिकलिला यथा ॥
अनुप्रासधिया गौडैस्तदिष्टं बन्धगौरवात् ।
वैदर्भैर्मालतीदाम लङ्घितं भ्रमरैरिति ॥

दण्डिन् 'काव्यादर्श'–१/४३–४४

ઉદ્‌ભટ :

ઉદ્‌ભટે 'કાવ્યાલંકાર–સારસંગ્રહ'માં ચાર શબ્દાલંકારો ચર્ચ્યા છે; એક પુનરુક્તાવદાભાસ અને ત્રણ અનુપ્રાસ.

છેકાનુપ્રાસ, અનુપ્રાસ તથા લાટાનુપ્રાસને ઉદ્‌ભટે જુદા જુદા માન્યા છે. ઉદ્‌ભટના ટીકાકાર પ્રતીહારેન્દુરાજે પણ આ ત્રણ અનુપ્રાસને ભિન્ન ભિન્ન માન્યા છે.

ભામહે પ્રયોજેલ વર્ણવિન્યાસ શબ્દની જગ્યાએ ઉદ્‌ભટે વ્યંજનવિન્યાસ શબ્દ વાપર્યો છે,[૧૦] અને તે વધારે શાસ્ત્રીય છે કારણ કે અનુપ્રાસમાં સ્વરનું મહત્ત્વ નથી પરંતુ માત્ર વ્યંજન ઉપર જ અનુપ્રાસનું સૌન્દર્ય રહેલું છે.

ઉદ્‌ભટે અનુપ્રાસનું વિવેચન વૃત્તિઓને આધારે કર્યું છે અને ત્રણ પ્રકારની વૃત્તિને આધારે અનુપ્રાસના ત્રણ ઉપભેદ કર્યા છે. પ્રથમવૃત્તિ પરુષા છે. તેનાથી પરુષાનુપ્રાસ થાય છે, બીજી વૃત્તિ ઉપનાગરિકા છે. જેનાથી ઉપનાગરિકાનુપ્રાસ થાય છે અને ત્રીજી વૃત્તિ ગ્રામ્યા છે, જેનાથી ગ્રામ્યાનુપ્રાસ થાય છે. ગ્રામ્યામાં પરુષા અને ઉપનાગરિકા કરતાં વધારે સૌન્દર્ય હોય છે. આથી આ વૃત્તિને કોમલા પણ કહે છે.[૧૧] તેમાં લકારનું બાહુલ્ય હોય છે. ભામહે પણ આ લ જેવા ગ્રામ્ય અક્ષરની આવૃત્તિ માનેલ છે.[૧૨] દંડીએ વર્ણવેલ વર્ણાનુપ્રાસ એ ઉદ્‌ભટનો અનુપ્રાસ (વૃત્ત્યનુપ્રાસ) છે. ઉદ્‌ભટ લાટાનુપ્રાસનું વર્ણન આપે છે. ભામહે પણ લાટાનુપ્રાસનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ તેનું લક્ષણ આપેલ નથી; એક ઉદાહરણ આપ્યું છે.[૧૩]

---

१० सरूपव्यञ्जनन्यासं तिसृष्वेतासु वृत्तिषु ।
पृथक् पृथगनुप्रासमुशन्ति कवयः सदा ॥

उद्‌भट 'काव्यालंकारसारसंग्रह'–१/७

११ शषाभ्यां रेफसंयोगैष्टवर्गेण च योजिता ।
परुषा नाम वृत्तिः स्यात् ह्‌ल् ह्व ह्याद्यैश्च संयुता ॥
सरूपसंयोगयुतां मूर्ध्नि वर्गान्त्ययोगिभिः ।
स्पर्शैर्युतां च मन्यन्ते उपनागरिकां बुधाः ॥
शेषैर्वर्णैर्यथायोगं कथितां कोमलाख्यया ।
ग्राम्यां वृत्तिं प्रशंसन्ति काव्येष्वादृतबुद्धयः ॥

उद्‌भट 'काव्यालंकारसारसंग्रह'–१/४, ५, ६

१२ ग्राम्यानुप्रासमन्यत्तु मन्यन्ते सुधियोऽपरे ।
स लोलमालानीलालिकुलाकुलगलो बलः ॥

भामह 'काव्यालंकार'–२/६

१३ लाटीयमप्यनुप्रासमिहेच्छन्त्यपरे यथा ।
दृष्टिं दृष्टिसुखां धेहि चन्द्रश्चन्द्रमुखोदितः ॥

भामह 'काव्यालंकार'–२/८

ઉદ્‌ભટે લાટાનુપ્રાસનાં લક્ષણ, ભેદ, ઉદાહરણ વગેરે વિસ્તારથી આપ્યાં છે.

સ્વરૂપ અને અર્થમાં ભેદ ન હોવા છતાં પ્રયોજનાન્તરથી જ્યાં શબ્દ અથવા પદની પુનરુક્તિ થાય ત્યાં લાટાનુપ્રાસ થાય છે અને આ લાટાનુપ્રાસના પાંચ ભેદ થાય છે.[૧૪]

વામન :

વામનની દૃષ્ટિએ એકાર્થ અથવા અનેકાર્થ પદ સ્થાન નિયત પદની બીજા પદની સાથે તુલ્યરૂપતા અનુપ્રાસ કહેવાય છે.[૧૫]

વામનની આ વ્યાખ્યામાં ભામહે જણાવેલ સરૂપ વર્ણવિન્યાસ અને ઉદ્‌ભટે જણાવેલ સરૂપ વ્યંજન વિન્યાસ બંને આવી જાય છે, અને યમકથી તે ભિન્ન છે એમ પણ સૂચવાઈ જાય છે.

અનુપ્રાસના બે ભેદ છે; વર્ણાનુપ્રાસ અને પાદાનુપ્રાસ. વર્ણાનુપ્રાસ જો મધુર હોય તો શ્રેષ્ઠ છે, કારણકે કઠોર અનુપ્રાસ શોભાની વૃદ્ધિ કરતો નથી. જે ભેદ પાદ યમકના થાય છે તેવા જ ભેદ પાદાનુપ્રાસના પણ થાય છે.

રુદ્રટ :

રુદ્રટના મતે એક વ્યંજનની બહુશ: આવૃત્તિ એ અનુપ્રાસ છે. આ આવૃત્તિની વચ્ચે એક, બે કે ત્રણ વ્યંજનોનું વ્યવધાન રહે છે અને સ્વરની કોઈ ચિંતા નથી.[૧૬] અનુપ્રાસના લક્ષણની બાબતમાં રુદ્રટ ઉપર ઉદ્‌ભટનો પ્રભાવ દેખાય છે; એટલું જ નહિ. પરંતુ વૃત્તિઓને આધારે કરેલા અનુપ્રાસના નિરૂપણમાં પણ આ પ્રભાવ દેખાય છે. ઉદ્‌ભટે ત્રણ વૃત્તિ જણાવી હતી રુદ્રટ પાંચ જણાવે છે.

---

૧૪ स्वरूपपार्थाविशेषेऽपि पुनरुक्तिः फलान्तरात् ।
शब्दानां वा पदानां वा लाटानुप्रास इष्यते ॥
स पदद्वितयस्थित्या द्वयोरेकस्य पूर्ववत् ।
तदन्यस्य स्वतंत्रत्वाद् द्वयोर्वैकपदाश्रयात् ॥
स्वतंत्रपदरूपेण द्वयोर्वापि प्रयोगतः ।
भिद्यतेऽनेकधा भेदैः पादाभ्यासक्रमेण च ॥

उद्‌भट 'काव्यालंकारसारसंग्रह'–१/८, ९, १०

१५ पदमेकार्थमनेकार्थं च स्थानानियतं तद्विधमक्षरं च श्लेषः ।
सरूपोऽन्येन प्रयुक्तेन तुल्यरूपोऽनुप्रासः ॥

वामन 'काव्यालंकारसूत्रवृत्ति'–४/१/८ वृत्तिः

१६ एकद्वित्रान्तरितं व्यञ्जनमविवक्षितस्वरं बहुशः ।
आवर्त्यते निरन्तरमथवा यदसावनुप्रासः ॥

रुद्रट 'काव्यालंकार'–२/१८

ઉદ્દભટે જણાવેલ પરુષા, ઉપનાગરિકા, અને ગ્રામ્યા વૃત્તિને રુદ્રટ પરુષા, મધુરા અને લલિતા તરીકે ઓળખાવે છે અને બીજી બે પ્રૌઢા તથા ભદ્રા બતાવે છે.[૧૭]

मम्मट :

સ્વરોની અસમાનતામાં વ્યંજનોની સામ્યતા અનુપ્રાસ કહેવાય છે. અને અનુપ્રાસના બે ભેદ છે. છેકાનુપ્રાસ અને વૃત્ત્યનુપ્રાસ.[૧૮]

અનેક વર્ણોનું એકવારનું સામ્ય છેકાનુપ્રાસ છે અને એક અથવા અનેક વર્ણોનું અનેક-વારનું સામ્ય વૃત્ત્યનુપ્રાસ છે.[૧૯]

મમ્મટે કરેલા આ વિભાજનનો આધાર એકવાર અથવા અનેકવારની આવૃત્તિ ઉપર રહેલો છે.

વૃત્ત્યનુપ્રાસના સંબંધમાં મમ્મટે ત્રણ વૃત્તિઓનું પ્રતિપાદન કર્યું છે. અને મમ્મટે કરેલ લાટાનુપ્રાસનું વર્ણન ઉદ્દભટે કરેલ વર્ણનથી પ્રભાવિત જણાય છે.

रुय्यक :

'અલંકારસર્વસ્વ'માં પૌનરુક્તના આધારે પાંચ શબ્દાલંકારોનું વર્ણન કરવામાં આવેલ છે, તેમાં એક સાથે છેકાનુપ્રાસ અને વૃત્ત્યનુપ્રાસ છે તો બીજી તરફ યમક અને લાટાનુપ્રાસનું વર્ણન છે.

બે વ્યંજન સમુદાય પરસ્પર એકધા સાદૃશ્ય ધરાવતા હોય તો તેને સંખ્યાનિયમ કહે છે. અને આ સંખ્યાનિયમમાં છેકાનુપ્રાસ અલંકાર છે. રુય્યકે આપેલ વૃત્ત્યનુપ્રાસ અને લાટાનુપ્રાસનું વર્ણન મમ્મટ અનુસાર જ છે.[૨૦]

जयदेव :

'ચંદ્રાલોક'માં જયદેવે અલંકારવિવેચનની શરૂઆત અનુપ્રાસના વર્ણનથી કરી છે. પરંતુ અનુપ્રાસની વ્યાખ્યા આપી નથી, પાંચ ભેદોનું વર્ણન છે અને તે છેકાનુપ્રાસ, વૃત્ત્યનુપ્રાસ, લાટાનુપ્રાસ, સ્ફુટાનુપ્રાસ અને અર્થાનુપ્રાસ છે.

---

१७ मधुरा प्रौढा परुषा ललिता भद्रेति वृत्तयः पञ्च ।
वर्णानां नानात्वदस्येति यथार्थनामफलाः ॥

रुद्रट 'काव्यालंकार'–२/१९

१८, १९ वर्णसाम्यमनुप्रासः छेकवृत्तिगतो द्विधा ।
सोऽनेकस्य सत्कृतपूर्वः एकस्याप्यसकृत्परः ॥

मम्मट 'काव्यप्रकाश'–९/७९

२० संख्यानियमे पूर्वं छेकानुप्रासः ।
अन्यथा तु वृत्त्यनुप्रासः ॥

रुय्यक 'अलंकारसर्वस्व'—सूत्र ५, ६

આમાં પહેલાં ત્રણ ભેદનું વર્ણન આપણે જોયું તેમ બીજા આચાર્યોએ પણ કર્યું છે. જ્યારે અંતિમ બે ભેદ નવા છે.

શ્લોકના અર્ધાભાગમાં અથવા તે અર્ધાના અર્ધાભાગમાં જો વર્ણોની આવૃત્તિ નિશ્ચિત હોય તો વિદ્વાનોના મતે સ્ફુટાનુપ્રાસ છે.[૨૧] અને ઉપમેય, ઉપમાન વગેરેના વર્ણો અથવા વર્ણની આવૃત્તિ અર્થાનુપ્રાસ કહેવાય છે.[૨૨]

જયદેવે આપેલ આ બે નવા ભેદ સદોષ છે કારણ આ અનુપ્રાસમાં કોઈ ચમત્કૃતિ નથી. વળી તેમાં અર્થાલંકારનું મહત્ત્વ રહેલું છે. આથી તે અનુપ્રાસના સ્વતંત્ર ભેદ ન કહી શકાય.

विश्वनाथ :

વિશ્વનાથે મમ્મટે આપેલ અનુપ્રાસની વ્યાખ્યાને વધારે સ્વાભાવિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને તેથી તેણે આપેલ અનુપ્રાસનું લક્ષણ લગભગ મમ્મટના જ શબ્દો રજૂ કરે છે.

સ્વરની વિષમતા રહેવા છતાં પદ (શબ્દ) અથવા પદાંશના સામ્યને અનુપ્રાસ કહે છે.[૨૩]

અહીં જોઈએ તો મમ્મટે જ્યાં "વર્ણસામ્ય" શબ્દનો ઉપયોગ કર્યો છે ત્યાં વિશ્વનાથ "શબ્દસામ્ય"નો પ્રયોગ કરે છે. અનુપ્રાસના પાંચ ભેદ છેઃ છેકાનુપ્રાસ, વૃત્ત્યનુપ્રાસ, શ્રુત્યનુપ્રાસ, અન્ત્યાનુપ્રાસ અને લાટાનુપ્રાસ. આ બધામાં છેકાનુપ્રાસ અને વૃત્ત્યાનુપ્રાસના પરસ્પર ભેદનું વર્ણન મમ્મટ પ્રમાણે છે એવી જ રીતે લાટાનુપ્રાસના વર્ણન ઉપર પણ મમ્મટ અને રુય્યકનો પ્રભાવ દેખાય છે. વિશ્વનાથ અનુપ્રાસના બે નવા ભેદ શ્રુત્યનુપ્રાસ અને અન્ત્યાનુપ્રાસ જણાવે છે. તેમાં તાલુ, કંઠ, મૂર્ધા, દંત વગેરે કોઈ એક સ્થાનમાં ઉચ્ચારિત થનાર વ્યંજનની સ્વરની નહીં–સામ્યતાને શ્રુત્યનુપ્રાસ કહે છે, જ્યારે પહેલા સ્વરની સાથે યથાવર વ્યંજનની આવૃત્તિને અન્ત્યાનુપ્રાસ કહે છે અને તેનો પ્રયોગ પદ અથવા પાદના અંતમાં જ થાય છે.[૨૪]

---

२१ श्लोकस्यार्धे तदर्थे वा वर्णवृत्तिर्यदि ध्रुवा ।
तदा मता मतिमतां स्फुटानुप्रासता सताम् ॥
जयदेव 'चन्द्रालोक'–५/५

२२ उपमेयोपमानादावर्थानुप्रास इष्यते ।
चन्दनं खलु गोविन्दचरणद्वन्द्ववन्दनम् ॥
जयदेव 'चन्द्रालोक'–५/६

२३ अनुप्रासः शब्दसाम्यं वैषम्येऽपि स्वरस्य यत् ।
छेको व्यञ्जनसंघस्य सकृत्साम्यमनेकधा ॥
विश्वनाथ 'साहित्यदर्पण'–१०/३

२४ उच्चार्यत्वाद्यदेकत्र स्थाने तालुरदादिके ।
सादृश्यं व्यञ्जनस्यैव श्रुत्यनुप्रास उच्यते ॥
व्यञ्जनं चेद्यथावस्थं सहाद्येन स्वरेण तु ।
आवर्त्यतेऽन्त्ययोज्यत्वादन्त्यानुप्रास एव तत् ॥
विश्वनाथ 'साहित्यदर्पण'–१०/५-६

અપ્પય દીક્ષિત અને જગન્નાથે અનુપ્રાસની ચર્ચા કરી નથી.

ઉપર પ્રમાણે આપણે ભામહથી જગન્નાથ સુધીના સમયમાં વિવેચિત અનુપ્રાસનો વિચાર કર્યો; તેમાં નીચેની વિગતો તારવી શકાય.

અનુપ્રાસના લક્ષણમાં સમય સમય પ્રમાણે ફેરફાર થયેલો જણાય છે. ભામહે વર્ણ શબ્દનો પ્રયોગ કર્યો તો વળી ઉદ્‌ભટે વ્યંજન શબ્દ વાપર્યો, જ્યારે પછીના આચાર્યોએ આ બન્ને શબ્દોનો પ્રયોગ લગભગ સમાનાર્થક રીતે કર્યો છે.

ભામહે 'સરૂપ' શબ્દને પ્રયોજ્યો તો દંડીએ 'આવૃત્તિ' શબ્દનો ઉપયોગ કર્યો. ભામહે અનુપ્રાસને મધ્યમ માર્ગ ગણ્યો છે. તેમના મતે અર્થ ભિન્ન ભિન્ન હોય છે પરંતુ અક્ષર ભિન્ન હોતા નથી.

અનુપ્રાસના ભેદ–ઉપભેદની વાત કરીએ તો ભામહે બે ભેદ કર્યા–ગ્રામ્યાનુપ્રાસ અને લાટાનુપ્રાસ. આમાં લાટાનુપ્રાસ તેના મૂળ સ્વરૂપમાં આજ સુધી ચાલુ છે. દંડીએ વર્ણાનુપ્રાસ અને શ્રુત્યનુપ્રાસ એવા બે ભેદ કર્યા. ઉદ્‌ભટે વૃત્ત્યનુપ્રાસ જણાવ્યો અને ત્રણ પ્રકારની વૃત્તિની કલ્પના કરી તો રુદ્રટે પાંચ પ્રકારની વૃત્તિ જણાવી.

લક્ષણ અને ભેદ બન્ને બાબતમાં મમ્મટના અનુપ્રાસ વર્ણનનો સ્વીકાર ઘણાએ કર્યો છે, તો બીજી તરફ વિશ્વનાથે શ્રુત્યનુપ્રાસનું વર્ણન દંડીને આધારે કર્યું, જ્યારે તેના અન્ત્યાનુપ્રાસ કે જયદેવના સ્ફુટાનુપ્રાસ તથા અર્થાનુપ્રાસનો સ્વીકાર ન થયો.

સૌન્દર્ય

પ્રેમલતા બાફના

માનવમન જીવન અને જગતમાં સૌંદર્યનો સાક્ષાત્કાર જાહેર રૂપમાં કરે છે. પરંતુ આ સાક્ષાત્કાર થવા છતાં પણ મનુષ્ય 'અહીં' 'આવી રીતે' એમ કહીને સૌંદર્યનું વિવેચન કરતો નથી. સૌંદર્યનો સાક્ષાત્કાર માનવમનને કંઈ એવી રીતે વશમાં રાખે છે કે બુદ્ધિ દ્વારા તેની ખોજ કરવાનું અશક્ય થઈ જાય છે.

'સૌંદર્ય' સુન્દરની ભાવવાચક સંજ્ઞા છે. વાચસ્પત્યકોશ અનુસાર 'સુ' ઉપસર્ગ સહિત 'ઉન્દ્'માં 'અરન્' પ્રત્યય જોડીને 'સુન્દર' શબ્દ સિદ્ધ કરવામાં આવ્યો છે, તેનો અર્થ સારી રીતે આર્દ્ર કરવાવાળો એવો થાય છે. 'સુન્દર' શબ્દની વ્યુત્પત્તિ 'નન્દ' ધાતુથી પણ માનવામાં આવી છે, તે પ્રમાણે 'સુન્દર'નો અર્થ સારી રીતે પ્રસન્ન કરનાર. વામન શિવરામ આપ્ટેના 'સંસ્કૃત–હિન્દી કોશ'માં 'સુન્દર' શબ્દની વ્યુત્પત્તિ 'સુન્દ + અર'થી થઈ છે. શબ્દકલ્પદ્રુમ અનુસાર 'સુન્દર'નો વ્યુત્પત્તિપરક અર્થ "सुष्ठु उन्नति आर्द्री करोति चित्तमिति।" આ પ્રમાણે થાય છે. આમ, સૌંદર્ય શબ્દનો વ્યુત્પત્તિપરક અર્થ પ્રેષક અથવા પ્રમાતાના મનને સારી રીતે આર્દ્ર કરે તે, એવો થાય છે. આમ, આ સૌંદર્યના પ્રભાવનું માત્ર સામાન્ય કથન છે. રસનો ધર્મ પણ મનનું 'આર્દ્રીકરણ' છે. સૌંદર્ય અને રસ ઉપરાંત અન્ય કારણોથી પણ મન આર્દ્ર થઈ શકે છે. આમ, સૌંદર્યના સ્વભાવ અને સ્વરૂપનું નિર્ધારણ વ્યુત્પત્તિની દૃષ્ટિએ થઈ શકે નહિ. ડૉ. ફતહસિંહના મત પ્રમાણે વૈદિક સંદર્ભોમાં, 'સુન્દર'નું અસ્તિત્વ ઋગ્વેદના સુ + ૠ એમ બે શબ્દના સમન્વયથી 'सुम्' બનેલું છે. પ્રાચીનકાળમાં તેનો પ્રયોગ સુખાનુભૂતિ માટે કરવામાં આવ્યો હશે. તેના પરિણામે, જે વસ્તુની સાથે ઇન્દ્રિય-સંબંધ (નિકટ) હોવાથી 'सुम्' નામની આનંદાનુભૂતિ થાય છે, તેને સુંદર કહેતા. વૈદિક-કાલમાં, 'સૌંદર્ય' માટે 'સુનર'નો પ્રયોગ થતો હોવાથી ડૉ. એસ. ટી. નરસિંહાચારીએ એવું અનુમાન કર્યું કે વૈદિકકાલમાં સૌંદર્યનો અર્થ પ્રાણીઓ સુધી જ મર્યાદિત રહ્યો હશે. લૌકિક સંસ્કૃતમાં 'સુન્દર' શબ્દના અર્થનો વિસ્તાર થયો અને તે બધી મૂર્ત વસ્તુઓનાં સૌંદર્યને દર્શાવનારો બન્યો. પાશ્ચાત્ય લોકોના સંસર્ગમાં આવતાં, તેનો પ્રયોગ આધુનિક ભાષા–સાહિત્યમાં, 'રૂપ'ના આંતરિક અને બાહ્ય બધાં જ સ્વરૂપના આકર્ષણ માટે થવા લાગ્યો.

'Beauty' અંગ્રેજીમાં સૌંદર્યનો વાચક શબ્દ છે. Beautyની વ્યુત્પત્તિ 'Beau + ty'થી પણ થાય છે. 'બો' અર્થાત્ પ્રિય અથવા રસિક અથવા શૃંગારી પુરુષ અને 'ટી' ભાવવાચક પ્રત્યય છે. આમ, બ્યુટીનો અર્થ રસિકતાનો ભાવ અથવા શૃંગારી પુરુષનો ગુણ રસિકતા થયો.[૧] કોશ પ્રમાણે બ્યુટીનો અર્થ, તે ગુણ અથવા ગુણોનું મિલન કે જે ઇન્દ્રિયોને ઉત્કટ

---

૧ નગેન્દ્ર ડૉ., ભારતીય સૌંદર્યશાસ્ત્ર કી ભૂમિકા–નેશનલ પબ્લિશીંગ હાઉસ, દ્વિતીય સંસ્કરણ, ૧૯૭૮, પૃ. ૨૦

આનંદ બક્ષે છે, જે મોટે ભાગે ચાક્ષુષ આનંદ હોય છે અથવા જે બૌદ્ધિક અથવા નૈતિક શક્તિઓને આકર્ષે છે.[૧] સૌંદર્યશાસ્ત્રની દૃષ્ટિએ, એક બીજા સ્થાન પર બ્યુટીનો અર્થ આ પ્રમાણે આપવામાં આવ્યો છે—ઐન્દ્રિય ક્રમમાં તથા વિસ્તૃત રૂપમાં, આધ્યાત્મિક ક્રમમાં તે પૂર્ણતા જે પોતાને માટે, પોતાની ઉપયોગિતા માટે નહિ, આનંદ અથવા પરિશંસા પ્રોત્તેજિત કરે છે. તે ગુણ અથવા ગુણો જે પોતાનામાં પૂર્ણ હોય અને જે ત્વરિત તથા હંમેશ આનંદ ઉત્પન્ન કરતા હોય. આમ તે કે જેનો સુંદરતા ગુણ છે, પ્રત્યય છે, આદર્શ છે. વિશેષ રીતે, કલાકૃતિઓમાં તેનો ઉપયોગ થાય છે.

વ્યાવહારિક દૃષ્ટિએ, સંદર્ભ પ્રમાણે, સૌંદર્યનો પ્રયોગ અનેક અર્થોમાં થાય છે: (૧) દૃશ્ય વસ્તુના રૂપની વિશેષતા, (૨) વસ્તુનું વિશિષ્ટ મૂલ્ય, (૩) રૂપ–સૌંદર્ય દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટ આનંદાનુભૂતિ, (૪) કલા અથવા સાહિત્યમાં ભાવ અને કર્મની સુખદ અભિવ્યક્તિથી થતા આનંદનો સાક્ષાત્કાર અને (૫) સાહિત્ય અને કલાઓની માર્મિકતાની અભિવ્યક્તિના અર્થમાં.

સંસ્કૃતમાં સૌંદર્યના અનેક પર્યાયવાચી શબ્દ છે. તેમાંના મોટાભાગના શબ્દોનો ઉપયોગ રૂપની પ્રશંસા કરવા અથવા મન પરના પ્રભાવને દર્શાવવા થાય છે, જેમકે સાધુ, મંજુ, મનોહર વગેરે. કેટલાક શબ્દો—આત્મા, કાન્તિ, દ્યુતિ, રૂપ, લાલિત્ય, રમણીયતા, સૌષ્ઠવ, શોભા, સુષમા, ચારુતા, લાવણ્ય, છવિ, શ્રી, વગેરે, રૂપસૌંદર્યનાં અસાધારણ પાસાંઓને વ્યંજિત કરે છે. વ્યુત્પત્તિ અનુસાર 'છવિ' શબ્દ નિર્દોષ રૂપને પ્રગટ કરે તે સૌંદર્યનો નિષેધાત્મક નહીં, પરંતુ વિધાયક ધર્મ છે. 'છબી'નું સૌદર્ય વસ્તુનાં સ્પષ્ટ અવયવોના નહિ, પરંતુ તેના સમગ્ર સૌંદર્યની ઝાંખી કરાવે છે. 'સુષમા'માં અંગાંગોનાં સૌષ્ઠવ અને સર્વવ્યાપી શોભાની વ્યંજના રહેલી છે. 'લાવણ્ય' અન્તઃસૌંદર્યનું નિરૂપણ કરે છે, જે રૂપગત ચંચળ કાંતિ દ્વારા પ્રેષકમાં સંયોગની ઇચ્છા પેદા કરે છે. રમણીય, ચારુ, રુચિર, વગેરે શબ્દો સૌંદર્યની વ્યાખ્યા કરે છે. મનને મોહિત કરનારું રૂપ 'રમણીય' છે. 'રુચિર' એ સૌંદર્યના સ્વાદનો વ્યંજક છે. જ્યારે લાલિત્ય, કોમલતા, સૌકુમાર્ય, શોભા, કાંતિ, આભા વગેરે સમષ્ટિગત રૂપ અથવા અવયવોના આકર્ષક ધર્મો છે. આમ સૌંદર્યના આ પર્યાયવાચી શબ્દો તેના આંતરિક અને બાહ્ય ધર્મને, વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપની વિશેષતાઓને સાક્ષાત્કારની પ્રક્રિયા અને તેના સ્વરૂપને, રૂપની નિર્દોષતા અને તેની પ્રશંસાને વ્યંજિત કરે છે. તે સૌંદર્યનાં દરેક પાસાંઓનો સંકેત કરે છે, એમાં ભારતીય સૌંદર્યદર્શનની સમગ્રતા પ્રગટ થાય છે. ભારતીય ચિંતનના ઇતિહાસમાં સૌંદર્યશાસ્ત્રની અલગ કલ્પના કરવામાં આવી નથી, છતાંપણ સૌંદર્યના મર્મને પ્રગટ કરનારાં અનેક વિખ્યાત સૂત્રો પ્રાપ્ત થાય છે.

અંગ્રેજીમાં 'બ્યુટી'નો પર્યાયવાચી શબ્દ મળતો નથી. અને જે મળે છે તે તેના સમાનાર્થ ન હોઈ, રૂપસંબંધી વિશિષ્ટ ધર્મોના પ્રતિપાદક છે. તેઓ સૌંદર્યઆકર્ષણનાં સોપાનોને વ્યક્ત કરે છે. પ્રેટી (pretty) લઘુરંજક રૂપ છે, જેનું આકર્ષણ સામાન્ય છે.

---

૧ ધ શૉર્ટર ઑક્સફર્ડ ડિક્શનરી

ગ્રેસફૂલ (Graceful) સુસંસ્કૃત વ્યવહાર, ગતિ, શૈલી વગેરે ભાવનાને વ્યક્ત કરે છે. લવલીનેસ (Loveliness) એ પ્રશંસનીય અને આનંદમય રૂપનો ધર્મ છે. બ્રિલિયન્સ (Brilliance) અને લસ્ટર (Lustre) રૂપની ઉજ્જવળ ચમકને દર્શાવે છે. પ્રથમમાં ચમકનું પ્રાધાન્ય છે, જ્યારે બીજામાં તેની અધિકતાની વ્યંજના છે, જે રૂપથી ચોતરફ છલકાઈ જાય છે. પહેલા ત્રણ શબ્દો દ્વારા સામાન્ય સૌંદર્યની વ્યંજના વ્યક્ત થઈ છે. છેલ્લા બે શબ્દો સાચા સૌંદર્યના પ્રતિપાદક છે. ગ્રેન્જોર (Grandeur) અને સ્પ્લેન્ડર (Splendour) જેવા શબ્દો દ્વારા સૌંદર્યની પરાકાષ્ઠા વ્યક્ત થઈ છે. રૂપની નાજુકતા, ગૌરવ, ત્વરિત અને પ્રભાવશાળી શક્તિ એ grandeur છે, અને સ્પ્લેન્ડર આનાથી પણ ઉચ્ચકોટિનું ઉજ્જવળ અને વૈભવશાળી ભારે શોભાવાળું સૌંદર્ય છે. બ્રેડલે સાક્ષાત્કારની દૃષ્ટિએ સૌંદર્યની પાંચ શ્રેણી માને છે. રંજન કરનાર (pretty), સૌંદર્ય (graceful), રૂપાળું (Beautiful) ભારે શોભાવાળું, શાનદાર (grand) અને શ્રેષ્ઠ (Sublime).

જેવી રીતે સૌંદર્યવાચક અનેક શબ્દોમાંથી કોઈપણ શબ્દ દ્વારા સૌંદર્યના સમગ્ર સ્વરૂપની વ્યંજના થઈ શકતી નથી તેવી રીતે સૌંદર્યસંબંધી અનેક વ્યાખ્યાઓ પણ સૌંદર્યનાં વિભિન્ન પાસાંની જ વ્યાખ્યા કરે છે. કેટલાક પાશ્ચાત્ય વિચારકોએ સૌંદર્યની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

પ્લેટોના મતાનુસાર સુન્દર, શિવ અને સત્ય એક છે. સુન્દર ઉત્તમ અને પૂર્ણ છે, તેને માટે નૈતિક હોવું આવશ્યક છે.[૧] પ્લાટિનસ કહે છે કે ઊંચી ધારણા અને તર્કનું સમ્મિશ્રણ સૌંદર્ય છે. ઉચ્ચ કલ્પના અને તર્કના સમ્મિશ્રણને સૌંદર્ય જ રૂપવિધાન બક્ષે છે. અર્થાત્ સૌંદર્ય પૂર્ણ રીતે ભાવગત છે, વસ્તુગત નથી, એટલે જ સૌંદર્ય એક રહસ્યાત્મક સહજ સાક્ષાત્કાર છે.[૨] બાડમગાર્તેનની માન્યતા પ્રમાણે પ્રકૃતિ સૌંદર્યનું અંતિમ પ્રતિમાન છે એટલે તેનું અનુકરણ સૌંદર્યસર્જન છે.[૩] કાન્ટના મતાનુસાર સૌંદર્ય વિચારની સ્મૃતિનો આનંદ છે, તેનું અસ્તિત્વ વસ્તુનિષ્ઠ નથી. તેનો ઉદ્દેશ નૈતિક શિવત્વની સ્થાપના છે.[૪] હેગલ કહે છે કે 'આઇડિયલ'ની સ્વાયત્તતાનો પ્રયત્ન એ સૌંદર્યસર્જન છે અને તેનું અનુકરણ સુંદર છે.[૫] લેસિંગના મતાનુસાર સૌંદર્ય સ્પષ્ટતામાં નહીં પરંતુ વસ્તુ, વિધાન અને પદ્ધતિમાં છે.[૬] શૈફ્ટસબરી માને છે કે સૌંદર્ય અને પરમતત્ત્વ એક છે.[૭] બર્કની દૃષ્ટિએ અક્ષરોનું સૌંદર્ય, આંગિક કોમળતા અને ઉજ્જવળતા જ સૌંદર્ય છે.[૮]

---

૧ કુમાર વિમલ (ડૉ.), 'સૌંદર્યશાસ્ત્ર કે તત્ત્વ', રાજકમલ પ્રકાશન, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૭, પૃ. ૭૧

૨ એજન, પૃ. ૭૧

૩ એજન, પૃ. ૭૨

૪ એજન, પૃ. ૭૨

૫ એજન, પૃ. ૭૨

૬ એજન, પૃ. ૭૨

૭ એજન, પૃ. ૭૨

૮ એજન, પૃ. ૭૩

સૌંદર્યસંબંધમાં, ભારતીય વિચારકો અને કવિઓની માન્યતા આ પ્રમાણે છે. મહાકવિ માઘને મતે જે ક્ષણે ક્ષણે નવીનતાને પ્રાપ્ત કરે છે, તે જ સૌંદર્યનું સ્વરૂપ છે.[1] 'ઉજ્જવળ નીલમણિ'માં શ્રીમદ્ રૂપગોસ્વામી કહે છે કે "भवेत्सौन्दर्यमंगानां सन्निवेशो यथोचितम्...।[2] મહાકવિ કાલિદાસ અનુસાર "प्रियेषु सौभाग्यफला हि चारुता ।"[3] ડૉ. સંપૂર્ણાનંદની માન્યતા છે કે કેટલાક એવા દૃષ્ટિગોચર વિષયો છે કે જેને જોઈને હૃદયમાં રસનો સંચાર થાય છે. આપણે આમાં જે આકર્ષણ અનુભવીએ છીએ તે સૌંદર્ય છે.[4] ડૉ. હરદ્વારીલાલ શર્માનું કહેવું છે કે આપણાં અનુભવપ્રત્યક્ષ, સ્મૃતિ, કલ્પના વગેરે દ્વારા આનંદ ઉત્પન્ન કરનાર વસ્તુના ગુણને સૌંદર્ય અને વસ્તુને સુંદર કહેવામાં આવે છે.[5] ડૉ. રામવિલાસ શર્માના વિચાર પ્રમાણે પ્રકૃતિ, માનવજીવન તથા લલિતકળાઓના આનંદદાયક ગુણનું નામ સૌંદર્ય છે.[6] ડૉ. હરિવંશસિંહના મતાનુસાર જડ અને સૂક્ષ્મ જગતમાં આત્માની અભિવ્યક્તિ જ સૌંદર્ય છે.[7] પ્રસાદજીએ સૌંદર્યને ચેતનાનું ઉજ્જવળ વરદાન કહ્યું છે.[8]

ઉપરની વ્યાખ્યાઓ દ્વારા એ સ્પષ્ટ થાય છે કે ભારતીય અને પાશ્ચાત્ય બધા વિચારકોએ સૌંદર્યનો બે દૃષ્ટિકોણને લક્ષ્યમાં રાખીને વિચાર કરેલો છે.

(૧) ભૌતિકવાદી અથવા વસ્તુગત દૃષ્ટિકોણ.

(૨) અધ્યાત્મવાદી અથવા વ્યક્તિગત દૃષ્ટિકોણ.

કેટલાક વિચારકો માને છે કે સૌંદર્ય વસ્તુગત અને વ્યક્તિગત એમ બન્નેનો સમન્વય છે.

વસ્તુગત દૃષ્ટિકોણ—વસ્તુગત દૃષ્ટિકોણ અનુસાર વિચારકો વસ્તુમાં જ સૌંદર્યનું દર્શન કરે છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં ક્ષેમેન્દ્રએ ઔચિત્યને જે મહત્ત્વ આપ્યું છે, તેને સૌંદર્ય-દૃષ્ટિ કહે છે. એરિસ્ટોટલે સમ્માત્રા, વ્યવસ્થિત ક્રમ તથા નિશ્ચિત આકારના રૂપમાં સૌંદર્ય-અંગેનું પ્રતિપાદન કર્યું છે, તેનો ઔચિત્યમાં સમાવેશ થાય છે. વિશ્વમાં, સૌંદર્યનો ભાવ આ

---

૧ 'શિશુપાલવધમ્'—૪/૧૭

૨ 'ઉજ્જવળનીલમણિ'—ઉદ્દીપનપ્રકરણ-૧૯

૩ ચતુર્વેદી સીતારામ (સં.), 'કાલિદાસ ગ્રંથાવલી', ભારત પ્રકાશન મંદિર, અલીગઢ, તૃતીય સંસ્કરણ, સં. ૨૦૧૯, પૃ. ૨૬૮

૪ સંપૂર્ણાનંદ-'ચિદ્દવિલાસ', પૃ. ૨૦૯

૫ શર્મા હરદ્વારીલાલ (ડૉ.), 'સૌંદર્યશાસ્ત્ર', સાહિત્યભવન, ઈલાહાબાદ, સન ૧૯૫૩, પ્રથમ સંસ્કરણ, પૃ. ૧૦

૬ શર્મા રામવિલાસ (ડૉ.), 'સમાલોચક', સૌંદર્યશાસ્ત્ર વિશેષાંક, પૃ. ૧૭૬

૭ હરિવંશસિંહ (ડૉ.), 'સૌંદર્યવિજ્ઞાન', કાશી વિદ્યાપીઠ, ૧૯૩૬, પ્રથમ સંસ્કરણ, પૃ. ૫૬-૫૭

૮ પ્રસાદ, જયશંકર 'કામાયની,' ભારતીય ભંડાર, પ્રયાગ, દશમી આવૃત્તિ, સં. ૨૦૧૫, પૃ. ૧૦૨

ઔચિત્ય તત્ત્વ પર આધારિત છે. પ્રત્યેક વસ્તુનું પોતાનું એક વિશિષ્ટ તથા નિર્દિષ્ટ સ્થાન હોય છે. તે સ્થાનથી ભ્રષ્ટ થતાં તેનું મૂલ્ય તથા મહત્ત્વ નષ્ટ થઈ જાય છે.[૧] ક્ષેમેન્દ્ર ઔચિત્યને જ સૌંદર્યનું મૂલ તત્ત્વ માને છે. બર્ક આકારની લઘુતા, કોમળતા, ક્રમિક પરિવર્તન, મૃદુતા, રંગ, કાંતિ અને શુદ્ધતાને સૌંદર્યનું ઉપકરણ માને છે. આઈ. એસ. રિચર્ડ્સે એકરૂપતા, વૈચિત્ર્ય, વ્યવસ્થા તથા સમ્માત્રામાં સૌંદર્યનો સ્વીકાર કર્યો છે. આમ, જે વિચારકોએ વસ્તુના બાહ્ય રૂપાકારમાં સૌંદર્યની શોધ કરી છે, તેઓએ ગુણોને પ્રાધાન્ય આપ્યું છે. આ વસ્તુગત ગુણો કલાઓના સૌંદર્યમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

વસ્તુગત દૃષ્ટિકોણમાં માનનારા વિચારકોની દૃષ્ટિ ફક્ત વસ્તુ સુધી જ મર્યાદિત રહી. કેટલાક વિદ્વાનોની દૃષ્ટિ વસ્તુના રૂપાકારથી આગળ વધી છતાં તેઓની દૃષ્ટિ ભૌતિકવાદી જ રહી છે. ડૉ. જેરોર્ડ રસના આલંબન અને ઉદ્દીપનની દૃષ્ટિએ આકૃતિ અને વર્ણસૌંદર્યનો સ્વીકાર કર્યો છે, અને પ્રમાતાને દૃષ્ટિમાં રાખીને સૌંદર્યની ઉપયોગિતાનો. જ્યારે, એલીસન તથા બેન વગેરેએ સાહચર્યવાદની પ્રતિષ્ઠા કરી છે. એ દ્વારા સૌંદર્યના વસ્તુગત દૃષ્ટિકોણની ખામીઓને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. પરન્તુ તેમના મતાનુસાર રસના આલંબન અને ઉદ્દીપનને પ્રાધાન્ય મળ્યું, કારણ કે તેઓની માન્યતા છે કે સુખદ સાક્ષાત્કાર સૌંદર્યનું કારણ બને છે, તે વસ્તુતઃ અને અનિવાર્યતઃ રસના આલંબન અને ઉદ્દીપનને અથવા વસ્તુને લક્ષ્યમાં રાખીને પ્રતીત થાય છે અને ઉપચય પામે છે.[૨] આમ, સાહચર્યવાદનું મહત્ત્વ એ છે કે તે અનુકૂળ પરિસ્થિતિઓમાં ભાવનો પ્રકર્ષ કરે છે, અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં દુઃખદ ભાવને કંઈક અંશે ઓછો કરી શકે છે, અથવા સુખદ ભાવમાં કાંઈક ઓછપ લાવી શકે છે.[૩]

કેટલાક વિચારકોએ રસના આલંબન અને ઉદ્દીપનને છોડીને જુદી જુદી જાતિઓમાં પ્રચલિત સૌંદર્યઆદર્શોના આધાર પર સૌંદર્યની વિવેચના કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વિવેચકોમાં પેરબફીનું નામ ઉલ્લેખનીય છે. પરંતુ આ આદર્શો પણ જુદા જુદા રસના આલંબન અને ઉદ્દીપનથી જોડાયેલા છે. લાર્ડકેમે, વિલિયમ શેન્સટન તથા અબ્રાહમ હયૂકર માને છે કે, રીત-રિવાજ અને સ્વભાવ, સૌંદર્યનું કારણ છે. રેનાલ્ડ જેવા વિચારકોએ સૌંદર્યની મીમાંસામાં સ્વભાવને મહત્ત્વ આપ્યું છે. તેમના મતાનુસાર પ્રત્યેક છોડ અને પ્રત્યેક પ્રાણીનો સ્વભાવ તેના પૂર્વનિર્ણિત રૂપ તરફ લઈ જાય છે. અને જો આપણે તેનાં રૂપોમાં સૌંદર્યનું દર્શન કરતાં હોઈએ તો તે એટલા જ માટે કે આપણે તેવું કરતાં આવ્યાં છીએ. આપણી ટેવ એવા પ્રકારની છે કે જેમ 'હા'થી સ્વીકૃતિ તથા 'ના'થી નિષેધનો બોધ થાય છે.[૪]

---

૧ ઉપાધ્યાય બલદેવ, 'ભારતીય સાહિત્યશાસ્ત્ર', પ્રસાદ પરિષદ, કાશી, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૦૭, પૃ. ૩૧

૨ ફતહસિંહ (ડૉ.), 'ભારતીય સૌંદર્યશાસ્ત્ર કી ભૂમિકા', નેશનલ પબ્લિશીંગ હાઉસ, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, મે ૧૯૬૭, પૃ. ૧૦

૩ દીક્ષિત, આનંદપ્રકાશ (ડૉ.), 'સૌંદર્યતત્ત્વ કી ભૂમિકા', ભારતીય ભંડાર, ઈલાહાબાદ, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૧૭, પૃ. ૯

૪ ફતહસિંહ (ડૉ.), 'ભારતીય સૌંદર્યશાસ્ત્ર કી ભૂમિકા', નેશનલ પબ્લિશીંગ હાઉસ, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, મે ૧૯૬૭, પૃ. ૧૧

હ્યૂમનું કહેવું છે કે પ્રકૃતિ વિષયો અથવા રસના આલંબન અને ઉદ્દીપનમાં કેટલાક એવા ગુણોની સ્થાપના કરે છે, કે જે અસાધારણ વિચારોને ઉત્પન્ન કરે. ઉપર દર્શાવેલા દરેક મત દ્વારા વસ્તુગત અથવા ભૌતિક દષ્ટિકોણનું જ પ્રાધાન્ય પ્રગટ થાય છે.

વ્યક્તિગત દષ્ટિકોણ—આ દષ્ટિકોણ ધરાવતા વિચારકોમાં ક્રોચેનું નામ વધારે ઉલ્લેખનીય છે. ક્રોચે માને છે કે ચાર વૃત્તિઓના સમ્મિશ્રણથી આત્માની રચના થઈ છે. આ ચાર વૃત્તિઓ ક્રમશઃ વીક્ષામૂલક, અન્વીક્ષામૂલક, વિધિમૂલક તથા યોગક્ષેમમૂલક છે. ક્રોચેના મત પ્રમાણે સમસ્ત રૂપ વગેરેનું જ્ઞાન ફક્ત વીક્ષાવૃત્તિના કાર્ય દ્વારા જ થઈ શકે. આમ, સૌંદર્યની બાહ્ય સત્તા હોતી નથી. સૌંદર્યજ્ઞાન જ સૌંદર્ય અથવા સુંદર હોય છે.[1] તેમના મતાનુસાર સૌંદર્યનો નિર્ણય કોઈ બાહ્ય નિયમોથી નક્કી થઈ શકે નહિ, કારણકે સૌંદર્ય બાહ્ય નહિ પરંતુ આંતરિક વસ્તુ છે. સૌંદર્ય ફક્ત કલ્પનામૂલક અન્તર્વ્યાપાર છે. તેમની માન્યતા છે કે આપણે ફક્ત જ્ઞાનને બે વિભાગમાં વિભાજિત કરી શકીએ. કલ્પનાપ્રસૂત વિશેષાવલંબી જ્ઞાન અને અન્વીક્ષાપ્રસૂત સામાન્યાવલંબી.[2] કલા અથવા સૌંદર્યનું સર્જન સ્વયંપ્રકાશિત જ્ઞાનથી થાય છે. બિમ્બનિર્માણ આનાથી જ શકય બને છે. આ સ્વયંપ્રકાશિત જ્ઞાન જેટલું શુદ્ધ અને પરિભોગિત હોય છે, તેટલી કલા સુંદર હોય છે.[3] નિર્વિકલ્પભાવથી કોઈ મૂર્તિની સ્પષ્ટતા સ્વયંપ્રકાશિત જ્ઞાન છે. જે વ્યકિતમાં આ જ્ઞાન પેદા થાય છે, તેને કવિ કહેવામાં આવે છે. સ્વયંપ્રકાશ જ્ઞાનનું પરિણામ અભિવ્યકિત છે. વ્યાપાર અને પરિણામ બંને અલગ છે. જ્યાં સ્વયંપ્રકાશ જ્ઞાન હોય છે, ત્યાં સ્પષ્ટતા અવશ્ય હોય છે. ક્રોચેના મત પ્રમાણે પ્રગટીકરણમાં જ સૌંદર્ય છે. ક્રોચે અભિવ્યકિતમાં જ સૌંદર્યનું દર્શન કરે છે. સ્વયંપ્રકાશ જ્ઞાન અને અભિવ્યકિતની અભિન્નતાના સિદ્ધાંતને ક્રોચેની સાવ નવીન ભેટ માનવામાં આવે છે.[4] ડૉ. આનંદપ્રકાશ દીક્ષિત માને છે કે ક્રોચેના વિચારોમાં અનેકમુખી અન્તર્વિરોધ છે, અને સૌંદર્યશાસ્ત્રના સંબંધમાં તેઓ કોઈ માન્ય સિદ્ધાંત આપી શકયા નથી.[5] પરંતુ ક્રોચેએ સૌંદર્યશાસ્ત્રને સંકુચિત નિયમોથી મુક્ત કરવાનો પ્રયત્ન કર્યો અને કલાના આત્મા પર ભાર મૂકયો. આ ક્રોચેનું મહત્ત્વનું પ્રદાન છે.

સૌંદર્યની અધ્યાત્મવાદી વ્યાખ્યા કરનારા અથવા તેનો ઈશ્વરીય શક્તિ સાથે સંબંધ માનનારા વિચારકોમાં પ્લેટો, પ્લાટીનસ, રસ્કિન તથા સેંટ ઑગસ્ટાઈનનાં નામ મહત્ત્વપૂર્ણ છે. સેંટ ઑગસ્ટાઈનના મત પ્રમાણે અપાર કલ્યાણકારી, સત્ય અને સૌંદર્ય ઇશ્વરના ગુણો છે, અને ઈશ્વર જ વસ્તુઓને આ ગુણોનું દાન કરે છે. પ્લેટોના મત પ્રમાણે સૃષ્ટિના ચેતન (Ideal) અને પ્રતીયમાન (Phenomenal) એમ બે પ્રકાર છે. પ્રતીયમાન જગતનું મૂળ

---

૧ ક્રોચે, એસ્થેટીક્સ, વિઝન પ્રેસ, લંડન, ૧૯૫૩, પૃ. ૧૫૯

૨ એજન—પૃ. ૧૫૯

૩ એજન—પૃ. ૩૮૮

૪ એજન—પૃ. ૩૮૬

૫ દીક્ષિત આનંદપ્રકાશ (ડૉ.), 'સૌંદર્યતત્ત્વ કી ભૂમિકા', ભારતીય ભંડાર, ઈલાહાબાદ, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૧૭, પૃ. ૧૯

રૂપ પણ ચેતનજગતમાં છે, જે અજોડ તથા અતિશય સૌંદર્યથી જ સુંદર છે. પ્લાટીનસ પણ ઉત્તમ શક્તિના કલ્યાણકારી રૂપ પર ભાર મૂકે છે. તેમના મતાનુસાર 'શિવત્વમય એક'થી જ બુદ્ધિનો ઉદય થાય છે. અને આ પરમ સૌંદર્ય છે. પ્લેટો અને પ્લાટીનસ બંને વિવેચકોની સમજ એવી છે કે દરેક પ્રકારનું સૌંદર્ય આપણામાં સત્ય અને શુભ ભાવનાની વૃદ્ધિ કરે છે.[1] આ બંનેનું અતિશય સૌંદર્ય શૈફ્ટ્સબરીના પ્રથમ સૌંદર્યની સાથે તુલના કરી શકાય એવું છે. જેને તેમણે સ્વયં ઈશ્વર માની એમ કહ્યું કે તેની પ્રતિમારૂપે સૃષ્ટિમાં બધું સૌંદર્ય મોજૂદ છે. ટૉલ્સટૉય કે જે કલા પ્રત્યે નૈતિક દૃષ્ટિકોણ રાખે છે. તેનું કહેવું છે કે જે કલાકૃતિ નૈતિક વિવેક જાગ્રત કરે છે, તે જ કલાકૃતિને સુંદર કહી શકાય.[2] આમ રસ્કિને સૌંદર્યનો સંબંધ ઈશ્વર સાથે જોડ્યો છે. વસ્તુની અસીમતા, એકતા, સ્થિરતા, સમ્માત્રા, શુદ્ધતા અને સંયમ વગેરે અસાધારણતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ઈશ્વર સર્વત્ર પોતાના મહિમાને વ્યક્ત કરે છે. ઈશ્વર સૌંદર્યસ્વરૂપ છે. તેમણે સૌંદર્યના બાહ્ય અને આંતરિક એમ બે ભેદ કર્યા અને વસ્તુના બાહ્યગુણ અને આનંદમય જીવનની સાથે સુખ આપે તેવાં તત્ત્વોની ચર્ચા કરી છે. જવૉક્રેએ સુંદર, સુખદ અને ઉપયોગીને અલગ માન્યાં. તેમના મત પ્રમાણે સૌંદર્ય કોઈ અદશ્ય શક્તિનું પ્રગટીકરણ માત્ર છે. તે જડ સામગ્રી દ્વારા વ્યક્ત થાય છે. રીડ માને છે કે જ્ઞાન અને ઈચ્છા ઈશ્વરની શક્તિઓ હોવાને કારણે સુંદર છે. તેમના મતાનુસાર સૌંદર્ય વસ્તુઓનો ગુણ નથી, તે તો ઈશ્વરીય શક્તિ છે.

કેટલાક સૌંદર્યશાસ્ત્રીઓએ માનવવ્યવહારનું વિશ્લેષણ કરતાં કરતાં સૌંદર્યનું ગંભીર મનન કર્યું છે. આમાં શિલર, લાડ્ત્સ અને વિકટર કજિનનાં નામ મહત્ત્વપૂર્ણ છે. શિલરની દૃષ્ટિએ, માનવ–વ્યવહારનાં જડજગત, નીતિજગત અને રમતજગત વગેરે, ત્રણ ક્ષેત્રો છે. રમતજગત જડ છે અને નીતિજગતનું એમાં મિલન છે. આ સૌંદર્યની દુનિયા છે. આ જ આનંદનું ક્ષેત્ર છે. લાડ્ત્સ માને છે કે માનવ–વ્યવહારનાં સતલોક, નિયમલોક અને ઈષ્ટબુદ્ધિલોક વગેરે ત્રણ ક્ષેત્રો છે. તેમના મત પ્રમાણે સૌંદર્ય સુખનું વિકસિત રૂપ છે, તેનાથી ભિન્ન નથી. સુખ અને સૌંદર્યમાં ફક્ત એ જ તફાવત છે કે સુખ ઇન્દ્રિયગોચર છે, અને તે આપણા વૈયક્તિક આત્માને આનંદ આપે છે, જ્યારે સૌંદર્ય વિસ્તીર્ણ આત્માને પ્રસન્ન કરે છે. વિકટર કજિનના મત પ્રમાણે સૌંદર્યના ભૌતિક, નૈતિક અને માનસિક ત્રણ ભેદો છે. તેમની દૃષ્ટિએ માનસિક સૌંદર્ય મુખ્ય છે, બીજાં બે તેના પર આધાર રાખે છે. માનસિક સૌંદર્ય અતિશય શુદ્ધ છે. એ જ ઈશ્વર છે. પ્રસિદ્ધ વિદ્વાન કાંટ પણ નૈતિકતા અને આધ્યાત્મિકતા પર વિશ્વાસ રાખે છે. કાંટે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ 'નિર્ણયમીમાંસા'માં સૌંદર્ય, કલા, રુચિ વગેરે વિષયો પર ઊંડાણપૂર્વક વિચાર કર્યો છે. કાંટના મત પ્રમાણે સૌંદર્યથી શુદ્ધ તથા નિઃસ્વાર્થ આનંદ પ્રાપ્ત થાય છે. નીતિ અને સૌંદર્ય બંને વ્યક્તિનિષ્ઠ અને સર્વનિષ્ઠ પણ હોય છે. કારણ કે જે વસ્તુ અથવા નીતિની વાત એકને માટે સુંદર અથવા યોગ્ય છે, તે બીજા માટે પણ હોઈ

૧ દાસગુપ્ત સુરેન્દ્રનાથ (ડૉ.), 'સૌંદર્યતત્ત્વ', ભારતીય ભંડાર, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૧૭, પૃ. ૧૫૮

૨ ટૉલ્સટૉય, 'વ્હૉટ ઈજ આર્ટ', ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, લંડન, ૧૯૨૪, પૃ. ૧૮૯

શકે. તેનો આધાર યોગ્ય અથવા અયોગ્ય રુચિ પર હોય છે. સૌંદર્યાનુભવમાં એક પ્રકારની નિશ્ચિતતા રહે છે કે જે આપણને સુંદર લાગે તે બીજાને પણ લાગે[૧] હેગલ કલાને મનુષ્યની સિસૃક્ષાવૃત્તિના ફળ તરીકે સ્વીકારે છે. તેમની દૃષ્ટિએ જ્યાં એક બાજુ સૌંદર્યની બાહ્ય સત્તા છે, ત્યાં આંતર ચિદભિવ્યક્તિની સાથે એકરૂપતા થયા વગર કોઈ વસ્તુને સુંદર કહી શકાય નહિ. ખાસ કરીને, ચિદભિવ્યકિત જ સૌંદર્ય છે. ચિદભિવ્યકિતના આંતરિક રૂપને સત્ય અને તેને લગતી બાહ્ય વસ્તુને સુંદર કહે છે.[૨] ઉપરના વિચારકો સિવાય બીજા અનેક વિદ્વાનોએ પોતપોતાની રીતે સૌંદર્યની વિવેચના કરી છે. આચાર્ય રામચંદ્ર શુકલ આને ભાષાનો ગોટાળો માત્ર માને છે. તેઓનું કહેવું છે કે જેમ વીરકર્મથી અલગ વીરત્વ જેવો કોઈ પદાર્થ નથી, તેમ સુંદર વસ્તુથી ભિન્ન સૌંદર્ય કોઈ પદાર્થ નથી.[૩] ડૉ. ફતહસિંહે સમન્વયવાદી દૃષ્ટિકોણ અપનાવ્યો છે.[૪]

ઉપરના સમગ્ર વિવેચન દ્વારા નિષ્કર્ષરૂપે એમ કહી શકાય કે સૌંદર્યને પરિભાષામાં બાંધવાનું કાર્ય ઘણું જ મુશ્કેલ છે. સૌંદર્ય વસ્તુપક્ષમાં બાહ્ય રૂપાકારનું યોગ્ય જોડાણ છે, તો વ્યક્તિપક્ષમાં તે એક આનંદદાયક અનુભૂતિ છે, એમ કહી શકાય.

સૃષ્ટિસૌંદર્ય અને કલાસૌંદર્ય

સૃષ્ટિ પરમસત્તાના કર્મનું ખીલેલું રૂપ છે, અથવા વૈજ્ઞાનિક વિકાસવાદી સિદ્ધાંતાનુસાર વિકાસના ફળરૂપે જાતે જ પ્રગટ થાય છે. બંને સ્થિતિઓમાં તેનું પોતાનું એક આગવું રૂપ છે, અને તેમાં નિરંતર સૌંદર્યની અનુભૂતિ થતી રહે છે. બંને સ્થિતિઓમાં તે પરિવર્તનશીલ અથવા ગતિશીલ છે, એટલે સૌંદર્ય હંમેશ નવોન્મેષરૂપે પ્રતીત થાય છે. સૃષ્ટિસર્જન ઈશ્વરીય માનવા છતાં પણ તે કોઈ સભાન પ્રયત્નોથી નિર્મિત ન હોતાં સહજ અભિવ્યક્તિ છે. એટલે સૃષ્ટિના રૂપ અને તેના સૌંદર્યને કુદરતી માનવામાં આવે છે. તેનું રૂપ નિર્મિત નહિ હોવાને કારણે પૂર્વનિર્ધારિત અને ચોક્કસ નથી. સૌંદર્યશાસ્ત્રીઓ સૌંદર્યને કલાનો વિષય માને છે. તેમની દૃષ્ટિએ સૌંદર્ય મનુષ્યની ઈચ્છા અને કલ્પના પર આધાર રાખે છે. અને તેનાથી સ્વતંત્ર સ્વભાવમાં સૌંદર્યનો સાક્ષાત્કાર પણ થતો નથી. કુદરતી સૌંદર્યનું પ્રત્યક્ષીકરણ સરળ ઐન્દ્રિય યુક્તિથી સંબંધિત હોવાને કારણે સાક્ષાત્કારની આર્દ્રતા શકય નથી. ક્રોચે પ્રકૃતિને કલા–સૌન્દર્યની સૃષ્ટિ માટે ફકત ઉદ્દીપક પદાર્થ માને છે. સૌંદર્ય

---

૧ દીક્ષિત આનંદપ્રકાશ (ડૉ.), 'સૌંદર્યતત્ત્વ કી ભૂમિકા', ભારતીય ભંડાર, ઈલાહાબાદ, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૧૭, પૃ. ૨૩

૨ દાસગુપ્ત સુરેન્દ્રનાથ (ડૉ.). 'સૌંદર્યતત્ત્વ', ભારતીય ભંડાર, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૧૭, પૃ. ૨૫૬–૫૭

૩ શુકલ રામચંદ્ર આચાર્ય 'ચિંતામણિ ભાગ–૧', સરસ્વતીમંદિર, ઈંડિયન પ્રેસ, ઈલાહાબાદ, સન ૧૯૬૫, પૃ. ૧૬૪

૪ ફતહસિંહ (ડૉ.), 'ભારતીય સૌંદર્યશાસ્ત્ર કી ભૂમિકા', નેશનલ પબ્લિશીંગ હાઉસ, દિલ્હી, મે ૧૯૬૭, પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૬

કલ્પનાની સૃષ્ટિ છે. પ્રકૃતિમાં નિયુક્ત કરેલી અને નિશ્ચિત કરેલી કલ્પનાની સંરચનાનો સંકેત મળતો નથી. હેગલ જેવા કેટલાક દાર્શનિકોએ સૃષ્ટિગત સૌંદર્યનો સ્વીકાર કર્યો છે; પરંતુ તેમના મતાનુસાર તે સૌંદર્યની પ્રારંભિક સ્થિતિ છે.

કલાસૌંદર્યની જેમ સૃષ્ટિસૌંદર્યના સાક્ષાત્કાર માટે પણ ભાવકની કલ્પનાશક્તિની જરૂરિયાત રહે છે. જ્યાં સુધી વસ્તુ અને ભાવક વચ્ચે ભાવ સ્થાપિત થતો નથી અને ભાવકની કલ્પનાશક્તિ ક્રિયાશીલ બનતી નથી ત્યાં સુધી કલાકૃતિઓમાં કે કુદરતમાં સૌંદર્યનું દર્શન થતું નથી. સાક્ષાત્કારના ઊંડાણનો પ્રશ્ન છે, તે ભાવકના મનની પ્રત્યક્ષીકરણની શકિત પર આધાર રાખે છે. કલાકાર દ્વારા નિશ્ચિત હોવાને કારણે કલાકૃતિઓમાં ઊંડાણની સાથે રૂપસૌંદર્યનો ઐન્દ્રિયિક સાક્ષાત્કાર સરળ થઈ જાય છે. કુદરતમાં રૂપસૌંદર્યના સાક્ષાત્કાર માટે સ્પષ્ટ યોજના નહીં હોવાને કારણે સૂક્ષ્મ અંતર્દષ્ટિની જરૂરિયાત રહે છે. જો તે દષ્ટિ હોય તો ભાવકને માટે સૃષ્ટિમાં કાંઈક અધિક અવિનાશી સૌંદર્યની છબી મળે છે. સૃષ્ટિસૌંદર્ય અને કલાસૌંદર્યનું અંતર ક્રમશઃ પ્રાકૃતિક અને માનવનિર્મિત હોવાને કારણે છે. માનવનિર્મિત વસ્તુ કૃત્રિમ હોય છે. કલાકારના કલાકૃતિને નૈસર્ગિક બનાવવાના ઘણા પ્રયત્નો છતાં પણ તે કલાકૃતિને નૈસર્ગિક બનાવી શકતો નથી. માનવનિર્મિત રૂપ ચોક્કસ હોવાને કારણે તેના અપાર સૌંદર્યનું જ્ઞાન મળી શકતું નથી. પ્રાકૃતિક સૌંદર્ય રૂપનું ઉલ્લંઘન કરે છે. કલ્પનાશીલ કલાકૃતિઓમાં રૂપ વધારે લવચિક હોવાથી સૌંદર્યની વ્યંજના માટે અનુકૃતિમૂલક કલાકૃતિ કરતાં વધારે સમય માગે છે.

માનવનિર્મિત કલાકૃતિના રૂપસૌંદર્યની કાંઈક એવી વિશેષતાઓ છે જે તેને નૈસર્ગિક રૂપસૌંદર્યથી અલગ કરે છે. કલાકૃતિનું સ્વરૂપ તેના પ્રયોજન અથવા સાર્થકતાની પ્રતીતિની દૃષ્ટિએ સમન્વિત અને નિશ્ચિત થયેલું હોય છે. રૂપની આ સાધનસામગ્રી સંપ્રેષણને સરળ બનાવે છે અને સાર્થકતા સાક્ષાત્કારને તીવ્ર અને સજીવ બનાવે છે. સૃષ્ટિગત વસ્તુ અને તેના રૂપની સાર્થકતા સ્પષ્ટ સમજમાં આવતાં નથી. તેનું અનુમાન કરવું પડે છે. ક્યારેક ક્યારેક સૃષ્ટિ પ્રયોજનાતીત રમત અથવા ક્રીડા લાગે છે. બીજી રીતે તેની સ્પષ્ટતામાં પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ કોઈ પણ રીતે સંપ્રેષણનો કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. તેના રૂપસૌંદર્યનું ગ્રહણ ભાવકના મનની ઈચ્છા પર આધાર રાખે છે. કલાકૃતિનું સુખદુઃખનો અનુભવ કરાવનારું રૂપ પોતાની યોજના પ્રમાણે ભાવકના મનને પોતાની તરફ આકર્ષે છે. પ્રાકૃતિક અથવા કલાત્મક સૌંદર્ય મનને જલદી પોતાના તરફ ખેંચે છે. પરંતુ કલાકૃતિની સંરચનામાં આ ભાવ તેનું એક પાસું છે. કલાકૃતિમાં રૂપની ચોક્કસ રેખાઓ સૌંદર્યને પ્રધાનરૂપમાં સામે રાખે છે, કે જ્યારે પ્રાકૃતિક સૌંદર્યની રેખાઓ આ રીતે ઉપસી નહીં હોવાને કારણે સૌંદર્યને ચંચળ બનાવતી નથી.

સૌંદર્યશાસ્ત્રીઓના મતાનુસાર કલા સૌંદર્યને પૂર્ણતા પ્રદાન કરે છે. તેઓ કુદરતના સૌંદર્યને નિર્દોષ અને પૂર્ણ માનતા નથી. કલામાં રૂપના નમૂનાથી સૌંદર્ય સુસંસ્કૃત અને પૂર્ણ થઈ જાય છે. સૃષ્ટિસૌંદર્યની અપૂર્ણતા અપૂર્ણ દૃષ્ટિનું પરિણામ છે. દ્વન્દ્વાતીત મનઃસ્થિતિમાં તેની પૂર્ણતાનું જ્ઞાન થાય છે. કલામાં આદર્શીકરણ સૌંદર્યનું નહીં, પરંતુ રૂપનું છે, જેથી ધારી અસર ઉપજાવી શકાય છે. કલાકાર મૂળલેખ દ્વારા ઇપ્સિત સાક્ષાત્કાર

કરવાનો પ્રયત્ન કરે છે. ઈશ્વરીય હોવાને કારણે સૃષ્ટિમાં રૂપસૌંદર્ય સ્વયં પૂર્ણ નમૂનાની સ્થિતિમાં મોજૂદ છે. કેટલાક સૌંદર્યશાસ્ત્રીઓ સૃષ્ટિમાં સૌંદર્ય-દર્શન ગ્રહણ કરવાની દૃષ્ટિને સૌંદર્યશાસ્ત્રીય પ્રશિક્ષણ અને સંસ્કારનિયંત્રિત અને અનુશાસિત હોવાનું જરૂરી માને છે. સૌંદર્યાભિરુચિ કલાઓથી સંસ્કૃત હોઈ શકે છે, પરંતુ મૂલતઃ તેનો પ્રકૃતિથી જ વિકાસ થાય છે. સૌંદર્યજ્ઞાનના વિકાસનો આદિ સ્રોત સૃષ્ટિ જ છે.

સૃષ્ટિ અને કલાના સૌંદર્યમાં પ્રકૃતિગત નહિ, પરંતુ સ્વરૂપગત અંતર છે. પ્રાકૃતિક સૌંદર્યાનુભૂતિ અને કલાત્મક સૌંદર્યાનુભૂતિમાં પણ સ્વરૂપગત જ અંતર છે. મૂલતઃ સૌંદર્યાનુભૂતિ આનંદાત્મક, યોગ્યતાપૂર્ણ, જડ પ્રયોજનાતીત, આસક્તિરહિત અને અપૂર્વ છે. સૌંદર્યાનુભૂતિ આલંબનને અનુરૂપ સ્વાભાવિક હોય છે અને કલાના સાક્ષાત્કારસ્વરૂપ સંસ્કારને અનુરૂપ સુસંસ્કૃત હોય છે. કુદરતના ક્ષેત્રમાં સૌંદર્યાનુભૂતિ ઐન્દ્રિયિક હોવાની વધારે શકયતા છે. કારણ કે વસ્તુ ઈન્દ્રિયોની સામે ભૌતિક રૂપમાં આંખ સમક્ષ દેખાય છે. કલાનું બિંબવિધાન માનસિક રૂપનું હોવાને કારણે તેનો સાક્ષાત્કાર વધારે તાટસ્થ્યપૂર્ણ અને સૂક્ષ્મ થઈ જાય છે. વાસ્તુકલાને છોડીને કલાકૃતિનું ભૌતિક રૂપ ભાવકના સાક્ષાત્કારને પ્રભાવિત કરતું નથી. ભૌતિક રૂપ સાથે નિસ્બત હોવાના કારણે સૃષ્ટિસૌંદર્યના અનુભવના અનેક પ્રસંગો લૌકિક વાસનાને ઉત્તેજિત કરે છે. વિશેષતઃ નારીસૌંદર્યના સાક્ષાત્કારમાં, ભૌતિક સૌંદર્યના સાક્ષાત્કારમાં સંવેગાત્મક ઉત્કટતા હોય છે. તો કલાત્મક સાક્ષાત્કારમાં ભાવનાવ્યાપારની ઉત્કટતા હોય છે, જેનાથી સૌંદર્યનો સાક્ષાત્કાર વધારે પ્રભાવક લાગે છે. ભૌતિકતાનાં બંધનોથી મુક્ત કલાસૌંદર્યનો સાક્ષાત્કાર વધારે ઉન્મુક્ત તથા અતીન્દ્રિય થઈ જાય છે. ભૌતિક જગતમાં, સૌંદર્યાનુભૂતિના માર્ગમાં અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે, અને તે વિરલ ભાવનાશીલોને જ પ્રાપ્ત થાય છે. જેને કારણે કલાઓને શુદ્ધ સૌંદર્યાનુભૂતિનું ક્ષેત્ર માનવામાં આવ્યું છે. વાસ્તવમાં, બંનેનું અંતર ઈન્દ્રિયો અને મનના સાપેક્ષ કાર્ય પર આધાર રાખે છે.

કવિ શ્રી નગીનદાસ સંઘવીરચિત

‘श्री सद्गुरोर्महिम्नः स्तोत्रम्’નો અલંકારવૈભવ*

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

૧૮૮૨માં શ્રીમન્નૃસિંહાચાર્યજી સંસ્થાપિત શ્રી શ્રેયસ્સાધક–અધિકારી વર્ગે સર્વ શ્રી છોટાલાલ માસ્તર (વિશ્વવંદ્ય), નર્મદાશંકર મહેતા, જેકિશનદાસ કણિયા, કૌશિકરામ મહેતા, નગીનદાસ સંઘવી વગેરે સંખ્યાબંધ વિદ્યાપુરુષો આપ્યા છે. તેમાંના કેટલાક તો સંસ્કૃતના પ્રખર પંડિતો અને કવિઓ હતા. તેમાં, શ્રે. અ. વર્ગની અને સનાતન ધર્મસંસ્કૃતિની સતત સેવામાં જ જીવન સમર્પિત કરનાર શ્રી નગીનદાસ પુરુષોત્તમ સંઘવી (**संघवाहः**) પ્રથમ પંક્તિના સાક્ષર અને શીઘ્ર કવિ હતા. વિવિધ શાસ્ત્રો અને તત્ત્વજ્ઞાન વિષેના ઊંડા અભ્યાસપૂર્ણ લેખો ઉપરાંત તેમણે ગુજરાતીમાં અને સંસ્કૃતમાં ઉચ્ચ કક્ષાનાં કાવ્યો રચ્યાં છે. તે વખતે પ્રસિદ્ધ થતાં મહાકાલ, પ્રાતઃકાલ, યમદંડ વગેરે સામયિકોના પ્રત્યેક અંકમાં શ્રી સંઘવીરચિત સંસ્કૃત કૃતિ પ્રકટ થતી. શ્રી નર્મદાશંકરની જેમ આ વ્યુત્પન્ન વિદ્વાન પણ પોતાની તમામ પ્રવૃત્તિઓ અને પ્રાપ્ત સંસિદ્ધિ માટે પોતાના જ્ઞેયોપાસ્ય સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના કૃપાકટાક્ષને જ હેતુરૂપ અનુભવતા. તેમના ગુરુએ તેમને **महाज्योति** એવું સાંકેતિક ઉપનામ આપેલું.

સાધકવર્ય શ્રી સંઘવીની કિશોરકાલની શીઘ્રકવિત્વશક્તિનો એક દ્યોતક પ્રસંગ નોંધપાત્ર છે. ૯૫ વર્ષ પહેલાં વડોદરામાં ‘શ્રી નૃસિંહાશ્રમ’માં આચાર્યશ્રી સમક્ષ મણિશંકર ભટ્ટ, કવિ કાન્ત, મનઃસુખરામ ત્રિપાઠી જેવા ગુજરાતના સમર્થ પંડિતો આવતા. હાલની મ. સ. યુનિવર્સિટીની મ્યૂઝિક કૉલેજના આદ્યાચાર્ય સ્વ. સંગીતમાર્તંડ પ્રો. મૌલાબક્ષ પણ શ્રી નૃસિંહાચાર્યજીને ભક્તિપૂર્વક પ્રણિપાત કરી સંગીતની ચીજો સમર્પણ કરતા, એટલું જ નહીં પણ આચાર્યશ્રીનાં મધુર પદોનું સ્વરાંકન કરી ગાઈ સંભળાવતા. એક વખત મૌલાબક્ષે ઉર્દૂ ગઝલ ગાઈને સહેજ રજોગુણી ભાવથી ઉદ્ગાર કાઢ્યા કે "આપની ભાષામાં આવું ગઝલ જેવું સરસ સંગીત ક્યાં છે?" "હૈ, મીયાં હૈ!" કહીને આચાર્યશ્રીએ મૌલાની બાજુમાં બેઠેલા એક કિશોર પ્રતિ અંગુલિ અને આંખનો માત્ર અણસાર કર્યો કે તરત જ કિશોર કવિ સંઘવીજીના કંઠમાંથી ગીર્વાણ ભાષામાં ગઝલબંધને સમાંતર સૂરીલું સંગીત રેલાયું. માત્ર મૌલાબક્ષ જ નહીં પણ ઉપસ્થિત સમસ્ત પંડિતવર્ગ સ્તબ્ધ અને પ્રભાવિત થઈ ગયો. ×

---

* શ્રે. અ. વર્ગનું આ શતાબ્દી વર્ષ હોઈ, વર્ગના એક અગ્રણી સાધકની વિદ્વત્તાને બિરદાવતો આ ખાસ લેખ લખ્યો છે.

× મૌલાબક્ષ અને આચાર્ય સાથેના વધુ પ્રસંગો માટે પ્રાચ્યવિદ્યા મંદિરની ‘શ્રી સયાજી સાહિત્યમાળા’ના ૨૯૪મા પુષ્પ રૂપે પ્રસિદ્ધ થયેલ આ લેખકનું ‘શ્રીમન્નૃસિંહાચાર્યજી’ પુસ્તક જોવું.

શ્રી સંઘવીજીની બીજી બધી રચનાઓને બાજુ પર મૂકીને હું અત્રે તેમના "**श्री सद्गुरोर्महिम्नः स्तोत्रम्**"ના આલંકારિક વૈભવના ઉજ્જવળ પાસાનો અત્યંત સંક્ષેપમાં પરિચય આપીશ. શ્રદ્ધાન્વિત સાધકો દ્વારા નિત્યપાઠ થતા આ સ્તોત્રનું વર્ગના ઉત્સવો વખતે આરતી પહેલાં સમૂહગાન થાય છે અને ફાગણમાં સાધનસમારંભના સાપ્તાહિક જપયજ્ઞની સમાપ્તિ તો પ્રત્યેક શ્લોક સાથે કરાતા આહૂતિ–અર્પણથી થાય છે. (આ જ પર્યંત એ ક્રમ ચાલુ છે).

આરંભમાં ૧ ઉપેન્દ્રવજ્રા અને ૩ અનુષ્ટુભના શ્લેષાત્મક શ્લોકો પછી ૯૯ શ્લોકો પર્યંત ભક્તિતરંગોના આરોહઅવરોહને અનુસરતો શિખરિણીનો એકધારો પ્રભાવ વહે છે. કાવ્યની પૂર્ણાહુતિ બે માલિની શ્લોકોથી થાય છે.

એક ઉત્તમ કોટીના ગુરુપ્રપન્ન પણ શાસ્ત્રસંપન્ન ભક્તને છાજે એવી ઢબે (**नगीनः किंकरो मुदा**) કવિએ આ સ્તોત્રકાવ્યમાં પ્રણતિ, પ્રશસ્તિ, સ્તુતિ, સદ્ગુરુતત્ત્વ–કૃપામહિમા, ઈષ્ટચરણકમલ અને ઇષ્ટનામામૃતનો મહિમા, ઈષ્ટના રક્ષિતૃ–જ્ઞાનપ્રદાતૃ–હિતકર્તૃ અને ઉપદેષ્ટુ તરીકેના ધર્મોનું માહાત્મ્ય, ઇન્દ્રિયાદિનું સાર્થક્ય, ઈષ્ટાવતરણસંકેત–અને અંતમાં કવિ–જીવનની નિકૃષ્ટતા–નમ્રતાપૂર્વક સાધકની અભ્યર્થના–વગેરે વિવિધ વિષયોનું સુંદર કવિત્વમય શૈલીમાં નિરૂપણ કર્યું છે. ક્યાંય ક્લિષ્ટતા વરતાતી નથી. પદેપદે સુયોગ્ય શબ્દચયનની સૂઝ અને છંદપ્રભુત્વને લીધે પ્રત્યેક શ્લોક કવિતા અને સંગીતના સુભગ સંવાદ દ્વારા શ્રુતિમનોહર બની રહે છે, અને ભાવકના હૃદયમાં સહજતાથી અર્થ અને ભાવની સંક્રાન્તિ કરે છે. વર્ણવિન્યાસ અને યમકની સ્વાભાવિક સંયોજના તથા ભાવાનુસારી વહેતા પ્રવાહને લીધે લયસંવાદ સધાતાં આખું ય સ્તોત્ર સુશ્રાવ્ય–આસ્વાદ્ય બની રહે છે. આવા વિષયોમાં વારંવાર યોજાતાં રૂઢ પરંપરિત પ્રતીકો કે ઉપમાનોથી આ કાવ્ય મુક્ત હોઈ, તેમાં વિનિયુક્ત થયેલા અલંકારો અને કલ્પનાનું નાવીન્ય અત્યંત ચમત્કૃતિપૂર્ણ બની રહે છે. (સ્થળસંકોચને લીધે) થોડાંક ઉદાહરણોથી કવિકલ્પનાની ઉત્કૃષ્ટતા અને અલંકારના વિનિયોગની સવિશેષ ચમત્કૃતિની આછી ઝલક માણી શકાશે.

શ્રી સંઘવીજીએ યોજેલાં કલ્પનોમાં નાવીન્ય હોવા ઉપરાંત તેમાંના ઉપમાનોમાંનું મૌલિક તત્ત્વ દાદ માગી લે એવું હોય છે. એવા ઉપમાવૈશિષ્ટ્યનો અત્રે એક જ શ્લોક ટાંકું છું :

> **चतुर्हस्तैर्युक्तः पदयुगयुतः षट्पद इव**
> **परागाक्तस्वाङ्गः प्रणतिसमये पीतवसनः ।**
> **स्ववर्णेन श्यामः स्तुतिवचनगुञ्जारवयुत–**
> **स्त्वदीये पादाब्जे भ्रमर इव विष्णुर्विलसति ॥ ७ ॥**

આપના ચરણકમલમાં પ્રણતિકાલે વિષ્ણુ ભ્રમર જેવા શોભે છે; વિષ્ણુના ૪ હાથ અને ૨ પગ નમનકાલે ભ્રમરના ૭ પગ જેવા દીસે છે. કમલપરાગથી જેમ ભ્રમર રંજિત

હોય છે તેમ વિષ્ણુ પણ પીળું વસ્ત્ર ધારણ કરવાથી એક અંશમાં પીત દેખાય છે; શ્યામ ભ્રમરની જેમ વિષ્ણુ પણ સ્વભાવથી શ્યામવર્ણવાળા છે; ભ્રમર–ગુંજારની જેમ વિષ્ણુ આપની સ્તુતિના ધ્વનિથી યુક્ત છે.

એવી જ રીતે ૮મા અને ૯મા શ્લોકમાં અનુક્રમે બ્રહ્મા અને રુદ્રને અનુલક્ષીને ઉપમેયોપમાનાદિ ધર્મોના સાદૃશ્યનું સૂચન કરેલું છે.

નીચેની પંક્તિઓમાં ગુરુચરણકમલમાં પ્રણામ કરવાના સમયે (ભયભારથી ભરાઈ ગયેલા પણ) શિષ્યની ખાંધ પરથી સહેજે ખસી પડતા મૃત્યુરૂપી ગાડાનું રૂપક મનોરમ છે :

गुरो त्वत्पादाब्जे प्रणतिसमये मृत्युशकटं ।
पतत्येव स्कन्धाद्विविषभयभारेण भरितम् ॥ १४ ॥

નીચેના પ્રાર્થનાશ્લોકમાંના રૂપકની કલ્પના કાવ્યમાં કેવી ચમત્કૃતિ આણે છે!

सुशुभ्रं छत्रं त्वच्चरणकमलं मूर्धनि मम
नखज्योत्स्नास्तंबा धवलरुचयश्चामरगणाः ।
दृढो मे विश्वासस्त्वयि मम सुराजासनमलं
तदेवं साम्राज्यं भवतु मम नित्यं हि भगवन् ॥ १८ ॥

ગુરો! આપનાં ચરણકમલરૂપ શ્વેત છત્ર મારા મસ્તક ઉપર હો; આપના ચરણનખમાંથી નીકળતી જ્યોત્સ્નાનાં કિરણોનું મંડળ શ્વેતવર્ણના ચામરરૂપ થાઓ. આપનામાં અચળ શ્રદ્ધા તે મારું અપૂર્વ રાજ્યાસન થાઓ; હે ભગવન્! આ રીતે મારું સામ્રાજ્ય નિરંતર બની રહો.

બીજા બે ત્રણ શ્લોકોમાં કવિએ **વ્યતિરેક** અલંકાર દ્વારા ગુરુકૃપાનું ગૌરવ ગાયું છે. માત્ર એક શ્લોક જોઈએ; તેમાં દેવોનું નિર્વાહસાધન અમૃત, યોગીઓનું સમાધિસુખ વગેરે ઉપમાનોની ગુરુકૃપાના અંશાંશ આગળ અલ્પતુલ્યતા દર્શાવી છે :

सुधायां यत्तत्त्वं सुरनिकरनिर्वाहकरणं
तथा ज्ञानानन्दे स्थिरतमसुखं यन्निगदितम् ।
समाधौ भुञ्जन्ते स्वयमुदितमोदं यमिवराः
कृपांशस्याप्यंशे तव सकलमेतत्त्वणुरिव ॥ २२ ॥

નીચેના શ્લોકમાં કવિએ **વિરોધાભાસ** અલંકારનો કૌશલપૂર્વક વિનિયોગ કર્યો છે :

विवेकी ते शिष्यस्तरति शुचिपुण्यार्पणफलात्
प्रमादी शिष्यस्ते तरति हि परं तारयति च ॥
सकीटं त्वत्पादे कुसुममपि धृत्वा नरहरे
विचित्रं माहात्म्यं तव निरुपमानुग्रहपरम् ॥ ३३ ॥

અર્થ સુસ્પષ્ટ છે. સકીટ મલિન પુષ્પ અર્પનાર–પોતાને અને કીડાને પણ તરાવનાર–શિષ્યનું પતન ન થતાં ઉદ્ધાર થવાનું કવિ કલ્પે છે એ વિરોધ છે; પણ શિષ્ય ભક્તિના અનવધિ આદરવાળો હોવાથી તેનો પ્રમાદ અધોગતિરૂપ ફલને પ્રકટાવી શકતો નથી. આમ ઉક્ત વિરોધનો પરિહાર થાય છે.

બીજા એક શ્લોકની વિરોધાભાસી કલ્પનાચમત્કૃતિ જુઓ :

त्वदीयं पादाम्भः प्रशमयति तापत्रयमहो
तथाऽपीमां तृष्णां क्षयरहितवल्लीं दहति तत् ।
विचित्रं सामर्थ्यं तव पदजलस्येश्वर गुरो
लतां श्रद्धां तद्धि सततमभिवृद्धिं गमयति ॥ ४६ ॥

અત્રે એક જ (પદ)જલ ત્રિતાપપ્રશમન, શ્રદ્ધાલતાનું પરિપોષણ અને તૃષ્ણાવેલીનું દહન એમ ત્રણ વિરુદ્ધ કાર્યો કરે છે. નીચેના શ્લોકમાં ગર્ભાવાસથી મૃત્યુપર્યંતની અપ્રિય બાબતોના પણ સાફલ્યને (પદકૃપાથી) વર્ણવી કવિએ **અનુજ્ઞા** અલંકારની છાયા આણી છે.

निवासो यद्गर्भे निरयसदृशे जाठरदहे
तथा बाल्ये व्याध परवशतया दुःखसहनम् ।
तथा संसाराग्नेर्दहनसहनं चापि मरणं
तदेतत्साफल्यं यदि नरहरे त्वत्पदकृपा ॥ ३४ ॥

અપ્રસ્તુતના આરોપાર્થે પ્રસ્તુત ધર્મના નિષેધરૂપ **અપહ્નુતિ** અલંકારના પ્રયોગનો એક જ સુંદર નમૂનો આપણે જોઈએ.

न हीमौ ते पादौ सुविभवविमुक्त्योर्दृढतमौ
महास्तम्भौ मन्ये भवतरणनौकूपयुगलम् ।
दृढौ योगज्ञानोभयभुवनरोहार्थमथवा
समारोहिण्या द्वौ यमिसुनुतदण्डौ नरहरे ॥ ४४ ॥

અહીં કવિ પ્રત્યક્ષ ગુરુચરણોને ભુક્તિમુક્તિના મહાસ્તંભરૂપે, ભવતરણનૌકાની કાઠીના યુગલરૂપે તથા યોગ–જ્ઞાનના મન્દિરે ચઢવાની નિસરણીના બે દઢ દંડરૂપે સ્વીકારે છે.

ગ્રન્થાદિ પ્રસિદ્ધ કારણો વિના જ્ઞાનાદિ કાર્યની ઉત્પત્તિના કથનરૂપ **વિભાવના** અલંકારનો સરસ પ્રયોગ શ્રી ઈષ્ટના આદાર્યધર્મના મહિમાને વર્ણવતા શ્લોકોમાં જોવા મળે છે. માત્ર એક શ્લોક ઉદ્ધૃત કરું છું.

विना ग्रन्थं ज्ञानं वितरसि च शिष्येऽतिविशदं
विना वाणीं बोधं जनयसि तथा तस्य उदये ।
विना यत्नं सिद्धिं परमगहनां यच्छसि गुरो
त्वया दत्ता शिक्षाऽचलपदसुदीक्षेव विचित्रा ॥ ६१ ॥

કવિશ્રીએ ગુરુની અપૂર્વ શિક્ષણ આપવાની પદ્ધતિને અચલપદપ્રાપ્તિની સર્વોત્તમ દીક્ષારૂપે વર્ણવી ગુરુના મૌનપ્રભાવનું દ્યોતન કર્યું છે.

સરળ અર્થવાળા નીચેના શ્લોકમાં **પ્રશ્ન** તથા **એકાવલી** અલંકારની છાયા જણાશે. જેથી સદ્‌ગુરુપરમાત્માનું શુદ્ધ સ્વરૂપ હૃદયમાં પ્રકટ થાય તેવી સકલસુખકામનાના અભાવવાળી નિષ્ઠાની વ્યાખ્યા આપતા નીચેના શ્લોકમાં **પ્રશ્ન** તથા **એકાવલી** અલંકાર યોજાયા છે.

परा शक्तिः का स्यात्तव चरणभक्तिः स्थिरतमा
परा भक्तिः का स्यात्तव पदयुगासक्तिरचला ।
दृढासक्तिः का स्यात्सकलसुखवाञ्छारहितया
यथासक्त्या व्यक्तिस्तव नरहरे भाति हृदये ॥ ४१ ॥

આ સિવાય આ કૃતિમાં ઉલ્લેખ, સાર, શ્લેષ આદિ વિવિધ અલંકારોના સુહૃદ્ય પ્રયોગો જોવા મળે છે. કેટલાક શ્લોકોમાં યમકમાળાને લીધે શ્રુતિસૌન્દર્ય તેના ભાવમાધુર્યમાં વધારો કરે છે. આ કાવ્યના બે અંતિમ શ્લોકોના **અતિશયોક્તિ** અલંકારનો પરિચય આપી આ લેખ હું પૂર્ણ કરીશ.

જેમ કાવ્યમાં વર્ણવેલો પ્રસંગ અસંભાવ્યમાન છે તેમ શ્રી ઈષ્ટના અપૂર્વ મહિમાનું સર્વાંશે વર્ણન કરવું પણ અસંભવરૂપ છે. यद्यर्थोक्तौ च कल्पनम् એ કાવ્યલક્ષણાનુસાર કવિએ અહીં અસંભાવ્યમાન અર્થની ચમત્કારજનક કલ્પના કરી છે. બંને શ્લોકો માલિનીવૃત્તમાં છે.

मम वपुषि भवेयुर्लोमकूपेषुजिह्वाः
पुनरपि विधिजानां कोटिशः कोटयोऽपि ।
प्रतिमुखरसनाग्रे सर्वदा संवसन्तु
तदलमपि न गातुं ते गुणान् श्रीनृसिंह ॥ १०२ ॥

મારા શરીરના પ્રત્યેક લોમકૂપમાં જિહ્વાઓ હોય અને સરસ્વતીની અનંત કોટિઓ હોઈ પ્રત્યેક સરસ્વતી પ્રત્યેક જિહ્વામાં વસે, તો પણ હે શ્રી નૃસિંહ ! આપના ગુણ ગાવાને તે સમર્થ નથી.

કૃતિનો છેલ્લો શ્લોક તો કવિકલ્પનની પરાકાષ્ઠા રૂપ છે. શ્રી પુષ્પદંત કવિના સુપ્રસિદ્ધ महिम्नस्तोत्रના असितगिरिसमं स्यात्.....એ શ્લોકનું સ્મરણ કરાવનાર નીચેના શ્લોકની ચારુતાતિશયતા અને કલ્પનોત્કૃષ્ટતાની પ્રતીતિ સૂક્ષ્મ વિચારકને સહેજે થાય તેમ છે :

अतिमिति जलतत्त्वं तेजसा रञ्जितं च
भवति सुपरिपूर्णं भूमिपात्रे प्रयत्नात् ।
पवनलहरिरूपा वर्णिका खं सुपत्रं
न हि तदलमसंख्यैः शारदैः कीर्तने ते ॥ १०३ ॥

અપાર જલતત્ત્વ તેજસ્તત્ત્વથી રંગાઈ પૃથ્વીતત્ત્વરૂપ પાત્રમાં પ્રયત્ને કરી ભરપૂર ભરવામાં આવે, વાયુની લહરીઓ લેખિનીરૂપ હોય, આકાશ સુંદર પત્રરૂપ હોય, અને અસંખ્ય સરસ્વતીઓ લખનાર હોય, તો પણ આપની કીર્તિનાં વર્ણન અર્થે તે સર્વે શક્તિમાન થાય તેમ નથી.

આ સ્તોત્ર પર વિવેચન કરતાં મહામહોપાધ્યાય વિદ્યાભાસ્કર શ્રી મણિશંકર ઉપાધ્યાયે લખ્યું છે કે : " આધુનિક કાળમાં કાલિદાસની પ્રતિભાનાં પુનર્દર્શનથી ધન્યતા અનુભવાય છે."

શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આ શતાબ્દી વર્ષમાં આપણે ઈચ્છીએ કે વેદાન્તકેસરી કવિરત્ન શ્રી સંઘવીજીના ગુજરાતીમાં લખેલાં કાવ્યોના સંગ્રહો જેમ પ્રગટ થયા છે તેમ તેમનાં સંસ્કૃત કાવ્યોનો સંદોહ–ગ્રન્થ પણ વર્ગ તરફથી પ્રસિદ્ધ થાય.

મીરાં–તુલસી પત્રવ્યવહાર

હસમુખ વ્યાસ

સંતોનો માર્ગ અને વ્યવહાર લોકવ્યવહારથી ભિન્ન હોય છે. લોક–સમાજનાં રીત–રિવાજો, માન–મર્યાદાઓને પ્રાય: તેઓ સ્વીકારતાં ન હોઈ સમાજનો વિરોધ થાય એ સહજ છે. મેવાડમાં પણ મીરાંની સ્થિતિ એ જ થઈ. અને જ્યારે સતામણીની પરાકાષ્ઠા આવી ત્યારે તેમણે તુલસીદાસને પત્ર લખી માર્ગદર્શન માગેલ એમ કહેવાય છે. મીરાંનો તુલસીદાસ ઉપરનો એ પત્ર નીચે મુજબ છે :

"સ્વસ્તિ શ્રી તુલસી કુલભૂષણ, દૂષણહરણ ગોસાંઈ ।
બાર હિ બાર પ્રણામ કરહું, અબ હરહુ સોકસમુદાઈ ॥
ઘરકે સ્વજન હમારે જેતે, સબન્હ ઉપાધિ બઢાઈ ।
સાધુસંગ અરુ ભજન કરત મોહિ દેત કલેસ મહાઈ ॥
મેરે માત પિતાકે સમ હૌ હરિભક્તનસુખદાઈ ।
હમકો કહા ઉચિત કરિબો હૈ સો લિખિએ સમુઝાઈ ॥"

બેલવેડિયર પ્રેસે (પ્રયાગ) પ્રસિદ્ધ કરેલ મીરાંબાઈની પદાવલીમાં ઉક્ત પદ–પત્રનો બીજો પાઠ નીચે પ્રમાણે મળે છે :

"શ્રી તુલસી સુખનિધાન દુ:ખહરન ગોસાઈ ।
બાર હિ બાર પ્રણામ કરું અબ હરો શોકસમુદાઈ ॥
ઘરકે સ્વજન હમારે જેતે સબન ઉપાધિ બઢાઈ ।
સાધુસંગ અરુ ભજન કરત, મોહિ દેત કલેશ મહાઈ ।
બાલપન તે મીરાં કીન્હી, ગિરધરલાલ મિતાઈ ।
સો તો અબ છૂટત નહિ કયોં હૂ લગી લગન બરિપાઈ ।
મેરે માતા પિતા કે સમ હો હરિભક્તનસુખદાઈ ।
હમકો કહા ઉચિત કરિબો હૈ સો લિખિ સમુઝાઈ ।"

ઉપરોક્ત પાઠાન્તરવાળા પદમાં ઉપરના પદમાં ન હોય તેવી વધારાની બે પંક્તિઓ પણ મળે છે જેમાં 'મીરાં' અને 'ગિરધરલાલ'નો પણ ઉલ્લેખ છે. બન્ને પદનો અર્થસાર સ્વયંસ્પષ્ટ છે. મીરાંના આ પત્રના ઉત્તરમાં તુલસીદાસે પણ પદ–પત્ર લખી પાઠવેલ, જે નીચે પ્રમાણે છે :

"જા કે પ્રિય ન રામ વૈદેહી ।
તજિયે તાહિં કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સનેહી ।
તજ્યો પિતા પ્રહ્લાદ બિભીષણુ બંધુ ભરત મહતારી ।
બલિ ગુરુ તજ્યો, કંત બ્રજ વનિતા, ભયે સબ મંગલકારી ।
ના તો નેહ રામ સોં મનિયત, સુહૃદ સુસેવ્ય જહાં સોં ।
અંજન કહા આંખ જો ફૂટે, બહુતક કહૌ કહાં લૌં ।
તુલસી સો સબ ભાંતિ પરમહિત પૂજ્ય પ્રાન તે પ્યારો ।
જાસોં બઢે સનેહ રામ પદ, એ તો મતો હમારો. ।"

એમ પણ કહેવાય છે કે તુલસીદાસજીએ ઉપરના પદ સાથે નીચેનું પદ પણ મોકલેલ :

"સો જનની સો પિતા સોઈ ભ્રાત, સો ભામિન સો સુત સો હિત મેરો ।
સોઈ સગો સખા સોઈ સેવક સો ગુરુ સો સુર સાહિબ ચેરો ।
સો તુલસી પ્રાન સમાન કહાં લૌં બતાઈ કહૌં બહુ તેરો ।
સો તજિ ગેહ કો, દેહ કો નેહ, સનેહ સો રામ કો હોય સવેરો ।"

ઉપરનાં બંને પદ તો તુલસીદાસની રચના તરીકે 'વિનયપત્રિકા' અને 'કવિતાવલી'માં સંગ્રહિત મળે છે પણ મીરાંનાં પદ-પત્ર તેમની રચના તરીકે પ્રચલિત હોવા છતાં તેમના કોઈ પણ આધારભૂત સંગ્રહમાં મળતાં નથી. તુલસીદાસના જીવનચરિતકાર વેણી માધવદાસે તેમના 'મૂલ ગોસાઈચરિત'માં સર્વપ્રથમ વખત મીરાં-તુલસી પત્ર-પદ આપેલ છે.[1] એટલું જ નહિ તેમણે તો લખ્યું છે :

"સોરહ સૌ સોરહ લગે, કામદગિરિ ઢિગ વાસ ।
સૂચિ એકાંત પ્રદેશ કહં આયે સૂર સુદાસ ।
× × ×
હૌ પાતિ ગયે જબ પૂર કબી, ઉરમેં પથરાય કે શ્યામ છબી ।
તબ આયો મેવાડ તે, વિપ્ર નામ સુખપાલ ।
મીરાં બાઈ પત્રિકા, લાયો પ્રેમપ્રબાલ ॥
પઢિ પાતી, ઉત્તર લિખે, ગીતકબિત બનાય ।
સબ તજિ હરિ ભજવો ભલો, કહિ દિય વિપ્ર પઠાય ॥"

વેણી માધવદાસે જે સંવત–સાલ (સં. ૧૬૧૬, સાલ ૧૫૫૯)માં આ પત્રવ્યવહાર થયાનું લખ્યું છે તે તિથિ-સંવત સ્વીકારી શકાય તેમ ન હોવા છતાં કેટલાક વિદ્વાનોના મતે એ બંને વચ્ચે કોઈ પત્ર-સંદેશની આપ-લે થઈ હોવી જોઇએ.

હવે તેની સત્યાસત્યતા તપાસીએ. પ્રથમ જે મુદ્દો ઉપસ્થિત થાય છે તે આ છે. મીરાંના પદ ઉપરથી જ જાણી શકાય છે કે, જ્યારે તેમનાં સ્વજનો જ તેમને દુઃખ-કલેશ આપવા માંડ્યાં

૧ વેણી માધવદાસ 'મૂલ ગોસાઈ ચરિત' (ગીતાપ્રેસ, ગોરખપુર, સં. ૧૯૯૧), પૃ. ૧૫

ને સાધુ-સંતોના સત્સંગમાં વિઘ્ન નાખવા લાગ્યાં ત્યારે એ બધું સહન ન થાય તેવી પરિસ્થિતિએ જ્યારે પહોંચ્યું ત્યારે મીરાંએ તુલસીદાસ પાસે માર્ગદર્શન માગ્યું. હવે, પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, મીરાંના જીવનમાં આવી પરિસ્થિતિ કયારે સર્જાણી ? સ્પષ્ટ જ છે કે, તેમના સસરા અને પતિના અવસાન પછીથી જ આ થવા પામ્યું હોય. કેમ કે, ઇતિહાસ પ્રમાણે મીરાંને તેમના પતિ તરફથી કોઈ ફરિયાદ નથી. એમની ઓથ ચાલી જતાં સંસારી માયા 'કાચના કૂપા' જેવી લાગતાં મીરાં ગિરધર ગોપાલ પાછળ ઘેલી બની ગઈ. પરિણામસ્વરૂપ તેમની-મેવાડની કુળવધૂની એ રીતભાત અન્ય કુટુમ્બીજનોને કુળમર્યાદાના ઉલ્લંઘન જેવી લાગી ને ફળસ્વરૂપ દુઃખ અપાવું શરૂ થયું. એમના સસરાના મૃત્યુ (ઈ. સ. ૧૫૨૮)થી ઈ. સ. ૧૫૪૬ના સમય દરમ્યાન મહારાણા રત્નસિંહ, વિક્રમાજિતસિંહ, વનવીર અને ઉદયસિંહ મેવાડની ગાદી પર બેઠેલ. મીરાંને જે કંઈ દુઃખ-કષ્ટ મળ્યુ તે વિક્રમાજિતસિંહના રાજ્યકાળ દરમ્યાન જ. આથી સ્પષ્ટ રૂપે પ્રસ્તુત પત્ર-વ્યવહારનો સમય વિક્રમાજિતસિંહના મૃત્યુ પહેલાં (ઈ. સ. ૧૫૩૬) જ થયો હોવો જોઈએ. હવે, જો એ ઘટના ઇ. સ. ૧૫૩૬ સુધીમાં બની હોય તો, 'મૂલ ગોસાઈચરિત'માં જે ઘટના-સાલ અર્થાત્ ઈ. સ. ૧૫૫૯ (સં. ૧૬૧૬) આપી છે તેની સાથે મેળ બેસતો નથી !

બીજી તરફ તુલસીદાસના જીવન-કવનના સમયની ઐતિહાસિક તિથિઓ તપાસીએ તો પણ પત્રવ્યવહારની ઉક્ત ઘટના સાથે મેળ બેસતો નથી. તુલસીદાસના જન્મસમયના ત્રણ મત પ્રચલિત છે :

(ક) ઈ. સ. ૧૫૨૬ કે સં. ૧૫૮૩
(ખ) ઈ. સ. ૧૫૩૨ કે સં. ૧૫૮૯
(ગ) ઈ. સ. ૧૪૯૭ કે સં. ૧૫૫૪

ત્રીજો મત સ્વયં મૂળ ગો. ચ.ના કર્તાનો છે. પ્રથમ મત પ્રમાણે મહારાણા વિક્રમાજિત-સિંહના મૃત્યુ દરમ્યાન (ઈ. સ. ૧૫૩૬) તુલસીદાસ ૧૦ વર્ષના હોય; બીજા મતાનુસાર ચાર વર્ષના જ અને ત્રીજા મત મુજબ ૩૯ વર્ષના હોય. ઉક્ત પ્રથમ બન્ને મત સાથે તુલસીદાસની ઈ. સ. ૧૫૩૬ દરમ્યાનની વય તર્કસંગત લાગતી નથી. તો, ત્રીજા મત પ્રમાણે સં. ૧૬૧૬ દરમ્યાન તુલસીદાસની વય લગભગ ૩૯ વર્ષની હોય એ પણ તત્કાલીન પરિસ્થિતિ મુજબ એ ઉમ્મર દરમ્યાન તુલસીદાસની મીરાં માર્ગદર્શન માંગે તેટલી ખ્યાતિ ને પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિ હોય એ યુક્ત લાગતું નથી. કેમકે; 'મૂ. ગો. ચ.' પ્રમાણે પણ સં. ૧૬૧૬ દરમ્યાન તુલસીદાસે[૧] કોઈ પણ કાવ્યગ્રંથની રચના કરેલ ન હતી. વળી, તુલસીદાસને જે ખ્યાતિ ને પ્રતિષ્ઠા-પ્રસિદ્ધિ મળી છે તે તો તેમના સર્જન 'માનસ' દરમ્યાન જ. હવે, 'માનસ'નો રચનાકાળ સં. ૧૬૩૧ (ઈ. સ. ૧૫૭૪) સ્વીકારાયેલ છે. એ સમયે તો મીરાંનું અવસાન પણ થઈ ગયેલ ! વર્તમાન સમય જેટલાં પ્રતિષ્ઠા કે નામ ફેલાવવાનાં એ સમય દરમ્યાન સાધનો ન હતાં. જ્યાં સુધી કોઈ વિશિષ્ટ રચના ન રચાય ત્યાં સુધી પ્રતિષ્ઠા મળતી નથી ને એવી કૃતિ રચાયા બાદ પણ તેની

---

૨ ઓઝા ગૌરીશંકર હી., 'રાજપૂતાને કા ઇતિહાસ' (વૈદિક મંત્રાલય, અજમેર, સં. ૧૯૮૬) ભા.૨, પૃ. ૭૩૩

ખ્યાતિ ફેલાતાં થોડો સમય તો લાગે જ ને? આમ, સંવત ૧૬૧૬ દરમ્યાન તુલસીદાસજી પ્રસિદ્ધ ને પ્રતિષ્ઠાવન્ત સંત હોવા વિષે જ શંકા હોઈ; મીરાંએ તેમની પાસે માર્ગદર્શન માગ્યું હોય એ તર્કસંગત લાગતું નથી.

વળી, મીરાં-તુલસી પત્રવ્યવહારનો સર્વપ્રથમ ઉલ્લેખ તો વેણી માધવદાસના 'મૂળ ગોસાઈ-ચરિત'માં જ થયેલ છે. વેણી માધવદાસે તેના કથાનાયકને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસ્યો નથી; પણ અહોભાવના ને લાગણીસભર કલમે આલેખેલ હોઈ એને પ્રમાણભૂત માની શકાય નહિ. દંતકથા માત્ર એ ઇતિહાસ નથી. વળી, ઉક્ત ગ્રંથમાં તુલસીદાસના જન્મ, જન્મસ્થળ, વંશ, જાતિ વગેરે વિષે જે માહિતી આપવામાં આવેલ છે તે પણ વિદ્વાનોને પ્રમાણભૂત નહિ પણ પૂર્ણ શંકાસ્પદ લાગી છે. આમ હોઈ; મીરાંએ તુલસીદાસ પાસે પત્ર દ્વારા માર્ગદર્શન માગ્યું હોય ને તુલસીદાસે ઉત્તરમાં પત્ર–પદ પણ પાઠવ્યું હોય એ ઘટનાને ઐતિહાસિક મહત્ત્વ આપી શકાય નહિ. 'મૂ. ગો. ચ.'ના તુલસીદાસના ઉત્તરવાળા પદની 'સબ તજ હરિ ભજબો ભલો' પંક્તિમાં 'વિનયપત્રિકા'ના પદ 'જા કે પ્રિય ન રામ વૈદેહી' પદનો સાર–પદની છાંટ દેખાય છે. નાભાદાસજીરચિત 'ભક્તમાળ' (જે એક અધિકૃત ગ્રંથ માનવામાં આવે છે) કે તેમના પર લખાયેલ પ્રિયદાસની ટીકામાં ક્યાંય પણ મીરાં–તુલસી પત્ર વ્યવહારનો ઉલ્લેખ પણ નથી. આવી પરિસ્થિતિમાં આ ઘટના એ વેણી માધવદાસની જ એક કલ્પના હોય એમ ન માનવામાં કોઈ કારણ નથી! ડૉ. કૃષ્ણલાલે યથાર્થ જ નોંધ્યું છે કે, "બાબા વેણીમાધવદાસે તેમના ચરિતનાયકની મહત્તા પ્રમાણિત કરવા સારુ તત્કાલીન બધાં જ લબ્ધપ્રતિષ્ઠિત ભક્તો અને કવિઓને તુલસીદાસ સાથે સંબંધ સ્થાપિત કરવા કથાઓ ઘડી છે. આમાં લગભગ બધાં જ સ્થાન, સમય અને પાત્રની દૃષ્ટિએ વિચારતાં અસંગત અને અસંભવ લાગે છે."[3]

---

3 ડૉ. કૃષ્ણલાલ, 'મીરાંબાઇ' (હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, સં. ૨૦૦૬). પૃષ્ઠ ૪૦

ઇતિહાસમાં નવસારી–ભૂપૃષ્ઠ, પુરાવસ્તુ અને સ્થળનામોની દૃષ્ટિએ*

રમણલાલ નાગરજી મહેતા

(૧)

એક વખતના નવસારી જિલ્લાનું મુખ્ય કેન્દ્ર અને આજના વલસાડ જિલ્લાનું, તાલુકાનું મુખ્ય મથક નવસારી (૨૧° ઉત્તરઅક્ષાંસ અને ૭૩ પૂર્વ રેખાંશ પર) પૂર્ણાનદીના દક્ષિણ કિનારે આવેલું આશરે દોઢ લાખની વસતી ધરાવતું મહત્ત્વનું નગર છે. આ નગરે ઇતિહાસમાં પોતાનો વિકાસ કઈ રીતે સાધ્યો છે તે બાબતે વ્યવસ્થિત વિચારણા અદ્યાપિ થઈ નથી.

આપણાં નગરોનો ઇતિહાસ અને તેનાં વિકાસ, ચડતી, પડતી, પુનરુત્થાન ઇત્યાદિ તેની તેજછાયાનો રસિક ભૂતકાળ સામાન્ય રીતે જે તે શહેર, નગર કે ગામના લોકોને સ્વાભાવિક રીતે આકર્ષે છે. પરંતુ તેનું વ્યવસ્થિત અધ્યયન થતું નથી, તેથી દરેક ગામના ભૂતકાળ માટે નાની મોટી દંતકથાઓ, તેને માટેનાં પુરાણો, તથા કેટલાક ઉત્સાહી કાર્યકર્તાઓના પ્રયત્નોના ફલસ્વરૂપે તે સ્થળના ઇતિહાસ માટેનાં લખાણો ઉપલબ્ધ હોય છે. તેનો જનસમાજમાં પ્રચાર પણ હોય છે. કિન્તુ આ પ્રકારના સ્થાનિક ઇતિહાસો પરત્વે કેળવણી અને શિક્ષણની સંસ્થાઓનું મોટે ભાગે દુર્લક્ષ હોય છે, તે ખેદનો વિષય છે. આ પરિસ્થિતિમાં હવે ફેર પડવા માંડયો છે અને સ્થાનિક શિક્ષણસંસ્થાઓ કેટલીકવાર પોતાના નગરની તવારીખની તેજછાયાની વિગતો ભેગી કરવાનો પ્રયત્ન કરે છે. તેને માટેનાં વ્યાખ્યાનોનું આયોજન કરે છે એ શુભ ચિહ્ન છે. જે પ્રજા પોતાના અતીતના જ્ઞાનથી વંચિત હોય તે સાંસ્કૃતિક વિશ્વમાં ઘણી પછાત રહે છે અને બીજાં ક્ષેત્રોમાં પણ તેની પરંપરાના જ્ઞાન સિવાય તેની પ્રગતિ રુંધાય છે, તેથી ગુજરાત ઇતિહાસ પરિષદ તરફથી લોકપ્રિય વ્યાખ્યાનશ્રેણી દ્વારા આ ઊણપ પૂરી પાડવાનો પ્રયત્ન થાય છે. તેના એક અંગરૂપે આ વ્યાખ્યાન અત્રે યોજવામાં આવ્યું છે તે નવસારીના લોકોનો ઇતિહાસ માટેનો જાગૃત અભિગમ દર્શાવે છે.

ઇતિહાસ માટેની નવસારીની આ જાગૃતિ પ્રમાણમાં જૂની છે. મહેરજી રાણાની નોંધો, આદિ લખાણો વગેરે વિવિધ પ્રમાણો તથા અધ્યયનને આધારે નોશારકા દેશાઈ શોરાબજી મંચરેજીએ ‘ તવારીખે નવસારી ’ લખીને તેની પ્રથમ આવૃત્તિ ૧૮૯૭માં છપાવેલી. તેની બીજી આવૃત્તિ તેમના જન્નતનશીન થયા બાદ ધનજીભાઈ હોરમશ મહેતાએ ૧૯૩૯માં છપાવીને ઇલ્મે તવારીખની ખિદમત કરી છે તે માટે નવસારી તથા આ વક્તા તેમના ઋણી છે.

---

* ૧૯૮૩ની ૭મી ફેબ્રુઆરીએ નવસારી ગાર્ડા કોલેજમાં ગુજરાત ઇતિહાસ પરિષદને આશ્રયે આપેલું વ્યાખ્યાન.


નવસારી

આ તવારીખમાં ઘણી માહિતી છે પણ તેમાં નવસારીનો ક્રમશઃ વિકાસ કેવી રીતે થયો, તેમાં વસતી કેવી રીતે વ્યવસ્થિત થઇને સલાહસંપથી પોતાનું કામ કરીને ગામને આબાદ કરે છે વગેરે પ્રશ્નો દૃષ્ટિબિંદુના ભેદને લીધે તપાસ્યા નથી તેથી અત્રે આ પ્રશ્નોનો ઉત્તર આપીને નવસારીનો વિકાસ કેવી રીતે થયો તે બાબતે વિચારણા કરીશું.

આ વિચારણાના મૂળમાં શેરાબજી મંચરેજીના ગ્રંથ ઉપરાંત વક્તાનો નવસારીનો પરિચય કારણભૂત છે. નવસારીમાં ઘણો વખત રહેવાનું થવાથી તેમ જ અધ્યયનપ્રસંગે નવસારીના ઉલ્લેખો, તથા નવસારીમાંથી મળેલી વસ્તુઓ તપાસવાની હોઈ આ સ્થળનો પ્રત્યક્ષ પરિચય અને અનુરાગ હોવાથી આ વ્યાખ્યાન તૈયાર થઈ શક્યું છે.

(૨)

નવસારી દક્ષિણ ગુજરાતનું મહત્ત્વનું કેન્દ્ર છે. તેમાં જન્મેલા અને વસેલા દાદાભાઈ નવરોજજી, તથા જમસેદજી નસરવાનજી તાતા કુટુંબનાં નામ વિશ્વવિખ્યાત છે. આ મહત્ત્વના નગરનું નામ નવસારી કેવી રીતે પડયું તે પ્રશ્નનો ઉત્તર આપવા માટે તેના સ્પષ્ટ ઉલ્લેખોની તપાસ જરૂરી છે.

બોંબે ગેઝેટિયરે ઈજીપ્તના ટોલમી ભૂગોળલેખકના વર્ણનમાં આવેલા નરસીપા (Narasipa) નામને નવસારી સાથે સાંકળી લેવાની કોશિશ કરી છે. આ બાબત સંદિગ્ધ ગણવામાં આવે એવી છે, કારણકે ટોલમીએ જુદાં જુદાં ગ્રીક લખાણોમાંથી માહિતી ભેગી કરીને લખ્યું હતું અને એ લખાણોની ચોકસાઈ પણ શંકાસ્પદ છે.

આવી પરિસ્થિતિમાં નવસારીનો સ્પષ્ટ ઉલ્લેખ સંવત ૪૨૧ = ઈ. સ. ૬૬૯ના શ્રયાશ્રય શીલાદિત્યના તામ્રપત્રમાં મળે છે. તેણે નવસારિકામાં રહીને એ જ ગામના રહીશ કાશ્યપગોત્રના અધ્વર્યુ ભોગિકસ્વામીને આસદિ ગામ દાનમાં આપ્યું હતું. આ તામ્રપત્રનો ઉલ્લેખ 'નવસારિકા' નામ દર્શાવે છે. આ અસંદિગ્ધ સૌથી જૂના ઉલ્લેખ પરથી મળતા 'નવસારિકા' નામ પરથી સમય જતાં નવસારિયા અને નવસારી ગામનું નામ થાય. નવસારી પરથી નૌસારી જેવો ઉચ્ચાર અને જોડણી તૈયાર થાય.

આ ઉલ્લેખ પછી નવસારીનો બીજો ઉલ્લેખ શક સંવત ૭૩૪માં અર્થાત્ ઈ. સ. ૮૨૧માં મળે છે. પ્રથમ ઉલ્લેખ પછી ૧૫૨ વર્ષ બાદ મળતા લખાણને આધારે નવસારીમાં જૈન ચૈત્યાલય વસતી વગેરે અસ્તિત્વ ધરાવતાં હતાં. અહીંના અપરાજિત નામના ગુરુને કર્કસુવર્ણવર્ષ નામના રાષ્ટ્રકૂટવંશના રાજાએ દાન આપ્યું હતું. અપરાજિત સુમતિના શિષ્ય હતા અને સુમતિ એ પ્રખ્યાત દિગંબર જૈન આચાર્ય મલ્લવાદીનો શિષ્ય હતો. મૂલસંઘની સેનસંઘ શાખાના આ જૈન ગુરુને આપેલા દાનપત્રમાં નવસારિકાનું નામ 'નાગસારિકા' વંચાય છે. નાગસારિકા નામ આમ નવસારિકા કરતાં નવું તથા જુદું હોઈને બન્ને શબ્દો માટે વિવાદ પેદા થાય છે.

નવસારિકા એ જૂનો શબ્દ છે. તેનો અર્થ નવ અર્થાત્ નવું અને સારિકા એ આશ્રયસ્થાન-સૂચક શબ્દ હોઈ બન્નેનો અર્થ 'નવું આશ્રય સ્થાન કે વસવાટ' થાય. આમ પૂર્ણાનદીને કાંઠે વસેલા નવસારીનો અર્થ સ્પષ્ટ છે. પરંતુ તેનો બીજો શબ્દ 'નાગસારિકા' છે. આ શબ્દ તામ્રપત્રમાં સ્પષ્ટ છે. બ્રાહ્મીલિપિમાં 'વ' અને 'ગ' વચ્ચે બહુ તફાવત નથી તેથી કર્કસુવર્ણ-વર્ષના તામ્રપત્રમાં કોતરતી વખતે નીચેના ભાગમાં ટાંકણું મારવાનું ચૂકી જવાય તો 'વ'ને બદલે 'ગ' અક્ષર વંચાય એવી પરિસ્થિતિ સર્જાય. આવી ભૂલો તામ્રપત્રોમાં થતી હોવાના ઘણા દાખલા છે. જો આ દલીલ ગ્રાહ્ય રાખવામાં આવે તો નવસારીનું બીજા તામ્રપત્રમાં પણ નામ એ જ રહે અને તેથી નવસારી શબ્દનો બીજો અર્થ શોધવાની જરૂર પડે નહીં. પરંતુ આ ભૂલ હોવાને બદલે સ્થળનામ બદલવાની પ્રક્રિયા હોવાનો પૂરતો સંભવ છે.

કર્કસુવર્ણવર્ષનું તામ્રપત્ર યોગ્ય રીતે લખાયું છે એવો આગ્રહ રાખવામાં આવે તો નવસારીનું નામ આ સમયે બદલીને 'નાગસારિકા' કરવામાં આવ્યું હતું એમ સમજાય. આ પરિસ્થિતિમાં નાગસારિકા એટલે નાગદેવથી રક્ષિત આશ્રય સ્થાન એવો નવસારી શબ્દનો અર્થ કરવો પડે. આ અર્થ ઘટાવવાનાં પ્રમાણ તરીકે નવસારીમાં નાગતલાવડી પરની પ્રાચીન નાગ-મૂર્તિનું સ્મરણ કરવું પડે. આ નાગશિલ્પ નવસારીમાં આશરે નવમી-દશમી સદીનું ગણાય એવી શૈલીનું હતું. તેની પર હાલમાં થયેલાં રંગરોગાનથી તેની આખી સૂરત બદલાઈ ગઈ છે જે ઇતિહાસના અધ્યયન માટે બાધક છે. આ નાગદેવતાની તલાવડીથી થોડે દૂર નવસારીનો વસવાટ સ્થાનિક ભૌગોલિક કારણોને લીધે હતો. રાષ્ટ્રકૂટોએ નવસારિકાનું નામ બદલ્યું હોવાની માન્યતાને સોલંકી તથા પારસીપરંપરાને લીધે બળ મળે છે.

નાગસારિકા પરથી નાકસારિઆ પરથી નાઅસારિયા અને તેની પરથી નવસારી શબ્દ વ્યુત્પન્ન થયો છે એવી વિચારણા દર્શાવવી પડે. પરંતુ તેનાં કેટલાંક બાધક પ્રમાણો ધ્યાનમાં રાખવા જેવાં છે. લગભગ આ યુગનું નગરક નગરા બન્યું છે, તે જ પ્રમાણે નાગદા, નાગોર, નાગપુર વગેરે ગામોનાં નામમાં નાગ'માંથી 'નાઅ' ઉચ્ચાર થયો નથી, તેથી ભાષાકીય શક્યતા હોવા છતાં તેને માટે કદાચ વધુ લાંબો સમય જરૂરી ગણાય, તેથી આ વ્યુત્પત્તિ સ્વીકારતાં વિચાર કરવો પડે એમ છે.

આમ નવસારી શબ્દના અર્થ માટે જૂના ઉલ્લેખો પરથી વિચારણા ઉત્પન્ન થાય છે. પરંતુ આ તામ્રપત્રોના પુરાવાઓ પ્રાપ્ત થયા તે પહેલાં નવસારી શબ્દના અર્થ માટે વિચારણા થયેલી છે, તેમાં પારસીપરંપરા તથા મુસલમાનો દ્વારા વિકસિત ફારસીપરંપરાનો સમાવેશ થાય છે.

પારસીપરંપરામાં નવસારી શબ્દનો અર્થ નવ એટલે કે નવી અને સારી અર્થાત્ ઇરાનનું 'સારી' શહેર એમ નવસારીનો અર્થ નવીસારી કરવામાં આવ્યો છે તે મહેરજી રાણા દસ્તુરના ખાનદાનના એક વહેંચણીપત્રના શ્રી શોરાબજી મહેરજી દેશાઈએ આપેલા ઉતારા પરથી સ્પષ્ટ થાય છે. તે ઉલ્લેખ પ્રમાણે "......તેવાર પછે આંપરો સને ૫૧૧માં ફરવદીન મહીનો ને દીન રોજે આપરે નાગમંદલમેં આવી મોકામ કીધો. અને એ જગોની આબોહવા જોઈ દશતુરે કહ્યું જે કે જેવી આપરાં શારી ગામની હતી તે મીશાલેની આબોહવા એ ગામની છે માંથે એ જગાનું

નામ નવીસારી રાખો તે દનથી નવસારી નાગમંદલ લખાઈજી બાકી આગોદા તો નાગમંદલ લખાતું તું " (તવારીખે નવસારી પૃ. ૧૧).

આ પરંપરા નવસારીનો અર્થ તેમની રીતે ઘટાવે છે અને નવસારી નાગમંડળમાં હતું તેવી અનુશ્રુતિ નોંધે છે. આ અનુશ્રુતિની નોંધ ચાલુક્ય અને રાષ્ટ્રકૂટોની પરંપરા પરથી પેદા થયેલી લાગે છે. વળી નવસારીના સોલંકીકાળના ઉલ્લેખોમાં પણ આવી પરિસ્થિતિ દેખાય છે. રાષ્ટ્રકૂટોએ વિકસાવેલી 'નાગસારિકા' નામની પરંપરા પાછળથી ચાલુ રહેલી દેખાય છે, તે જોતાં નવસારી શબ્દ નાગસારિકા પરથી વ્યુત્પન્ન કરવાના પ્રયત્નો પાછળની રાષ્ટ્રકૂટપરંપરા દેખાય છે. જો ઐતિહાસિક ક્રમાનુસાર વિચાર કરવામાં આવે તો ઉપરોક્ત વિચારણામાં ચાલુક્યો નવસારિકા લખતા તેમાંથી રાષ્ટ્રકૂટોએ નાગસારિકા લખવાનું શરૂ કરીને આ સ્થળનું નામ બદલ્યું હોય એમ લાગે છે. આ નામ બદલાયું હોવા છતાં જૂનું નામ 'નવસારી' વધુ ટક્યું છે તે નોંધવાની જરૂર છે.

નવસારીના અર્થ માટેની ત્રીજી પરંપરા મુસલમાનોએ વિકસાવેલી ફારસીપરંપરા છે. તેમણે નવસારીનો અર્થ નવસરેહ અર્થાત નવ ધર્મશાળાઓ કર્યો છે. આમ નવસારી શબ્દનો અર્થ સ્પષ્ટ કરવાના થયેલા પ્રયત્નોમાં ઐતિહાસિક કાળક્રમની દૃષ્ટિએ સૌથી પ્રાચીન ભારતીય પરંપરાનો 'નવસારિકા' શબ્દનો અર્થ સુસંગત છે. તેની સાથે પારસીપરંપરાએ તેમનાં "સારી" ગામનું નવું સ્થાન તે નવસારી એમ બુદ્ધિપૂર્વક કરેલો અર્થ છે. મુસલમાનોની ફારસી-પરંપરાના અર્થમાં નવસારીમાં જૂની નવ ધર્મશાળાઓ નથી એ જેમ બાધક પ્રમાણ છે તેમ નવસારીની પારસીપરંપરાનું બાધક પ્રમાણ તેમના નવસારીના આગમન પહેલાં આ સ્થળે નવસારિકા નગર હતું એ ઐતિહાસિક હકીકત પૂરું પાડે છે. તેથી જૂની ભારતીય પરંપરાનો અર્થ સ્થિર થતો દેખાય છે.

(૩)

નવસારીના નામનો અર્થ સમજાયા પછી મહત્ત્વના પ્રશ્નો ઊભા થાય છે કે મૂળ નવસારીનું સ્થાન ક્યાં હતું અને તેનો વિકાસ કેવી રીતે થયો ? આ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયાસ સ્થાનિક ભૂગોળ તથા પુરાવસ્તુને આધારે થઈ શકે. આ પ્રયાસમાં સ્થળનામો તેમનો ફાળો આપીને વિવિધ પ્રશ્નના ઉત્તરો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

નવસારી પૂર્ણાનદીને દક્ષિણકિનારે વસેલું નગર છે. સામાન્ય રીતે નદીકાંઠાનો ભાગ ધોવાણને લીધે પડેલાં નાળાં, કાંસ તથા બાકી વધેલા ટેકરાઓને લીધે ખાડાટેકરાવાળો હોય છે તેથી ઉપલક દૃષ્ટિએ ગુજરાતનાં સપાટ મેદાનમાં આવેલું હોવા છતાં સૂરતની માફક નવસારી પણ ખાડાટેકરાવાળું ગામ છે. નવસારીનું સ્થળ તપાસતાં સ્પષ્ટ થાય છે કે જૂના થાણા પાસે ભેંસાતખાડી અને કાલિયાવાડી તથા જૂના થાણા વચ્ચે કોતરો પડેલાં છે.

તે જ રીતે દૂધિયાતળાવ તરફ તપાસ કરવામાં આવે તો તેમાં પૂર્વ તરફથી લુણશીકૂઈ તરફનાં ખેતરોનું પાણી આવે છે અને દક્ષિણ તરફ વિજલપોરના મંકોડિયા વિસ્તારનું પાણી

આવે છે. આ કોતરોથી જમીન ખાડાટેકરાવાળી બનેલી છે. તેમાં નીચાણવાળા ભાગો પર પાળ બાંધીને આ તળાવ બનાવ્યું છે. દુધિયા તળાવની ઉત્તરે એક ખાડી નીકળે છે તે ટાવર અને મધોમતીના વિસ્તારમાં થઈને તાતાસ્કૂલ તરફ નીકળી જાય છે. તેમ જ દુધિયા તળાવની પશ્ચિમે તેની પાળની નજીક નાગતલાવડી આવેલી છે તેનું પાણી સાંઢકૂવા પાસેથી પૂર્ણા નદી તરફ નીકળી જાય છે.

આ નાળાંને લીધે નવસારીની ભૌગોલિક પરિસ્થિતિમાં દડંગવાડથી મધોમતી અને દુધિયા તળાવની ઉત્તરેથી ગોલવાડ, કોટમહોલ્લો, પારસીવાડ વગેરે વિસ્તારોને આવરી લેતા ટેકરાઓનો વિસ્તાર દેખાય છે તે રીતે જૂના થાણા પર ટેકરાઓ દેખાય છે. આ ટેકરાઓ માનવ-વસાહતને માટે અનુકૂળ ગણાય. નવસારીમાં આ ભૌગોલિક પરિસ્થિતિ જાણીતી છે, તેથી ત્યાં "નવસારી તો એવી આડી કે વચમાંથી નીકળે ખાડી" જેવી લોકોક્તિઓ પ્રચારમાં છે.

આ ભૌગોલિક પરિસ્થિતિમાં જૂનું નવસારી કયા વિસ્તારમાં હશે એ પ્રશ્નની વિચારણા માટે શ્રયાશ્રય શીલાદિત્ય અને કર્કસુવર્ણવર્ષનાં તામ્રપત્રો કેટલીક મદદ આપે છે. ચાલુક્ય યુવરાજ શ્રયાશ્રય શીલાદિત્યે નવસારીના અધ્વર્યુ ભોગિકસ્વામીને દાન આપ્યું હતું અને કર્ક-સુવર્ણ વર્ષે અહીંના જૈનચૈત્યાલય અને વર્સાતિકાનો ઉલ્લેખ કર્યો છે. આ બન્ને પરંપરાઓ ભેગી કરતાં એક હકીકત નજરે પડે છે કે નવસારીમાં બ્રાહ્મણો અને જૈનો વસતા હતા. આ પરિસ્થિતિ આજે પણ છે.

ગુજરાતમાં સાધી, નગરા, કામરેજ જેવાં સ્થળોએ બ્રાહ્મણોની વસતી હતી. અહીં જૂની બ્રહ્માની મૂર્તિઓ છે. જો આ પરંપરા સ્વીકારવામાં આવે અને તેને નવસારીમાં તપાસવામાં આવે તો નવસારીની પટવા શેરીમાં આશરે અગિઆરમી સદીની ગણાય એવી મનોહર બ્રહ્માની પ્રતિમા છે. આજે આ સ્થળે બ્રાહ્મણોની વસ્તી નથી, પરંતુ તેની નજીકમાં જોષી મહોલ્લા જેવાં સ્થળો છે. ભારતીય નગરરચનાની પરંપરામાં બ્રહ્માનું મંદિર કેન્દ્રસ્થ હોવાના સંકેતો ચંદ્રાવતી જેવાં સ્થળેથી પ્રાપ્ત થાય છે એ એક સૂચક હકીકત છે. આ પરિસ્થિતિની સાથે નવસારીનાં જૈનચૈત્યાલય અને વસ્તીની તપાસ જરૂરી છે. અહીં મધોમતીમાં જૂનું જૈનદેરાસર છે. મધોમતી પટવા શેરી પાસેનો વિસ્તાર છે. આમ જૈન અને બ્રાહ્મણ વસ્તીના સૂચક પુરાવાઓ એકબીજાની નજીક હોવાથી આ પુરાવસ્તુઓ પ્રમાણે પ્રાચીન નવસારી માટે અભિપ્રાય આપવો હોય તો લાટના ચાલુક્યોના સમયમાં નવસારીની વસતી મધોમતી, પટવાશેરીના ટેકરા પર હતી. તેની પ્રાચીનતા કેટલી છે તે બાબત વધુ તપાસ અપેક્ષિત છે. પરંતુ આ સ્થળથી તેના પુરાવા મળવાની સંભાવના છે.

આમ નવસારીની મૂળ વસ્તીના એક ભાગની શેષવત્ અનુમાન દ્વારા સૂચના મળે છે. તેની સાથે બીજી બાબત તરફ ધ્યાન ખેંચવા જેવું છે. નવસારીમાં શ્રયાશ્રય શીલાદિત્ય આવ્યો હતો, તેમ જ નવસારીમાં નાનું રાજકીયકેન્દ્ર હતું ત્યાંથી આ પ્રદેશ પર રાજકર્તાઓ અધિકાર ચલાવતા. આ રાજકર્તાઓનું રહેઠાણ કયાં હશે એ પ્રશ્નના ઉત્તર માટે પણ સ્થળ–નામનો આશ્રય લેવો પડે છે.

નવસારીમાં આવાં સૂચક સ્થળો કોટમહોલ્લો અને શીલોટવાડ છે. સામાન્યતઃ કોટ શબ્દ નાના કિલ્લાનું સૂચન કરે છે. આ સૂચન પરથી અહીંના રાજકર્તાઓનો દુર્ગ, ગઢ કે કોટ અહીં હતો એવું અનુમાન થઈ શકે. એ અનુમાનને પુષ્ટિ આપે એવો તેની પાસેનો શીલોટવાડ છે. આ નામ હથિયારો બનાવનાર સીકલીગરોનું નિવાસસ્થાન સૂચવે છે. રાજ્યસત્તાના નિવાસ પાસે આવાં શસ્ત્રાસ્ત્રો બનાવનાર લોકોનો વસવાટ હોવાનું અમદાવાદનો ઢાલગરવાડ, સલાપસ રોડ તથા પાટણની ઢાલગરાની જગ્યા દર્શાવે છે. તેથી નવસારીમાં આ વિસ્તાર રાજ્યસત્તાનું નિવાસસ્થાન સૂચવે છે. સામાન્યતઃ જ્યારે રાજ્યસત્તા બદલાય ત્યારે જો તેણે જૂના સ્થળે જ કામ ચાલુ રાખવું હોય તો સરકારી અવાસોમાં નવી સત્તા કામ કરતી થાય છે એવો અનુભવ છે. તેથી કોટ મહોલ્લાવાળા વિસ્તારમાં અહીંના રાજ્યના કારભારીઓ વસતા હશે અને અહીં શ્યાશ્રય શીલાદિત્યે મુકામ કર્યો હોય એવી કલ્પના થઈ શકે.

આ કલ્પના સ્વીકારતાં પ્રાચીન નવસારી દડંગવાડથી ગોલવાડ સુધીના રસ્તાઓ પર થોડું-ઘણું બંધાયું હતું. આ વિસ્તારની નજીક નવી વસાહત થઈ હોવાનાં એંધાણ પારસીવાડ આપે છે.

(૪)

નવસારીમાં પારસીઓ ક્યારે આવ્યા? એ સવાલનો જવાબ પારસીપરંપરામાં સચવાયો છે. સામાન્યતઃ મોબેદ બહમન કેકોબાદે 'કિસ્સ એ સંજાણ'માં આપેલી હકીકતમાં આ પ્રવૃત્તિનો હેવાલ લખ્યો છે, તે મુજબ પારસીઓ દક્ષિણ ગુજરાતમાં આઠમી સદીમાં આવ્યાની નોંધ છે. આ સમયની દક્ષિણ ગુજરાતની રાજકીય સ્થિતિમાં અહીં બાદામીના ચાલુક્યોની શાખા રાજ્ય કરતી હોય એમ દેખાય છે. તે શાખાના અવની જનાશ્રય પુલકેશીરાજે નવસારી પાસે અરબોને હરાવીને પાછા કાઢયાની વાત આજે જાણીતી છે. ઇરાનમાં પારસીઓને હરાવનાર અરબોનાં સૈન્યને પરાસ્ત કરનાર ચાલુક્યો તરફ પારસીઓ સ્વાભાવિક રીતે આકર્ષાયા હોય અને દીવથી દક્ષિણ ગુજરાતમાં આવ્યા હોય એ બનવાજોગ છે. અહીંના અને દક્ષિણના રાષ્ટ્રકૂટો અને ચાલુક્યો વચ્ચેના સંઘર્ષમાં રાષ્ટ્રકૂટો સફળ થયાથી તેમની સત્તા દક્ષિણ ગુજરાતમાં જામી, ત્યાર બાદ તેમના સમયનાં ચિંચણીથી મળેલાં તામ્રપત્રોમાં કેટલાંક નામો ઇરાની છાયાવાળાં છે તે આ પારસીઓનું કદાચ સૂચન કરતાં હોય એ સંભવ વિચારવા જેવો છે. દક્ષિણ ગુજરાતમાં ચાલુક્યો અને રાષ્ટ્રકૂટોની સત્તા નીચે પારસીઓ જુદા જુદા નગરમાં ફેલાયા, પરંતુ નવસારીમાં પારસીઓ ક્યારે આવ્યા તે બાબત તેમની પરંપરા પ્રમાણે "કામદીન જરથોસ્ત નામના જે પારસીએ પોતાનાં પહેલાં પવિત્ર પગલાં નવસારીમાં મૂકયાં તેણે ઈ. સ. ૧૧૪૨માં અત્રે આવી ધરમ ટેકડીવાલી સારી હવાની જગાને તેવું નામ આપ્યું" એમ શ્રી શેરાબજી મંચેરજી દેશાઈનું કથન (તવારીખે નવસારી, પૃ. ૧૭૩) સ્પષ્ટતા કરે છે. જો આ તારીખ સ્વીકારવામાં આવે તો સિદ્ધરાજ જયસિંહના મરણના એક વર્ષ પહેલાં પારસીઓ નવસારી આવ્યા અને 'ધરમટેકડી' પર પોતાનું સ્થાન જમાવ્યું.

આ પારસીઓની 'ધરમટેકડી'એ આજનો મોટા પારસીવાડનો ટેકરો છે. અહીં તેમના આતશ બહેરામ, દરેહમહેર, આદરાન, અગિયારી વગેરે આવેલાં છે તથા પારસી દસ્તૂરો તથા

મોબેદોની વસતી આ વિસ્તારમાં છે. આ સ્થળે પારસીપુરીનું અસ્તિત્વ સ્વીકારતાં સમજાય છે કે જૂના કોટની ઉત્તરે આવેલા ટેકરાઓ પર તેમણે વસવાટ કર્યો. નવસારીમાં પારસીઓનું આગમન "મોટા જથ્થામાં વસવાને અને ધંધો કરવાને" થયું (શો. મ. દેશાઈ. પૃ ૧૬૭) ત્યારે આ વિસ્તારમાં વસતી નહિવત્ હશે. એક તરફ પૂર્ણા નદી અને બીજી તરફ રાજ્યાશ્રયની વચ્ચે ટેકરાપર પારસીઓ સ્થિર થતા દેખાય છે. આ ટેકરા પરથી પારસીઓની વસતી ધીમે ધીમે વધી અને નીચાણવાળા ભાગ પર થઈ લાગે છે. આ સ્થળના ટેકરાઓ અને વસવાટની સ્થિતિ સ્પષ્ટ કરતાં શેરાબજી મંચેરજી લખે છે કે "નવસારીની અસલી હાલત એવી જ હતી કે ટેકડા ટેકડીની જગા, વચમાં ભર બજારમાં પાણી જવાની ખીણ અને લોકો હાલના બોદાલી ગામની માફક જુદા જુદા ટેકરા ઉપર મોહોલ્લા બનાવીને વસતા હતા. મધોમધ વાલી ખાહીમાંથી ગાડાં અને માણસને રસ્તો કાપવો પડતો હતો......વસતી વધવા લાગી એટલે ટેકડાઓની નીચે મહોલ્લાઓ થવા લાગ્યા......એ પ્રમાણે આ જગાની હકીકત છે. ગોયા દાદરની માફક મોહોલ્લા નવસારી ધરાવે છે. જેમકે કાછીવાડી આમળનો દેશાઈવાડ ૧લુ ફાગ્યું, ૨જુ તેથી જરા ઊંચું પારસવારો દેસાઈ મહોલ્લો, ૩જુ પગડયું "મોટું બાર"ને નામે ઓળખાતો દેસાઈવાડ, ૪થું પાવડીવાડ, વળી ઊંચું, ૫મું તેથી ઊંચું કુતારવાડ, ૬ઠું તેથી ઊંચું વલી મુસલમાનોનો કોટ, એ પ્રમાણે ૬ પગથ્યાંના દાદર રોકો મોહોલ્લા છે." (તવારીખે નવસારી, પૃ. ૧૩).

આ વર્ણન પરથી સ્પષ્ટ થતી હકીકતમાં દડંગવાડથી ગોલવાડ સુધી પ્રસરેલી વસતી હોવાનું દેખાય છે. તેથી આ વિસ્તારની ઉત્તરે ખાલી જગ્યામાં પારસી મોહોલ્લાઓ ઊંચાણમાં વસ્યા. ત્યાંના નીચાણવાળા ભાગ તરફ 'તગેટા' બજાર છે. આ શબ્દ તલ તરફનું અર્થાત્ નીચાણવાળા ભાગનું બજાર એવો અર્થ આપે છે, એ સૂચક છે.

વળી પારસી લોકોનાં રહેઠાણની શરૂઆત કેવી રીતે થઈ તેની કેટલીક સ્પષ્ટતા તેમના વિભાગો પરથી થાય છે. નવસારીમાં પહેલા આવનાર કામદીન જરથોસ્તના પુત્રો રાણા અને મોવદે સંજાણથી મોબેદોને બોલાવ્યા, કારણ કે પારસીઓની વસતી વધવાથી તેમને અધ્યારુઓની ખોટ સાલવા લાગી. તેથી સંજાણથી તે વખતે હોમ બહ્મન્યાર પોતાના બેટા ફરેદુન અને તેના ત્રણ બેટા આશા, માહીઆર અને ચાંદાને લઈને આવ્યો. આ ત્રણ અને કામદીન જરથોસ્તના બે બેટા રાણા અને મોવદ મળીને પાંચ પોળ થઈ છે. આ હકીકતને ઐતિહાસિક કાલક્રમમાં ગોઠવવામાં આવે તો આ બનાવ કુમારપાળના અમલ દરમિયાન બન્યો હોવો જોઈએ. તેથી કુમારપાળના વખતનું નવસારી મધોમતીથી દડંગવાડ, કોટ અને તેની આજુબાજુનો વિસ્તાર તથા વધતા જતા પારસીવાડને આવરી લેતું હશે. આ નવસારીથી દૂર સતીમાતાની દેરી, દુધિયા તળાવ પર ગામબહાર મંદિરો હશે એવી પરિસ્થિતિ ત્યાં પડેલ સ્થાપત્યાવશેષો તથા મળતા જતા કોતરેલા પથ્થરો પરથી સમજાય છે.

પારસી લોકોની પાંચ પોળ થઈ એ હકીકતમાં પોળ શબ્દ ઘણો મહત્ત્વનો છે. નવસારીમાં પોલ્યા દેશાઈની જગ્યા છે. આ પરિસ્થિતિમાં પોળ એ મૂળ વસવાટસૂચક શબ્દ હોઈ તેનું મહત્ત્વ ઘણું છે. સંસ્કૃતમૂળનો પોળ શબ્દ ચારેબાજુ બંધ હોય અને તેમાં દાખલ થવાનો એક દરવાજો હોય એવી એક જ ન્યાતના લોકોની વસાહતનું નામ છે. આથી પારસીઓનાં

અધ્યારૂઓના પાંચ લોકોએ પોતપોતાને રહેવા માટે અલગ પોળ બનાવી એમ સમજાય છે. આવી પોળ આપણાં શહેરોમાં ઘણી હોય છે. એવી પોળના ઘણા અવશેષો ચંદ્રાવતીમાં મળ્યા છે. ઉત્તરભારતમાં પોળને બદલે 'કટરા' શબ્દ પ્રચલિત છે, જ્યારે ગુજરાત અને રાજસ્થાનમાં પોળ શબ્દનો પ્રચાર છે, તેથી પારસીઓની પાંચ પોળ નવસારીમાં જૂની વસ્તી કયા પ્રકારની હશે તેની કેટલીક હકીકતો દર્શાવે છે. આ પાંચ પોળમાં વસતાં ખાનદાનો વધતાં તેમાંથી ૪૫ કુટુંબોનો વિકાસ થયો હતો.

ચૌદમી સદીના પ્રારંભ સુધીના નવસારીનો વિકાસ કુમારપાળના સમયના વિકાસ કરતાં ખાસ વધ્યો હોય એમ લાગતું નથી. તેથી સમગ્ર દૃષ્ટિએ જોતાં સોલંકી-વાઘેલા સમય સુધીનું નવસારી પૂર્વમાં દડંગવાડ, દક્ષિણે કુંભારવાડ, કડિયાવાડ, પશ્ચિમે દૂધિયા તળાવથી ગોલવાડગેટ સુધીના વિસ્તારમાં તથા ઉત્તરે મોટા પારસીવાડના કેટલાક ભાગોમાં વસ્યું હતું. તેમાં પારસીવાડની પશ્ચિમ તરફના ભાગો અને કોટની દક્ષિણના કેટલાક ભાગોમાં વસ્તી છૂટીછવાઈ હોવાનું અનુમાન થઈ શકે છે. તેમજ કદાચ દક્ષિણમાં નુરસતગરનાં સ્થાનમાં કંઈક વસતી હોવાની માન્યતા છે, પરંતુ તેમાં વધુ પુરાવા અપેક્ષિત છે.

(૫)

ચૌદમી સદીના પ્રારંભમાં ઇ. સ. ૧૩૦૪=વિક્રમસંવત ૧૩૬૦ના ભાદરવા સુધી ગુજરાતમાં કર્ણ વાઘેલાની સત્તા હોવાનો પુરાવો સાંપલા ગામમાંથી મળેલો આરસપહાણનો દ્વિભાષીલેખ પૂરો પાડે છે. આથી ઈ. સ. ૧૩૦૪ પછી રાજકીય સત્તા બદલાઈ તેની અસર નીચે નવસારીમાં પણ ફેરફારો થયા લાગે છે. આ અસરમાં નવસારીમાં મુસલમાનોની વસતીનો વધારો મુખ્ય છે.

ગુજરાતના કિનારાનાં ગામોમાં અને સંભવતઃ અંદરનાં ગામોમાં મુસલમાનોની અવરજવર અને રહેઠાણો આરબોએ ઈસ્લામનો સ્વીકાર કર્યો ત્યાર પછી હોવાના પુરાવાઓ છે. પરંતુ રાજકીય દૃષ્ટિએ ગુજરાતમાં ઇસ્લામના અનુયાયીઓની સત્તા તુર્કોએ ચૌદમી સદી પછી જમાવી ત્યારબાદ ઈસ્લામનો રાજ્યાશ્રય વધ્યો.

સામાન્યતઃ મુસલમાનોની સત્તા નીચે નવસારી આવ્યું ત્યારબાદ તેમાં થયેલા ફેરફારોમાં ઇસ્લામની જરૂર પ્રમાણેનાં સ્થાપત્યો તથા રાજસત્તાનાં કેન્દ્ર પરની પરિસ્થિતિ મુખ્યત્વે જોવામાં આવે છે. નવસારી કોટમહોલ્લો જૂના રાજકીય કેન્દ્રની સૂચના કરે છે. ત્યાં વાઘેલા રાજ્યસત્તાના અસ્ત પછી ખાલી પડેલા સ્થાનનો દિલ્હીના સુલતાનો અને ત્યારબાદ મુઝફ્ફરી સુલતાનોએ ઉપયોગ કર્યો હોવાના પુરાવારૂપે ત્યાંની મુસલમાન વસ્તી તથા મસ્જિદ ગણાવાય.

પ્રચલિત માન્યતાનુસાર ઈ. સ. ૧૩૨૧માં નવસારીમાં જમીન બક્ષિસ આપવામાં આવી હતી અને તેને મલેક ઉત્તુજ્જારનો ખિતાબ આપવામાં આવ્યો હતો. ખલજી અમલ અને તુઘલક સત્તાની સાઠમારીનાં વર્ષોમાં બનેલો આ બનાવ વિચારણા માગી લે છે. પરંતુ આ વાતનો સ્વીકાર-અસ્વીકાર ઐતિહાસિક વિવાદનો પ્રશ્ન છે તેને બાજુ પર રાખીએ તો નવસારીમાં જેમ કોટ-વિસ્તારમાં રાજ્યની સત્તા જામી તેમ તેની સાથે કેટલાંક નગરરચનાના બીજાં તત્ત્વો પણ વિકસ્યાં.

સામાન્યત: ઈસ્લામી સત્તાના કેન્દ્રની નજીક જુમામસ્જિદ બાંધવાનો રિવાજ પાટણ, અમદાવાદ, દીલ્હી, આગ્રા, વગેરે અનેક સ્થળોએ દેખાય છે તેમ નવસારીમાં પણ બન્યું હોય એમ લાગે છે. કારણ કે નવસારીની જુમામસ્જિદ મુખ્ય બજારમાં, કોટની પૂર્વમાં થોડે દૂર ટેકરા પર છે. જુમામસ્જિદની આજુબાજુ બજાર પણ હોય છે તે પરિસ્થિતિ નવસારીમાં છે. આ બજારની દેખરેખ ઉપરોકત મલેક ઉતુજ્જાર રાખતો હતો કે કેમ તે પ્રશ્નનો જવાબ આપવો સરળ નથી.

જ્યારે ઈસ્લામી હકૂમત દૃઢ થઈ ત્યારબાદ મુસલમાન મહોલ્લાઓ વધ્યા. નવસારીમાં એ મહોલ્લાઓની પરિસ્થિતિ જોતાં તેનો વિસ્તાર નવસારીનો અગત્યનો વિકાસ દર્શાવે છે. નવસારીમાં કોટ મહોલ્લાની પશ્ચિમે કાઝી મહોલ્લો અને મોઠવાડ એ વિસ્તારો છે તથા કોટ મહોલ્લાની દક્ષિણે પીર મહોલ્લા જેવા મુખ્ય વિસ્તારો છે. રાજકીય કેન્દ્ર સાથે સ્થાનિક કાઝીનો વસવાટ પણ ઘણો સૂચક છે. આ વિસ્તાર તેમના રાજકીય કેન્દ્રનો વિસ્તાર કહી શકાય.

પરંતુ જુમામસ્જિદની આજુબાજુ પણ તેમની વસતી છે. બજારના ખૂણા પર ખાટકીવાડ છે, અને જુમામસ્જિદથી થોડે દૂર પૂર્વમાં વોરવાડ છે. આ વસતી જોતાં નવસારીના મુખ્ય બજારની પાછળના ટેકરાઓ પરની આ વસતી મોટે ભાગે ખાલી જગ્યા પર હોવાનું અનુમાન થાય. કદાચ જૂની કેટલીક વસતી તૂટી હોય અને ત્યાં આ વસવાટ થયો હોય એવો સંભવ કાઢી નાખવા જેવો નથી. માત્ર તેને માટે વધુ ભૌતિક પુરાવાઓ મેળવવાની જરૂર છે. આ સંભવનો એક પુરાવો લક્ષ્મણ હોલની બાજુમાં દાઉદી વોરાઓની મસ્જિદ અને નાનું કબ્રસ્તાન પૂરો પાડે છે. કારણ કે અહીં જૂની વસતીની નજીક આ પરિસ્થિતિનો વિકાસ જમીનના ઉપયોગની ફેરબદલી સિવાય શકય નથી.

મુસલમાન વસતીનો બીજો વિસ્તાર કુંભારવાડ, કડિયાવાડની દક્ષિણે છે ત્યાંની વસતીનો વિકાસ જોતાં સમજાય છે કે સોલંકી–વાઘેલા સમયમાં વિકસેલી વસતીની દક્ષિણે ખુલ્લી જગ્યામાં આ વિકાસ થયો છે. દુધિયા તળાવ પરની મસ્જિદ તથા આ વિસ્તારની દરગાહો, ખાનકાહો વગેરે પણ ઘણી સૂચક છે. ખાસ કરીને ખાનકાહો ગામની વસતીને નાકે હોય છે. તેવી મગદુમશાહ પીરની ખાનકાહ નવસારીમાં દક્ષિણ દિશામાં છે. મગદુમશાહની તારીખ હિજરી ૮૮૧ની આજુબાજુની ગણાય છે તેથી તેમની તારીખ ૧૪૭૬ની આસપાસ હયાતિની ગણાય તેથી મગદુમશાહ પીરની ખાનકાહ મેહમુદ બેગડાની સમકાલીન ગણાય. નવસારીમાં દેખાતી વસતી જોતાં આ સમય પીરની દરગાહ તથા ખાનકાહ સાથે મેળ ખાતો જણાય છે. અહીંની વધુ તપાસથી આ સ્થાનની જૂની ઈમારતો કઈ અને તેમાં કયા ફેરફારો થયા છે તેની હકીકત મળી શકે એમ છે. પરંતુ આ ખાનકાહનાં સ્થળ પરથી નવસારીની હદ પંદરમી સદીમાં આ સ્થળ કરતાં વધુ દક્ષિણમાં ન હતી એ વાત સ્પષ્ટ થાય છે. તેમની દરગાહની સાથે કાગદીવાડમાં પીર મગદુમ ઝયરૂદ્દીન તથા પીર મગદુમ નશીરૂદ્દીનની દરગાહોનાં સ્થળો પણ આ પરિસ્થિતિ સૂચવે છે.

આ પીરની દરગાહોની સાથે નવસારીના સીમાડાની સૂચના કબ્રસ્તાનોથી પણ મળે છે. નવસારીનું કબ્રસ્તાન દશેરાટેકરીના વિસ્તારમાં છે. તથા ખાટકીવાડની ઉત્તરે પણ એક

કબ્રસ્તાન છે. આ ઉપરાંત જે તે લોકોનાં બીજાં કબ્રસ્તાનો છે. મુખ્ય કબ્રસ્તાન દશેરાટેકરી વિસ્તારમાં હોઈ તે ટેકરી નવસારીના અગ્નિખૂણામાં છે ત્યાં સુધી આજે પણ વસતી વધી નથી. તે હકીકત નવસારીના અધ્યયનમાં ઘણી સૂચક છે.

નવસારીમાં ૧૩૦૪ પછી આશરે ચાર સદી જેટલા સમયમાં દિલ્હીના સુલતાનો, મુઝફ્ફરી સુલતાનો, તેમજ બાબુરીવંશના બાદશાહોની હકૂમત રહી ત્યારે અહીં થયેલા વિકાસમાં નાના પારસીવાડની મહત્ત્વની હકીકત છે. પંદરમી સદીમાં નવસારીમાં ચાંગાશા નામના પારસી પટેલ હતા. તેમના વખતમાં જરથોસ્તી મહેફિલ નવસારીમાં તેમના પ્રયાસથી મળી. પંદરમી સદીના અંત ભાગમાં ૧૪૭૦માં એક પારસીઓનો સંઘ ઇરાન ગયો.

આ પ્રવૃત્તિઓ કરનાર ચાંગાશાએ જરથોસ્તી મહેફિલમાં આવેલા લોકોનો ઉતારો મલેસરમાં આપ્યો. મલેસરને મલકે સરાહ અથવા મલેકની ધર્મશાળા તરીકે ઓળખાવાય. આ મલેસરમાં પારસી લોકોની વસતી થઈ. મલેસરમાં મસ્જિદની પાસે અગિયારી, આદરાન જેવાં પારસી ધર્મસ્થાનો છે તેથી આ વિસ્તારમાં થયેલી વસતીની ફેરબદલી દેખાય છે.

મલેસરનો વિસ્તાર દડંગવાડ, કુંભારવાડની દક્ષિણે છે. આ વિસ્તારની મલેક સરાઈમાં કેટલો વિસ્તાર હતો તેની જૂની માહિતી નથી. પરંતુ પારસી પંચાયતે તેની સરહદો બાંધી છે તેથી તેનો કંઈક ખ્યાલ આવશે. આ સરહદો પ્રમાણે જૂના થાણાથી પાંચહાટડી વિસ્તારની દક્ષિણે તથા પશ્ચિમે, અને દડંગવાડથી દક્ષિણમાં ચારપુલ વિસ્તાર અને મગદુમપીરની દરગાહ સુધીનો વિસ્તાર મલેસરમાં ગણાય છે. આ વિભાગમાં ચાંગાશાએ બેહેદીનોને વસાવ્યા, એ હકીકત જોતાં આ વિસ્તારમાં મેહમુદ બેગડાના સમયમાં પારસીવસતી વસવાની શરૂઆત થઈ એમ સમજાય છે.

આ નાના પારસીવાડનો પંદરમી–સોળમી સદીમાં વિકસતો લત્તો નવસારીના ઇતિહાસમાં ઘણો મહત્ત્વનો છે. તેની મદદથી આ વિસ્તારમાં જે સ્થળ–નામનો અર્થ મલેકોની ધર્મશાળા બરાબર હોય તો ત્યાં સ્થાનિક વસતીને બદલે જતાઆવતા લોકો માટેનું આશ્રયસ્થાન મહત્ત્વનું હતું એમ મનાય. તેથી આ વિસ્તારમાં આછીપાતળી વસતી હશે. મગદુમપીરની દરગાહ તથા નુરસતગરનું સ્થાનક આદિ પણ આવી જ પરિસ્થિતિનું સૂચન કરે છે. તે જોતાં પંદરમી–સોળમી સદીનું નવસારી કયા વિસ્તારમાં હશે તેની કલ્પના આવે છે.

આ સમગ્ર પરિસ્થિતિ જોતાં આ યુગનું નવસારી જૂના થાણાની પશ્ચિમે હતું. તેનો વિસ્તાર મલેસરથી ગોલવાડ ગેટ સુધી અને પૂર્ણાને કાંઠે મોટા પારસીવાડથી શરૂ કરીને દરગાહો સુધીના વિસ્તારમાં હોવાનું સમજાય છે. સત્તરમી સદીમાં આ વિસ્તારમાં કંઈ વિશેષ ફેરફાર થયો હોય એમ લાગતું નથી.

(૬)

સત્તરમી સદીમાં નવસારીનાં પીરસ્થાનોને વજીફા વગેરે દાનો મળ્યાં હતાં પરંતુ તેના ક્ષેત્રફળમાં વધારો થયેલો દેખાતો નથી. દુધિયા તળાવ પરની શાહીમસ્જિદ પણ સારી થઈ હોવાના

પુરાવાઓ છે. આ સમયમાં શિવાજી સૂરત પર ચડાઈ કરતા હતા તે હકીકત બાબુરીવંશના બાદશાહો અને નવોદિત મરાઠા રાજ્ય વચ્ચેના સંઘર્ષની સૂચક છે. આ સંઘર્ષની તાકાત અઢારમી સદીમાં વધેલી દેખાય છે,

દિલ્હીની સત્તાની પકડ ગુજરાત પર ઢીલી પડી હતી ત્યારે સૂરતનો સુબેદાર રૂસ્તમ અલીખાન નવસારી પર ત્રાસ ગુજારતો હતો. આ વખતે નવસારીના તેમુરજી રૂસ્તમજી દેશાઈએ સુરતના સુબેદાર અને નવસારીના મલેકોના ઉપરીના ત્રાસમાંથી નવસારીને છોડાવવા માટે જેમ વડોદરામાં સુરેશ્વરદાભાઈ દેશાઈ અને દલાવાઘજી પટેલે પગલાં ભર્યાં હતાં તેમ તેમુરજીએ સોનગઢથી પિલાજીરાવ ગાયકવાડને નિમંત્રણ આપીને નવસારી બોલાવ્યા. ઈ. સ. ૧૭૧૯માં નવસારી ગાયકવાડોએ જીતી લીધું અને ત્યાર બાદ નવસારીમાં મરાઠાઓના વખતનાં વિકાસકામો થતાં દેખાય છે. આ વખતના સત્તાપલટાની વિગતોમાં અહીં ઉતરવાની જરૂર નથી, પરંતુ તેના ફલસ્વરૂપે ગાયકવાડોની સત્તા નવસારી પર જામી અને તેથી નવસારીમાં કેટલાક ફેરફારો થયા તેની હકીકતો તપાસવી રહે.

નવસારીમાં ગાયકવાડો સોનગઢ તરફથી આવ્યા અને તેમનું થાણું જમાવ્યું. સામાન્ય રીતે તેમની નવી સત્તાને સ્થાનિક મદદ હતી. પરંતુ યુદ્ધ થાય અને પાછા હઠવું પડે તો તેમની ઓછી મુસીબત નડે એવે સ્થળે, જૂની વસતી બહાર નજીકમાં પોતાનું થાણુ નાખ્યું. આ સ્થળ જૂના થાણાને નામે ઓળખાય છે. જૂના થાણાની બહાર કોટ હતો તેનો દરવાજો આજે મોજૂદ છે.

જૂના થાણા પાસે તેમના કોટની બહારના ભાગમાં મરાઠા સૈન્યની પાયગા તથા ચોપદાર લોકોને વસાવેલા હોવાની હકીકત નવસારીનાં સ્થળનામો સાચવે છે. તેમાં તેમની પાયગાહ અથવા ઘોડેસ્વાર ટુકડીનું સ્થાન જોતાં ઉત્તરે સુરત તરફથી હિલચાલ થાય તો તેનો સફળતાપૂર્વક સામનો થઇ શકે એવું એ સ્થાન દેખાય છે.

નવસારીમાં પોતાની સત્તા જમાવ્યા બાદ ગાયકવાડોએ તેને પ્રાન્તનું મુખ્ય સ્થળ બનાવ્યું તેથી ત્યાં સરકારી કચેરીઓનો વિકાસ થયેલો દેખાય છે. તેમાં નવા થાણા, જેલ, વગેરે વિસ્તારો ઓગણીસમી સદીના અંતભાગ સુધીમાં વિકસતા દેખાય છે.

ઓગણીસમી સદીમાં નવસારી વિકસતું ચાલે છે તેમાં ખંડેરાવ મહારાજના વખતમાં ૧૮૬૩થી રસ્તાની દુરસ્તી વગેરે કરાવવાનું કામ સ્થાનિક પ્રવૃત્તિ તરીકે ચાલતું થયું અને નવસારીમાં વિકાસ થવાની દિશામાં રસ્તાની ફેરબદલીએ નિર્ણાયક ભાગ ભજવ્યો છે.

મુંબઈનો વેપાર વધારવાની અંગ્રેજોની નેમ તેમની સત્તા દૃઢ થતાં ફળી. મુંબઈ દ્વારા ભારતમાંથી જોઈતો માલ ઇંગ્લેંડ મોકલવો, ત્યાંથી વેપાર માટે માલ ભારતના બજારમાં ઠાલવવો વગેરે પ્રવૃત્તિઓની ઝડપ વધારીને પોતાનો નફો વધારવા માટે રેલ્વે નાખવાની યોજના થઈ. આ યોજનામાં ગણપતરાવ ગાયકવાડે સંમતિ આપવાથી નવસારીની પશ્ચિમે અંગ્રેજોની માલિકીના જલાલપોર ગામ પાસેથી રેલ્વે લાઈન નાખતાં, ઝડપી વાહનવ્યવહારનું કેન્દ્ર બદલાયું. તેથી ૧૮૬૧ પછી ગોલવાડ ગેટની પશ્ચિમની ખાલી જગ્યાના ટેકરાઓ પર પ્રથમ અને ત્યાર બાદ

નીચાણવાળા ભાગમાં પાછળથી નવસારીનો વિકાસ વધુ પ્રમાણમાં દેખાય છે. આ પરિસ્થિતિમાં નવસારીની મોટાભાગની કેળવણીની સંસ્થાઓ તથા દવાખાનાં, હોસ્પિટલો તથા કારખાનાંઓ વગેરેનો વિકાસ આ દિશામાં ખુલ્લી જમીનમાં થતો દેખાય છે. આ વિકાસને પરિણામે જૂના વજીફાઓ પર હોસ્ટેલો બંધાઈ, તલાવડી પૂરાઈને સોસાયટીઓ થઈ અને થતી જાય છે. એ સૂચક વિકાસની દિશા છે. આ વિકાસથી જલાલપોર, વિજલપોર વગેરે ગામો તથા નવસારીની સીમા ધીમે ધીમે પલટાતી ચાલે છે. નવસારીની ઉત્તરે પૂર્ણાનદી આવેલી છે તે તરફ વધુ વિકાસ ખર્ચાળ છે. તેથી હાલના નવસારીના વિકાસની દિશા કાલિયાવાડી તરફ તથા લૂણશીકૂઈ તરફ દેખાય છે. કાલિયાવાડી તરફ ગઇ સદીમાં બંધાયેલી હૉસ્પિટલ, તથા લૂણશીકૂઈ તરફના બંગલાઓ, કલબો વગેરે શરૂઆતમાં અને નવી સોસાયટીઓની પ્રવૃત્તિ તાજેતરમાં ચાલતી દેખાય છે. આ પ્રવૃત્તિથી ગામઠાણમાં વધારો અને સીમો દૂર જતી જવાની પરિસ્થિતિનાં દર્શન થાય છે.

નવસારીમાં ઓગણીસમી સદીમાં તપેશ્રી ટહેલદાસની ટેકરીનો દૂધિયા તળાવનો વિકાસ દેખાય છે, તેની સાથે ગામમાં બંધાયેલા લક્ષ્મણ હૉલ, સીતાબાઇ ટાવર વગેરે પ્રવૃત્તિ આ યુગની છે. વળી દાદાટટ્ટુનું નામ સાચવતો તેમનો મહોલ્લો પણ આ યુગનાં એંધાણ સાચવે છે. તેની સાથે દૂધિયા તળાવની પાળ પરનાં મંદિરો તેમજ આશાપુરીનું સ્થાનક વગેરે પણ મરાઠાસત્તાની સ્થાપના પછી વધુ વિકસ્યાં હોવાનું દેખાય છે.

ભારતની સ્વતંત્ર્યપ્રાપ્તિ પછી નવસારીનું રાજકીય મહત્ત્વ ઘટ્યું છે. તે જિલ્લાકક્ષાને બદલે તાલુકાકક્ષાનું નગર બન્યું છે, પરંતુ બીજાં ક્ષેત્રોમાં ભારતનાં બીજાં નગરોની માફક વિવિધ રીતે વિકાસોન્મુખ છે.

(૭)

આમ સમગ્ર પરિસ્થિતિ જોતાં નવસારીના વિકાસનાં વિવિધ અંગો નીચે પ્રમાણે ગણાવાય.

૧ આજથી આશરે બે હજાર વર્ષ પર નવસારીની શરૂઆત દડંગવાડ, મધોમતી અને કોટ મહોલ્લાના વિસ્તારમાં થઈ.

૨ રાષ્ટ્રકૂટોના અમલ દરમિયાન નાગ તલાવડી અને ત્યારબાદ દૂધિયા તળાવનો વિકાસ; પારસી લોકોનું મોટા પ્રમાણમાં બારમી સદીમાં આગમન થતાં ચૌદમી સદી સુધીમાં મોટા પારસીવાડથી દૂધિયા તળાવ અને દડંગવાડથી કોટ મહોલ્લાની પશ્ચિમ સુધીનો વિકાસ.

૩ ચૌદમી સદીથી સત્તરમી સદી સુધીમાં મલેસર, ચારપુલ તથા લૂણશીકૂઈ સુધીના વિસ્તારમાં નવસારીનો વિકાસ.

૪ અઢારમી સદીથી જૂના થાણા, અને ઓગણીસમી સદીમાં નવા થાણા, પોલીસલાઈન્સ, જેલ, વગેરે વિસ્તારોનો વિકાસ તથા રેલ્વે બંધાયા બાદ ઓગણીસમી સદીમાં નવસારીનો ગોલવાડ ગેટથી પશ્ચિમમાં વિકાસ તેમાં શાળા, દવાખાનાં, કારખાનાં વગેરેનો વિકાસ અને લૂણશીકૂઈ તરફ આનંદપ્રમોદનાં સાધનોનો વિકાસ.

૫ આધુનિક વિકાસની પ્રક્રિયામાં આજુબાજુનાં ગામોની સીમોમાં રહેઠાણ, કારખાનાં, સ્કૂલો વગેરેનાં બાંધકામો, જૂનાં તળાવો પૂરી દેવાની પ્રક્રિયાથી વધુ બાંધકામો માટે જમીન મેળવવાની પ્રવૃત્તિ વગેરે નવસારીની પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં વધતી પ્રવૃત્તિઓ.

આ નવસારીના વિકાસની રૂપરેખામાં ત્યાંથી અવરનવર મળતી પુરાવસ્તુઓ, તથા ત્યાંના દસ્તાવેજો વાંચી થતી વસતીની ફેરબદલી વગેરે વિવિધ રંગો પૂરવાનું કાર્ય હાથ ધરવાથી નવસારીનો ઇતિહાસ વધુ સ્પષ્ટ થશે.

સંદર્ભગ્રંથો અને ઋણસ્વીકાર

૧ દેસાઈ શેરાબજી મનચેરજી, 'તવારીખે નવસારી', પ્ર. મહેતા ધનજીભાઈ હોરમસજી, બીજી આવૃત્તિ, ૧૯૩૯.

૨ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૪, ૫, ૬, સંપાદકો પરીખ ર છો. અને શાસ્ત્રી હ. ગં., પ્ર. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.

૩ નવસારીના પારસીઓને લગતી ડીરેકટરી અને સર્વે રીપોર્ટ, સંપા. એસ. કે. વજીફદાર, પ્રમુખ, નવસારી જરથોસ્તી હુન્નર ઉદ્યોગ કેળવણી ફંડ, આ. ૧, ૧૯૭૪.

૪ ર. ના. મહેતા., નવસારીનાં સ્થળ-નામો, પ્ર. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, ૧૯૬૯.

નવસારીમાં કરેલી સ્થળ-તપાસમાં સહાય કરનાર શ્રી ઉનિયા, કેરશી. કે. દેબુ, રમણલાલ દેસાઈ, રાજેન્દ્ર દેસાઈ, કિશોર દેસાઈ વગેરેનો ઋણસ્વીકાર કરું છું.

મુનશીની નવલકથાઓમાં વ્યક્તિત્વનિરૂપણ

બાબુ દાવલપુરા

મુનશીએ નવોદિત લેખક તરીકે નવલકથાના ક્ષેત્રે પદાર્પણ કર્યું તે અરસામાં એક લોકભોગ્ય સાહિત્યપ્રકારરૂપે ગુજરાતી નવલકથા પગભર થઈ ચૂકી હતી. આપણી પહેલી નોંધપાત્ર ઐતિહાસિક નવલકથા 'કરણઘેલો'ની લોકપ્રિયતાથી આકર્ષાયેલા ઘણા લેખકોએ આ નવી કેડી પકડી લઈ થોકબંધ અલ્પજીવી ઐતિહાસિક કથાઓ લખી હતી. 'સરસ્વતીચંદ્ર'ની અસાધારણ લોકપ્રિયતા અને પ્રતિષ્ઠાથી અભિભૂત થયેલા ભોગીન્દ્રરાવ દિવેટિયા વગેરે અનેક લેખકોની કલમે સામાજિક નવલકથાઓનો જે ફાલ ઊતર્યો તેમાં પણ કલાતત્ત્વ ખૂબ પાંખું હતું. મુનશીએ વીસમી સદીના બીજા દાયકામાં 'વેરની વસુલાત'થી નવલકથાસર્જન આરંભ્યું ત્યારે તેઓ પણ તે ગાળાના અન્ય નવલકથાલેખકોની જેમ 'સરસ્વતીચંદ્ર'ની અસરથી સાવ મુક્ત નહોતા રહી શક્યા. કરુણગર્ભ પ્રણયકથા, દેશી રાજ્યોની ખટપટ અને કોઈ સંત–મહંત વિભૂતિની પ્રેરણાથી કથાના અંતમાં સમાજસેવાને પંથે પ્રસ્થાન કરતો નાયક અહીં પણ મોજૂદ છે.

પરંતુ નવલકથાના પાત્રસર્જન અને રચનાવિધાન પરત્વે મુનશીના ગુરુ ગોવર્ધનરામ નહિ પણ ખ્યાતનામ ફ્રેન્ચ નવલકથાકાર અલેકઝાન્ડર દુમા છે. તેમની નવલકથાના નમૂનાને અનુસરી મુનશીએ રંજનલક્ષી–તેમની રીતે કહીએ તો સરસતાલક્ષી–નવલકથાનો આદર્શ અપનાવ્યો. એટલે 'સરસ્વતીચંદ્ર'થી દૃઢમૂલ થયેલી હેતુલક્ષી ચિંતનપ્રધાન નવલકથાની પરંપરાનું ગતાનુગતિક અનુસરણ તેમને માટે બિનઉપયોગી અને અપ્રસ્તુત બની ગયું હતું. તેમના પુરોગામી અને સમકાલીન ઘણા લેખકો માટે નવલકથાનું સ્વરૂપ તે કાળની સામાજિક–સાંસ્કૃતિક અને રાજકીય સમસ્યાઓની ચર્ચા–વિચારણા અને નીતિ–સદાચારની હિમાયત માટેનું એક એવું બહુજનસુલભ ઉપયોગી સાધન હતું, જેમાં વાર્તારસના અનુપાનમાં જ્ઞાનગોળી આપીને પ્રજાના સાંસારિક અને સાંસ્કારિક જીવનનું યોગક્ષેમ સાચવવાની સગવડ હતી. પરંતુ લલિત સાહિત્યના કલાયુક્ત સર્જન અને સંવર્ધનની દૃષ્ટિએ, ઉદ્દેશપ્રધાન બોધલક્ષી સાહિત્યની આ પરંપરા મુનશીને વિઘાતક લાગતી હતી. • એટલે, સર્જનાત્મક સાહિત્યમાં સાહિત્યેતર પ્રયોજનોની સર્વોપરીતાથી અકળાયેલા મુનશી આ વિષમ સાહિત્યિક પરિસ્થિતિ પ્રત્યે ઉગ્ર પ્રતિક્રિયા દાખવતાં ઈશ્વરભક્તિ, સત્યપરાયણતા અને નીતિમત્તાને–માનવજીવનમાં તેમની ઉપયોગિતા અને આવશ્યકતા સમજતા હોવા છતાં–કલાની વિષકન્યાઓ કહી ચેતવણીનો સૂર ઉચ્ચારે છે.[૧] ધર્મભાવના, નીતિબોધ, સમાજસુધારણા, રાષ્ટ્રપ્રેમ, રાજકીય સ્વાતંત્ર્ય જેવાં બિનસાહિત્યિક પ્રયોજનો સિદ્ધ કરવા માટે લલિત સાહિત્યનો ઉપયોગ–દુરુપયોગ થાય તે સામે તેઓ ભારપૂર્વક વિરોધ દર્શાવે છે, કેમ કે

---

૧ મુનશી ક. મા., 'ગુજરાત: એક સાંસ્કારિક વ્યક્તિ અને અન્ય આદિવચનો' ભાગ ૧, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૬, આવૃત્તિ ૨, પૃ. ૧૦૫

તેમની દૃષ્ટિએ "નીતિનો હેતુ સામાજિક આચારને સાચવવાનો છે. પણ કલા ને સાહિત્યનો હેતુ સરસતાના દર્શન ને સર્જનથી આનંદ પ્રાપ્ત કરવાનો છે."[૨] સમકાલીન સમાજ અને રાષ્ટ્રજીવનના પ્રશ્નો તેમ જ ઇતિહાસ–પુરાણની કથા–દંતકથાગત ઘટનાઓ અને પ્રસિદ્ધ વ્યક્તિઓને તેઓ નવલકથાનાં પ્રયોજન નહિ પણ ઉપાદાનરૂપે જ જુએ છે.

નવલકથા 'મનભર' નહિ પણ 'મનહર' કેમ બને એ જ મુનશીનું લક્ષ્યબિંદુ હોય છે. આ હેતુસર તેમણે નવલકથાનાં વર્ણનને પ્રસંગાનુરૂપ ગતિશીલ અને લાઘવયુક્ત બનાવ્યાં અને શબ્દમેદ ઓછો કર્યો. અલંકારખચિત પ્રસ્તારયુક્ત વર્ણનચિત્રોથી નવલકથાની શોભા વધે છે એવા ભ્રામક ખ્યાલને તિલાંજલિ આપી તેમણે નવલકથાના પ્રયોજન સાથે સુસંવાદી બની રહે તેવી કથનરીતિ નિપજાવી. નવલકથામાં સંઘર્ષ ઉત્તરોત્તર તીવ્ર બનતાં ક્રિયાવેગ વધતો જાય અને વાર્તારસ જામે તે માટે તેમણે નાટ્યાત્મક પ્રસંગનિરૂપણની ટેકનિક એવી કુશળતાપૂર્વક પ્રયોજી કે તે દ્વારા વસ્તુવિકાસ સધાય અને પાત્રોને સક્રિય રાખી શકાય. નવલકથાનાં વર્ણન–કથન અને સંવાદમાંથી ચિંતન–ચર્ચાના નિબંધાત્મક અંશો બને તેટલા ગાળી–ટાળીને, વાર્તાપ્રવાહ વિના વિઘ્ને નિરંતર વહેતો રહે તે બાબતમાં પણ તેમણે સાવધાની રાખી. આ બધું કરવા પાછળ તેમની દૃષ્ટિ એ હતી કે નવલકથા સુશ્લિષ્ટ સૌષ્ઠવયુક્ત અને "સારસ્યમંડિત" અર્થાત્ સરસ–સુંદર કલાકૃતિ બને અને તેની પાત્રસૃષ્ટિ સજીવ સ્વાભાવિક બની રહે. પોતાની નવલકથાઓમાં આ લક્ષ્ય તેઓ કેટલે અંશે સિદ્ધ કરી શકયા છે, એ તપાસવા જેવું છે.

મુનશીએ તેમની સાહિત્યિક કારકિર્દી દરમિયાન જુદા જુદા તબક્કે સમકાલીન સમાજ અને પોતાના અંગત જીવનમાંથી ઉપાદાન લઈને રચેલી સામાજિક નવલકથાઓ 'વેરની વસુલાત', 'કોનો વાંક?', 'સ્વપ્નદ્રષ્ટા', 'સ્નેહસંભ્રમ' અને 'તપસ્વિની' ભા. ૧–૨–૩ વાચનક્ષમ છે; તેમાંથી ઊપસતું લેખકનું અંતરંગ વ્યકિતત્વ પણ આકર્ષક છે. પરંતુ નવલ-કથાકાર મુનશીની સર્ગશકિતનો કોઈ સમૃદ્ધ લાક્ષણિક ઉન્મેષ તેમાં પ્રગટી શકયો નથી. આમ બનવાનું એક મુખ્ય કારણ એ છે કે આધુનિક સમયની જટિલ પરિસ્થિતિ અને તેમાં અટવાતા માનવીની વ્યકિતગત તેમ જ સમષ્ટિગત સમસ્યાઓ અને મૂંઝવણમથામણને આત્મસાત્ કરીને તેમને યથાર્થ રૂપમાં નવલકથા જેવા પરલક્ષી સાહિત્યપ્રકારમાં અભિવ્યક્ત કરવાની સજ્જતા તેમણે કેળવી નહોતી. ગોવર્ધનરામે પોતાના જમાનાની પરિસ્થિતિ અને તજ્જન્ય સમસ્યાઓ સાથે જે માનસિક અનુસંધાન સાધ્યું હતું અથવા પન્નાલાલ પટેલે ગુજરાતના ઈશાન ખૂણાના ગ્રામસમાજ સાથે જે તાદાત્મ્ય અનુભવ્યું હતું, તેવું વ્યક્તિ–સમષ્ટિની જીવનસરણીનાં વિધાયક સ્થૂળ–સૂક્ષ્મ પરિબળો અને સમગ્ર પરિવેશ સાથેનું અનુસંધાન સાધવાનું વલણ મુનશીમાં ખાસ જણાતું નથી.

પરલક્ષી સાહિત્યના સર્જકે કૃતિના વાયુમંડળ અને પોતાના ભાવવિશ્વ સાથે તાદાત્મ્ય અનુભવવા ઉપરાંત તાટસ્થ્ય પણ જાળવવું પડે છે, તેણે પરકાયાપ્રવેશનો કીમિયો અવગત કરવાનો રહે છે. મુનશી તેમની નવલકથાઓમાં પાત્રસૃષ્ટિ સાથે આવું કળાગત અંતર–aesthetic distance–હમેશાં જાળવી શકતા નથી. કિશોર મુનશીની ભાવુકતા–ભાવનામયતા, સ્વપ્નિલ

---

૨ એજન, પૃ. ૧૦૪

મનોદશા અને નિર્ભ્રાન્તિના કટુ અનુભવનો ચિતાર પ્રકારાંતરે 'સ્વપ્નદ્રષ્ટા'માં, પ્રિય બાલસખી 'દેવી'ની હૃદયઝંખના અને વિરહવ્યથાનાં દર્શન 'વેરની વસૂલાત'માં અને તરુણ મુનશીની પ્રણયરસિકતા તથા લેખક–ધારાશાસ્ત્રી તરીકેની પ્રારંભિક કારકિર્દીનો વાર્તાત્મક આલેખ 'તપસ્વિની'માં મળે છે. ગુરુ માટેની તેમની ઝંખના 'વેરની વસૂલાત'ના મૂક ઊંચેરા મહાપુરુષ અનંતાનંદના પાત્રમાં અને તેમના "ઢોળ ચડાવેલા સ્વાનુભવોનું આલેખન" જગત-તનમનની પ્રણયકથામાં ધ્યાન ખેંચે છે.[3] મુનશી કાંદાવાડીમાં રહેતા હતા તે અરસાની તેમની મનોદશા 'કોનો વાંક?'ના મુચકુંદમાં અને પ્રિયપાત્રના સહચાર માટેની હૃદયપિપાસા મણિ–મુચકુંદના મધુર લગ્નમિલનમાં વ્યક્ત થયેલી છે.[4] નવલકથા નીતિ–સદાચાર અથવા સમાજસુધારણાનું પ્રચારસાધન ન બને તે બાબતમાં સામાન્ય રીતે તકેદારી રાખતા મુનશીની રંગદર્શિતા અને સુધારકવૃત્તિનો અભિનિવેશ અહીં તાલમેલિયા સુખદ અંતરૂપે પ્રગટ થાય છે. આ નવલકથાઓમાં વ્યક્તિ મુનશીની પ્રણયકહાણી અને ઘડતરકથાનું બયાન ઓછું આકર્ષક નથી. પરંતુ ઉપાદાનરૂપ અંગત અનુભવો અને સત્યઘટનાત્મક કિસ્સાઓના કાચા દ્રવ્યનું કલામાં રૂપાંતર કરવા માટે જે પરલક્ષી સર્જકપ્રતિભા અને પાત્રનિરૂપણમાં બિનઅંગતતા સર્જકમાં હોવી ઘટે તેની મુનશીમાં ભારે ઊણપ છે અસ્મિતા અને આત્મરતિમાં રાચતા હોવાથી તેઓ પોતાનાં જ પ્રતિરૂપ જેવા જગત, સુદર્શન, ઉદય આદિ કથાનાયકો સરજે છે ત્યારે તે પાત્રોનાં આકર્ષક મહોરાં પાછળ છુપાયેલો તેમનો અસલી ચહેરો ઓળખવામાં મર્મજ્ઞ ભાવકને જરાય મુશ્કેલી પડતી નથી.

વસ્તુતઃ મુનશી તેમની નવલકથાઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં પાત્રોને **subjective treatment** આપતા રહીને પોતાનાં અંગત મંતવ્યો, વિચારવલણો, પ્રણયસંવેદનો અને રંગદર્શી ભાવનાઓનું આરોપણ તેમનામાં એવી રીતે કરે છે કે તેમનાં પોતીકાં વ્યક્તિત્વ નંદવાયા વિના રહે નહિ. અહીં દેખીતું પાત્રવૈવિધ્ય ઓછું નથી. વેદકાળથી લઈને આધુનિક જમાનાનાં વિવિધ કોટિનાં માનવીઓનો રંગબેરંગી મેળો અહીં જાણે જામ્યો છે. ઉગ્ર તપશ્ચર્યા કરતા અને યુદ્ધસંહારમાં પણ રાચતા ઋષિઓ, પ્રણયરસિક તપસ્વીતપસ્વિનીઓ, રણશૂરા રાજવીઓ અને મુત્સદ્દી મંત્રીઓ માંધાતાઓ અને મુત્સદ્દીઓને હંફાવી શકે તેવી નટખટ નારીઓ, મદભર માનિનીઓનેય જેમનાં ચરણે ઝૂકવું પડે તેવા નરપુંગવો, અતીન્દ્રિય ચમત્કારોના પરચાથી આશ્ચર્યચકિત કરે તેવા અઘોરી અને વામમાર્ગીઓ, અલૌકિક ભાવિદર્શન–vision–ની આધ્યાત્મિક અનુભૂતિઓથી તાંત્રિકોને પણ ઝાંખા પાડે તેવી આધુનિક સાધિકા, ઉપહાસપાત્ર પ્રોફેસરો અને સ્વપ્નદ્રષ્ટા કોલેજિયન, પરકીયા–પ્રેમમાં મગ્ન એવા ધારાશાસ્ત્રી અને સાહિત્યકારનાં પણ અહીં દર્શન થાય છે. લેખકે નવલકથાઓનાં પ્રધાન પાત્રોની આસપાસ શૌર્ય અને સાહસ, વ્યવહારદક્ષતા અને ભાવનામયતા, પ્રણયરસિકતા અને પ્રગલ્ભતા, પ્રતાપ અને પ્રભાવનાં તેજોવલયની આભા એવી સિફતપૂર્વક રચેલી હોય છે કે આપણે પ્રથમ દર્શને તો તેમની મોહિનીથી અંજાયા વિના રહી શકીએ નહિ.

---

3 મુનશી ક. મા., 'સીધાં ચઢાણ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૭, આવૃત્તિ ૩, પૃ. ૨૨૭

૪ એજન, પૃ. ૨૭૧

પરંતુ બારીક નજરે જોઈએ તો જણાશે કે મુનશીનાં આ માનસસંતાનોના બાહ્ય રૂપરંગમાં આકર્ષક વૈવિધ્ય હોવા છતાં તેમનાં માનસ, વિચારવલણો, સ્વભાવ, પ્રણયવ્યવહારની તરાહ અને સામુદ્રિક લક્ષણોમાં પણ સગોત્ર સામ્ય સારું એવું છે. મુનશીના પ્રતાપી નરશાર્દૂલ કથાનાયકો સામાન્યતયા ભવ્ય લલાટ, મોટી આંખો, દઢતાસૂચક બીડેલા હોઠ, દાહક તેજકિરણો વર્ષાવતી વેધક દૃષ્ટિ, ઊંચી કદાવર દેહદૃષ્ટિ, પ્રચંડ ભુજાઓ અને વિશાળ છાતી ધરાવતા અઠંગ સાહસવીર અને કુસ્તીબાજ પણ હોય છે. મચકો કરીને અથવા આંખો નચાવીને બોલવું, તિરસ્કાર દર્શાવવા હોઠ મરડવા અને ક્ષોભ-સંકોચના પ્રસંગે હોઠ કરડવા, શામળના પદ્ય-વાર્તાઓની નાયિકાઓની જેમ પુરુષવેશ સજીને સાહસ ખેડવાં અને બુદ્ધિચાતુર્ય તેમ જ વાક્પટુતામાં પુરુષની સરસાઈ કરી પોતાના 'તેજસ્વી' વ્યક્તિત્વથી તેને ઝાંખો પાડવો, સ્ત્રીત્વની મોહિની વડે પ્રિયતમને મહાત કરવો, મનમાં વસી ગયેલા પુરુષનો શરૂઆતના તબક્કામાં તિરસ્કાર-અનાદર કરી તેને જરાય મચક ન આપવી, પણ શામળની 'વૈતાલપચ્ચીસી' અને 'પંચદંડ'ની પુરુષવિરોધી નાયિકાઓની જેમ છેવટે એ હૃદયનાથનું શરણ સ્વીકારી લઈ તેની પ્રિયા કે પત્નીરૂપે અનેરી ધન્યતા અનુભવવી-આવી અનેક લાક્ષણિકતાઓ મુનશીનાં સ્ત્રીપાત્રોમાં સમાન રૂપમાં જોવા મળશે. પાત્રસર્જનમાં જણાતી આવી એકવિધતા વસ્તુતઃ લેખકની સર્જકપ્રતિભાની મર્યાદાનું જ સ્વાભાવિક પરિણામ છે. આ હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં મનસુખલાલ ઝવેરીએ ઉચિત જ કહ્યું છે કે, "એમની (મુનશીની) કલ્પકતા ઘણી મર્યાદિત છે, એટલે એમની પાત્રસૃષ્ટિ એકવિધ છે. એમની નાયિકાઓ અમુક જ પ્રકારની હોય છે; એમના નાયકો પણ અમુક જ પ્રકારના હોય છે; અને કેટલીકવાર તો પ્રકારાન્તરે કે નામાન્તરે તેમને એકની એક જ પરિસ્થિતિમાંથી પસાર થવાનું હોય છે. બ્રહ્માની સૃષ્ટિમાં જેમ મનુષ્યસ્વભાવનાં મૂલગત લક્ષણો એનાં એ હોવા છતાં અનંત અને અખૂટ વૈવિધ્ય જોવા મળે છે તેમ ઉત્તમ શક્તિશાળી સર્જકની કૃતિમાં પણ ભાતભાત કે લોક જોવા મળતા હોય છે. મુનશીમાં એ નથી મળતું."[૫]

મુનશીનાં નારીપાત્રો તેજસ્વી અને પ્રભાવશાળી દેખાવા માટે એવી અદાથી વર્તતાં હોય છે કે મરદાનગી અથવા મુત્સદ્દીગીરીના મોરચે પ્રતિસ્પર્ધીને પરાજિત કરી જયકલગીને વરતા નરવીરો પણ જાણે તેમની કોઈ વિસાતમાં ન હોય. પુરુષ સાથે તેમનાં અહંભાવ અને મનોબળ ટકરાય ત્યારે તેઓ મુકાબલાના મિજાજમાં આવી જઈ પ્રતિકાર આદરે છે. 'પાટણની પ્રભુતા'માં આનંદસૂરિની ચઢવણી અને દોરવણીથી મીનળદેવી મંત્રીશ્વર મુંજાલને પદચ્યુત કરી તેને બંદી બનાવીને પોતાની સત્તા અને મહત્તા દાખવવાની ચેષ્ટા કરે છે; 'પૃથિવીવલ્લભ'માં માલવપતિ મુંજને હાથે પંદર-સોળ વખત પરાભવ પામવા છતાં તૈલપરાજ એ અપ્રતિમ નરબંકાને છેવટે યુદ્ધભૂમિ પર હરાવી શકે છે, તેમાં ખરેખર તો મૃણાલવતીના દઢ મનોબળનો જ વિજય રહેલો છે. મુંજને તેની અધમતા અને ધૃષ્ટતાનું ભાન કરાવવા માટે મૃણાલ કારાવાસમાં તેના હાથ પર તપાવેલા ભાલાથી ડામ દેવાની સજા કરતાં પણ અચકાતી નથી. પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવતાં અહંકેન્દ્રી નાયક-નાયિકાના ગજગ્રાહ દ્વારા સંઘર્ષને પરાકાષ્ઠાએ પહોંચાડી કથારસ જમાવવાની

---

૫ ઝવેરી મનસુખલાલ, 'કનૈયાલાલ મુનશી', વોરા એન્ડ કંપની, અમદાવાદ, ૧૯૭૦, આવૃત્તિ ૧, પૃ. ૪

કરામત મુનશી સફળતાપૂર્વક અજમાવી શકે છે. પરંતુ લેખક તરફથી સંધિ–સમાધાનનો સંકેત મળતાં જ આ પ્રતાપી રમણીઓનાં હૃદયમાં સ્ત્રીત્વ જાગી ઊઠે છે. પુષ્પધન્વાનો ટંકાર થતાં તેમનાં હૃદયમાં પ્રણયોર્મિનાં પ્રચંડ તોફાન ઊઠે છે, અને તેઓ નવોઢાની જેમ પ્રિયતમના ભુજયુગલમાં સમાવા તલસે છે. ઘણુંખરું કથાના ઉત્તરાર્ધમાં તેમની આ જાતની વર્તણૂક રાખેતા મુજબની જ હોય છે. મુનશીનાં આ તેજસ્વી જણાતાં પાત્રો ખરેખર કેવાં પ્રભાવશાળી છે તે સમજવા જેવું છે. ઉદાહરણરૂપે, 'ગુજરાતનો નાથ'માં મંજરી જુદા જુદા પ્રસંગે કેમ વર્તે છે તે જોઈએ.

ખંભાતના જૈન ઉપાશ્રયમાં પોતાને ઉદા મહેતા સાથે વરાવવા માગતી માતાના દબાણનો દઢતાપૂર્વક પ્રતિકાર કરતી મંજરી કાકની સાહસબાજીને કારણે ભાગી છૂટે છે તે પ્રસંગે 'થાક અને દુઃખની મારી અશક્ત થયેલી બિચારી સુકોમળ બાળા' ભાન ગુમાવી બેસે છે. પાટણમાં ઉદાના માણસો ત્રિભુવનપાલની હવેલીમાંથી તેનું રાત્રે અપહરણ કરે છે તે વેળાએ આ બાળા સ્વબચાવનો પ્રયત્ન કરવાને બદલે ચૂપચાપ બેભાન બની જાય છે. કીર્તિદેવ અને કાકની આકસ્મિક સહાય ન મળી હોત તો તેનું શું થાત એ કલ્પનાનો વિષય છે. રાજગઢમાંથી ગજાનન પંડિતને ઘેર પાછી ફરતાં રસ્તામાં ઉદા મહેતાને જોતાં જ તે, માત્રા સાથે હોવા છતાં, ફફડી ઊઠે છે અને ગભરુ હરિણીની જેમ જીવ લઈને નાસી આવે છે. આ પ્રસંગે તેની કમળપત્રશી આંખો ફાટી જાય છે અને થોડી વારે સ્વસ્થ થયા પછી પણ તે માથું હાથમાં છુપાવીને ધ્રુસકે ચડે છે.[6] જાનના જોખમે પણ ઉદાના પંજામાંથી તેને ઉગારી લેતા કાક પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાની વાત તો બાજુએ રહી, પણ તેનો તેજોવધ અને તિરસ્કાર કરવાની એક પણ તક મંજરી જવા દેતી નથી. કવિકુલશિરોમણિની આત્મજા હોવાને કારણે પોતાની સંસ્કારિતા, કુલીનતા, સ્વમાનશીલતા અને સાહિત્યરસજ્ઞતાના ગુમાનમાં ભાન ભૂલી તે એવી ઉદ્ધત બને છે કે કાકને માટે 'લાટનો ભટકતો ભટ્ટ' જેવાં વેણ ઉચ્ચારી શકે છે. મધુરજની માણવા ઉત્સુક બનેલા કાકને, પત્ની સાથે પ્રણયચેષ્ટા કરવાની ધૃષ્ટતા અને અબ્રાહ્મણતા બદલ, નવોઢા મંજરી શબ્દબાણે વીંધે છે અને 'शुनीमन्वेती श्वा' એ ભર્તૃહરિવચન સંભળાવીને પોતાની સંસ્કારિતાનો એક વધુ પુરાવો આપે છે.[7] જૂનાગઢમાં સૌભાગ્યનાથ કાકની ભાળ મેળવવા માટે મણિભદ્ર પાસેથી કામ કઢાવી લેવું હોય ત્યારે મંજરી દેવદાનવ પણ સાંખી ન શકે તેવાં નયનરશ્મિઓ વર્ષાવી તેને પોતાના ભયંકર મોહિનીસ્વરૂપથી મોહાંધ કરે છે; એટલું જ નહિ પણ રુદ્રદત્તની મદદથી લાડુમાં અફીણ ભેળવીને એ મોદકભક્તને નશામાં ડુબાડી, પુરુષવેશે કાકની શોધમાં નીકળે છે.[8] પોતાનાં રૂપયૌવનની મોહિનીથી મોરારપાલને લલચાવીને, ખોટાં વચન આપી તેને ભોળવીને કપટવિદ્યાથી તેની પાસેથી પાટણના દરવાજાની ચાવી સેરવી લેતી 'પાટણની પ્રભુતા'ની પ્રસન્ન પણ ઓછી નટખટ નથી. સ્ત્રીચરિત્રની વિદ્યામાં તો આ તરુણીઓ શામળની વાર્તા–નાયિકાઓને પણ શરમાવે તેવી ચતુર સુજાણ છે.

---

૬ મુનશી ક. મા., 'ગુજરાતનો નાથ,' ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૯, આવૃત્તિ ૧૩, પૃ. ૧૮૯

૭ એજન, પૃ. ૩૨૪

૮ એજન, પૃ. ૫૧૪–૫૧૫

મુનશીનાં પ્રણયરસિક અને પ્રભાવવાંચ્છુ પાત્રોની એક તરી આવતી લાક્ષણિકતા એ છે કે તેઓ નૈતિક મૂલ્યોની બહુ પરવા કરતાં નથી. 'ગુજરાતનો નાથ'માં એક પ્રસંગે મુંજાલના પૂર્વજીવન પરથી પડદો સહેજ ઊંચકાય છે ત્યારે આપણને જાણવા મળે છે કે, 'તેણે ફૂલકુંવરની પરવા કરી નહીં, તે કુમળી વેલ કરમાઈ ગઈ...તે પોતે ઝનૂની થયો—ક્રરતાથી તે નિરાધાર અબળાને દૂર ધકેલી—નિરાધાર પુત્રને ઘરબહાર કર્યો...સ્ત્રી રિબાઈ રિબાઈને સ્વધામ ગઈ.'[૯] પરકીયા-પ્રેમમાં ભાન ભૂલેલો મુંજાલ આટલેથી અટકતો નથી. તે સગી બહેન હંસાને પણ પતિ–પુત્રથી વિખૂટી પાડી વર્ષો સુધી ગુપ્ત ભોંયરામાં છુપાવી રાખે છે. એક પ્રસંગે તે ત્રિભુવનપાલ સમક્ષ ખુલાસો કરે છે કે, 'મારી બહેનને મેં જિંદગીભર કેદમાં રહેવા દીધી; તેનું કારણ?–પાટણ જ.'[૧૦] હંસાને ગુપ્ત કારાવાસમાં છુપાવી, તેના પતિ દેવપ્રસાદને અને રાજગાદીના વારસાહક્કનો દાવો કરી શકે તેવા ત્રિભુવનપાલને રાજ્યવિરોધી પ્રવૃત્તિઓ કરવાની સગવડ કરી આપતા મુંજાલનો પાટણભક્તિ–રાજભક્તિનો દાવો સાવ પોકળ છે. તેણે કોઈ નક્કર કારણ વિના બહેન, પત્ની અને પુત્ર જેવાં નિર્દોષ આપ્તજનો પ્રત્યે આચરેલી આવી મનસ્વી ક્રૂરતાનો બચાવ કોઈ રીતે થઈ શકે તેમ નથી. હંસા ઉપર આ રીતે ત્રાસ ગુજારવાની કુટિલ રાજરમતમાં મીનળદેવી પણ ઓછી ઊતરે તેમ નથી. દેવપ્રસાદ મુંજાલ સાથે સમાધાન કરી લઈ પાટણ ઉપર ચડી આવે તેવી શકયતા ઊભી થતાં તે પોતાના 'બ્રહ્માસ્ત્ર' હંસાનો એક સાધન તરીકે જે રીતે ઉપયોગ કરે છે તેમાં તેના સ્વભાવની કઠોરતા–નઠોરતા દેખાઈ આવે છે. હંસાને તેના પુત્ર અને પતિથી વિખૂટી પાડી કારાવાસમાં ભક્તિ–વૈરાગ્યની તક આપીને તેને 'મોક્ષને માર્ગે' દોરી જવામાં કુશળ એવી આ વાક્પટુ રાજમાતા સ્ત્રીચરિત્રમાં પ્રસન્ન અને મંજરીનું ગુરુપદ શોભાવે તેવી ઉસ્તાદ છે. તે હંસાને હાથ પર લઈ સ્વાર્થ સાધવા માટે તેને 'પરમાર્થપરાયણ' કહી ફુલાવે–ફુલાવે છે, તેને પોતાની જાળમાં ફસાવવા માટે 'દેવપ્રસાદ તો કેટલી કેટલી સ્ત્રીઓ સાથે મોજમજાહ મારે છે' એવું નરદમ જૂઠાણું પણ ઉચ્ચારી શકે છે. પણ તેમાં તે ફાવતી નથી ત્યારે રાજમહેલના ચોકમાં જયદેવકુમાર અને તેના સૈનિકો સામે એકલવીરની જેમ ઝૂઝતા ત્રિભુવનને મૃત્યુના પંજામાંથી બચાવવાની કિંમતરૂપે હંસા પાસેથી વચન મેળવી લઈ તેને દેવપ્રસાદ પાસે જવાની ફરજ પાડે છે. આ પ્રસંગે હંસા તેને 'રાક્ષસી!' 'ચાંડાલિની!' જેવા શબ્દોથી સંબોધે છે તે અકારણ નથી.[૧૧] મુનશીનાં મીનળ–મુંજાલ અને કાક જેવાં પાત્રોને ઓળખવા માગતા વાચકે ગુજરાતના ઇતિહાસને ભૂલવો પડે અને દુમાની ઐતિહાસિક કથાઓનાં અમુક પાત્રોનો પરિચય કેળવવો પડે તેવી સ્થિતિ છે.

'સ્વપ્નદ્રષ્ટા'માં ભારતી સુદર્શનને પોતાના પ્રાણની ઓળખ આ શબ્દોમાં આપે છે: '...જ્યારે આચાર ને વિચારની બેપરવાઈ જુએ–ઉગ્ર ને અવિચળ આત્મનિષ્ઠા જુએ...જ્યારે દુષ્પ્રાપ્ય કીર્તિની વૈશ્વાનરસમી ભૂખ જુએ...જ્યારે સર્વોપરી સત્તાનો સીમા વિનાનો મોહ

---

૯ એજન, પૃ. ૩૪૩–૩૪૪

૧૦ મુનશી ક. મા., 'પાટણની પ્રભુતા,' "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ, ૧૯૧૭, આવૃત્તિ ૮, પૃ. ૨૯૩

૧૧ એજન, પૃ. ૧૦૫

જુએ–જ્યારે રસઘેલી મસ્તીનો મોહક નશો જુએ–જ્યારે ક્ષણેક્ષણનો વિલાસ અનુભવવાની અધીરતા જુએ–જ્યારે સ્થળ, કાળ ને દેહના ભેદ છતાં મેળવેલી પરમ પ્રેમની સિદ્ધિ જુએ ત્યાં ઓળખજે મારા પ્રાણને.'[૧૨] આ લક્ષણોને આધારે માત્ર ભારતીના પ્રાણને નહિ પણ જેમનામાં લેખકની પ્રણયભાવના અને નરપુંગવની કલ્પનાનું અવતરણ થયું છે તે સર્વ મુનશીનાં પાત્રોને સહેલાઈથી ઓળખી શકાય તેમ છે. 'પૃથિવીવલ્લભ'ના નાયક મુંજમાં 'આચાર ને વિચારની બેપરવાઈ,' 'રસઘેલી મસ્તીનો મોહક નશો' અને 'ક્ષણેક્ષણનો વિલાસ અનુભવવાની અધીરતા' જેવાં નરપુંગવનાં ઘણાંખરાં લક્ષણો આકર્ષક રૂપમાં મૂર્ત થયેલાં છે. નીતિ–સદાચાર, સંયમ અને પવિત્રતાના પાઠ શીખવવા આવેલી ગુણગર્વિતા મૃણાલ સમક્ષ પોતાની વિલાસિતા, સ્ત્રીરસિકતા કે ક્રૂરતા બાબત મુંજ લેશમાત્ર ક્ષોભ અનુભવતો નથી. એ ખુમારીપૂર્વક કહે છે: '...મેં ભીખ માગી છે; ને સિંહાસનો દાનમાં દીધાં છે. મેં દુઃખિયા માટે દેહ આપી છે; ને સુખિયાની દેહની કચ્ચરો કરી છે. મેં રમણીઓના રસભંડાર લૂંટ્યા છે: ને લક્ષ્મી સમાન લલિતાઓનો શિરચ્છેદ કર્યો છે. શ્રુતિવાક્યનો પાઠ કરતાં, દેવને પણ દુર્લભ એવી તપશ્ચર્યા આદરી છે; ને શૃંગારસૂત્રોને ગુંજતાં બીભત્સ રસનો પણ સાક્ષાત્કાર કર્યો છે.'[૧૩]

મુનશીના મુંજ, મુંજાલ, કાક અને પરશુરામ જેવા શક્તિપુરુષો પોતાને સર્વોત્કૃષ્ટ 'પ્રભુ' સમજતા હોય છે. સાચું શું ને ખોટું શું, નીતિ શું ને અનીતિ શું, ન્યાય શું ને અન્યાય શું—આવા પ્રશ્નો તેમને પરેશાન કરી શકતા નથી. દરેક વાતમાં તેઓ પોતાના નિર્ણયને જ સાચો માનીને વળગી રહે છે. સાહસ–પરાક્રમ અથવા કુટિલ દાવપેચ વડે શત્રુને કેમ પરાસ્ત કરવો, અપરાધીને કેમ દંડવો, ક્રૂરતા આચરીને પણ કેમ પ્રભાવશાળી થવું તે બાબતમાં તેમની પોતાની એક નીતિનિર્લિપ્ત આચારસંહિતા હોય છે. નિર્દોષ મનુષ્ય પણ સહેજ અડચણરૂપ જણાય તો તેને માટીના ઢેફાની જેમ મસળી નાખતાં તેમને વાર લાગતી નથી. જેટલી ત્વરાથી કાક નારસિંહ ગઢવીને જૂનાગઢના કોટ ઉપરથી ઊંચકીને સ્વર્ગની દિશામાં ફેંકે છે, તેટલા જ ઝનૂનથી મુંજાલ મહેતા પણ પોતાનાં સ્વપ્ન–આદર્શને ખાતર પ્રાણાર્પણ કરવા તત્પર એવા કીર્તિદેવને હણવા મરણિયા પ્રયત્ન કરે છે. 'ભગવાન પરશુરામ'માં આર્ય પ્રજાની સંસ્કૃતિ, સલામતી અને ઉન્નતિની કર્તવ્યભાવનાથી પ્રેરાઈને ભાર્ગવ જામદગ્નેય શત્રુઓને સંહારે તે સકારણ છે. પરંતુ જયામઘ અને સહસ્રાર્જુન સરખા દુષ્ટબુદ્ધિ દુશ્મનોને પણ મૃત્યુના મુખમાંથી બચાવી લેવા જેટલું ઔદાર્ય બતાવતા આ ભાર્ગવશ્રેષ્ઠ પરશુરામ એક યાદવ છોકરાને નજીવા કારણસર ડુંગરા પરથી નીચે ગબડાવે છે. એ તો ઠીક, પણ રેણુકા જેમની સેવા–સારવાર કરીને કૃતાર્થતા અનુભવતી હતી તેવા ત્રીસેક રક્તપિત્તિયા નિર્દોષ ગાંધર્વોની પણ આ 'ભગવાન' ઠંડે કલેજે હત્યા કરે છે, એ જોઈને તો સહૃદય ભાવક નર્યો ત્રાસ જ અનુભવશે.

---

૧૨ મુનશી ક. મા., 'સ્વપ્નદ્રષ્ટા', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૦, આવૃત્તિ ૬, પૃ. ૧૪૭–૧૪૮

૧૩ મુનશી ક. મા., 'પૃથિવીવલ્લભ', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૩, આવૃત્તિ ૮, પૃ. ૧૦૧

અનંતરાય રાવળે આ અંગે ટીકા કરતાં કહ્યું છે તે સાચું છે: "કથામાં અન્યત્ર બતાવાયેલા પરશુરામના માનવપ્રેમ અને અહિંસાની ભાવના સાથે એનું આ વર્તન સંગત નથી."[૧૪]

ખરી વાત એ છે કે મુનશી જર્મન ફિલસૂફ નિત્શેના 'પ્રભુ'–Master–ની માનવતાના આદર્શને, પોતાની ઐતિહાસિક અને પૌરાણિક કૃતિઓનાં પુરુષપાત્રોમાં–તેમની પાત્રગત વિભાવના સાથે સુસંગત ન હોય તો પણ–અમુક સુધારાવધારા સાથે, મૂર્ત કરવાના ઉપક્રમમાં વિશેષ રાચે છે. તેમની કલ્પનાનો માનવશ્રેષ્ઠ 'પ્રભુ' ખરેખર કેવો છે તેનો ખ્યાલ તેમના આ શબ્દો ઉપરથી આવી શકશે: "આ પ્રભુ પોતાનું ને પારકાનું નિયમન કરી શકે છે; નમ્રતા, ખુશામત, અધમતા, ભય, અસત્યને તિરસ્કારે છે; દયા અને નિઃસ્વાર્થપણાની અવગણના કરે છે; શક્તિ, હિંમત, હરામખોરી, ક્રૌર્યમાં રાચે છે; તે અધમો તરફ કંઈ પણ ફરજ સ્વીકારતો નથી; તે નિર્ભય છે, ને સર્વભક્ષી પ્રતાપ ઇચ્છે છે; વિનાશ, જુલ્મ, પરિગ્રહ અને હિંસા એને શ્વાસ અને પ્રાણ સમાં છે. એનામાં ઊભરાતો પ્રભાવ છે; ઉગ્રતામાંથી ઝરતું સુખ છે; પોતાની આત્મસમૃદ્ધિના ભાનનો ગર્વ છે; એ દુર્ભાગી દાસોને મદદ કરે છે–દયાથી નહીં, પણ ઊભરાતા પ્રભાવભંડારને લીધે પ્રગટેલા ઔદાર્યથી...વૃત્તિઓના વિનાશ પર રચાયેલી માનવતા તરફ તે તિરસ્કારથી જુએ છે...વૃત્તિઓના નિરોધ પર, સુખના વિસર્જન પર, મૃત્યુની પયગંબરી પર રચાયેલી માનવતાને તે અધમમાં અધમ દાસવૃત્તિનું લક્ષણ ગણે છે. એની માનવતાને એક જ પ્રેરણા છે: નિશ્ચલ ને ભયંકર સત્તાકાંક્ષા; એનો એક જ સ્વધર્મ છે: પોતાના સ્વભાવનો."[૧૫] આ કોટિના 'પ્રભુ' થવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા મુનશીના નરપુંગવો પણ શક્તિ, હિંમત, હરામખોરી, હિંસ્રતા અને ક્રૂરતાના પ્રદર્શનમાં રચ્યા–પચ્યા રહેતા હોય છે; વિનાશ, જુલ્મ અને હિંસાખોરી તેમના લોહીમાં ગળથૂથીમાંથી જ ઊતરી આવેલાં લાગે છે. લેખકનાં સ્વકીય ભાવના–આદર્શો, મનોવલણો અને વિચારવળગણો–obsessions–નો ભોગ બનેલા આવા 'પ્રભુ'ની કોટિના કથાનાયકો, સામાન્ય જનસમુદાયમાં તેમનાં પ્રતાપ–પરાક્રમ અને ભાવનાભક્તિને કારણે નોખા તરી આવતા હોવા છતાં, લેખકના મનસ્વી આત્મપ્રક્ષેપ–self–projection–ને લઈને નિર્જનિરાળાં સ્વતંત્ર વ્યક્તિત્વ ભાગ્યે જ ધારણ કરી શકે છે. તેમણે કર્તાની પ્રિય નિત્શેપ્રેરિત અતિનૈતિક માનવતાની ભાવનાનાં દૃષ્ટાંતરૂપે અમુક પૂર્વનિર્ધારિત તરાહ પ્રમાણે જ વર્તવાનું હોવાથી તેમનાં પ્રભાવદર્શક પ્રતાપી વ્યક્તિત્વ એકવિધ અને ઘરેડિયાં–stereotyped–બની જાય છે. પરલક્ષી પ્રકારની સાહિત્યકૃતિમાં ખરેખર તો સર્જક એવી રીતે વ્યાપેલો હોય કે એ વિવિધરંગી પાત્રવૃંદમાં તેમનો વિશ્વકર્મા ક્યાં છુપાયો છે તે શોધવું અઘરું થઈ પડે. મુનશીની નવલકથાઓમાં આવું બહુ બનતું નથી.

મુનશીની ઐતિહાસિક–પૌરાણિક કૃતિઓનાં કેન્દ્રવર્તી પાત્રોમાં પ્રસંગોપાત્ત ઊપસી આવતા આધુનિકતાના અંશો અને કાલવિપર્યાસ સંબંધી અભ્યાસીઓએ કડક આલોચના કરેલી છે; તેમનાં પાત્રોમાં તરી આવતી 'આચાર ને વિચારની બેપરવાઈ' અને નૈતિક મૂલ્યો પ્રત્યેની

૧૪ રાવળ અનંતરાય, 'ગંધાક્ષત', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૬, આવૃત્તિ ૨, પૃ. ૨૧૦

૧૫ નિત્શેના માનવશ્રેષ્ઠ 'પ્રભુ'ની લાક્ષણિકતાઓ તથા ભાવનાગત વિશેષતાઓની વધુ વિગતો માટે જુઓ મુનશીનો લેખ: 'માનવતાનાં આર્ષદર્શનો' (પાદટીપ ૧ મુજબ, પૃ. ૧૪૯–૧૫૨)

ઉપેક્ષાવૃત્તિ વિશે પણ આપણે ત્યાં નૈતિક ભૂમિકા પર ઠીક ઠીક ઊહાપોહ થયેલો છે. આ પરિસ્થિતિના સંદર્ભમાં મુનશી પોતાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરતાં કહે છે : "......સમકાલીન માનવતાના પ્રાણ વિના કોઈ પણ ઐતિહાસિક કે કાલ્પનિક પાત્ર સજીવન થતું નથી......આ દૃષ્ટિથી પ્રેરાઈ, મેં પ્રયત્ન આદર્યો નથી સાધુ ચીતરવાનો, કે ડાહ્યાઓ અને મહેતાજીઓને પ્રિય એવા પ્રણાલિકાધડ્યા ઢીંગલાઓ ચીતરવાનો, કે ગુણદોષના ફિક્કા આકારો ચીતરવાનો. હું તો ચીતરવા મથ્યો છું–લોહીની ભરતી જેની રગોમાં આવે છે એવાં, ખરા જીવનમાં પ્રેમ કરે છે, યુદ્ધ કરે છે, પાપ કરે છે, તરફડે છે, એવાં સ્ત્રીઓ અને પુરુષો. મારો રસ જીવનના છે એવા ખેલમાં રહ્યો છે; નથી રહ્યો ડહાપણેઘડ્યાં ધોરણોમાં, ને નીતિઘડ્યા સિદ્ધાંતોમાં."[૧૬] લલિત સાહિત્યને નીતિનિરપેક્ષ કલાપ્રવૃત્તિ માનતા મુનશીને નીતિવાદી મરજાદી લોકોને પસંદ પડે તેવાં સદાચારી અને પરંપરાગત નીતિભાવનાને અનુસરનારાં પાત્રોના સર્જનમાં રસ ન હોય તે સામે કલાદૃષ્ટિએ વાંધો લઈ શકાય તેમ નથી; બલ્કે માનવસહજ નબળાઈઓ અને પ્રબળ ઊર્મિઆવેગોથી સભર એવાં ચેતનવંતાં સ્પર્શક્ષમ પાત્રોના યથાર્થદર્શી નિરૂપણ માટે તેઓ આગ્રહ ધરાવે છે તે બાબત સર્જક તરીકેની તેમની સજાગતા અને સૂઝની દ્યોતક ગણાય. પરંતુ એ હકીકત તેમના ધ્યાન બહાર રહી ગઈ જણાય છે કે સાહિત્યકૃતિનું ઉપાદાન અતીત કે વર્તમાનના જે સમયખંડને સ્પર્શતું હોય તે કાળનાં મનુષ્યોનાં વિશિષ્ટ મનોવલણો, ધાર્મિક માન્યતાઓ અને આચારવિચાર, સામાજિક રૂઢિરિવાજો અને શિક્ષણસંસ્કાર, સમાજસ્વીકૃત નૈતિક મૂલ્યો અને ભાવનાઓ આદિનાં વિધાયક સ્થૂળ–સૂક્ષ્મ પરિબળોને પણ સર્જકે લક્ષમાં લેવાં જ પડે. જો તે આ યુગભાવના–Time spirit–પ્રત્યે દુર્લક્ષ સેવે અને પોતાની અંગત માન્યતાઓ, પ્રિય ભાવનાઓ તથા વિચારસરણીને ભરવાનાં વાસણ તરીકે પાત્રોને ઉપયોગમાં લે તો પાત્રોની અસલ વિભાવના અને વ્યક્તિતા ખંડિત થયા વિના રહે નહિ. કલ્પિત અથવા ઐતિહાસિક–પારાણિક પાત્રોનાં વાણી–વર્તન અને માનસ અમુક દેશકાળના કૃતિગત વાતાવરણ સાથે સંવાદી અને સંગત ન હોય તો તે પાત્રો, માંસમજ્જાયુક્ત જીવંત મનુષ્ય જેવાં લાગતાં હોય તો પણ, સ્વાભાવિક અને પ્રતીતિકર બની શકે નહિ.

'પાટણની પ્રભુતા'માં રુદ્રમહાલયને આગ ચાંપી, જૈનધર્મના પ્રસાર–પ્રચારમાં પોતાને અંતરાયરૂપ લાગતા દેવપ્રસાદને મારી નાખવા જેવા હીચકારા કૃત્યને પરમ ધર્મકાર્ય માનતો લોહીતરસ્યો ધર્મઝનૂની આનંદસૂરિ રામનારાયણ પાઠકને જૈનધર્મના આચાર્ય જેવો નહિ પણ "મધ્યકાલમાં ખ્રિસ્તશાસનના પ્રચારકો જેવો વધારે લાગે છે,"[૧૭] કારણ કે સિદ્ધરાજના સમયના અહિંસાપરાયણ જૈન સાધુને અનુરૂપ આચાર–વિચારનો તેનામાં સદંતર અભાવ વરતાય છે. 'ગુજરાતનો નાથ'માં જૂનાગઢના રા'ખેંગાર સાથે ભાગી છૂટવાની રાણકને તક આપતો કાક મધ્યકાળના સ્વામીભક્ત સુભટની જેમ વર્તવાને બદલે વ્યક્તિસ્વાતંત્ર્ય અને સ્ત્રીદાક્ષિણ્યની

---

૧૬ મુનશી ક. મા., 'આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો (ભા. ૨)', ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૪૩, આવૃત્તિ ૧, પૃ. ૧૬૬–૧૬૭

૧૭ પાઠક રા. વિ., 'સાહિત્યવિમર્શ', પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા, ૧૯૫૯, આવૃત્તિ ૨, પૃ. ૯૮

આધુનિક ભાવનાઓને ચરિતાર્થ કરે છે. મનસુખલાલ ઝવેરીએ કહ્યું છે તેમ, આ પ્રસંગે કાક "વ્યક્તિસ્વાતંત્ર્યના દ્રષ્ટા તરીકેનું ગૌરવ" ધારણ કરે છે![૧૮] મધ્યકાળની સંસ્કારી વિદ્યાવ્યાસંગી અને અભિજાત બ્રાહ્મણકન્યાની શાલિનતા, સૌમ્યતા અને નમ્રતા મંજરીમાં ક્યાંય દેખાય છે? લગ્ન જેવી બાબતમાં વડીલોની જોહુકમી નિભાવી લેવાને બદલે તેને પડકારવાની વિદ્રોહવૃત્તિ, રૂપ-ગુણની પ્રદર્શનપ્રવૃત્તિ, આપવડાઈમાં રાચવાની છીછરી ચેષ્ટાખોરી, ઉદ્ધતાઈ, વિદ્વત્તા તથા બુદ્ધિમત્તાનું ગુમાન અને પોતાની અનન્ય વ્યક્તિતા અંગેની સભાનતા જેવાં લક્ષણોથી વિભૂષિત બટકબોલી મંજરી મુનશીની કલમે "એક ચબરાક અર્વાચીનાની પ્રતિમૂર્તિ" સમી બની ગઈ છે.[૧૯] મુનશીએ જેનામાં ભારતવર્ષના રાજકીય ઐક્ય અને એકકેન્દ્રી રાજ્યતંત્રની ભાવના મૂર્ત કરવા કોશીશ કરી છે તે કીર્તિદેવની વિચારસરણી તત્ત્વતઃ આધુનિક છે. કૃતિગત મધ્યકાલીન વાતાવરણ અને પાત્રવિભાવનાને વિસંવાદી અને વિરૂપ બનાવી મૂકે તેવા આધુનિકતાના રંગો મુનશીનાં ઘણાં ઐતિહાસિક-પૌરાણિક પાત્રોની સ્વાભાવિકતાને જોખમાવે છે. મુનશીની નવલકથાઓમાં "મને સૌથી મોટો વાંધો હંમેશ એ લાગ્યો છે કે તેમનાં પાત્રોનું માનસ મને જરા પણ ઐતિહાસિક દૃષ્ટિએ સાચું લાગતું નથી."[૨૦] રામનારાયણ પાઠક જેવા અધિકારી ભાવકની આ ફરિયાદ સાવ વજૂદ વિનાની નથી.

કીર્તિદેવના મુખમાં મુકાયેલી ઉપર્યુક્ત ભાવના વસ્તુતઃ લાંબા ગાળાના અવિરત સામુદાયિક પુરુષાર્થથી ચરિતાર્થ થઈ શકે તેવી કષ્ટસાધ્ય છે. એ ભાવના નવલકથામાં એક સ્વપ્નશીલ તરુણનો વાણીવિલાસ જ બની રહે છે. કીર્તિદેવના પાત્રનું કાઠું એવું ઘડાયું નથી કે તે આવા મહાભારત કાર્યને સિદ્ધ કરી શકે. 'મુખની કુમાશ પરથી બાળક-પુરુષવેશમાં બાળા-હોય એવો લાગતો' અને 'શરીરની છટામાં કે ચાપલ્યમાં નવોઢાને પણ શરમાવે એવો' આ માલવયોદ્ધો 'મોહક બાલિકા સમી મુખમુદ્રા' ધારણ કરીને, કોઈ આર્ષદ્રષ્ટાની અદાથી મુંજાલ મહેતાને આર્યાવર્તની રાજકીય એકતા સાધી તેનું નેતૃત્વ સંભાળવા વિનવે છે, અને મુંજાલ આ કાર્યની જવાબદારી ઉપાડવા ના પાડે છે ત્યારે તે 'આંખોમાંથી તેજના તણખા' વર્ષાવી મહામાત્ય મુંજાલને ડારવાની ચેષ્ટા કરે છે.[૨૧] આ પ્રસંગે તે સૈણ બાલયોદ્ધો કેવો સોહામણો લાગતો હશે, એ કલ્પના સાચે જ રમૂજપ્રેરક છે. દેવ સમાન જાજ્વલ્યમાન કાન્તિથી ઓપતો અને અપાર્થિવ વ્યક્તિત્વ ધરાવતો કીર્તિદેવ પોતાનું અજ્ઞાત પિતૃકુળ જાણવા મંત્ર-તંત્રની સાધનાથી પાટણના સ્મશાનમાં કાલભૈરવને આરાધે છે અને યોગિનીને પોતાના લોહીનું સેમ્પલ આપી આવે છે! નિયત સમયે તેની પ્રોક્સીરૂપે કાક સ્મશાનમાં જઈને કાલભૈરવ પાસેથી એવો મૌખિક બ્લડરિપોર્ટ લઈ આવે છે કે કીર્તિદેવ વાસ્તવમાં મુંજાલ મહેતાનો જ પુત્ર છે. મુનશીનો કાલભૈરવ પોતે તંત્રવિદ્યાનો અધિષ્ઠાતા ઉપાસ્ય દેવ હોવા છતાં તેને અતીન્દ્રિય ચમત્કારક શક્તિ અજમાવવા માટે કીર્તિદેવના લોહીનો નમૂનો લેવો પડે

૧૮ ઝવેરી મનસુખલાલ, 'અભિગમ', ચંદ્ર પ્રકાશન, મુંબઈ, ૧૯૬૬, આવૃત્તિ ૧, પૃ. ૪૨૪

૧૯ દલાલ ભારતી, 'કથાસાહિત્યનું વિવેચન', પ્ર. લેખિકા, વડોદરા, ૧૯૭૫, પૃ. ૧૭૭

૨૦ પાદટીપ ૧૭ પ્રમાણે, પૃ. ૮૭-૮૮

૨૧ પાદટીપ ૬ પ્રમાણે, પૃ. ૧૬૬; પૃ. ૩૦૭-૩૦૮

છે![22] (એટલું સારું છે કે મુંજાલના લોહીનો નમૂનો લઈ કીર્તિદેવના લોહી સાથે તે મેળવી જોવાની તેને જરૂર પડતી નથી.) તંત્રવિદ્યાની આ ખૂબી પાછળ કયું વૈજ્ઞાનિક અથવા આધ્યાત્મિક રહસ્ય છુપાયું હશે ?

મુનશી અભિનિવેશપૂર્વક કહે છે કે, "હું તો વ્યક્તિત્વનિરૂપણનો જ રસિયો રહ્યો છું. સાહિત્યસર્જનમાં જીવંત સ્ત્રીપુરુષો આલેખાયાં છે કે નહીં એ અંશની ગણના સિવાય મને બીજા કશાની પરવા નથી."[23] પરંતુ તેમની નવલકથાઓનાં રચનારીતિ અને વસ્તુવિન્યાસ તપાસતાં જણાશે કે તેમાં વાર્તારસની જમાવટ અર્થે નાટ્યાત્મક–અથવા નાટકી–પરિસ્થિતિઓ, કાકતાલીય ઘટનાઓ અને ત્વરિત પ્રસંગપરંપરાઓનું સંકલન–સંયોજન એવી રીતે થયેલું હોય છે કે એ વસ્તુપ્રધાન રચનાપ્રપંચમાં પાત્રોની ભૂમિકા ઘણે અંશે નૈમિત્તિક અને ગૌણ જ રહે છે. આથી પોતાનાં પ્રતાપ–પ્રભાવયુક્ત વ્યક્તિત્વ અંગે સભાન લાગતાં પાત્રો પણ અમુક પ્રસંગે લેખકના દોરીસંચાર અનુસાર કઠપૂતળીની જેમ વર્તતાં હોય છે. 'પાટણની પ્રભુતા'માં એક પ્રસંગે મીનળદેવીનો રસાલો મુસાફરી દરમિયાન વાટમાં વિસામો કરવા થોભે છે તે વખતે સૌની નજર ચુકાવીને પાલખીમાંથી છટકી ગયેલી પ્રસન્નને હેમખેમ પાટણ પહોંચાડવા 'રાજપૂતરાજ' મોરારપાલ તેની તહેનાતમાં હાજર જ હોય છે. પ્રસન્ન સલામત રીતે ભાગી છૂટે તે માટે લેખકે એવી ગોઠવણ કરેલી છે કે ચપળ બાજ જેવી મીનળને, તેના ચુનંદા સૈનિકોને અને ખાલી પાલખી ઊંચકીને આગળ ચાલતા ભોઈઓને પણ છેક સુધી પ્રસન્નની ગેરહાજરીની ગંધ સુદ્ધાં આવતી નથી![24] 'ગુજરાતનો નાથ'માં ઉદાના માણસો અથવા તે પોતે મંજરીનું અપહરણ કરે છે તે બન્ને પ્રસંગે, લેખકના અણસાર મુજબ, મંજરી સમ ખાવા પૂરતી ય એકાદ ચીસ પાડવાનું કે અન્ય રીતે સામનો કરવાનું વીસરીને તત્ક્ષણ બેહોશ બની જાય છે. સજ્જન મહેતાના વાડામાં કાવતરાબાજોની ગુપ્ત સભાને અંતે ઉદો મંજરીને ઉપાડી જાય છે તે પ્રસંગે ત્યાં ઉપસ્થિત કાશ્મીરાદેવી, ત્રિભુવનપાલ અને કાક જેવાં ચકોર પાત્રો પણ કેવાં ગાફેલ રહે છે! પોતાની આંખ સામે જ આ બધું બની રહ્યું હોવા છતાં મુંજાલ જેવો મુંજાલ પણ ઉદાને રોકતો–ટોકતો નથી. લેખકે ગોઠવેલો તાલ બગડી ન જાય તે માટે પાત્રો કેવાં કહ્યાગરાં બની જાય છે! પાટણમાં કોની આણ પ્રવર્તે છે અને કોણ કોને વફાદાર છે તે પણ એક રહસ્યમય પ્રશ્ન છે. જયદેવ મહારાજની આજ્ઞા થતાં ડુંગરનાયક માથાભારે કાકને કેદીરૂપે ભોંયરામાં પૂરી દે છે, પણ 'માલિક' ત્રિભુવનપાલનો આદેશ થાય તો તે 'અન્નદાતા' ગુર્જરેશ્વરની આજ્ઞાનો ખુલ્લો અનાદર કરી પોતાની વફાદારીનો પુરાવો આપે છે. જયદેવ રોષે ભરાય તો કાકને કેદખાને નાખે અને કાક વીફરે તો જૂનાગઢના રા'ખેંગારને પરાજિત કરનાર 'રાજાધિરાજ'ના સિદ્ધરાજ સોલંકીને તે બંદી બનાવીને અનાથતાનો અનુભવ કરાવી શકે છે. અહીં જાસૂસી જાળ, બુકાનીધારી પુરુષો, પુરુષવેશધારી સ્ત્રીઓ અને ભેદી ભોંયરાંની ભૂલભૂલામણીમાં મુગ્ધ વાચક એવો અટવાયા કરે છે, વેગીલા વાર્તાપ્રવાહમાં

---

૨૨ એજન, પૃ. ૨૪૧

૨૩ પાદટીપ ૧૯ પ્રમાણે, પૃ. ૨૩૨–૨૩૩

૨૪ પાદટીપ ૧૦ પ્રમાણે, પૃ. ૧૨૦–૧૨૨

કુતૂહલવશ એ એવો ખેંચાતો રહે છે કે તાલમેલિયા પ્રસંગોની કૃત્રિમતા અને પાત્રોની અસ્વાભાવિકતા તત્કાલ પૂરતી તો તેના ધ્યાન બહાર જ રહી જાય.

પ્રણયકથા—જાસૂસીકથા—સાહસકથાનાં આકર્ષક લક્ષણો ધરાવતી નવલકથાના વાર્તા-પ્રવાહને, પાત્રોની વ્યક્તિતા અને સ્વાભાવિકતાને ભોગે પણ, નાટ્યાત્મક રચનાવિધાનના કૌશલ દ્વારા ત્વરિત ગતિએ સાદ્યંત વહેતો રાખી કૌતુકમૂલક કથારસની જમાવટ કરવામાં જ મુનશીની ઘણીબધી કલા—કારીગરી અને સર્જકતા વેડફાઈ જતી જણાય છે. આ સંદર્ભમાં પ્રમોદકુમાર પટેલનું નિરીક્ષણ ધ્યાનપાત્ર છે: 'નાટ્યાત્મક નિરૂપણરીતિ એ પણ તેમને (મુનશીને) માટે વિશેષે તો કથારસ પોષવાનું સાધન બની રહી દેખાય છે. તેમનાં બહિર્મુખી વૃત્તિવાળાં પાત્રો પોતાનાં કાર્યો કે લાગણીના પ્રશ્નોને વિશ્વજીવનના વ્યાપક સંદર્ભમાં જોવા ભાગ્યે જ રોકાય છે. એ રીતે વ્યક્તિસંવિતની ગહન અનુભૂતિઓના ઉઘાડ સાથે નવાં મૂલ્યોનો બોધ થતો હોય એવું પણ બહુ ઓછું જોવા મળશે. એમ લાગે કે મુનશીની નજરમાં સતત 'કથા' જ રહી છે. એટલે જ મુખ્ય—ગૌણ બધાંયે પાત્રોને જાણે કે શતરંજનાં પ્યાદાં જેવાં સ્વીકારીને તેઓ ચાલ્યા છે."[૨૫] ભાવનાઓની ભભક, તરવરાટભરી ઉધમાતિયા મનોવૃત્તિ, સ્વભાવગત ચંચળતા, વાચાળતા અને સ્થૂળ કાર્યોની બહુલતાને લઈને એ પાત્રો 'ક્રિયાશીલ' રહે છે, પણ તેમનાં કાર્યો પાછળ રહેલી મનોભૂમિકાનાં દર્શન આપણને કવચિત્ જ થાય છે. ગોવર્ધનરામનાં નાયક—નાયિકાની અંતર્મુખતા અને અકર્મણ્યતા મુનશીનાં પાત્રોમાં અપવાદ-રૂપે જ દૃષ્ટિગત થાય છે. જાનને જોખમે પણ સાહસ ખેડવાં અને દંગલ કરવાં, શત્રુને મહાત કરવા ષડ્યંત્ર રચવાં અને મુત્સદ્દીગીરીના દાવ ખેલવા, પ્રતાપી—પ્રભાવશાળી બનવા પરાક્રમ કરવાં અને ખૂનામરકીમાં રાચવું, પ્રણયવ્યવહારમાં 'પાપ' કરવું પડે તો તેમ કરીને પણ passionate બની પ્રેમની મસ્તી માણવી અને પ્રિયાને બાહુપાશમાં કચડવી, પણ કદી passive રહેવું નહિ: મુનશીના આ સંજીવનીમંત્રના પ્રભાવે કરી સતત ઉધમાત—ઉત્પાત અને દોડધામમાં વ્યસ્ત રહેતાં તેમનાં પાત્રોને આંતરિક સંઘર્ષની ક્ષણોમાં પણ મંથન—મૂંઝવણ અનુભવવાની જાણે ફુરસદ મળતી જ નથી.

મુનશીને વસ્તુતઃ પાત્રોનાં વ્યક્તિત્વનિરૂપણ કરતાં નવલકથામાં ક્રિયાવેગને ત્વરિત બનાવી કથારસની જમાવટમાં સક્રિય ભાગ ભજવે તેવાં 'જીવંત' પાત્રોના ચિત્રણમાં વધુ રસ છે. બહિર્મુખી સ્વભાવવાળાં તેમનાં પાત્રો જોખમભરી રીતે જીવે છે એ ખરું, પરંતુ માનવમનનાં અતલ ઊંડાણનો તાગ લેવાનું જોખમ મુનશી ભાગ્યે જ ખેડે છે. આ અંગે સુરેશ જોશીએ કરેલી ટકોરમાં ઘણું તથ્ય રહેલું છે: "મુનશીનાં પાત્રો સ્થૂળ દૃષ્ટિએ જોતાં ઘણી ધમાચકડી મચાવી મૂકતાં હોય છે, પણ એની સાથે એમની આંતરિક સૃષ્ટિનો પટવિસ્તાર સમાંતર રીતે ઊઘડતો જતો નથી. આને પરિણામે એમનાં કાર્યોનાં એ માત્ર નિમિત્તરૂપ બન્યાં હોય એવું આપણને લાગે છે. 'તલવારની પટાબાજી જેવા સંવાદો' તે આ ઊણપને ઢાંકવાનો પ્રયત્ન છે તે છતું થઈ ગયા વગર રહેતું નથી. ગોવર્ધનરામમાં experienceની

૨૫ પટેલ પ્રમોદકુમાર, 'કથાવિવેચન પ્રતિ', પ્ર. લેખક, વલ્લભવિદ્યાનગર, ૧૯૮૨, આવૃત્તિ ૧, પૃ. ૧૯

physicalityની માત્રા ઓછી છે. તો મુનશીમાં આ physicalityનો જે counterpart છે તે પૂરો વ્યંજિત થઈ શકે એવી યોજના થઈ શકી નથી."[૨૬] ગોવર્ધનરામ અને પન્નાલાલ જેવા સર્જકો પાત્રનાં મનોવિશ્વની ગહરાઈમાં પ્રવેશીને તેમની સૂક્ષ્મ સંકુલ સંવેદનાઓનું યથાર્થલક્ષી નિરૂપણ કરવાની જે સૂઝ અને સજ્જતા દાખવે છે તે મુનશીમાં જવલ્લે જ દેખાય છે. મનુષ્ય ખરેખર તો સાગરસપાટી પર તરતી હિમશિલા જેવો હોય છે. બહારથી તેના જીવનનો થોડો ભાગ જ જોઈ શકાય છે; મહદંશે તો તે સપાટી નીચે ભીતરમાં જ છુપાયેલો રહે છે. તેનાં બહિરંતર વ્યક્તિત્વ અને જીવનની ગતિવિધિનું અખિલાઈભર્યું દર્શન કરવું હોય તો તેના જાગ્રતઅજાગ્રત ચિત્તના વ્યાપારો, ભાવ–ભાવનાના સંઘર્ષો, ઊર્મિના આરોહ–અવરોહ, વિચારવળાંકો અને આંતરવિરોધોને પણ ઓળખવા–આલેખવા પડે. પરંતુ આ જાતના મનોવૈજ્ઞાનિક સચ્ચાઈયુક્ત વ્યક્તિત્વનિરૂપણમાં મુનશીને ઝાઝો રસ હોય એમ લાગતું નથી. (આ દિશામાં તેમની ગતિ પણ નથી.) અલબત્ત, નવલકથાની પરલક્ષી પાત્રસૃષ્ટિમાં પોતાના વ્યક્તિત્વનું પ્રકારાંતરે નિરૂપણ કરવામાં તેમને રસ છે જ.

---

૨૬ જોશી સુરેશ, 'કથોપકથન', આર. આર. શેઠની કંપની, મુંબઈ, ૧૯૬૯, આવૃત્તિ ૧, પૃ. ૨૩–૨૪

શિવની દક્ષિણામૂર્તિઓ*

(ગુજરાતના વિશિષ્ટ નિર્દેશ સાથે)

વસંતકુમાર એસ. પારેખ

દક્ષિણામૂર્તિ :

જ્ઞાન અને કલાના પ્રણેતા તરીકે શિવને દક્ષિણામૂર્તિ કહેવામાં આવ્યાં છે. 'દક્ષિણામૂર્તિ-ઉપનિષદ' અને 'સુતસંહિતા'ના વૃત્તાંત[1] પ્રમાણે જ્ઞાન પણ દક્ષિણા તરીકે ઓળખાય છે. અને આ 'દક્ષિણા' જ્ઞાનના આદ્યગુરુ સામે ટગરટગર જોયા કરતી હોવાથી શિવને 'દક્ષિણામુખ' કહ્યા છે. આ બન્ને સંદર્ભો વધુમાં જણાવે છે કે જ્ઞાનના ક્ષેત્રમાં શિવ યોગ, સંગીત, નૃત્ય આદિ વિદ્યાઓના પ્રણેતા છે.

પ્રાચીન સંસ્કૃત ગ્રંથો તેમ જ મૂર્તિવિજ્ઞાનવિષયક ગ્રંથોમાં દક્ષિણામૂર્તિ શિવના ચાર પ્રકારો ગણવામાં આવ્યા છે. હાથમાં પુસ્તક, અક્ષમાલા ધારણ કરી ઉપદેશ આપતા શિવ 'વ્યાખ્યાન દક્ષિણામૂર્તિ' ભક્તને જ્ઞાન આપતા 'જ્ઞાન દક્ષિણામૂર્તિ' અને વીણાવાદન શીખવતા 'વીણા દક્ષિણામૂર્તિ'. આ ઉપરાંત શ્રી. સી. શિવરામમૂર્તિએ નટરાજ અને વિવિધ વાદ્યો વગાડતાં શિવનાં સ્વરૂપોને પણ દક્ષિણામૂર્તિ કહ્યા છે. ઉપર્યુક્ત પ્રકારોનાં વર્ણનો શૈવાગમો,[2] પુરાણો, તથા અન્ય મૂર્તિવિજ્ઞાનવિષયક ગ્રંથોમાં મળે છે.

જ્ઞાન પ્રકારમાં યોગાસન વાળી બેઠેલા ચતુર્ભુજ શિવના ઉપલા દ્વિહસ્તોમાં અનુક્રમે અક્ષમાલા અને ઉત્પલ ધારણ કરેલાં હોવાનું જણાવ્યું છે. તેમના નીચલા હસ્તો (જમણા–ડાબા) અનુક્રમે જ્ઞાન અને અભયમુદ્રામાં હોવાનું જણાવેલું છે.

યોગ પ્રકારમાં ચતુર્ભુજ દેવ યોગાસનવાળી (સ્વસ્તિકાસન કે ઉત્કુટિકાસન) બેઠેલા, જ્ઞાનમુદ્રા, અક્ષમાલા, અગ્નિ અથવા સર્પ અને વરદમુદ્રા ધારણ કરેલા અને દૃષ્ટિ નાસિકા ઉપર સ્થિર રાખેલા હોવાનું જણાવ્યું છે; બન્ને પગની ઘૂંટી પર યોગપટ્ટ બાંધેલો હોય છે.

વ્યાખ્યાન પ્રકારમાં દક્ષિણામૂર્તિ જ્ઞાનવૃક્ષ નીચે ઋષિઓથી વીંટળાએલા લલિતાસનમાં બેઠેલા વર્ણવેલા છે. ઉપરના બે હસ્તમાં અક્ષમાલા અને પુસ્તક જ્યારે નીચલા દ્વિહસ્ત વ્યાખ્યાનમુદ્રા અથવા જ્ઞાન અને વરદમુદ્રામાં હોવાનું જણાવેલું છે.

---

* સુરત મુકામે યોજાયેલ ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૧મા અધિવેશનમાં, સ્વ. શ્રી. ક. ભા. દવે રૌપ્યચંદ્રકને પાત્ર ઠરેલો નિબંધ

૧ રાવ, ટી. એ. જી. એલીમેન્ટ્સ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી, વો. ૨, ભા. ૧, પૃ. ૨૭૩–૨૭૪

૨ એજન

વીણાધર પ્રકારમાં, મુખ્ય દ્વિહસ્તથી શિવ વીણાવાદન કરતાં તથા તેમના ઉપરના બે હાથમાં પરશુ અને મૃગ અથવા ઉત્તર ભારતમાં ત્રિશૂલ અને સર્પ હોવાનું કહ્યું છે.

આપસ્માર–અજ્ઞાનનું પ્રતીક શિવના પગ નીચે દબાયેલું તથા કચડાયેલું દર્શાવવાનું કહ્યું છે.

'વિષ્ણુધર્મોત્તરપુરાણ[3] શ્વેત વસ્ત્રધારી, જટા પર ચંદ્રકળા ધારણ કરેલા અને દક્ષિણાભિમુખ શિવ, મુનિઓને ઉપદેશ આપતા વર્ણવે છે. શ્રીમદ્‌ભાગવત[4] ભગવાન દક્ષિણા-મૂર્તિને દર્ભાસન પર બેઠેલા અને તર્કમુદ્રા–હસ્ત સાથે વર્ણવે છે. 'શિલ્પરત્ન' તેમને વટવૃક્ષ નીચે બેઠેલા કહે છે.

દક્ષિણામૂર્તિનાં કેટલાંક પ્રાચીન અને અર્વાચીન શિલ્પોનાં વર્ણન, શ્રી. ટી. એ. જી. રાવે[5] તેમના દળદાર ગ્રંથોમાં સચિત્ર આપેલાં છે.

તિરૂવોરિયુરના શિવાલયમાં યોગ દક્ષિણામૂર્તિનું સુંદર શિલ્પ છે. અહીં ચતુર્ભુજ શિવ યોગાસન(સ્વસ્તિકાસન)માં બેઠેલા છે અને જ્ઞાનમુદ્રાથી જ્ઞાન આપે છે. ઉપરના જમણા અને ડાબા હસ્તોમાં ત્રિશૂલ અને કપાલ પકડેલાં છે. કાંજિવરમ્‌ના વિખ્યાત કૈલાસનાથ સ્વામિન્‌ના મંદિરમાં પૂજાતા યોગ દક્ષિણામૂર્તિમાં શિવ ઉચ્ચ આસને બિરાજેલા છે. તેમના પગ યોગપટ્ટથી બદ્ધ છે. તેમના ચતુર્હસ્તમાં યોગમુદ્રા અક્ષમાલા, અગ્નિ તથા અભય મુદ્રા છે.

કાંજિવરમ્‌માં આવી જ એક અર્વાચીન મૂર્તિ પૂજાય છે. તાંજોર પાસેના આવુર (Āvūr) ગામના શિવાલયમાં દક્ષિણામૂર્તિની ચોળ સમયની દર્શનીય મૂર્તિ છે. અહીં જ્ઞાન દક્ષિણામૂર્તિનો પ્રકાર રજૂ કરતા શિલ્પમાં ચતુર્હસ્ત શિવ ઉચ્ચ ભદ્રાસને બેઠેલા છે અને તેમનો એક પગ અપસ્માર પર છે. તેમના ચાર હસ્તોમાં અનુક્રમે, ચિન્નમુદ્રા, સર્પ, અગ્નિ, તથા પુસ્તક ધારણ કરેલાં છે. તિરૂવોરિયુર અને સુચીન્દ્રમ્–(દક્ષિણ ત્રાવણકોર)માંથી આવાં જ લક્ષણો ધરાવતી જ્ઞાન દક્ષિણામૂર્તિની મૂર્તિઓ મળી છે.

કાવેરીપક્કમ્‌માંથી વ્યાખ્યાન દક્ષિણામૂર્તિનું સુંદર શિલ્પ મળ્યું છે. અહીં ગૂચળાંવાળા જટાભારથી શોભતા શિવના ચતુર્હસ્તમાં વ્યાખ્યાનમુદ્રા, અક્ષમાલા તથા પુસ્તક ધારણ કરેલાં છે.

માયસોરના નંજનગોડુ(Nañjangōḍu)માં દક્ષિણામૂર્તિનું વિશિષ્ટ શિલ્પ છે. અહીં શિવ વૃક્ષ નીચે ઉત્કુટિકાસનમાં બેઠેલા છે. તેમના પગ યોગપટ્ટથી (ઘૂંટી પાસે) બદ્ધ છે. ચતુર્ભુજ દેવના હસ્તમાં જ્ઞાનમુદ્રા, અને અક્ષમાલા, સર્પ, વીણા અને પુસ્તક ધારણ કરેલાં છે. આ મૂર્તિ જ્ઞાન, યોગ, વ્યાખ્યાન અને વીણા દક્ષિણામૂર્તિનું સંમિશ્રણ લાગે છે. આસન નીચે ઋષિઓ દર્શાવ્યા છે.

---

૩ વિષ્ણુધર્મોત્તરપુરાણ; રાવ ટી. એ. જી–એલીમેન્ટ્સ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી ઉલ્લેખિત સંદર્ભ

૪ શ્રીમદ્‌ભાગવત, ૪–૬, ૩૮–૩૯

૫ રાવ, ટી. એ. જી. ઉપર્યુક્ત, ૫૬–૭૨, ૭૪, ૭૫, ૭૭, ૭૯, ૮૦, ૮૧

મદ્રાસ સંગ્રહાલયમાં પ્રદર્શિત અને દક્ષિણ ભારતની અન્ય વીણાધર દક્ષિણામૂર્તિઓમાં ચતુર્હસ્ત શિવના ઉપલા દ્વિહસ્તમાં પરશુ તથા મૃગ જ્યારે નીચલાં બે હાથ વીણા વગાડતા હોય તેવી મુદ્રામાં છે.

ઉપર્યુક્ત શિલ્પોની પ્રાપ્તિ દર્શાવે છે કે શિવનું આ 'શિક્ષાગુરુ સ્વરૂપ' તામીલ, આંધ્ર અને દક્ષિણના અન્ય પ્રાંતોમાં વધુ પ્રચલિત બન્યું હતું. હજુ પણ આ સ્વરૂપોની પૂજા દક્ષિણ ભારતમાં ખૂબ પ્રચલિત છે.

તાજેતરમાં જ ઉત્તર ભારતનાં કેટલાંક સ્થળોએથી દક્ષિણામૂર્તિની નોંધપાત્ર મૂર્તિઓ મળી આવી છે.

તાજેતરમાં જ વીણાધર દક્ષિણામૂર્તિની એક મૃણ્મય (terracotta figure) આકૃતિ, ચંદ્રકેતુગઢ(બંગાળ)માંથી મળી આવી છે; કૈલાસ પર્વત પર ગણો વડે આધારિત સિંહાસન પર બિરાજેલા ભગવાન વીણાધર દક્ષિણામૂર્તિનું આ શિલ્પ આશરે શુંગયુગના ઉત્તરાર્ધ જેટલું પ્રાચીન છે.[૬] અહિચ્છત્રા[૭] (જિ. બરેલી, ઉ. પ્ર.)ના શિવ મંદિરના અવશેષોમાંથી પ્રાપ્ત થયેલી મૃણ્મય ફલક પરની દક્ષિણામૂર્તિ ગુપ્ત કાલના પ્રારંભની છે.

ઉત્તર પ્રદેશમાંથી પ્રાપ્ત દક્ષિણામૂર્તિનાં કેટલાંક શિલ્પોનો અભ્યાસ, શ્રી. શિવબહાદુર સિંઘે[૮] રજૂ કર્યો છે. તે કહે છે કે, દક્ષિણની જેમ ઉત્તર ભારતનાં દક્ષિણામૂર્તિનાં શિલ્પો મૂર્તિશાસ્ત્રના ગ્રંથોને સંપૂર્ણ રીતે મળતાં આવતાં નથી.

ગઢવામાંથી પ્રાપ્ત યોગ દક્ષિણામૂર્તિનું સુંદર શિલ્પ સ્ટેટ સંગ્રહાલય, અલ્હાબાદમાં પ્રદર્શિત છે. અહીં ચતુર્ભુજ શિવ યોગાસનમાં બેઠેલા છે. તેમના નીચલા દ્વિહસ્ત ખોળામાં ધ્યાન મુદ્રામાં છે જ્યારે ઉપલા બે હાથોમાં ત્રિશૂલ અને સર્પ છે. (ઈ. ૧૦મી સદી.) ગઢવાના કિલ્લા(અલ્હાબાદ)માં આવાં જ લક્ષણો ધરાવતી મૂર્તિ છે. અહીં શિવ સ્વસ્તિક આસનમાં બેઠેલા છે અને ઉપલા જમણા હસ્તમાં કમળ ધારણ કરેલું છે.

જાગેશ્વરનું શિલ્પ આયુધોના થોડા ફેરફાર સહ આગમોનાં વર્ણનોને વધુ મળતું આવે છે. અહીં શિવ દક્ષિણના કાવેરીપક્કમ્ અને નગ-જનગોડુ(મ્હૈસુર)ની જેમ યોગપટ્ટબદ્ધ ઉત્કુટિકાસનમાં બેઠેલા છે. શિવના જમણા હસ્તમાં કમળ તથા ડાબો હસ્ત ઊંધા મૂકેલા પરશુના દંડ પર ટેકવેલો છે. (આશરે ઈ. સ. ૮–૯મી સદી). બૈજનાથ(જિ. અલમોડા)માંથી પ્રાપ્ત યોગ દક્ષિણામૂર્તિનું મધ્યકાલીન (ઈ. સ. ૧૦–૧૧મી સદી.) શિલ્પ જાગેશ્વરની મૂર્તિ જેવાં જ લક્ષણો ધરાવે છે. અહીં શિવને ત્રિમુખી દર્શાવ્યા છે.

---

૬ 'લલિતકલા', નં. ૧૮, પ્લેટ ૨૦, આકૃતિ નં. ૧

૭ બેનરજી, જે. એન; 'ધી ડેવલપમેન્ટ ઑફ હિન્દુ આઈકોનોગ્રાફી', પૃ. ૪૭૧, પ્લેટ ૭, આકૃતિ ૩

૮ સિંઘ, શિવબહાદુર, બ્રાહ્મેનિકલ આઈકોન્સ ઈન નોર્ધન ઈન્ડિયા, ન્યુ દિલ્હી, ૧૯૭૭; પૃષ્ઠાંક ૧૮–૨૨

બૈજનાથમાંથી વીણાધર દક્ષિણામૂર્તિનું સુંદર શિલ્પ મળ્યું છે. અહીં જટાધારી શિવ નંદી પર લલિતાસનમાં બેઠેલા છે. તેમના ઉપલા જમણા તથા ડાબા હાથોમાં ત્રિશૂલ અને ફૂલ પકડેલાં છે, જ્યારે નીચલા હસ્તોથી વીણા વગાડે છે. અલ્હાબાદ સંગ્રહાલયમાં આવાં જ લક્ષણો ધરાવતું વીણાધર દક્ષિણામૂર્તિનું શિલ્પ છે. (આશરે ઈ. સ. ૧૧–૧૨મી સદી.).

દક્ષિણામૂર્તિના મૂર્તિવિજ્ઞાન-વિષયક અભ્યાસના ફૂલસ્વરૂપે, દક્ષિણામૂર્તિના કેટલાક નવા પ્રકારો રજૂ થયા છે. તેમના વિશે શૈવાગમો કે પરંપરાગત મૂર્તિશાસ્ત્રના ગ્રંથોમાં કોઈ ઉલ્લેખો નથી. પરંતુ શતરુદ્રીય સંહિતા, શિવસહસ્રનામ (મહાભારત), વાયુપુરાણ, શિવપુરાણ અને અન્ય ગ્રંથોમાંથી પ્રેરણા લઈ પ્રાચીન શિલ્પીઓએ દક્ષિણામૂર્તિનાં કેટલાંક અદ્દભુત અને વિશિષ્ટ સ્વરૂપો કંડાર્યાં છે તે વિશે થોડી ચર્ચા કરવી યોગ્ય ગણાશે.

નૃત્ય દક્ષિણામૂર્તિ અને સંગીત દક્ષિણામૂર્તિ :

શાલુવન્કુપ્પમ્‌ની ગુફા પરના શિલાલેખમાં[૯] શિવના નૃત્યનું સુંદર વર્ણન કર્યું છે. અહીં નાટ્ય અને સંગીતના દૈવી વિશારદો–ઋષિઓ, ગાંધર્વો, દેવો વગેરેને શિવ–નૃત્યના ખરા પ્રેક્ષકો તરીકે વર્ણવ્યા છે. પતંજલિ ચરિત (૪.૬૧–૬૭), બૃહત્કથામંજરી (પૃ. ૨૧૫) તથા મેઘદૂતમાં (૧.૫૮) શિવને નૃત્ય અને સંગીતના કલાગુરુ તરીકે ઉચ્ચ સ્થાને મૂકયા છે. મહાભારત (૧૩, ૧૭, ૫૦) અને લિંગમહાપુરાણમાં (૧-૬૫, ૭૪) શિવને નૃત્યપ્રિય, નિત્યનૃત્ય, નર્તન અને સર્વસાધક કહ્યા છે. વાયુપુરાણમાં (૨૪, ૧૪૨–૧૪૩) તેમને વાદ્યનૃત્યપ્રિય અને ગીતશીલ કહ્યા છે, અને (પૃ. ૬૯, ૪૬–૫૧) ગાંધર્વવેદના મહાન વિશારદ ગણાવી સર્વોચ્ચ સ્થાને સ્થાપ્યા છે. આથી જ વિષ્ણુધર્મોત્તરપુરાણમાં નાટ્યને નટરાજનું સ્વરૂપ ગણ્યું છે.

ઉપર્યુક્ત સંદર્ભમાં કેટલાંક શિલ્પ નિરૂપણો જોઈએ. મહાબલિપુરમ્‌ના એક શિલાપટ્ટ[૧૦] પર જટાધારી ચતુર્ભુજ શિવ શૂલ, પરશુ, સંદંશ અને જ્ઞાનમુદ્રામાં દર્શાવ્યા છે, જ્યારે શિવ ભરતમુનિ(भरतनाटचशास्त्र રચનાર)ને નાટ્ય વિશે જ્ઞાન આપી રહ્યા છે. ધર્મરાજ–રથના[૧૧] ફલક પર તણ્ડુ ઋષિ શિવના દર્શાવ્યા પ્રમાણે નૃત્યની અંગ–ભંગીઓ પ્રદર્શિત કરી રહ્યા છે. ચંદેલ[૧૨] સમયના એક શિલ્પમાં શિવ પાર્વતીને ' લાસ્ય ' શીખવતા દર્શાવ્યા છે. ઘણી નટરાજ પ્રતિમાઓમાં શિવ જ્ઞાન અથવા સંદંશ મુદ્રામાં રજૂ કરેલ છે તે નિઃશંક તેમના " આદ્યગુરુ "ના સ્વરૂપને અભિવ્યક્ત કરે છે. ખાસ કરીને ઉત્તર ભારતની ઘણી નટરાજ મૂર્તિઓમાં નટરાજનું દક્ષિણામૂર્તિનું (શિક્ષક) લક્ષણ આ રીતે રજૂ થયેલું છે; જ્યારે દક્ષિણનાં ઘણાં બધાં નટરાજનાં શિલ્પોમાં (તામીલ, આંધ્ર, વગેરે પ્રદેશોનાં અન્ય દક્ષિણામૂર્તિનાં

---

૯ સી. શિવરામમૂર્તિ, નટરાજ ઈન આર્ટ, થોટ એન્ડ લીટરેચર, ન્યુ દિલ્હી, ૧૯૭૪, પૃ. ૧; એપીગ્રાફિયા ઈન્ડીકા, ૧૦, પૃ. ૧૨

૧૦ એજન, પૃ. ૧૧૭, આ. ૧૫

૧૧ એજન, પૃ. ૧૧૬, આ. ૧૪

૧૨ એજન, પૃ. ૧૧૫, આ. ૧૩



ચિત્ર ૭

ઊર્ધ્વજાનું નટરાજ શિવ, પ્રભાસપાટણ

ચિત્ર ૫

શીંગી સાથે નૃત્ય કરતા શિવ, અલ્હાબાદ મ્યૂઝિયમ

ચિત્ર ૬

શીંગીવાદન શિવ, પ્રભાસપાટણ

શિલ્પોમાં દર્શાવ્યા પ્રમાણે) અજ્ઞાનના પ્રતીક અપસ્મારને શિવના પગ નીચે કચડાયેલ બતાવ્યો છે. દક્ષિણનાં દક્ષિણામૂર્તિ–શિલ્પોનું આ અતિ મહત્ત્વનું લક્ષણ ચોળ સમયનાં અને અન્ય નટરાજ શિલ્પોમાં ખાસ જોવા મળે છે.

શિવને વાદ્ય, સંગીત, ગાન અને નૃત્યના કલાગુરુ કહ્યા છે. મહાભારત(૧૩, ૫૮-૬૧)માં શિવને દરેક પ્રકારનાં વાજિંત્રો વગાડવામાં સર્વોચ્ચ પ્રવીણ કહ્યા છે, અને શીંગી, મૃદંગ, વીણા, ડમરું, વાંસળી અને અન્ય વાદ્યો વગાડતા વર્ણવ્યા છે. 'વાયુ પુરાણ'(૨૪, ૧૪૨–૧૪૩)માં તેમને વાદ્યનૃત્યપ્રિય તથા ગીતશીલ કહ્યા છે. શિવને (૬૯, ૪૬–૫૧) ગાંધર્વવેદના મહાન વિશારદ ગણાવી ઉચ્ચ સ્થાને સ્થાપ્યા છે. આ ઉપરાંત, બીલીપત્ર અને ફૂલો કરતાં પણ નૃત્ય ગાન અને સંગીતને જ શિવપૂજાનાં અતિપ્રિય સાધનો ગણ્યાં છે.

ઉપર્યુક્ત સંદર્ભમાં શિવનાં કેટલાંક વિશિષ્ટ અને અદ્દભુત શિલ્પો વિશેની ચર્ચા કરવી યોગ્ય ગણાશે.

મુંબઈ પાસેના પરેલમાંથી પ્રાપ્ત અને ખૂબ જાણીતા અષ્ટમૂર્તિ શિવના શિલ્પને શિવરામમૂર્તિએ[૧૩] 'શિવસપ્તસ્વરમય' તરીકે ઓળખાવ્યા છે. (ચિત્ર ૧; જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપર) અહીં સપ્ત સ્વરને શિવનાં સાત સ્વરૂપો તરીકે નિરૂપેલાં છે. શિવના પગ પાસે નીચે, બન્ને બાજુ પર શિવગણો, વીણા, મંજીરા, મૃદંગ વગેરે વાદ્યો વગાડતા દર્શાવ્યા છે. (વાકાટક, ઈ. સ. ૫મી સદી).

બડોહ[૧૪](રાજસ્થાન)માંથી પ્રાપ્ત એક શિલ્પમાં શિવ બે ઊર્ધ્વ મૃદંગ વગાડતા (ચિત્ર ૪) નિરૂપેલા છે. (પ્રતિહાર શૈલી ૯મી સદી). કળુગુળબાઈ[૧૫] (પાંડ્ય સમયના, ૮મી સદી) મંદિરના વિમાનના ટોચના ભાગમાં શિવ પ્રસન્ન વદને અંક્ય પ્રકારની મૃદંગ વગાડી રહ્યા છે. તેમના ડાબા પગ નીચે અપસ્માર દબાયેલો દેખાય છે. શિવના ઉપલા દ્વિહસ્તમાં અનુક્રમે પરશુ તથા અક્ષમાલા ધારણ કરેલાં છે. મૃદંગ ખાસ નૃત્ય સાથે સંબંધ ધરાવે છે. શ્રી શિવરામમૂર્તિએ આ સ્વરૂપને પુષ્કર દક્ષિણામૂર્તિ કહ્યા છે. (ચિત્ર ૨; જુઓ આ અંકના ત્રીજા કવરપેજ ઉપર) કૈલાસ મંદિર (ઇલોરા ૮મી સદી)ની પરસાળમાં ઘટવાદ્ય વગાડતા શિવનું અનોખું નિરૂપણ છે.[૧૬] અહીં ઘૂંટી પર અર્ધયોગપટ્ટથી બદ્ધ શિવ લલિતાસનમાં બેઠા છે અને બન્ને હાથથી ઊંધો મૂકેલો ઘટ (ઘટવાદ્ય) વગાડી રહ્યા છે. તેમના ઉપલા હસ્તનાં આયુધો અસ્પષ્ટ છે. શિવની આનંદથી મિલિત આંખો દર્શાવે છે કે તેઓ જાણે ઘટવાદ્યના તાલના ઊંડાણમાં લીન થઈ ગયા છે. અત્યારે પણ દક્ષિણ ભારતમાં ઘટવાદ્ય એ શાસ્ત્રીય વાદ્યો પૈકીનું એક મહત્ત્વનું વાદ્ય ગણાય છે. (ચિત્ર ૩; જુઓ આ અંકના ત્રીજા કવરપેજ ઉપર)

---

૧૩ એજન, પૃ. ૧૭૬, આ. ૧૩

૧૪ એજન, પૃ. ૩૨૨, આ. ૨૦૩

૧૫ એજન, પૃ. ૨૧૧, આ. ૬૦

૧૬ એજન, પૃ. ૨૨૦, આ. ૭૧

ઉપર્યુક્ત સાહિત્યિક વર્ણનો અને શિલ્પો દર્શાવે છે કે શૈવ આગમો અને મૂર્તિશાસ્ત્રના ગ્રંથો ઉપરાંત પ્રાચીન શિલ્પીઓએ શતરુદ્રીય, મહાભારત અને પુરાણ કથાઓમાંથી પ્રેરણા લઈ જ્ઞાન, યોગ, વ્યાખ્યાન અને વીણા દક્ષિણામૂર્તિ ઉપરાંત સંગીત દક્ષિણામૂર્તિનાં શિલ્પો કંડાર્યાં. શિવની નૃત્ય મૂર્તિઓ પણ આ પ્રમાણે નૃત્ય દક્ષિણામૂર્તિ ગણવી જોઈએ.

ગુજરાતમાંથી દક્ષિણામૂર્તિનાં કેટલાંક રસપ્રદ શિલ્પો મળ્યાં છે.

સાબરકાંઠા જિ. ના બામણા ગામમાંથી યોગદક્ષિણામૂર્તિનું એક ખંડિત શિલ્પ (આશરે ઈ. સ. ૧૦મી સદી) મળ્યું છે. અહીં ચતુર્ભુજ શિવ વિકસિત કમળ પર યોગાસનમાં બેઠા છે. તેમના ઉપલા દ્વિહસ્તમાં અક્ષમાલા અને ફૂલ ઉત્પલ (ઘસાઈ ગયેલ છે) ધારણ કરેલાં છે જ્યારે નીચલા બે હસ્ત ખોળામાં ધ્યાનમુદ્રામાં બદ્ધ છે. આ શિલ્પનાં લક્ષણો ગરૂહવા (અલ્હાબાદ પાસે, ઉ. પ્ર.)ના યોગદક્ષિણામૂર્તિ સાથે સામ્ય ધરાવે છે. આવું જ બીજું એક શિલ્પ રોડાના મંદિરના (૮મી સદી) ગવાક્ષમાં છે. આ મૂર્તિના ઉપલા દ્વિહસ્ત ખંડિત છે. જટામુકુટ, કુંડળ, તથા એકાવલી દેવને ખૂબ સુંદર લાગે છે.

સૌરાષ્ટ્રમાંના સરસ્વતી નદી નજીકના ગિર હડમતિયા વિસ્તારમાંથી પ્રાપ્ત થયેલી (ભીમ દેવળ નજીક જિ. જૂનાગઢ), સાતમા સૈકાની એક સુંદર વ્યાખ્યાન–દક્ષિણામૂર્તિની મૂર્તિ શ્રી. નરોત્તમ પલાણે[૧૭] પ્રસિદ્ધ કરી છે. આ મૂર્તિમાં ત્રિનેત્ર, ઉપવીત સહિત, દર્ભાસન પર લલિતાસનને મળતા આસનમાં બેઠા છે. શિવના ઉપલા જમણા તથા ડાબા દ્વિહસ્તમાં ત્રિશૂલ અને સર્પ ધારણ કરેલાં છે. દેવનો નીચલો જમણો હસ્ત અક્ષમાલા સહ જ્ઞાનમુદ્રામાં છે જ્યારે નીચલા ડાબા હસ્તમાં ઉત્પલ પકડેલું છે. દક્ષિણામૂર્તિની સૌમ્ય મુખમુદ્રાને કારણે આ શિલ્પ કલાનો એક વિરલ નમૂનો છે.

પાવાગઢ પર આવેલા મધ્યકાલીન (આશરે ૧૦મી સદી) લકુલીશ મંદિરના દક્ષિણ મંડપના ભદ્રમાં દક્ષિણામૂર્તિનું એક વિશિષ્ટ નિરૂપણ છે.

દક્ષિણામૂર્તિના આ શિલ્પને પ્રથમ વાર પ્રસિદ્ધ કરવાનું માન સ્વ. એચ. ગોએટ્ઝને[૧૮] જાય છે. શ્રી. ગોએટ્ઝે, મૂર્તિના નીચલા ડાબા હસ્તના ખંડિત ત્રિશૂલના દંડને લકુટ સમજીને તેને લકુલીશ તરીકે ઓળખાવેલી પણ ઝીણવટથી જોતાં આ તૂટેલા દંડની ઉપર ત્રિશૂલના પાંખિયાની ઝાંખી કોતરણી દેખાય છે. અને આમ તે લકુલીશની મૂર્તિ નથી તે સ્પષ્ટ થાય છે.[૧૯]

---

૧૭ પલાણ, નરોત્તમ,: દક્ષિણામૂર્તિ શિવ, 'કુમાર', નં. ૫૯૩, મે ૧૯૭૩, પૃ. ૧૮૫, તથા મુખપૃષ્ઠ ૫૨

૧૮ ગોએટ્ઝ એચ.: પાવાગઢ–ચાંપાનેર, જર્નલ ઓફ ધી ગુજરાત રિસર્ચ સોસાયટી, વૉ. ૨૧, નં. ૨, પૃ. ૫૪

૧૯ પારેખ, વસંતકુમાર, એસ.: દક્ષિણામૂર્તિ શિવ, 'સ્વાધ્યાય', પૃ. ૧૬, અંક ૧, ૧૯૭૮, પૃ. ૮૧–૮૩

આશરે દસમી સદીના આ દક્ષિણામૂર્તિ શિવ પર્યંકાસનમાં બિરાજેલા છે. દક્ષિણાભિમૂખ ભગવાનની પાછળ અર્ધવૃત્તાકાર પ્રભાવલી છે; દેવના ચતુર્ભુજ હસ્તો પૈકી તેમણે ઉપલા જમણા તથા વામ હસ્તોમાં અક્ષમાલા તથા પુસ્તક ધારણ કરેલાં છે; નીચલા ડાબા હસ્તમાં ખંડિત ત્રિશૂલ છે જ્યારે નીચેનો જમણો હસ્ત ખંડિત હોવાથી તે હાથમાંનું આયુધ કે મુદ્રા જાણી શકાતાં નથી, અને આથી જ દક્ષિણામૂર્તિનું કયું સ્વરૂપ છે તે નક્કી થઈ શકતું નથી. પણ શિવના દ્વિહસ્તોમાં અક્ષમાલા અને પુસ્તક, એ બે પ્રતીકો આ શિલ્પ દક્ષિણામૂર્તિનું છે એમ પુરવાર કરે છે.

દક્ષિણામૂર્તિ શિવની ચારે બાજુએ કોતરેલાં શિવનાં વધુ–સ્વરૂપો આ જગત શિવમય છે એમ દર્શાવે છે.

શિવને નાટ્ય અથવા નૃત્યદક્ષિણામૂર્તિ તરીકે રજૂ કરતાં કેટલાંક રસપ્રદ શિલ્પો મળ્યાં છે.

રણુધિકપુર[૨૦] (તા. લિમખેડા, જિ. પંચમહાલ)માંથી પ્રાપ્ત, ૧૦મી સદીના, શિલ્પમાં અષ્ટભુજ શિવ, બ્રહ્મા અને વિષ્ણુના મૃદંગના તાલ પર ઊર્ધ્વજાનુ નૃત્ય કરતા દર્શાવ્યા છે. અહીં શિવના હાથમાં સર્પ, ત્રિશૂલ, ખટ્વાંગ વગેરે ધારણ કરેલાં છે, જ્યારે છાતી પાસે રાખેલ જમણો હસ્ત સંદંશમુદ્રામાં દર્શાવ્યો છે જે શિવને નાટ્યના ગુરુ તરીકે વ્યક્ત કરે છે. (ચિત્ર ૪: જુઓ આ અંકના પાછલાં પૂઠા ઉપર) આ જ પ્રમાણે સંદંશમુદ્રા પ્રદર્શિત કરતું નૃત્યદક્ષિણામૂર્તિનું બીજું એક શિલ્પ કલેશ્વરીની નાળ (તા. લુણાવાડા, જિ. પંચમહાલ)માંથી મળ્યું છે. અહીં ષડ્ભુજ નટેશના પગ કુટ્ટીત અવસ્થામાં નર્તન કરતા 'ચતુરનૃત્ત' રજૂ કરતા દર્શાવ્યા છે. તેમના બાકીના હાથોમાં સર્પ, ત્રિશૂલ, ખટ્વાંગ વગેરે આયુધો ધારણ કરેલાં છે. શિવની ડાબી બાજુ પર નંદી છે. જટામુકુટ, સર્પકુંડળ, હાર, મુંડમાળા, વગેરેથી વિભૂષિત શિવ સુંદર લાગે છે. પ્રભાસપાટણ સંગ્રહાલયમાં, ૧૨મી સદીના શિલ્પમાં, નાટ્યના ગુરુ નટેશ સંદંશમુદ્રા સહ ઊર્ધ્વજાનુ નૃત્ય શીખવાડતા હોય તેમ દર્શાવ્યા છે. અહીં દશભુજ શિવના અન્ય હસ્તોમાં ત્રિશૂલ, વજ્ર, ઉત્પલ સર્પ વગેરે આયુધો પકડેલાં છે. તેમના કેટલાક હસ્તો તથા આયુધો ખંડિત છે. (ચિત્ર ૫)

શિવને સંદંશમુદ્રાવાળા, નાટ્યશાસ્ત્રના આદ્યગુરુ અથવા નૃત્યદક્ષિણામૂર્તિના સ્વરૂપમાં રજૂ કરતાં શિલ્પો અંબરનાથ (ઉ. પ્ર.), અબનેરી (રાજસ્થાન) વગેરે સ્થળોએથી મળ્યાં છે. આ બે અને આવાં જ અન્ય ઘણાં શિલ્પો શ્રી. સી. શિવરામમૂર્તિએ રજૂ કર્યાં છે.

પ્રભાસપાટણ (સૌરાષ્ટ્ર) સંગ્રહાલયમાં, ૧૧મી સદીના, શીંગી વગાડતા શિવનું એક વિરલ શિલ્પ મળ્યું છે. અહીં નૃત્ય કરતા શિવ જમણા હસ્તથી શીંગી પકડી વગાડે છે જ્યારે ડાબો હાથ પ્રવર્તિત હસ્તમાં છે. જટામાં, પાછળ પંખાકાર લગાડેલાં પીંછાં રૂંઢમાલા, કુંડળ, હાર, યજ્ઞોપવીત વગેરેથી શણગારેલા દેવ આકર્ષક લાગે છે. આ મૂર્તિને સુશીર[૨૧] દક્ષિણામૂર્તિ અથવા સંગીત દક્ષિણામૂર્તિ કહી શકાય. (ચિત્ર ૬)

---

૨૦ આ શિલ્પ ડૉ. વી. એચ. સોનવણેને તેમના સર્વેક્ષણમાં પ્રાપ્ત થયું હતું.

૨૧ વાદ્યોના ત્રણ પ્રકાર છે:—સુશીર વાદ્ય (મુખથી વગાડવાનું)–તંતુ વાદ્ય, ચર્મ વાદ્ય.

મહાભારતમાં શીંગી વગાડતા શિવના ઉલ્લેખો છે. આ સંદર્ભમાં અલ્હાબાદ સંગ્રહાલયમાં પ્રદર્શિત, કાંગડા શૈલીનાં ૧૮ મી સદીના ચિત્ર[૨૨] વિશે જાણવું રસપ્રદ થઈ પડશે અહીં, બાણાસુર, શિવગણો, ગણેશ કાર્તિકેય વગેરે વાદ્યકારો (બધા જ વાજિંત્રો વગાડે છે)થી વીંટળાયેલા દ્વિભુજ શિવ છૂટ્ટી જટા સાથે, એક હાથમાં શીંગી ધારણ કરી નૃત્ય કરતા બતાવ્યા છે. શિવના મસ્તક પર ચંદ્ર, ગળામાં સર્પ, કટિ પર કૌપીન, ગજ તથા વ્યાઘ્રચર્મ ધારણ કરેલાં છે. (ચિત્ર ૭)

ગુજરાત, પશ્ચિમ ભારત અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં વધુ પ્રચલિત 'વીણાધર શિવ'ને માતૃકાઓના રક્ષક, વીરભદ્ર તરીકે રજૂ કર્યા છે. અહીં વીણાધર દક્ષિણામૂર્તિ અને વીરભદ્રની વિભાવનાઓનું સંયોજન થયું હોય તેમ જણાય છે.

ઉપર્યુક્ત શિલ્પોની ચર્ચા દર્શાવે છે કે શૈવાગમોમાં વર્ણવેલાં દક્ષિણામૂર્તિનાં ચાર સ્વરૂપોની પરંપરા કરતાં ગુજરાતની પરંપરા જુદી છે. ઘણા અંશે તે ઉત્તર ભારતની પરંપરાને અનુસરતી હોય તેમ લાગે છે.

દક્ષિણામૂર્તિની પૂજા હજુ પણ પ્રચલિત છે. ચાણોદ અને ગંજ (પાટણ, ઉ. ગુજરાત)નાં અર્વાચીન મંદિરોમાં સ્થાપિત સફેદ આરસ પથ્થરની મૂર્તિઓ વ્યાખ્યાન દક્ષિણામૂર્તિને રજૂ કરે છે[૨૩] અને તે બન્ને દર્શનીય છે. વડોદરાના ઇ. એમ. ઇ. સ્કૂલ, ફતેગંજના દક્ષિણામૂર્તિ મંદિરની પ્રતિમા તાજેતરમાં જ દક્ષિણ ભારતમાંથી લાવવામાં આવી હતી. તે શૈવાગમમાં આપેલા ધ્યાન પ્રમાણેની છે.

દક્ષિણામૂર્તિનું સ્વરૂપ ઇન્ડોનેશિયામાંથી પણ પ્રાપ્ત થયું છે. અહીં તેમની વૃદ્ધ ઋષિ જેવી મૂર્તિને **ભટારગુરુ** કહ્યા છે.[૨૪]

---

૨૨ સી. શિવરામમૂર્તિ, ઉપર્યુક્ત, પૃ. ૩૪૨, આ. ૨૩૯

૨૩ દવે, કનૈયાલાલ ભા., ગુજરાતનું મૂર્તિવિધાન, અમદાવાદ, ૧૯૬૩, પૃ. ૨૯૩–૨૯૪

૨૪ સી. શિવરામમૂર્તિ, 'શતરુદ્રીય વિભૂતિ ઑફ શિવાઝ આઈકોનોગ્રાફી', પૃ. ૬૬, આ. ૫૦

પ્રો. રસિકલાલ છો. પરીખને અંજલિ

કે. કા. શાસ્ત્રી

ગયા સપ્ટેમ્બરની ૧લી તારીખે અમદાવાદના ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવનના નિવૃત્ત નિયામક અને માનાર્હ અધ્યાપક પ્રો. રસિકલાલ છોટાલાલ પરીખનું અમદાવાદ ખાતે ચાર–પાંચ દિવસની ન–ગણ્ય માંદગીમાં ૮૬મા વર્ષે દેહાવસાન થયું એનાથી ગુજરાતે સંસ્કૃત–પ્રાકૃત વિવિધ શાસ્ત્રો અને ગુજરાતના ઇતિહાસના પ્રથમ કોટિના સારસ્વતની ખોટ અનુભવી છે. ગુજરાતના એવા જ કવિ નાટ્યલેખક અને આરૂઢ વિવેચકનો જન્મ સવા પંચાસી વર્ષ ઉપર (તા. ૨૦–૮–૧૮૯૭) જન્માષ્ટમીના દિવસે આજના ગાંધીનગરની પૂર્વ સરહદે આવેલા પેથાપુર નામના ગામમાં થયો હતો. પિતા સ્વ. છોટાલાલ પરીખ એ વખતની મહીકાંઠા એજન્સીના મુખ્ય મથક સાદરામાં વકીલાત કરતા હતા એટલે પ્રો. પરીખનો પ્રાથમિક અભ્યાસ સાદરામાં અને માધ્યમિક અભ્યાસ અમદાવાદની સુપ્રસિદ્ધ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં થયો હતો. અહીંથી ૧૬ મે વર્ષે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકયુલેશનની પરીક્ષા ઉચ્ચ વર્ગમાં પાસ કરી એમણે કૉલેજનો અભ્યાસ પૂનાની સુપ્રસિદ્ધ ફર્ગ્યુસન કૉલેજમાં સાધ્યો અને ૨૦ મે વર્ષે પહેલા વર્ગમાં મુખ્ય વિષય સંસ્કૃત સાથે બી.એ. થયા. ત્યાં સંસ્કૃતના અધ્યાપક ડૉ. ગુણે અને ફિલોસૉફીના અધ્યાપક ડૉ. આર. ડી. રાનડેની પાસે અધ્યયન કરવાનો સુભગ યોગ મળ્યો હતો. કૈવલ્યપ્રાપ્ત મુનિવર્ય શ્રી. જિનવિજયજી મહારાજ અને સ્વ. પંડિત શ્રી. સુખલાલ સંઘવી–શાસ્ત્રીનો સંપર્ક પણ એમને પૂનામાંથી જ થયો, જે એ બેઉ મહાનુભાવોના જીવનપર્યંત અવિચ્છિન્ન રહ્યો હતો. ત્યાંના વિદ્યામય વાતાવરણમાં "ભગવદ્ગીતા અને પ્રવચનસારનો તુલનાત્મક અભ્યાસ" એ શીર્ષકનો એમનો અંગ્રેજીમાં લખેલો લેખ એમની કૉલેજના સામયિકમાં છપાયેલો ત્યારથી જ એમની તેજસ્વિની તુલનાત્મક સંશોધનદૃષ્ટિનો વિદ્વાનોને પરિચય થવા લાગ્યો હતો. બી.એ. થયા પછી પ્રો. ભાટે અને ડૉ. રાનડેના નેતૃત્વે ચાલતી "શ્રી શંકરાચાર્ય સેમિનાર"માં એમની 'ફેલો' તરીકે વરણી થઈ હતી. અહીં એમણે "ભારતીય તત્ત્વજ્ઞાનમાં પરિવર્તન અને નિત્યતાનો સિદ્ધાંત" તથા "અનેકાંતનો જૈનન્યાય" એ બે ગણ્ય કોટિના નિબંધ અંગ્રેજીમાં લખેલા, જેમાંના બીજા લેખનો ગુજરાતી અનુવાદ "જૈન સાહિત્યસંશોધક"માં છપાયો હતો. સંસ્કૃત ઉપરાંત પ્રાકૃતના શિક્ષણનો લાભ એમને ડૉ. ગુણે પાસેથી મળ્યો અને શ્રી જિનવિજયજીએ એમાં પ્રબળ ઉમેરો કરી આપ્યો. એમનો વેદનો અભ્યાસ પણ ડૉ. ગુણેના માર્ગદર્શનમાં સિદ્ધ થયો હતો. અમદાવાદમાં આવ્યા પછી ગુજરાત વિદ્યાપીઠમાંથી એમણે ગુજરાતી ભાષાંતર સાથે "વૈદિક પાઠાવલી" પ્રસિદ્ધ કરી એ આ અભ્યાસસાતત્યનું શુભ અને સુભગ મહત્ત્વનું પ્રદાન થઈ પડયું. પૂનામાં જ "કાવ્યશાસ્ત્ર" અને "દર્શનશાસ્ત્રો"નો અભ્યાસ પં. શ્રી. સુખલાલજી પાસેથી એમને મળ્યો. બીજો મહત્ત્વનો લાભ તો એમને વેદાંતશાસ્ત્રના અધ્યયનનો થયો, જેના ગુરુ મ. મ. વાસુદેવશાસ્ત્રી અભ્યંકર હતા.

પૂનામાં એમ.એ.નાં ચાર સત્ર પૂરાં કરી સ્વ. શ્રી ઈંદુલાલ યાજ્ઞિકની વિનંતિથી અમદાવાદમાં "જે. એલ. હાઈસ્કૂલ"માં શાળાના આચાર્ય સ્વ. પ્રો. રામનારાયણ પાઠકની સાથે સ્વયંસેવક શિક્ષક તરીકે જોડાયા.

એમનો આત્મા કવિનો હતો અને 'ગૂસિકાર' એ તખલ્લૂસથી 'યુગધર્મ' 'પ્રસ્થાન' વગેરેમાં કાવ્યો પ્રસિદ્ધ કરાવ્યે જતા હતા. થનગનતા આ જુવાન સારસ્વતને અદ્ભુત યોગ અમદાવાદમાં મળ્યો તે તો ૧૯૨૧માં મ. ગાંધીજીએ સંસ્થાપિત કરેલી "ગુજરાત વિદ્યાપીઠ"માં મુનિશ્રી જિનવિજયજી પુરાતત્ત્વમંદિરના આચાર્ય તરીકે આવ્યા ત્યારે પ્રો. રસિકભાઈ મંદિરના મંત્રી તરીકે જોડાયા. અહીં પ્રો. પરીખે વિદ્યાપીઠના પુસ્તકાલયનો આરંભ કરી પૌરસ્ત્યવિદ્યાનાં એ સમયે પ્રાપ્ય પુસ્તકો એકઠાં કરવાની કામગીરી પણ શરૂ કરી અને "પુરાતત્ત્વ" ત્રૈમાસિકનું પણ સંપાદન કરવા લાગ્યા. સંશોધનોથી સમૃદ્ધ અનેક લેખો અનેક સંશોધક વિદ્વાનો તરફથી છપાવા લાગ્યા, જેમાં ભાસનાં નાટકોનો સર્વાંગીણ અભ્યાસ પ્રો. પરીખે આપવા માંડ્યો. એક ગુજરાતી વિદ્વાનનો આ દિશામાં આ ઉચ્ચ કોટિનો પ્રયત્ન હતો. પાંચ વર્ષમાં અનેક વિષયો ઉપર આ ત્રૈમાસિકમાં અન્યાન્ય વિદ્વાનોના મહત્ત્વના લેખ પ્રસિદ્ધ થયા. એમની "વૈદિક પાઠાવલી" ગુજરાતી અનુવાદ અને ટિપ્પણ સાથે અહીં તૈયાર થઈ અને ૧૯૨૭માં એ વેદનો અભ્યાસ કરનારાંઓ માટે સુલભ થઈ. સ્વ. પ્રો. પાઠક પણ વિદ્યાપીઠમાં આવી ગયા હતા. પં. શ્રી સુખલાલજી, પં. ધર્માનંદ કૌશામ્બી, પ્રો. અબુઝફરનદવી, શ્રી કૃપલાણીજી વગેરે વિદ્વાનોની મંડળીમાં વયની દૃષ્ટિએ પ્રો. પરીખ નાનેરા હતા, છતાં એમની વિદ્યાકીય સિદ્ધિઓથી સમકક્ષ થઈ ચૂક્યા હતા.

એ વર્ષોમાં "યુગધર્મ" અને "પ્રસ્થાન"ના સંચાલનમાં પણ એમની સેવાઓ અવિરત ચાલુ હતી. કેટલાંક નાનાં કાવ્યો અને ટૂંકી વાર્તાઓ આ ગાળામાં પ્રકાશમાં આવ્યાં હતાં. પાછળથી મોડેથી 'સ્મૃતિ' શીર્ષકથી કાવ્યસંગ્રહ અને 'જીવનનાં વહેણો' શીર્ષકથી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ પ્રસિદ્ધ થયેલા.

૧૯૩૦માં એ છૂટા થયા અને સંશોધનના કામમાં ગળાડૂબ પડ્યા. આચાર્ય હેમચંદ્રના "કાવ્યાનુશાસન"નું એમનું સંપાદન આ ગાળામાં થયું. આ પ્રકાશનમાં એમની વિશિષ્ટતા તો એના વિસ્તૃત અંગ્રેજી ઉપોદ્ઘાતમાં જોવા મળી. ગુજરાતના સોલંકીકાલના ઇતિહાસનો ત્યાં સુધીના ઉપલબ્ધ સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ ગુજરાતી અને અંગ્રેજી ગ્રંથોના આધારો ઉપર પ્રમાણ-શુદ્ધ આ પ્રથમ ગ્રંથ જ કહી શકાય. અત્યંત સ્પષ્ટ છે કે ગુજરાતનો મધ્યકાલીન આ ઇતિહાસ ઉત્તમ કોટિનો થયો એ નોંધપાત્ર છે. સ્વ. દુ. કે. શાસ્ત્રીએ એ પછી પોતાનો ગ્રંથ આપ્યો, પણ પ્રો. પરીખે ઉપયોગમાં લીધેલાં સાધન જ એમની પાસે હતાં.

૧૯૩૮માં ગુજરાત વિદ્યાસભા (એ સમયની 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી')ના સહાયક મંત્રી શ્રી હીરાલાલ ત્રિ. પારેખનું અવસાન થયું અને એ સમયના પ્રમુખ સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવે એમને સ્થાને પ્રો. પરીખની વરણી કરી. ૧૯૩૯માં અહીંથી અનુસ્નાતક વર્ગ મુંબઈ યુનિવર્સિટીની માન્યતાથી શરૂ થયા અને એના સંચાલનની સંપૂર્ણ જવાબદારી પ્રો. રસિકલાલભાઈ ઉપર આવી પડી. એમને 'ભારતીય સંસ્કૃતિ' અને પછી સંસ્કૃત

વિષયના પણ માગદર્શક તરીકે માન્યતા મળી, થોડાં વર્ષોમાં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે પણ માન્ય થયા. અહીં જોતજોતામાં વિદ્વાનોનું એક મંડળ જામી ગયું. અહીં મુંબઈ સરકારની દેણગી સાથેસાથ પ્રકાશન માટેની દેણગી પણ મળી અને ભિન્નભિન્ન વિદ્વાનો પાસે સંશોધન-મૂલક ગ્રંથો તૈયાર કરાવી સંશોધનગ્રંથમાળા પણ શરૂ કરવામાં આવી, જેના અત્યાર સુધીમાં ૭૦ જેટલા ગ્રંથ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

એમના નેતૃત્વે અધ્યાપન-સંશોધનનું કાર્ય વિદ્વાનો કરી રહ્યા હતા. તો પોતે પણ કર્યે જતા હતા. આ ગાળામાં પં. સુખલાલજીની સાથે જયરાશિના, ચાર્વાકમતના, વાદગ્રંથ "તત્ત્વોપપ્લવસિંહ"નું પ્રકાશન વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિર તરફથી થયું, તો સિંઘી જૈન ગ્રંથમાળામાં 'કાદંબરી'ના એક સં. ટીકાકાર સિદ્ધિચંદ્રના "કાવ્યપ્રકાશખંડન"નું પણ પ્રકાશન થયું. રાજસ્થાન પુરાતત્ત્વ મંદિર તરફથી પ્રસિદ્ધ થયેલો સોમેશ્વરના સંકેત સાથેનો "કાવ્યપ્રકાશ" એ એમની પર્યેષક બુદ્ધિનું કાર્ય છે.

મુંબઈ યુનિવર્સિટીએ એમને ઠા. વસનજી માધવજી વ્યાખ્યાનમાળા માટે નિમંત્રણ આપતાં ".ગુજરાતની પ્રાચીન રાજધાનીઓ" એ વિષય ઉપર એમણે વ્યાખ્યાન આપ્યાં, જે પણ પ્રકાશિત થઈ ગયાં છે, તો મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા તરફથી "મહારાજા સયાજીરાવ સ્મારક વ્યાખ્યાનમાળા" માટે મળેલા નિમંત્રણથી એમણે "આનંદમીમાંસા" એ શીર્ષક નીચે કાવ્યશાસ્ત્રનો નિચોડ આપતાં વ્યાખ્યાન આપ્યાં, જે પણ પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

ઇતિહાસક્ષેત્રે એમનાં વ્યાખ્યાન "ગુજરાત યુનિવર્સિટીપ્રયોજિત શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા"માં આપેલાં "ઇતિહાસઃ સ્વરૂપ અને પદ્ધતિ" ઉપરનાં છે, જે પણ પ્રસિદ્ધ થયેલ છે.

એમની બહુશ્રુતતા અને વિદ્યોપાસનાની નાની કદર તરીકે એક માન મળ્યું તે લેડી વિદ્યાબહેન નીલકંઠના અવસાન પછી અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ તરીકેનું, જે એમના છેલ્લા શ્વાસપર્યંત ચાલુ હતું. ગુજરાતી સાહિત્યપરિષદના અંધેરી-અધિવેશનમાં તત્ત્વજ્ઞાનવિભાગના પ્રમુખ દરજ્જે અને કાશ્મીરમાં મળેલી ૧૭મી પ્રાચ્યવિદ્યા પરિષદમાં સંસ્કૃતવિભાગના અધ્યક્ષ દરજ્જે એમની સેવા પણ નોંધપાત્ર છે.

ગુજરાતી સાહિત્યના પણ એક પ્રથમ કક્ષાના સર્જક અને વિવેચક દરજ્જે એમને જે બહુમાન મળ્યું તે તો ગુજરાતી સાહિત્ય પરિષદના વિલેપાર્લે-અધિવેશનના પ્રમુખ દરજ્જે થયેલી એમની વરણી. પ્રમુખસ્થાનેથી આપેલું એમનું વ્યાખ્યાન આગવી ભાત પાડનારું નીવડયું છે.

ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધનભવનમાંથી એ નિવૃત્ત થયા ત્યારથી ભવનમાં માનાર્હ અધ્યાપક તરીકે એમની સેવા ચાલુ રહી. એમણે બીજાઓની નીચે નોંધાયેલા અને પોતાની નીચે નોંધાયેલા અનેક વિદ્યાર્થીઓને મુંબઈ યુનિવર્સિટીમાંથી તેમ જ ગુજરાત યુનિવર્સિટીમાંથી "સંસ્કૃત" અને "ભારતીય સંસ્કૃતિ"ના વિષયમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી 'રેકોર્ડ' સરજી આપેલ છે.

પરંતુ એમની ૪૪ વર્ષોની ગુજરાત વિદ્યાસભાએ સ્થાપેલા અનુસ્નાતક વિદ્યાભવનની સેવાનો પરિપાક તો આ ભો. જે. વિદ્યાભવન તરફથી પ્રસિદ્ધ થતી "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ"ના નવ ગ્રંથોની માળા છે. એઓ આ માળાના સાત ગ્રંથ પ્રસિદ્ધ થઈ ગયેલા જોવા ભાગ્યશાળી થયા છે. એમના સહસંપાદક ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને એમની પ્રૌઢ તીક્ષ્ણ મેધાનો પરિપાક છે. ઇતિહાસને સર્વાંગીણ સામાજિક–સાંસ્કૃતિક બનાવવાની એમની યોજનાને સફળ બનાવવા ભિન્નભિન્ન વિષયોના વિદ્વાનોને નિમંત્રી તેમ જ પોતે પણ લખી ક્રમિક ગ્રંથોનાં પ્રકરણો સંપન્ન કર્યાં અને પ્રમાણશુદ્ધ પહેલો ઇતિહાસ આપવાનું ચાલુ કર્યું, એ અસામાન્ય કાર્ય થયું છે.

પ્રો. રસિકલાલભાઈ એક આરૂઢ અધ્યાપક, ઉત્તમ સર્જક, ઉચ્ચ કોટિના પૌરસ્ત્ય–પાશ્ચાત્ય વિદ્યાઓના વિવેચક અને પ્રથમ કોટિના કેળવણીકાર સારસ્વત હતા એ ગુજરાતને માટે ગૌરવ લેવા જેવી હકીકત બની ગઈ. આવા મહત્તમ પુરુષના હૃદયની કોમળતા એમના સતત સહવાસમાં આવેલા અમારા જેવા પ્રત્યક્ષ–પરોક્ષ અંતેવાસીઓને જ વિદિત છે. જણાવતાં આનંદ પણ થાય છે કે કદી ક્યાંય પણ પોતા વિશે જરા જેટલો પણ ખ્યાલ થવા ન દેવો એવી એમની નિરભિમાનવૃત્તિ જ એમનામાં સદા સજાગ હતી.

વેદશાસ્ત્રસંપન્ન પંડિત જગન્નાથ શ્રીધર પદેશાસ્ત્રી : અંજલિ

જયન્ત પ્રે. ઠાકર

વેદશાસ્ત્રસંપન્ન પંડિત જગન્નાથશાસ્ત્રી પદેના સં. ૨૦૩૯ના કાર્તિક વદ ૧૦ને ગુરુવાર તા. ૯–૧૨–૧૯૮૨ની રાત્રે ૧૧–૨૫ વાગ્યે થયેલ દુઃખદ અવસાનથી ભારતીય સંસ્કૃતિએ તેનો એક મહાન ઉપબૃંહક જ્યોતિર્ધર ગુમાવ્યો છે; પલ્લવગ્રાહી પાંડિત્યના આ યુગમાં મૌલિક ચિન્તનથી અલંકૃત, સર્વ શાસ્ત્રોના એક અદ્વિતીય સત્યનિષ્ઠ અભ્યાસીની ન પુરાય એવી ખોટ પડી છે.

શ્રી જગન્નાથશાસ્ત્રી ઊર્ફે વિદ્યાધરશાસ્ત્રી પદે વિશેષતઃ 'પદેશાસ્ત્રી' તરીકે જ ઓળખાતા અને નિકટનાં વર્તુલોમાં 'શાસ્ત્રીજી'નું સમ્માન મેળવતા. તેમનો જન્મ પરમ્પરાગત પંડિતોના કુળમાં સં. ૧૯૬૮ના વૈશાખ સુદ ૧૦ એટલે કે ઈ. સ. ૧૯૧૨ના એપ્રિલની ૨૬મી તારીખે વડોદરામાં થયો હતો. આ વિદ્યાવ્યાસંગી કુટુંબનું મૂળ વતન તો મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લામાં આવેલ પોહેગાંવ હતું, પરન્તુ કોઈ કારણસર તેમના પૂર્વજો ત્યાંથી પૂણે પાસેના નારાયણગાંવમાં આવીને વસ્યા હતા. તેમના એક પૂર્વજ ઇતિહાસપ્રસિદ્ધ મહારાણી અહલ્યાબાઈ હૉલ્કરના ગુરુ હતા. વડોદરાના ગાયકવાડ શ્રીમન્ત મહારાજા સયાજીરાવ બીજાના શાસનકાળમાં પં. જગન્નાથશાસ્ત્રીના પ્રપિતામહ પં. ત્ર્યમ્બકશાસ્ત્રી પદે નારાયણગાંવ છોડી વડોદરામાં આવીને સ્થિર થયા. તેઓ શ્રુતિ અને સ્મૃતિ ઉપરાન્ત આયુર્વેદ અને જ્યોતિષશાસ્ત્રના સારા વિદ્વાન્ ગણાતા.

પં. જગન્નાથ પદેશાસ્ત્રી

તેમની મૂળ અટક તો હતી 'પદ પાઠક' કે 'પદે પાઠક', કેમકે પરમ્પરાથી તેઓ વેદનાં પદો છૂટાં પાડી તેનું અધ્યયન–અધ્યાપન કરનારા તરીકે પ્રસિદ્ધિ પામેલા હતા. કાળના પ્રવાહમાં 'પાઠક' પદ પ્રલોપ પામતાં તે કુટુમ્બ કેવળ 'પદે' પદથી પરખાવા લાગ્યું.

શ્રી જગન્નાથશાસ્ત્રીના પિતાશ્રી પં. શ્રીધરશાસ્ત્રી પદે વેદ, સ્મૃતિ, ધર્મશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ, વ્યાકરણ, સંગીત જેવાં વિવિધ શાસ્ત્રોમાં પારંગત હતા. આજનાં વડોદરાના મ. સ. વિશ્વવિદ્યાલયનાં 'સંસ્કૃત મહાવિદ્યાલય' તથા 'કૉલેજ ઑફ ઇંડિયન મ્યૂઝિક, ડાન્સ ઍન્ડ ડ્રામૅટિક્સ' ત્યારે રાજ્યાશ્રયે ચાલતી અનુક્રમે 'સંસ્કૃત પાઠશાળા' અને 'સંગીતશાળા' હતી, જે બન્ને રાજકીય સંસ્થાઓમાં પં. શ્રીધરશાસ્ત્રી પદે અધ્યાપક તરીકે સેવાઓ આપતા. પ્રકાંડ પંડિત શ્રી રાજારામ શાસ્ત્રી ટોપલેના શિષ્ય હોઈ તેમણે 'વૈયાકરણકેસરી' અને 'વૈદ્યપંચાનન' જેવી પદવીઓ પણ પ્રાપ્ત કરી હતી. તેઓ પોતાના કડક અને શિસ્તપ્રિય સ્વભાવ માટે જાણીતા હતા.

'આર્યભિષક્ અથવા હિન્દુસ્તાનનો વૈદ્યરાજ' એ પ્રસિદ્ધ દળદાર ગ્રંથના લેખક શ્રી શંકર દાજી પદે, જગન્નાથશાસ્ત્રીના દૂરના કાકા થતા હતા, જેમણે આયુર્વેદના નિષ્ણાતોનું અખિલ ભારતીય સમ્મેલન પણ બોલાવેલું.

તેમનાં માતુઃશ્રીનું નામ કાશીબાઈ હતું. તેમના મામા શ્રી રાહુરકર પણ નિષ્ણાત વૈદ્ય હતા.

આ રીતે પિતૃપક્ષ તેમ જ માતૃપક્ષની પરમ્પરાગત વિદ્વત્તાનો વારસો જગન્નાથશાસ્ત્રીને સહેજે મળી ગયો. તેમનાં પત્ની સુમતિબાઈનું પિયર પૂણે પાસેના આળે ગામમાં હતું. શાસ્ત્રીજીને રાધાબાઈ, સરસ્વતીબાઈ અને લક્ષ્મીબાઈ એ ત્રણ બહેનો હતી. તેમાંની બે બહેનોનાં સન્તાનોના સંગોપન તથા શિક્ષણનો સઘળો ભાર તેઓએ પોતાને શિરે લઈ લીધો હતો અને ત્રીજી બહેનનાં બાળકોની પણ તેઓ સ્નેહભરી સંભાળ રાખતા. પોતાને કોઈ સન્તતિ ન હોવા છતાં તેઓ આ સર્વ ભાણેજિયાંની જવાબદારી સહર્ષ અને વાત્સલ્યપૂર્વક ઉઠાવીને '**स्वसुखनिरभिलाषः खिद्यसे लोकहेतोः**' એ ઉક્તિ અનુસાર પોતે તાપ સહીને પણ અન્યને છાયા આપતા. પોતાની આર્થિક સ્થિતિનો વિચાર ન કરતાં તેઓ ગાયોનું પણ અતિવાત્સલ્યપૂર્વક સંગોપન કરતા હતા અને એ મૂક પ્રાણીઓનો પણ તેમના પ્રત્યેનો પ્રેમ એટલો જ હતો. આ રીતે તેમનું કુળ એક આદર્શ આર્યકુળ હતું. તેમાં યે વિશેષ વાત એ છે કે તેમનું મકાન એ એક 'રામજી મન્દિર' છે. શ્રીમન્ત મહારાજા ખંડેરાવ ગાયકવાડના શાસનકાળ દરમિયાન તે મન્દિર તે કુટુમ્બને ભેટ મળેલું અને ત્યારથી તેઓ ત્યાં વસેલા. આ 'રામજી મન્દિર'ની પ્રતિષ્ઠા શક ૧૮૦૪ અર્થાત્ સં. ૧૯૩૮ના વૈશાખ સુદ ૧૩ને તા. ૧–૫–૧૮૮૨ના રોજ થઈ હોઈ તેની શતાબ્દી પણ ગયે વર્ષે જ ઉજવાઈ ગઈ. શ્રી રામજીની સેવા પણ સ્માર્ત શાસ્ત્રીજી નિષ્ઠાપૂર્વક કરતા. દર ચૈત્ર માસમાં શુક્લ પક્ષની ૧ થી ૯ સુધી આ રામજી મંદિરમાં ઉત્સવ થતો અને રામનવમીના ઉપવાસનાં પારણાં ૧૦ને દિવસે થતાં. આ ઉત્સવમાં પણ કશો આડમ્બર કે ભપકો જોવા મળતો નહિ.

આવા નિરાડમ્બર પવિત્ર વાતાવરણમાં ઊછરતાં શ્રી શાસ્ત્રીજીનો વિદ્યારમ્ભ બાળપણમાં તેમના પિતામહ પં. લક્ષ્મણશાસ્ત્રી ઊર્ફે બળવન્તશાસ્ત્રી પદે પાસે થયો. તેમની પાસે તેઓ 'શબ્દરૂપાવલિ', 'ધાતુરૂપાવલિ', 'અમરકોશ', 'નિત્યપૂજા', 'રઘુવંશ'–'કુમારસમ્ભવ'–'મેઘદૂત' એ લઘુત્રયી વગેરે પદ્ધતિસર પરમ્પરાગત રીતે મુખપાઠપૂર્વક શીખ્યા. આ લખનારને તેઓએ કહેલું કે 'અમરકોશ' તો તેમનાં માતુઃશ્રીએ રોટલી કરતાં કરતાં તેમને કંઠસ્થ કરાવેલો!

શાળા તથા કોલેજનું સઘળું શિક્ષણ તેમણે વડોદરામાં જ લીધું. તેઓએ મુંબઈ વિશ્વવિદ્યાલયની બી.એ.ની પદવી ઈ. સ. ૧૯૩૭માં સંસ્કૃત વિષય સાથે પ્રાપ્ત કરી અને ૧૯૩૯માં એમ્. એ.ની પદવી મેળવી. એમ્. એ.માં સંસ્કૃતના વિશિષ્ટ શાસ્ત્ર તરીકે તેમણે વ્યાકરણ લીધેલું અને તેમાં એસ્. આર્. ભાંડારકર પ્રાઈઝ જેવું દુર્લભ ઈનામ પણ તેમને પ્રાપ્ત થયું હતું. આ પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણની સાથે સાથે તેઓ પ્રાચીન શાસ્ત્રીય પરમ્પરા અનુસાર તેમના બહુશ્રુત પિતાશ્રી પાસેથી યજુર્વેદ સંહિતા, વેદાંગો, ધર્મશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદ, સંગીત, સાહિત્ય, ષડ્દર્શન આદિ શીખ્યા. આ સમય દરમિયાન તેઓ તેમના પિતાશ્રી સાથે શાસ્ત્રીય ચર્ચાઓ કરતા અને વિવિધ વિષયોના ગ્રન્થો પણ ચીવટપૂર્વક વાંચતા-વિચારતા. પિતા પણ તેઓ નવરા ન પડતાં આવું કંઈ ને કંઈ જ્ઞાનવર્ધક કાર્ય કર્યા કરે તેની કાળજી રાખતા. ઘરમાં કરેલા આ અભ્યાસને શાસ્ત્રીજી કોલેજના અભ્યાસ કરતાં હંમેશાં અધિક મૂલ્યવાન ગણતા.

ભારતીય સંસ્કૃતિની પરમ્પરા પ્રમાણે તેઓ વડીલોની ઇચ્છા અને આજ્ઞાને સદા માન આપતા. પિતાની ઇચ્છાને માન આપીને તેમણે કારકિર્દી અર્થે વડોદરાની બહાર જવાનું ટાળ્યું. પરિણામે તેમને નોકરીનો પ્રારમ્ભ ૧૯૪૦માં વડોદરા રાજ્યની ગાયકવાડ બરોડા સ્ટેટ રેલવે (જી. બી. એસ્. આર્.)માં કારકુન તરીકે કરવો પડ્યો. તે પછી ૧૯૪૧માં તેઓ પોલિસ ખાતામાં હેડક્લાર્ક તરીકે જોડાયા. ત્રણ વર્ષની તે ખાતાની નોકરી દરમિયાન કેટલુંક ઉપયોગી વ્યાવહારિક જ્ઞાન તેમને સાંપડ્યું. શરૂઆતમાં તેઓ ખાતાના પત્રો મુદ્દાસર વ્યવસ્થિત લાંબા લખતા. ત્યારે તેમના ઉપરી અધિકારી (કદાચ પોલિસ કમિશનર?) દલપતરામભાઈ કરીને હતા. તેમણે તેમને પોતાની પાસે બોલાવીને માર્મિક રીતે કહ્યું : "જુઓ, મિસ્ટર પદે, તમે રહ્યા પંડિત અને આ છે પોલિસ ડિપાર્ટમેન્ટ. એટલે એક વાત બરાબર ધ્યાનમાં રાખી લો કે માસ્તર એટલે ગધેડો. આવું લાંબું લખાણ આપણે ન ચાલે. આપણા કાગળો તો પોલિટિકલ ડિપાર્ટમેન્ટમાં જવાના. તેથી આપણે લખેલા શબ્દે શબ્દનું મહત્ત્વ છે. જરૂર કરતાં એક શબ્દે ય વધારે ન લખવો." આ વાત શાસ્ત્રીજીને ગળે તરત ઊતરી ગઈ. તેમણે નમ્રતાથી જવાબ આપ્યો : "બહુ સારું, એ તો અમારા પ્રાચીન સૂત્રકારોની પદ્ધતિ જ હતી."

ત્યારથી સંક્ષિપ્તતા અને ઘનતા તેમનાં લખાણોની વિશિષ્ટતા બની ગઈ અને પછીના સંશોધનલેખનના કાળમાં તે બહુ ઉપયોગી નીવડી એટલું જ નહિ, પરન્તુ તેમનાં લખાણોનું તે ભૂષણ જ બની રહી.

ત્યારે પ્રાચ્યવિદ્યા મન્દિર વડોદરાની રાજ્યસંચાલિત સંશોધનની સંસ્થા હતી. ૧૯૫૮માં વિશ્વવિદ્યાલય તરફથી તેનું નવું મકાન તૈયાર કરાયું તે પહેલાં કોઠીમાં આવેલી સરકારી કચેરીઓ વચ્ચે રાજ્યના દફતરખાનાના મેડા ઉપર તેનું સ્થાન હતું. પોલિસ કમિશનરનું કાર્યાલય અને તેની વચ્ચે માત્ર એક ભીંતનું જ આવરણ હતું. ૧૯૪૪માં આ આવરણ ઓળંગીને શ્રી પદેશાસ્ત્રી તેમના સ્વભાવ અને શિક્ષણને અનુરૂપ એવી આ સંસ્થામાં મુદ્રિત વિભાગના અધ્યવેક્ષક તરીકે બદલી મેળવી શક્યા. ત્યાર બાદ ૧૯૫૨માં તેઓ હસ્તપ્રત વિભાગના અધ્યવેક્ષક બન્યા. ૧૯૫૩માં તેમને વડોદરા વિશ્વવિદ્યાલયે સંસ્કૃતના અનુસ્નાતક અધ્યાપક તરીકે માન્ય કર્યા અને

૧૯૫૭માં સર્વશાસ્ત્રોમાં સંશોધન માટેના માર્ગદર્શક તરીકેનું વિરલ માન તેમને અપાયું. ૧૯૫૮થી અધ્યવેક્ષકોને ' સંશોધન અધિકારી 'નો હોદ્દો અપાતાં તેઓ પ્રાચ્યવિદ્યા મન્દિરના સર્વ સંશોધન અધિકારીઓમાં મુખ્ય બન્યા અને ૧૯૭૩માં નિવૃત્ત થયા ત્યાં સુધી એ અધિકારને દીપાવ્યો.

પ્રાચ્યવિદ્યા મન્દિરમાં તેઓ જોડાયા ત્યારે ડૉ. બિનયતોષ ભટ્ટાચાર્ય તેના નિયામક હતા. તેઓ વિવિધ વિષયોના ગ્રન્થોમાંથી આવશ્યક તારણો કાઢી આપવાનું કાર્ય મુદ્રિત વિભાગના અધ્યવેક્ષકને સોંપતા. .શાસ્ત્રીજી ખંતથી બધું જોઈને માહિતી પૂરી પાડતા. દેશવિદેશના વિદ્વાનો તરફથી પણ કંઈને કંઈ પૃચ્છાઓ આવતી. તેના ઉત્તરો પણ શાસ્ત્રીજી તૈયાર કરી આપતા. સ્થાનિક વિદ્વાનોને પણ તેમના વિષયના સન્દર્ભગ્રન્થો વિષે માહિતી આપતા. આ રીતે, અનાયાસે જ, જે વિષયોનો અભ્યાસ પૂર્વે પૂરતો થયેલો નહિ તે વિષયોના ગ્રન્થો વાંચવાની અને તે તે વિષયોમાં પણ જ્ઞાનસમૃદ્ધિ વિકસાવવાની તેમને સુન્દર તક મળી અને તેનો લાભ આ વિદ્યાવ્યાસંગી મહાનુભાવે પૂરેપૂરો ઉઠાવ્યો. સામયિકોમાંના વિવિધ વિષયોના લેખોની તથા તે તે વિષયોની હસ્તપ્રતો વિષેની પણ સઘળી માહિતી તેમની પાસેથી મળી રહેતી. આ તેમની મેધાનો પ્રભાવ હતો. કોઈ પણ વિષયમાં સંશોધન કરનારને તેમની આ વિગતપૂર્ણતાનો લાભ મળી શકતો. બૌદ્ધ અને જૈન સાહિત્ય તથા દર્શન વિષે પણ તેમનું જ્ઞાન ઊંડું હતું. તેઓ કહેતા કે, " અમારી તો આ જ્ઞાનની પ્રપા છે, જેને પિપાસા હોય તે આવીને છૂટથી તે છિપાવી શકે છે."

એમના જ્ઞાનની વિપુલતા, વિવિધતા અને ઘનતાની પ્રશંસા તેમના ઉપરી અધિકારીઓએ પણ મુક્તકંઠે કરી છે. પરન્તુ એક બાબતનો મોટો અફસોસ આ લખનારને રહી ગયેલો. અન્ય વિદ્વાનોના લખેલા ગ્રન્થો તથા લેખો આ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય. તે બધાનાં બે–બે ત્રણ–ત્રણ પ્રૂફ સંશોધન અધિકારીઓએ તપાસવાનાં. શાસ્ત્રીજી જેવાની શક્તિ પણ આ યાન્ત્રિક કાર્યમાં વેડફાઈ ગઈ, કેમકે આખું વર્ષ આ કાર્ય જ ચાલ્યા કરે. તેમને જ્યારે આ વિષે રજૂઆત કરવા સમજાવવામાં આવ્યા, ત્યારે તેમણે આ શબ્દો વડે ઠંડું પાણી રેડયું : " ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ આપણાથી જવાય નહિ. તેની એવી ઇચ્છા હશે. તેથી જે કામ સોંપાય તે કરવાનું અને પૂરી નિષ્ઠાથી કરવાનું. એ જ આપણું કર્તવ્ય છે." આવું કામ પણ તેઓ ઝીણવટપૂર્વક ચોકસાઈથી કરતા. પરન્તુ આ લખનારને ખાતરી છે કે જો આને બદલે તેમને સંશોધન–સંપાદનનું કામ સોંપાયું હોત, તો તેમની બહુશ્રુતતા તથા સૂક્ષ્મેક્ષિકાનો લાભ સંસ્કૃતિ અને સંસ્કૃતના અભ્યાસીઓને સવિશેષ મળી શકત.

તા. ૨૬-૪-૧૯૬૨ના રોજ શાસ્ત્રીજીને પચાસ વર્ષ પૂરાં થયાં. આથી તેમના મિત્રો, શિષ્યો અને પ્રશંસકોએ તા. ૧૬-૧-૬૪ના રોજ વડોદરામાં તેમનો સુવર્ણમહોત્સવ ઊજવ્યો. એ પ્રસંગે એક સમ્માનગ્રન્થ પણ પ્રકટ કરવામાં આવ્યો જેનું " Homage to Pade Shastree " એવું યથાર્થ અને ઉચિત નામ રાખવામાં આવ્યું. પોતાનું જાહેર સમ્માન થાય તે આ દ્વન્દ્વાતીત પુરુષને જરા યે રુચતું નહતું. તેથી આયોજકોને તેમને અંધારામાં રાખીને જ સઘળું આયોજન કરવું પડેલું. જ્યારે તેમને તેમની સામેના આ ' ષડ્યન્ત્ર ' ની ખબર પડી, ત્યારે તેમને બહુ લાગી

આવ્યું. તેમની એવી દઢ માન્યતા હતી કે આવા જાહેર સત્કારથી સત્કૃતનો ધર્મ ક્ષીણ થઈ જાય છે. તેમણે કહેલું: "આપણા કર્મની ધારણાથી ધર્મ બંધાય છે. એ ધર્મ કદી અર્થ-કામ અર્થે ખર્ચી ન નખાય. જો તેમાંથી બીજા ધર્મની નિષ્પત્તિ થાય તેમ હોય, તો જ તેને ખર્ચવાની પ્રવૃત્તિ કરવી, અન્યથા નહિ જ. આ તો રાજસ અને તામસ પ્રવૃત્તિ છે."

આવી રીતે પોતાના જાહેર સમ્માનના ખ્યાલમાત્રથી ભડકી ઊઠતા શાસ્ત્રીજી '**सम्मानाद् ब्राह्मणो नित्यम् उद्विजेत विषादिव**' એ ભગવાન્ મનુના સિદ્ધાન્ત અનુસાર સાચા બ્રાહ્મણ હતા. ૧૯૭૩ના એપ્રિલમાં તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા તે પછી બીજે જ વર્ષે ગુજરાત સરકારનો સંસ્કૃતના પ્રખર પંડિત તરીકેનો 'એવૉર્ડ' પણ તેમને એનાયત થયો હતો, પરંતુ તે લેવા તેઓ જાતે ગયા ન હતા.

તેઓને જાહેર વ્યાખ્યાનો દ્વારા પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવાનું પણ ગમતું નહિ. પરંતુ જ્યારે એવો પ્રસંગ આવે, ત્યારે તેમના મુખારવિંદમાંથી સ્નેહસભર સરસ્વતી સહજ રીતે પ્રવાહિત બનતી. શ્રીમદ્ભગવદ્ગીતાના ખાસ અભ્યાસી હોઈ તેમાંના ઉદ્બોધનને તેમણે જીવનમાં ઉતાર્યું હતું. આ લખનારને તેમનામાં જીવન્મુક્ત સ્થિતપ્રજ્ઞનાં દર્શન થતાં હતાં. તેમને ઓળખનારા ઘણા સજ્જનોના આગ્રહને વશ વર્તીને તેમણે પોતાના નિવાસસ્થાને શ્રીરામજીના સાન્નિધ્યમાં ગીતા ઉપર મરાઠીમાં વ્યાખ્યાનો આપવાં શરૂ કરેલાં. દર શનિવારે થતાં આ વ્યખ્યાનો સાંભળવા પ્રાધ્યાપકો પણ જતા. તેમાં ભિન્ન ભિન્ન આચાર્યોએ કરેલ વિવિધ અર્થોનું સુંદર વિશ્લેષણ કરીને ભગવાન્ ખરેખર શું કહેવા માગે છે તે દાખલા-દલીલો આપીને તેઓ અત્યન્ત સરળ અને વિશદ છતાં તલસ્પર્શી શૈલીમાં દર્શાવતા. લગભગ સાત વર્ષ પર્યન્ત આ વ્યાખ્યાન-શ્રેણી ચાલી. પરંતુ આથી તેમની ખ્યતિ વધવા લાગી, પ્રશંસા થવા લાગી. તેથી અકળાઈને તેમણે આ પ્રવૃત્તિ સદંતર બંધ કરી દીધી!

જગતને તેમણે અનુભવ–શાળા જ ગણેલ હોઈ તેમની વિદ્વત્તા વિરલ પ્રકારની બની રહી. તેમનું સાહિત્ય પ્રમાણમાં ઓછું હોવા છતાં સઘળું સંશોધનમય હોઈ તેમની સૂક્ષ્મેક્ષિકા તથા અન્ય ખૂબીઓને કારણે ઉત્કૃષ્ટ કોટિનું સાહિત્ય બની ગયું, કારણકે પોતે સત્યશોધક હોઈ વિપુલતા (Quantity) કરતાં ગુણવત્તા (Quality)ને તેઓ હંમેશાં વિશેષ મહત્ત્વ આપતા. જીવનને તેઓ ઈશ્વરદત્ત કર્તવ્ય સમજતા અને તેથી કોઈ પણ પરિસ્થિતિમાં પાછી પાની ન કરતાં આવી પડેલી સર્વ જવાબદારીઓ ચીવટ અને ઝીણવટભરી કુશળતાથી પાર પાડતા. એ રીતે ગીતાનું '**योगः कर्मसु कौशलम्**' એ સૂત્ર તેમના જીવન સાથે જાણે જડાઈ જ ગયું હતું. લૌકિક ખ્યાતિની ઉપેક્ષા કરનાર એ વિરલ પુરુષને મોટી 'ઉપાધિ'ઓનો વળગાડ પણ આકર્ષી શકતો નહિ. તેઓ કહેતા કે યોગદર્શન અને ભગવદ્ગીતામાં ઉપદેશેલ 'મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા' એ ચાર ભાવનાઓને જીવનમાં બરાબર ઉતારવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ, એટલું થાય તો બીજું કશું કરવાની જરૂર નથી રહેતી, બીજું સદાચરણ તેની પાછળ ઘસડાઈ આવે છે.

આ લખનારનો શ્રી પદેશાસ્ત્રીજી સાથેનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો હતો. તે જ્યારે સિદ્ધપુરનો એક નિશાળિયો હતો, ત્યારે વડોદરાના પંડિતોમાંના એક 'પદેશાસ્ત્રી'નું નામ સાંભળેલું. વડોદરા આવ્યા પછી મંગળબજાર જેવા ભરચક બજારમાં, ભપકાદાર દુકાનો વચ્ચે,

એક ખ્યાતિ નહિ ઇચ્છતા મકાન ઉપર નાના પાટિયા પર વાચ્યું : ' શ્રી પદેશાસ્ત્રી '. પછી વિદિત થયું કે હતા તો આ યે ' પદેશાસ્ત્રી ' પરન્તુ પેલા નહિ, તેમની પરમ્પરાના રક્ષક અને ઉપબૃંહક, જેમના સાન્નિધ્યનો લાભ તેને મળવાનો હતો ! આ પાટિયું જોતાં વેદ અને ઇતિહાસ–પુરાણકાળનું સ્મરણ થઈ આવ્યું. જેમની રચનામાં લાંબા કાળનું અન્તર જણાતું હોય તેવાં કેટલાંય સૂક્તોના ઋષિ એક જ ! અને ત્રિશુંકુ, હરિશ્ચન્દ્ર, દિલીપ–રઘુ–અજ–દશરથ–રામ સર્વના કુલગુરુ વસિષ્ઠ ! ત્રિશંકુનો ઉત્કર્ષ સાધનાર, હરિશ્ચન્દ્રને અમર બનાવનાર અને રામને જૃમ્ભકાસ્ત્રો અર્પનાર પણ મહર્ષિ વિશ્વામિત્ર જ ! પેલું પાટિયું જોતાં સમજાયું કે પેલા પદેશાસ્ત્રી અને આ પદેશાસ્ત્રીમાં જેવો ભેદ હતો, લગભગ તેવા જ પ્રકારનો ભેદ આ વસિષ્ઠોમાં અને આ વિશ્વામિત્રોમાં હશે ! આજના જમાનામાં કોઈ મહાપુરુષની ઓળખનું પાટિયું આમ કેવળ ' અટક 'થી જ અટકી જતું જાણ્યું નથી !

આ રીતે શાસ્ત્રીજી પરિચય થતા પહેલાં જ આ લેખકના ગુરુ બની ગયા ! તેનો તેમની સાથેનો સંબંધ અર્જુન અને શ્રીકૃષ્ણના સંબંધ જેવો હતો. આમ કહેવામાં તેનો પોતાને અર્જુન સાથે સરખાવવાનો ઉદ્દેશ લેશ પણ નથી. સરખામણી સંબંધોની છે. તેને અધ્યયન ને અધ્યાપન કરતાં, વાંચતાં ને વિચારતાં, જ્યારે ને ત્યારે, શંકાઓ ઊભી થતી, તેના અણઘડ મનમાં અનેક પ્રકારના પ્રશ્નો ઊઠતા. સર્વ દર્શનોનો પૂરેપૂરો અભ્યાસ કરી તેના નિષ્કર્ષરૂપે આત્મા અને પરમાત્માના ઐક્યને દઢતાપૂર્વક આત્મસાત્ કરનાર ગુરુવર્ય શાસ્ત્રીજી આ સર્વ શંકાઓ અને પ્રશ્નોનું નિરાકરણ સરળતાથી અને સહજ ભાવે કરતા. પરમતત્ત્વની એ મહાકૃપા હતી કે તેને છેક ૧૯૫૧થી તેમના સાન્નિધ્યમાં જ રાખ્યો. પરિણામે પ્રાચ્યવિદ્યા મંદિરમાંની તેની નોકરી તે પણ જાણે તેના માટે આત્માને સાચા સ્વરૂપે ઓળખવા માટેની એક પ્રયોગશાળા જ બની ગઈ ! પરન્તુ પોતાની અનેકવિધ મર્યાદાઓને કારણે તે આવા સુઅવસરનો લાભ ઉઠાવી ન શક્યો. છતાં તેના જીવનના ઘડતરમાં આ યોગીનો બહુ મોટો હિસ્સો હતો. પોતાનાં કાર્યોમાં–વ્યાવહારિકમાં પણ–તે સદા તેમનું માર્ગદર્શન મેળવી શકતો. તેનાં લખાણો તેઓ સાદ્યન્ત વાંચીને સૂચનો કરતા. તેમના સમ્માનગ્રન્થ માટે લખેલો લેખ પણ તેમને બતાવીને જ છાપવા મોકલેલો ! મરાઠી જેમની માતૃભાષા હતી તેવા આ ગુરુવર્યે તેના સંશોધનપ્રસંગે સમયે સમયે મૂળ સંસ્કૃતની નજીકના, ગામડાંમાં વપરાતા, કેટલાયે તળપદા ગુજરાતી શબ્દો તેને સહજ રીતે જ દર્શાવ્યા હતા.

નિવૃત્ત થયા પછી તેઓ બિલકુલ નિવૃત્તિમય જીવન ગાળતા હતા. વાચન, મનન અને નિદિધ્યાસનમાં જ સમય વિતાવતા. જ્યારે નેત્રનાં તેજમાં ન્યૂનતા આવી ત્યારે વાચન બંધ થયું. પરંતુ તે વખતે તેમને નાનપણથી પડેલી ગ્રન્થોના ગ્રન્થો કંઠસ્થ કરવાની ટેવ સહાયક બની ગઈ. આવા સમયે પણ આ લેખક તેમની પાસે જાય ત્યારે પ્રશ્નોત્તરીમાં–અને કેટલીક વાર તો પ્રશ્ન વિના પણ–તેમની સાથેના ગમ્ભીર અને હળવા, વિનોદપૂર્ણ, સત્સંગમાં–રસપૂર્ણ રીતે કલાકો નીકળી જતા. તેમને ગળે ગાંઠ થઈ ત્યારે સારા ડૉક્ટરની દવા કરવાની વિનંતિના ઉત્તરમાં તેમણે માર્મિક રીતે જણાવ્યું : " અહીં રામ પાસે બેઠો છું. ત્યાં પણ રામ છે. રામ ક્યાં નથી ? એને જ્યાં સુધી અહીં પોતાની પાસે રાખવો હશે ત્યાં સુધી રાખશે અને જ્યારે ત્યાં પોતાની પાસે લઈ જવો હશે, ત્યારે ત્યાં લઈ જશે. આ શરીરનો કે સ્થળનો મોહ શો ? ! "

સત્યના ખાસ આગ્રહી એવા શાસ્ત્રીજીને જોતાં ઘણીવાર મરાઠા ઇતિહાસમાંના ન્યાયમૂર્તિ રામશાસ્ત્રીનું સ્મરણ થઈ આવતું. ખરેખર, તેમનું જીવન, ઉપનિષદ્દના ઋષિએ કહ્યું છે તેમ,

'क्षुरस्य धारा निशिता दुरत्यया,
दुर्गं पथस्तत् कवयो वदन्ति ।'

એવું અસિધારાવ્રત જ હતું.

પરંતુ પેલા સ્થૂલ દેહબન્ધનને તોડીને વિરાટ્માં ભળી જવાના અવસરે આવો સત્-સમાગમ છતાં અબુધ જેવો રહેલો શિષ્ય છેતરાઈ ગયો. તેમની સાથે ચર્ચવાના કેટલાક મુદ્દા ભેગા થયા હોવા છતાં સંયોગવશાત્ તેમના તે પવિત્ર આર્યધામમાં તે જઈ શક્યો નહિ અને તેઓ અચાનક જ ચાલ્યા ગયા. એની શંકાઓ સમાધાન વિનાની રહી ગઈ. તથાપિ આત્માના એકત્વનો પરચો તે મહાત્માએ કરાવેલો હોવાથી તેને વિશ્વાસ છે, પૂરી શ્રદ્ધા છે, કે સ્થૂલ આવરણ વિચ્છિન્ન થવાથી, હવે વધારે સારી રીતે એ વિભુની પ્રેરણા તેને મળતી રહેશે. એ સાચા કર્મયોગીનો આત્મા પેલા પરમ તત્ત્વમાં ભળી જવા માટે જ આ દેહ અને દુનિયાને ત્યજી ગયો છે, આપણી જેમ તેને ફરી દેહ ધારણ કરવાની જરૂર નહિ રહે. તે પરમ આત્માને એટલી જ પ્રાર્થના કરવાની કે :

"પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ !"

શ્રી પદેશાસ્ત્રીનું સાહિત્ય

ગ્રન્થો

१ **ताम्बूलमञ्जरी**, મ. સ. વિશ્વવિદ્યાલય પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળા અંક ૧, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા, ૧૯૫૭. પ્રાચીન સંસ્કૃત ગ્રન્થના સમીક્ષાપૂર્વકના સમ્પાદનનો આદર્શ નમૂનો.

૨ **वीणालक्षणम्** અને **वीणाप्रपाठकः**, ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રન્થમાળા, અંક ૧૩૧, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા, ૧૯૫૯.

૩ **भरतमुनिविरचितम् नाटचशास्त्रम् अभिनवगुप्तकृत–अभिनवभारतीटीका–सहितम्**, પુસ્તક ૪, ગા. પ્રા. વિ. ગ્રં., અંક ૧૪૫, પ્રાચ્યવિદ્યા મન્દિર., વડોદરા, ૧૯૬૪.

૪ **बादरायणविरचिता प्रश्नविद्या उत्पलकृतटीकासहिता**, મ. સ. વિ. પ્રા. વિ. ગ્રં., અંક ૧૦, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા, ૧૯૭૨.

લેખો

(અ) સંસ્કૃતમાં :

૧ **दण्डकौशलम्**, 'બરોડા કૉલેજ મૅગૅઝિન', વડોદરા, સપ્ટેમ્બર ૧૯૩૧.

૨ **गीर्वाणवाणीवैभवम्**, એ જ, સપ્ટેમ્બર ૧૯૩૨.

૩ **कुमारपरीक्षा**, એ જ, ફેબ્રુઆરી, ૧૯૩૩.

૪ रुक्मिणीस्वयंवरम्, એ જ, સપ્ટેમ્બર. ૧૯૩૩થી માર્ચ ૧૯૩૭. અતિસુન્દર કાવ્ય.

૫ श्रीमन्तः टोडरमलमहोदयाः श्रेष्ठिवर्याः, 'ટોડરમલ સ્મારક ગ્રન્થ', વડોદરા, ૧૯૫૭.

૬ धर्मे सर्वं प्रतिष्ठितम्, 'सूर्योदयः', વારાણસી, લગભગ ૩૦ લેખોની લાંબી લેખમાળા, ૧૯૬૮–૧૯૭૩ (અપૂર્ણ).

(આ) ગુજરાતીમાં :

૧ શ્રી ગણેશપૂજા-રહસ્ય, 'શારદા', વડોદરા, ડિસેમ્બર ૧૯૫૦ અને જાન્યુઆરી ૧૯૫૧; 'સયાજી વિજય' દૈનિક, વડોદરા, ૨૪–૮–૧૯૫૨.

૨ નામસ્મરણમીમાંસા, 'જનકલ્યાણ', અમદાવાદ, ફેબ્રુઆરી ૧૯૫૧.

૩ પ્રાચીનકાળમાં ગુજરાતમાં બોલાતી સંસ્કૃત ભાષા, 'સ્વાધ્યાય' ૧, વડોદરા, ૧૯૬૩–૬૪.

(ઇ) મરાઠીમાં :

१ 'Period' ला प्रतिशब्द 'पाठ', 'केसरी', पूना, १४–१–१९४९.

२ श्रीगणेशपूजा–रहस्य (पूर्वार्ध), 'ज्ञानेश्वर', पूना, सप्टेम्बर १९५०.

३ उत्तरमीमांसेवरील चार प्रसिद्ध आचार्यांच्या सिद्धान्तांचें दिग्दर्शन, ए ज, डिसें. १९५०.

४ श्रीगणेशपूजा–रहस्य (उत्तरार्ध), ए ज, मार्च १९५१.

५ उपाकर्माच्या कालाची मीमांसा—१, ए ज, जून १९५१.

६ ,, —२, ए ज, नवेम्बर १९५१.

७ नामस्मरण-मीमांसा, ए ज, ऑगस्ट १९५१.

८ माध्यन्दिन शाखेंत ज्ञानयोगास प्राधान्य, ए ज, मे १९५२.

९ प्रजापति देवतेचें स्वरूप, ए ज, नवे. १९५२.

१० पाणिनीय व्याकरण व माध्यन्दिन शाखेचीं कांहीं वैशिष्ट्यें, ए ज, फेब्रुआरी १९५३.

११ भगवद्गीतेचा अभिप्राय, ए ज, मे १९५३.

१२ महाराष्ट्रांतील कथेचा संप्रदाय, ए ज, डिसे. १९५३.

१३ फलज्योतिषाचा प्रामाण्यवाद, ए ज, नवे. १९५४.

१४ चातुर्वर्ण्यर्मू, 'ज्योतिर्भूषण', पूना, मार्च १९५३;
'ज्ञानेश्वर', पूना, फेब्रुआरी १९५५.

१५ विजयादशमीचा शास्त्रार्थ, 'ज्ञानेश्वर', मे १९५६.

१६ गीताशास्त्राचे ऐदम्पर्य, 'ज्ञानेश्वर' १९६९ थी छ लेख छपाया. (अपूर्ण)

१७ वैदिक संस्कृति, 'संस्कृति सुगन्ध', शेटे अभिनन्दन ग्रन्थ, पूणें, १९७७, पृ. ६८–७७.

(ઈ) અંગ્રેજીમાં :

1 Ayurvedic Uses of Iron, 'Baroda Homaeopathic Bulletin', II. 3, April 1947.

2 Ayurvedic Uses of Silver, Ibid., II. 4, July 1947.

3 „ „ „ Gold, „ III. 1, Oct. 1947.

4 „ „ „ Copper, III. 2, Jan. 1948.

5 „ „ „ Tin, III. 3, April 1948.

6 The Rāmāyaṇa Department, 'JOIB,' I. 1, Sept. '51.

7 Jambeera, 'Prof. P. K. Gode Commemoration Volume. 1960, pp. 133 ff.

8 Dr. Benoytosh Bhattacharya—A Unique Personality, 'JOIB', XIV, pp. 217 ff.

9 Prof. Govindlal H. Bhatt—In Memorium, 'JOIB' XV, pp. 233 ff.

આ ઉપરાન્ત અંગ્રેજીમાં ત્રણ અવસાનનોંધો તથા ઘણા ગ્રન્થોનાં અવલોકનો પણ છપાયાં છે.

ગ્રન્થાવલોકન

અપરાજિતા: શ્રી. પૂજાલાલ; પ્ર. લેખક, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી; ૧૯૭૯; મૂલ્ય, રૂ. ૧૦/–.

અધ્યાત્મ–ભક્તિભાવનું પ્રાધાન્ય છતાં પ્રકૃતિ–વ્યક્તિ–રાષ્ટ્ર–કુટુમ્બાદિના વસ્તુએ પ્રેરેલ ભાવોનાં આ પ્રશિષ્ટરૂપી ૧૦૯ કાવ્યોનો સંગ્રહ કવિના પૂર્વેના પ્રશસ્ત સંગ્રહ 'પારિજાત' (૧૯૩૮) પછીનો વૈવિધ્યસોહતો સંગ્રહ છે. વચ્ચે મૌલિક–અનૂદિત એમ કાવ્યસંચયો, અંગ્રેજી–સંસ્કૃતમાં યે કાવ્યગ્રંથો, ત્રીસેક ઉપરાંત આવી કૃતિઓ આપતા આપણા આ ગાંધી-યુગના અરવિંદપ્રભાવિત કવિની વિશેષતા છે: શિષ્ટ સંસ્કૃતમય બાની, સુઘડ છંદપ્રભુત્વ, વર્ણન–ચિંતનની–સંવેદનની ગરવી ભાત અને સળંગ દોર જેમ પરોવાએલી ઊર્ધ્વલક્ષી અભીપ્સા. 'અપરાજિતા' (એય ફૂલનામ)માં યે કવિનો એ વિશેષ સાંપડે છે. વર્ણસગાઈ–અનુપ્રાસાત્મકતા તો આ કવિકલમને જાણે કોઠે જ પડ્યાં છે. આ ગુણો–મૂડીનાં પાસાંઓમાં સભાનતા યા વધૂકાપણું તેમજ વર્ણન–ભાવપરિપાટીનું એકમાર્ગીપણું સતત વધે એવી મર્યાદા યે ખરી. છતાં 'ઇચ્છાઓ', 'પ્રભુ પરમાત્મ મારા', 'સાદ', 'શૃંગઝંખી', 'હું ગુજરાતી', 'અજબ વેપાર', 'અભીપ્સાને', 'ભાદ્રપદી પૂર્ણિમાએ', 'દવ', કે 'વિભૂતિ–ચતુષ્ટય' જેવી રચનાઓ આપતો આ સંગ્રહ પણ પૂજાલાલના કવિત્વનું રોચક-પ્રફુલ્લ પ્રાગટ્ય સૂચવે છે. કવિતાવાચન-પ્રકાશન! એની આપણે ત્યાં સ્થિતિ! – એ વચ્ચે આમ સચ્ચાઈથી કાવ્યોપાસના અખંડિત હોય અને એય આવે સ્વ-રૂપે, એ વાત કવિ-પ્રજા બેઉ વિશે સૂચક નહીં?

"ઇચ્છાઓનાં સ્વેચ્છાચારી દલ
તૃપ્તિ માટે કરે કોલાહલ –" (પૃ. ૧૧૪),
"મુક્ત મરાઠી વીર ઊછળ્યો જવાળાવેશે –" (પૃ. ૪૫),
"મોહન મુરલીધર મધુસૂદન મોરમુગટ મધુહાસી –" (પૃ. ૫૧)
"ચડો ચિદંબર ચૂપ, ગરકો ગૂઢ-નિગૂઢમાં –" (પૃ. ૮),
"ભાલેન્દુની બંકિમ લેખ ભાલે
અમર્ત્ય આંકી, અમૃતાગ્ર એની
સુશુભ્ર બે સુંદર સૂચિઓ વડે
અનંતનું અંતર ગૂઢ ભેદતાં–" (પૃ. ૨૦),
સચ્ચિદાનંદ જાગ્રત થયા જગતમાં, તેમનું નયન આ ચન્દ્ર સામે
મલપતું મધુર આકર્ષતું અખિલને ગૂઢ કો સરણિએ ધ્યેય ધામે–" (પૃ. ૧૨૮),

"ધૂળ તળે ના ધૂમાયા કર...."

પ્રકટાવી દે પ્રેમપ્રબોધક અરુણાચલના રંગ–" (પૃ. ૧૨૨).

"પેલો કબીરવડ, કે જલ નર્મદાનું

લેવા નમેલ નવ મેઘ સુહામણો કો ? '–(પૃ. ૧૫૨)–

'અપરાજિતા'ની રચનાઓને અહીંત્યહીં જોતાં યે આ કવિની બાની–લય–કલ્પના–ભાવ-ચિંતનની શકિતનું સુભગ દર્શન મળે. એમાં ગીત કરતાં રૂપ-માત્રા-વર્ણમેળી વૃત્તોનાં કાવ્યોમાં કવિકર્મ વધુ સહજબળ સૂચવે. વાણીની સંવાદિતા અને ભાવનાની ઉદાત્તતાનો વૈભવ પણ સારા પ્રમાણે સંતપર્ક જ. એની ઘેરાશ-દીર્ઘ સૂત્રિતા આ–તે પંક્તિ–શ્લોક-કૃતિનેય અળખાવી નાખતી પણ જણાય. 'સદ્ધનો', 'સમર્ચાગલો', 'ગર્વની ખર્વતા...કગ્રતા નમ્રતા તણી', પ્રાસાર્થે 'આરામો'–'અનેરીઓ' જેવું બહુવચન, ઉપરાંત કૃતિમાં–લીટીમાં સમરસ ન થતા શબ્દનો યમક-પ્રાસાદિવશ ઉપયોગ, વર્ણનહેતુએ પ્રસ્તારે આવતું રચનાશૈથિલ્ય, જેવા નિરુપણઅંશો સરવાળે 'અતિ' ને દોષે કઠે છે એ ય ખરું. કવિતાની આવી મર્યાદા 'અપરાજિતા'માં છે, તેમ અન્ય કાવ્યસંગ્રહો અભ્યાસનાર એમે જોશે જ કે આવી નહીં તો ભિન્નરૂપની પણ મર્યાદા કોઈ પણ કવિતાયત્ને-પૂજને જડવાની. જોવાનું તે એ કે કવિની સબળ રચનાઓમાં કવિત્વની અને કલાની ક્ષમતા કયે દરજ્જે સમગ્રતયા સ્થિર છે ! એ રીતે 'અપરાજિતા'ના કવિને ચોપડે યશ-લાભ નોંધતાં હાથ પાછો ન જ પડે. એનું કારણ એ છે કે, કવિતારસ કવિના હાડમાં ભર્યો-ભર્યો છે એટલું નહીં પરંતુ એ રસની અભિવ્યકિતસાધનામાં 'અપરાજિતા'નો કવિ પોતાની શ્રદ્ધાને, સતત કર્મે સન્નિષ્ઠ પણ છે. એ ઊંડી સચ્ચાઈ દાદ રળે એમ સ્ફૂર્ત પણ થઈ છે. આપણી કવિતામાં જે પ્રશિષ્ટ સંસ્કૃતધારાનું સજીવન વહન, એના પૂજાલાલ એક સશકત પ્રતિનિધિ કવિ જરૂર છે. 'અપરાજિતા'નાં ઘણાં કાવ્યો એની ગવાહી પૂરશે.

હસિત હ. બૂચ

* * *

ભારતીય પ્રાગિતિહાસ : લે. ડૉ. ર. ના. મહેતા, પ્રકા. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ ૩૮૦ ૦૦૬, ૧૯૮૨, પૃ. ૭ + ૧૦૦, કિંમત રૂા. ૭/–.

બીજી વિદ્યાઓની જેમ પુરાવસ્તુવિદ્યા પણ માનવીનો અભ્યાસ કરે છે. વિશેષ કરીને નૃવંશશાસ્ત્ર અને પુરાવસ્તુવિદ્યા માનવીના અભ્યાસ સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. જો કે નૃવંશશાસ્ત્ર અસ્તિત્વ ધરાવતા માનવીઓનો અભ્યાસ કરે છે, તો પુરાવસ્તુવિદ્યા નામશેષ થયેલા માનવોનો અભ્યાસ કરે છે. અર્થાત્ એમ કહેવું વધુ યોગ્ય થશે કે પુરાવસ્તુવિદ્યા માનવકૃત વસ્તુઓના અભ્યાસ સાથે વિશેષ સંલગ્ન રહે છે, એટલે ભૌતિક સામગ્રીનો અભ્યાસ એ એની ખાસ નિસબત છે. આ એક જ એવી વિદ્યા છે જે માનવહાથોથી તૈયાર થયેલી વસ્તુઓને સંપાદિત કરી, પૃથક્કૃત કરી માનવીના ભૂતકાલીન જીવન અને પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે. આનો અર્થ એ થયો કે માનવીનો અભ્યાસ કરતી બીજી વિદ્યાઓ પુરાવસ્તુવિદ્યાના માનવી અંગેના

અભ્યાસ પછી જ શોધક્ષેત્રની ભૂમિ ઉપર પાદાર્પણ કરે છે. આમ હોવાથી માનવજાતનો અભ્યાસ કરવાની પદ્ધતિ કે રીત પુરાવવસ્તુવિદ્યા પૂરી પાડે છે, જેને આપણે ઉત્ખનનશાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ. ટૂંકમાં સંસ્કૃતિઓ દ્વારા ભૂમિમાં સંગૃહીત અવશેષો સંપ્રાપ્ત કરવા, એનો અભ્યાસ કરવો અને તેનું શેષવત્ અનુમાન તથા અર્થઘટન કરવું અને તે પણ પ્રાપ્ત ચીજ-વસ્તુઓનું વસ્તુલક્ષી પૃથક્કરણ કરીને એ આ વિદ્યાનું મહત્ત્વનું પ્રદાન છે, જે માનવીનો અભ્યાસ કરતી અન્ય વિદ્યાઓને નક્કર ભૂમિકા પૂરી પાડે છે.

પુરાવસ્તુવિદ્યાનો હેતુ :

અન્યથા અપ્રાપ્ય એવી વસ્તુઓ પ્રત્યે આપણું ધ્યાન દોરવું એ પુરાવસ્તુવિદ્યાનો હેતુ છે. આ વિદ્યા માનવકૃત ભૌતિક સમૃદ્ધિનો વિશેષરૂપે અભ્યાસ કરે છે, જે અન્ય વિદ્યાઓના અભ્યાસ-ક્ષેત્ર બહારની વાત છે. વિભિન્ન વસ્તુઓને પ્રાપ્ત કરી તથા તેનું મૂલ્યાંકન કરી પુરાવસ્તુવિદ્યા, અનેકવિધ ક્ષેત્રે માનવીએ કરેલી પ્રવૃત્તિઓનું જ્ઞાન જાણવાની કે સંપાદિત જ્ઞાનમાં ઉમેરણ કરવાની, તક આપે છે. જ્યાં લિખિત પુરાવા ઉપલબ્ધ નથી ત્યાં જ્ઞાનસાધનાની ખૂટતી કડીઓ પુરાવસ્તુ-વિદ્યા પૂરી પાડે છે. માનવજીવનશૈલીની જાણકારી એ આ વિજ્ઞાનનો ઉદ્દેશ હોઈ ભૂમિમાં ભંડારાયેલા બધા ભૌતિક અવશેષોને શોધી કાઢવાનો એનો પ્રમુખ ઉદ્દેશ હોય છે.

અભ્યાસની મર્યાદા :

માનવવિકાસના પ્રત્યેક પાસાને સમજવાનો પ્રયત્ન કરતી અને પુરુષાર્થ આદરતી આ વિદ્યાને એના સંશોધન–અભ્યાસમાં કેટલીક મર્યાદાઓ નડે છે :

(૧) જમીનની સપાટી ઉપરથી કે સપાટી નીચેથી પ્રાપ્ત ચીજવસ્તુઓ કે અવશેષોના આધારે જ આ વિદ્યા અભ્યાસના ક્ષેત્રે આગળ વધે છે. (૨) સ્થળ–તપાસ અને ઉત્ખનન દ્વારા અવશેષોનું જે પ્રમાણ પ્રાપ્ત થાય છે તેના આધારે શેષવત્ અનુમાન કરવું પડે છે. (૩) ઉપલબ્ધ સામગ્રી વિશેષતઃ અલિખિત હોઈ કરેલાં અનુમાન ભવિષ્યમાં ફેરફારને પાત્ર રહે છે. (૪) કયારેક નિશ્ચિત થયેલું અનુમાન અન્યત્રથી પ્રાપ્ત અવશેષોને આધારે ફેરવિચારણાને આધીન રહે છે. (૫) ઉપલબ્ધ સામગ્રી કાં તો યથાવત, કાં તો ઓછીવત્તી ખંડિત કે કાં તો કુરૂપ અવસ્થામાં પ્રાપ્ત થતી હોઈ અનુમાનની નિશ્ચિતતા સંપૂર્ણ શકય બનતી નથી. (૬) પુરાવિદની અભ્યાસનિષ્ઠા, એ અંગેનું એનું તુલનાત્મક જ્ઞાન, અન્ય વિદ્યાઓની ઓછીવત્તી જાણકારી અને સંશોધનપરિ-પાટીની વિકસતી ક્ષિતિજો પ્રત્યેની એની દિલચસ્પી પણ એક મર્યાદા ગણી શકાય. (૭) માનવકૃત વસ્તુઓ ભૂમિસ્થ તો હોય પણ કયારેક તે વર્તમાન વસાહત કે અસ્તિત્વ ધરાવતી ઈમારત નીચે ઢંકાયેલી હોય તો તેનો અભ્યાસ કાં તો વસાહત સ્થળાંતર પામે કે ઈમારત જમીનદોસ્ત થાય તે પછી શકય બને છે. (૮) પાણીમાં દટાયેલી ચીજવસ્તુઓ પણ સહેલાઈથી અભ્યાસ માટે ઉપલબ્ધ થતી નથી. (૯) ઘણીવાર ઉત્ખનન હેઠળની જગ્યાની આસપાસ ખૂલી જગ્યાનો અભાવ હોય તો માત્ર ઊભી સપાટીએ જ ખોદકામ શકય બને છે; પરન્તુ તુલનાત્મક અભ્યાસ માટે આડી સપાટીએ ખોદકામ થઈ શકતું નથી. (૧૦) આમ કેટલીક મર્યાદાઓ બાદ કરતાં માનવીનો ભૂતકાળ પ્રત્યક્ષ પ્રમાણોથી જાણવાનું પુરાવસ્તુવિદ્યાનું કાર્ય છે.

પુરાવસ્તુવિદ્યાનું કાર્યક્ષેત્ર કયું ?

આમ તો સ્થળતપાસ દ્વારા જમીનની સપાટી ઉપરથી પ્રાપ્ત સામગ્રી કે લિખિત સામગ્રીમાં નિર્દિષ્ટ સ્થળવિશેષ કે સાહિત્યમાં વર્ણિત જગ્યાઓ જ્યાં હોય અને પ્રાથમિક અહેવાલથી માનવી વિશે વિશેષ જાણકારી સંપડાવનાર અવશેષો સારી સંખ્યામાં ઉપલબ્ધ થવાની આશા હોય ત્યાં ઉત્ખનનશાસ્ત્રની સહાયથી પુરાવસ્તુવિદ્યા પોતાનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરે છે.

એમ પણ કહી શકાય કે અતીતની ઘટનાઓનું જ્ઞાન લિખિત પુરાવાઓ, સાહિત્યિક કૃતિઓ, દંતકથાઓ અને પરંપરાઓ ઉપરાંત પૃથ્વી પરથી મળતાં માનવકૃત સાધનો, તેમના અવશેષો, તેમનાં રહેઠાણો વગેરેના પ્રત્યક્ષ અધ્યયન–સંશોધનની મદદથી શેષવત્ અનુમાન દ્વારા પણ પ્રાપ્ત થઈ શકે છે. પ્રત્યક્ષ પ્રમાણોથી મળતું જ્ઞાન અંગત અભિપ્રાય ન રહેતાં પ્રયોગાત્મક વિદ્યાનું સ્વરૂપ ધારણ કરે છે. આ વૈજ્ઞાનિક સ્વરૂપ આપવાનું શ્રેય પુરાવિદ્યાને ફાળે જાય છે.

આવાં પ્રત્યક્ષ સાધનોની પરીક્ષા મારફતે પ્રાગિતિહાસનો ઉદ્દ્ભવ થયો છે. આથી એવું કહી શકાય કે પુરાવસ્તુવિદ્યાનું અભ્યાસક્ષેત્ર વિશેષતઃ પ્રાગિતિહાસની આસપાસ વિકસ્યું છે.

ભારતીય પ્રાગિતિહાસ :

વિશ્વના ભૂભાગમાં ભારતભૂમિ એનું એક અંગ હોઈ અહીં ઘટેલી માનવકૃત ઘટનાઓનો અભ્યાસ ભારતીય પ્રાગિતિહાસનું કાર્યક્ષેત્ર બને છે. આઝાદી પછી ભારતીય પ્રાગૈતિહાસિકના અધ્યયનક્ષેત્રે પુરાવિદોએ હરણફાળ ભરી છે છતાં એ અંગેની લોકજાણકારી પ્રમાણમાં ઓછી છે. ઇતિહાસના અધ્યાપકોમાંના ઘણા પુરાવસ્તુવિદ્યાથી અજ્ઞાત હોવાનું જણાય છે. શિક્ષણના વિવિધ સ્તરે આ વિષયનો અભ્યાસક્રમમાં સમાવેશ પ્રમાણમાં નહિવત્ છે. આથી આ વિષયનું ઊભી સપાટીએ જેટલું ખેડાણ થયું છે એટલું આડી સપાટીએ થયું નથી એનો અફસોસ વ્યક્ત કરવો રહ્યો.

ત્યારે આ વિદ્યાને લોકો સુધી લઈ જવા માટે પ્રદેશભાષાઓમાં શોધપરિણામોનું નિરૂપણ થવું જોઈએ. આવું નિરૂપણ વિદ્વાનો માટે સંશોધનકક્ષાનું, પૃથક્કૃત અને ઊંચી કક્ષાનું, વૈજ્ઞાનિક સ્વરૂપનું હોવું જોઈએ તો બીજી તરફ સામાન્ય લોકો માટે એનું લોકભોગ્ય રીતે વર્ણનાત્મક સચિત્ર આલેખન થવું જોઈએ. ગુજરાત રાજ્યના ગ્રંથનિર્માણ બૉર્ડનું આ કામ છે. અને ઇતિહાસનાં પરંપરિત ઢગલાબંધ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા પછી મોડેમોડે પણ એણે એક વિશિષ્ટ વિદ્યાનું ગુજરાતી પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે એ આવકાર્ય છે.

અવલોકન હેઠળનો ગ્રંથ :

આ પુસ્તક છે **'ભારતીય પ્રાગિતિહાસ'** એના લેખક છે આ વિષયના સિદ્ધહસ્ત અને નીવડેલા પુરાવિદ પ્રા. રમણલાલ નાગરજી મહેતા. આ લેખકે અગાઉ શાળાકક્ષાના વિદ્યાર્થીઓને આ વિષય સમજાય એ રીતે નિરૂપતું એક પુસ્તક **'ભૂતકાળની ભીતરમાં'** લખ્યું હતું. અભ્યાસીઓને ઉપયોગી **'પુરાવસ્તુવિદ્યા'** ગ્રંથ પણ એમણે જ અગાઉ

આપ્યો છે. જો કે આ ગ્રંથ હવે પુનર્લેખન માગે છે અને તેમાં નિસ્તાર પુરાવસ્તુ, પાણીસ્થ પુરાવસ્તુ, કાલગણનાની છેલ્લી પદ્ધતિઓ આમેજ કરવાની જરૂર છે.

આ ગ્રંથ છે તો માત્ર સો પૃષ્ઠનો પરંતુ એનું મહત્ત્વ જોતાં એનું કેવળ અવલોકન કરવાને સ્થાને અવલોકનલેખ આપવો ઉચિત જણાય છે, જેથી વિષયને વ્યાપક ધોરણે એ મિષે લોકપ્રિય બનાવી શકાય.

લેખકે આ પુસ્તકમાં ભારતીય પ્રાગિતિહાસનું આંશિક વર્ણન કર્યું છે; કેમ કે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડે તામ્રાશ્મયુગ અને તે પછીના યુગો વિશે સ્વતંત્ર પુસ્તિકાઓનું આયોજન વિચારેલું છે.

પુસ્તકનું વિષયવસ્તુ, હેતુ અને મર્યાદા

આ પુસ્તકમાં લેખકે સંક્ષેપમાં પણ સરળ પદ્ધતિએ પ્રાગિતિહાસના કાર્યક્ષેત્રની પ્રારંભિક સમજ આપી તે શબ્દની ચર્ચા કરી છે તથા તેનાં સંશોધનોની કાર્યપદ્ધતિ, તે વડે પ્રાપ્ત સામગ્રી, તે સારુ ઉપયોગાતી કાલનિર્ણયની પદ્ધતિઓ અને ઉપલબ્ધ સામગ્રી પરથી થતું અર્થઘટન આમેજ છે. આ રૂપરેખા દ્વારા લેખકનો હેતુ આ વિષયના જિજ્ઞાસુઓને તેનો સાંસ્કૃતિક દૃષ્ટિએ અભ્યાસ કરવા સારુ પ્રાથમિક માહિતી મળી રહે તે છે. ઉપરાંત આ ક્ષેત્રની સમૃદ્ધિનો ખ્યાલ આવે એ દૃષ્ટિબિંદુ પણ ધ્યાનમાં લેવાયું છે. પરન્તુ પુસ્તકની પૃષ્ઠમર્યાદાને લીધે ભારતનાં પ્રાગૈતિહાસિક સ્થળો તથા ત્યાંથી પ્રાપ્ત ઓજારોનાં વિગતે વર્ણનો કે તે અંગે થયેલા પ્રયોગોની વિગતો લેખક આપી શકયા નથી. છતાં વિષયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી કે જિજ્ઞાસુ માટે આ પુસ્તક જરૂર વાચનક્ષમ છતાં અશેષ ઉપયોગી માહિતી સંપડાવી આપે છે, તથા ભારતે પ્રાગૈતિહાસિક યુગમાં મેળવેલી સિદ્ધિઓનો પરિચય પણ પ્રાપ્ત થશે તથા પ્રત્યક્ષકાર્ય (એટલે કે ઉત્ખનનથી પ્રાપ્ત વસ્તુઓનો અભ્યાસ) દ્વારા અતીતની કેવી ઝાંખી થાય છે તેનો ખ્યાલ મળશે.

પ્રથમ નજરે પુસ્તકની ઉપયોગિતા

ગુજરાતી ભાષામાં આ વિષયને સંક્ષેપમાં છતાં અથેતિ નિરૂપતું આ સૌ પ્રથમ પુસ્તક છે. એનું નિરૂપણ સરળ, સહજ અને સમજાય તેવું છે. ભાષા સાદી અને પ્રવાહી છે તથા વાકય-રચના કિલષ્ટ નથી. આ પુસ્તકની મુખ્ય વિશેષતા એ છે કે ગુજરાતીમાં પુરાવિજ્ઞાનનો અભ્યાસ–સંશોધન કે લેખન–નિરૂપણ શકય નથી એવા એક પુરાવિદના વિધાનની નિરર્થકતા સ્વાભાવિક રીતે સાબિત કરે છે. એનો મુખ્ય પુરાવો એ છે કે પુસ્તકાંતે નથી પરિભાષાસૂચિ આપી કે લખાણમાં કયાંય કૌંસમાં કે અન્યથા અંગ્રેજી શબ્દ/શબ્દો પ્રયોજવાની જરૂર જણાઈ છતાં ગુજરાતીમાં પુરાવસ્તુને નિરૂપતા આ પુસ્તકમાં કયાંય વાંચનારને કશી મુશ્કેલી પડતી નથી. લેખકને પણ આ પુસ્તક ગુજરાતીમાં પ્રસ્તુત કરવામાં ગુજરાતી ભાષા હાથવગી જણાઈ છે. અંગ્રેજી શબ્દને ગુજરાતી લિપિમાં રજૂ કરવાની પણ જરૂર લેખકને જણાઈ નથી.

પુસ્તકમાં કુલ નવ પ્રકરણો છે. પ્રકરણો અનુબંધથી પરસ્પર સંકળાયેલાં છે. અર્થાત્ પ્રત્યેક પ્રકરણના અંતે પછીના પ્રકરણના નિરૂપિત વિષયની સંક્ષિપ્ત માહિતી છે તો પ્રત્યેક

પ્રકરણના પ્રારંભે અગાઉના પ્રકરણનો સંક્ષિપ્ત સાર આપ્યો છે. નિરૂપણની આ એક ઉપયોગી અને આવકાર્ય પદ્ધતિ ગણાય. વિષયને ક્યાંક રેખાચિત્રો દ્વારા વિશેષ સ્ફૂટ કર્યો છે. આવા પુસ્તક માટે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડે પ્રાગૈતિહાસિક સ્થળોના ફોટા અને ઓજારોના ફોટા અપવાદરૂપે આપવા જરૂરી હતા. સમગ્ર પુસ્તકના નિરૂપણમાં વારનવાર ઉત્ખનિત સ્થળોનાં ઉદાહરણો આપ્યાં છે.

રેખાંકનસૂચિ, પ્રકરણસૂચિ, શબ્દસૂચિ અને ગ્રંથસૂચિ જેવી અગત્યની માહિતી આ પુસ્તકમાં કેમ આમેજ થઈ શકી નથી એ પ્રશ્ન છે.

ભારતનો પ્રાગિતિહાસ :

અતીતમાં બનેલી ઘટનાઓ ખોદકામથી પ્રાપ્ત અવશેષોથી જાણી શકાય છે. આવા અવશેષોના ત્રણ પ્રકાર છે : (૧) પ્રકૃતિના પદાર્થોમાં થયેલા ફેરફારો, (૨) મૌખિક પરંપરા અને (૩) લિખિત સામગ્રી અર્થાત્ માનવપ્રવૃત્તિસૂચક કોઈ પણ વસ્તુ તથા પદાર્થનો ઉપયોગ પ્રાગિતિહાસને જાણવા થઈ શકે છે. માનવ-અસ્થિઓ અને માનવે ઉપયોગેલાં ઓજારોના અવશેષો વધુ ને વધુ જૂના સમયના મળતા જતા હોઈ પ્રાગિતિહાસની પૂર્વસીમા સતત વિસ્તરતી રહી છે. પરન્તુ એની ઉત્તરસીમા લેખનકળાના પુરાવા મળે ત્યાં સુધી લંબાવી શકાય. જો કે ઉત્તરસીમા, વધુને વધુ પુરાણા સમયના લેખિત પુરાવા સાંપડતાં, સંકોચાતી જાય છે. લેખકના મતે ભારતના પ્રાગિતિહાસનો ઉત્તરકાળ આજથી પાંચહજાર વર્ષ પહેલાં સમાપ્ત થયો ગણાય. સ્તર–રચના, ઓજારોનાં ઘડતર, વપરાયેલી વસ્તુઓ, પ્રાપ્તિસ્થાનો વગેરેની સહાયથી પ્રાગિતિહાસનું વિભાજન થાય છે. ભારતીય પ્રાગિતિહાસના વિભાગોમાં પ્રાચીનાશ્મ યુગ, મધ્યાશ્મ યુગ, અન્ત્યાશ્મ યુગ, નવાશ્મ યુગ, તામ્રાશ્મ યુગ અને લોહયુગનો સમાવેશ થાય છે, આમાંથી પ્રથમ ચાર પ્રાગિતિહાસના ખંડો છે અને શેષ બે આદ્ય ઇતિહાસના યુગો છે. લેખકના મતે ભારતમાં પ્રાગિતિહાસનો અદ્યાપિ અંત આવ્યો નથી. ટૂંકમાં પ્રાગિતિહાસની તપાસનો મૂળ પાયો મનુષ્યની પારિભોગિક સામગ્રીની તપાસ છે. પ્રથમ પ્રકરણમાં ડૉ. મહેતાએ આ બધી બાબતો સંક્ષેપમાં વર્ણવી છે.

પ્રાગિતિહાસિકની સંશોધનપ્રણાલિકા :

પ્રાગિતિહાસની સામગ્રીની તપાસમાં જે તે સ્થળની સ્તર-રચના મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્તર-રચનાની તપાસ જટીલ છે, છતાં લેખકે આ પ્રકરણમાં એના સિદ્ધાન્તો સરળ રીતે સમજાવ્યા છે. પૃથ્વી ઉપર રહેલા પદાર્થોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે એક જ સ્થળે એકથી વધારે પદાર્થ રહી શકતો નથી. બીજો પદાર્થ કાં તો પહેલા પદાર્થની ઉપર, કે તેની બાજુ કે તેને અડકીને ગોઠવાય છે. આ સ્થિતિમાં નીચેનો પદાર્થ પહેલો અને તે ઉપરનો તે પછી ગોઠવાયો હોય એવો કાલાનુક્રમ નિશ્ચિત થઈ શકે પરન્તુ ધરતીકંપ, જ્વાળામુખી, આબોહવાના ફેરફારો, વહેતાં પાણી-બરફ-પવન જેવી પૃથ્વી પર થતી નૈસર્ગિક પ્રક્રિયાઓથી એક વખત ગોઠવાયેલા પદાર્થો આ કારણે ફેરવાય છે. આથી માનવ-વસાહતોની સ્તર-રચનાના અભ્યાસમાં નૈસર્ગિક પ્રક્રિયાની સાથે માનવપ્રવૃત્તિ પણ ધ્યાનમાં લેવી પડે છે. આ વિષે ચર્ચા કરી ડૉ. મહેતા સંચયન, સંશોધન, સંકલન, સંદર્શન અને સંલેખન એ પંચવિધ સોપાનો પ્રાગિતિહાસની સંશોધનપ્રણાલિકા માટે

ઉપયોગી છે એવું જણાવી ટૂંકમાં તેની સમજૂતી આપે છે, જે વિષે વિગતે વર્ણન તેઓ આ પુસ્તકના અંતિમ પ્રકરણમાં સરસ રીતે કરે છે.

પ્રાગિતિહાસની અધ્યયનસામગ્રી

પ્રાગિતિહાસની જાણકારી માટે સંચયનપદ્ધતિથી જે સામગ્રી મેળવાય છે તે અધ્યયન-સામગ્રી બને છે અને જેનું વિગતે સચિત્ર નિરૂપણ પ્રકરણ ત્રણનો વર્ણ્ય વિષય છે. આ પુસ્તકનું આ મહત્ત્વનું પ્રકરણ છે અને એની ઉપયોગિતા સમજી લેખકે ચૌદ પૃષ્ઠ જેટલો વિસ્તાર વિષયને સમજાવવા કર્યો છે અને વધુ દશ પૃષ્ઠ અઢાર રેખાંકનોથી સભર છે. પ્રાગિતિહાસની અધ્યયન-સામગ્રીમાં પથ્થર, હાડકાં, શંખ, છિપોલી અને પકવ માટીમાંથી બનાવેલી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ વસ્તુઓને પારખવી, એની પરીક્ષા કરવી અને એનાં વિવિધ રૂપોનું યથાયોગ્ય અધ્યયન કરવું એ પ્રાગિતિહાસની જાણકારી માટે મહત્ત્વનું છે. આ સામગ્રીમાં વિશેષ પ્રમાણ પથ્થરની વસ્તુઓનું હોઈ લેખકે પ્રકરણનો મોટો ભાગ એ સામગ્રીના વર્ણનમાં રોકયો છે.

સામાન્યતઃ દરેક પ્રકારના પથ્થરો ગમે તે વપરાશમાં આવતા નથી. માત્ર વિશિષ્ટ જાતના પથ્થરો જ વિશિષ્ટ રીતે ઉપયોગમાં લઈ શકીએ એવું જ્ઞાન માણસોને પ્રાગૈતિહાસિક યુગથી હોવાનું ઉપલબ્ધ અવશેષો દર્શાવે છે. પથ્થરમાંથી ઓજારો અને વસ્તુઓ બનાવવા માટે અશ્મઘણનો ઉપયોગ થતો. કયારેક બે પથ્થરોને એકબીજા સાથે અફળાવીને પણ જરૂરી સાધનો તૈયાર કરતા હતા.

પથ્થરનાં આ ઓજારો કેવી રીતે બનાવવામાં આવતાં, તે માટે કઈ પ્રક્રિયા અમલમાં મૂકતા, તૈયાર થયેલાં ઓજારોના કેવા પ્રકાર હતા અને એનાં નામ શાં હતાં, એ માટે વપરાયેલા પથ્થરોની જાત કઈ હતી વગેરેનું વિસ્તારથી વર્ણન ડૉ. મહેતાએ કર્યું છે.

પથ્થર ઉપરાંત પ્રાગિતિહાસનો માનવી હાડકાંમાંથી પણ ઓજારો બનાવતો. આવાં ઓજારો અશ્મયુગોના ઉત્તરાર્ધમાં મળે છે. જો કે આ સાધનોનું પ્રમાણ અને એની ઉપલબ્ધિ બંને ઘણાં ઓછાં છે. પરન્તુ તેના અધ્યયનથી તત્કાલીન કુદરતી પરિસ્થિતિ તેમ જ મનુષ્યો, પશુઓ અને ઈતર જીવો સાથેના સંબંધો સમજવામાં ઘણી સહાય મળે છે. લેખક કહે છે તેમ સજીવ પ્રાણીઓના અવશેષોની મદદથી હવામાનમાં થયેલા ફેરફાર, વેપાર–ઉદ્યોગ વગેરે સમજવામાં સરળતા રહે છે.

હાડકાં અને પથ્થર ઉપરાંત માટીને પકવીને ઓજારો બનાવવામાં આવતાં હતાં. ભીની માટીને યથાયોગ્ય ઘાટ આપી એને અગ્નિમાં પકવીને મજબૂતાઈવાળાં માટીનાં વાસણો તૈયાર કરવાની સમજના વિકાસથી મનુષ્યને ઘણી પ્રવૃત્તિઓમાં મદદ મળી. રાંધવાનાં વાસણો, પાણી કે અનાજ સંગ્રહી રાખવાનાં વાસણો, ખાવાપીવાનાં વાસણો તેમ જ પ્રવાસમાં વસ્તુઓ લઈ જવાનાં વાસણોને લીધે માનવપ્રવૃત્તિમાં જે સરળતા આજે આપણે અનુભવીએ છીએ એની શોધ પ્રાગિતિહાસ–માનવે કરી હતી. માટીનાં વાસણો ઉપરાંત રમકડાં, મૂર્તિઓ, પૂતળીઓ વગેરે અનેક વસ્તુઓ પણ માટીમાંથી બનાવવામાં આવતી હતી. આ સામગ્રીની પ્રાપ્તિ અને પ્રમાણ બંને ઘણાં છે.

છેલ્લે લેખકે ધાતુનાં ઓજારોની અને વસ્તુઓની સંક્ષિપ્ત ચર્ચા કરી છે. લેખક ઉપસંહાર કરતાં નિર્દેશે છે કે માનવપ્રવૃત્તિનાં તમામ લક્ષણોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે આજે આપણે જે વસ્તુઓ ઉપયોગીએ છીએ તેમાંની ઘણી ચીજવસ્તુઓનો વપરાશ પ્રાગૈતિહાસિક યુગથી અદ્યાપિ ચાલુ છે, તથા તે વખતની કલાકારીગીરીની કક્ષા હાલની સરખામણીમાં ઉતરતી ન હતી તેમ જ તેની બનાવટ માટે પૂરતી સાવધાની અને ગણતરી તેઓ રાખતા હતા.

ભારતીય પ્રાગિતિહાસની કાલગણના :

માનવીના અતીતના અધ્યયનમાં કાલગણના એક અગત્યનું અંગ છે, તો કાલગણના માટે સ્તર-રચનાનું એટલું જ મહત્ત્વ છે. તેથી ભારતીય પ્રાગિતિહાસમાં કાલગણનાની ગણતરી સારુ સ્તર-રચના પ્રથમ તપાસવી જરૂરી છે. આની સમજ માટે લેખકે સ્તરરચનાની સમજૂતી આપતાં ચાર રેખાંકનો વર્ણનમાં આમેજ કર્યાં છે. કાલગણનાની પદ્ધતિ વૈજ્ઞાનિક અને જટીલ છે, છતાં લેખકે સરળ રીતે એને સમજાવવાનો સરસ પ્રયત્ન કર્યો છે.

ઓજારોની આનુપૂર્વી નક્કી કરવા માટે સ્તરરચના તપાસવી અત્યંત જરૂરી છે. પરન્તુ આવી આનુપૂર્વી કાલગણના મુજબ ગોઠવવાનાં સાધનોનો અભાવ હતો ત્યારે પથ્થરનાં ઓજારો સાથે મળતાં અસ્થિઓ તથા ઓજારોનાં રૂપસામ્યથી વિચારણા થતી. તે પછી કિરણોત્સારી પદાર્થોની મદદથી કાલગણના નિશ્ચિત થતી. કોલસા, કાંકરા, છીપ વગેરેમાંથી શેષ વધેલી કિરણોત્સાર શક્તિની મદદથી કાલગણના વ્યવસ્થિત કરવાનો પ્રારંભ છેલ્લા ત્રણ દાયકામાં થયો. આને આધારે તામ્રાશ્મયુગની સમયમર્યાદા આપણા દેશમાં આશરે ત્રણેક હજાર વર્ષની ગણાય અર્થાત્ આજથી ત્રણ હજાર વર્ષથી પાંચેક હજાર વર્ષ જેટલા જૂના કાળમાં આ યુગને મૂકી શકાય. તામ્રાશ્મકાળની વસાહતો સાથે નવાશ્મકાળની ઘણી વસાહતો ભારતમાં સમકાલીન દેખાય છે. તદુપરાંત તામ્રાશ્મકાળની વસાહતોનાં સમકાલીન કેટલાંક અન્ત્યાશ્મકાલનાં સ્થળો મળ્યાં છે. તે પરથી અન્ત્યાશ્મકાલની વસાહતો આશરે તેર હજાર વર્ષથી માંડી ચાર હજાર વર્ષ જેટલા લાંબા ગાળામાં અસ્તિત્વ ધરાવતી હોવાનું જણાય છે. કિરણોત્સારી પદાર્થોથી મળતી કાલગણનાને સ્તરરચના સાથે સરખાવવાથી જે કાલક્રમ પ્રાપ્ત થાય છે તે અનુસાર લોહયુગ આશરે ત્રણ હજાર વર્ષથી આજ સુધી, તામ્રાશ્મયુગ આશરે ત્રણ હજાર વર્ષથી છ હજાર વર્ષ સુધી, નવાશ્મયુગ આશરે ચાર હજાર વર્ષથી છ હજાર વર્ષ સુધી, અન્ત્યાશ્મયુગ આશરે સાડા ચાર હજાર વર્ષથી તેર હજાર વર્ષ સુધી, મધ્યાશ્મયુગ આશરે પચીસ હજાર વર્ષથી તેર હજાર વર્ષ સુધી, અને પ્રાચીનાશ્મયુગ આશરે પચીસ હજાર વર્ષ પહેલાંનો અને વિશ્વ ઇતિહાસમાં આશરે છવ્વીસ લાખ વર્ષ કરતાં વધુ જૂનો સમય હોવાનું લેખક નોંધે છે.

પ્રાગિતિહાસમાં માનવપ્રવૃત્તિનાં વિવિધ સ્વરૂપો :

પ્રાગિતિહાસનો મૂળ હેતુ પારિભોગિક સામગ્રીની મદદથી માનવપ્રવૃત્તિનું દર્શન કરાવવાનો છે. લેખકે આ પ્રકરણમાં તે સમયના માનવીની પ્રાવૃત્તિક વિકાસની ઝાંખી સારી રીતે સમજાવી છે. અને તે મિષે પાષાણઓજારોની ઘડતરપ્રક્રિયાનો સુંદર આલેખ પણ પ્રસ્તુત કર્યો છે. પ્રાગૈતિહાસિક સામગ્રી પરથી માનવોની કાર્યકુશળતા, તેમની કારીગીરી તથા ઉદ્યોગો, તેમનાં

ગામો અને તેનાં આયોજનો, માલની અવરજવરને પરિણામે જુદા જુદા લોકોના સંપર્કો, વસ્તુઓનાં વિશિષ્ટ પ્રાપ્તિસ્થાનોની પરિસ્થિતિને પરિણામે તેમના રીતરિવાજોનું જે જ્ઞાન મળે છે તેની વિગતો લેખકે અહીં નિરૂપી છે.

માનવીની વિવિધ પ્રવૃત્તિઓમાં પથ્થરનાં ઓજારો બનાવવાં, હાડકાંનાં ઓજારો, માટીનાં વાસણો અને તાંબા-લોખંડનાં સાધનો બનાવવાની-ઘડવાની પ્રવૃત્તિનાં દર્શન થાય છે, જેથી મનુષ્યની બુદ્ધિ દ્વારા કુદરતમાંથી મળતી વસ્તુઓનો ઉપયોગ જરૂરી ફેરફાર સાથે પોતા માટે કરવાની શક્તિ અને કારીગરીની વિવિધ શક્તિઓ દર્શાવે છે, જેની સરળ સમજૂતી લેખકે આપી છે.

પ્રાગિતિહાસી માનવનાં યોગક્ષેમ અને વસવાટ

માનવની ઉપરનિર્દિષ્ટ પ્રવૃત્તિ મુખ્યત્વે ગુજરાત માટે અને વસવાટ માટે થતી. લેખકે આ પ્રકરણમાં વિસ્તારથી માનવપ્રવૃત્તિઓના સંદર્ભમાં યોગક્ષેમ અને વસવાટનું સુંદર પૃથક્કરણ કર્યું છે.

વનસ્પતીજન્ય આહાર મનુષ્યને ભારતમાં પૂરા પ્રમાણમાં બારે માસ મળી રહેતો એવી નૈસર્ગિક પરિસ્થિતિ છે. તે સાથે કાશ્મીર જેવા ઠંડા પ્રદેશોના લોકો વધુ પ્રમાણમાં પ્રાણીજ આહાર મેળવતા હશે. ભારતમાંથી પ્રાપ્ત પ્રાચીનાશ્મયુગનાં ઓજારોનાં સ્થળોથી કહી શકાય કે આ લોકો નદીકિનારે કે તેની નજીક મોટેભાગે રહેતા હશે. રહેઠાણના થોડાઘણા પ્રાપ્ત અવશેષોથી સૂચવી શકાય કે પ્રાચીનશ્મયુગમાં ભારતીય મનુષ્ય જમીન સરખી–સપાટ કરીને રહેતા. પવનથી બચવા કે બીજાં કામો માટે ભીંત જેવી રચના કરતા. આમ પોતાના વસવાટ માટે યોગ્ય પગલાં લેતા. અવશેષોનું નિરીક્ષણ એવું પણ સૂચવે છે કે જ્યાં કુદરતી ગુફાઓ કે નાના ડુંગરની આડાશ મળતી ત્યાં પ્રાચીનાશ્મયુગથી માણુસો રહેતા ને જ્યાં આવી પરિસ્થિતિ ઉપલબ્ધ ન હોય ત્યાં ઝાડને આશ્રયે કે ખુલ્લામાં રહેતા. આ પદ્ધતિ લાંબો વખત ચાલી હોવાનું પ્રાચીનાશ્મયુગથી અંત્યાશ્મયુગ સુધીના પ્રાપ્ત અવશેષોથી સૂચવી શકાય. આ વસવાટો સ્થાયી પ્રકારનાં ગામો જણાતાં નથી પરંતુ ડુંગા કે પડાવ જેવા હોવાનું જણાય છે. આવા પડાવોમાં સ્થાનિક આહારનો પુરવઠો સારા પ્રમાણમાં જ્યાં સુધી હોય ત્યાં સુધી લોકો ત્યાં રહેતા અને એ પુરવઠો ખૂટતાં તેઓ બીજાં સ્થાનોએ ખસી જતા. આમ વારંવારનાં સ્થળાંતરને કારણે આ યુગના લોકો આજની જેમ ઘણી ઘરવખરી રાખતા નહીં. ઉપરાંત આ યુગમાં પથ્થરનાં ઓજારો જ્યાં બનાવતા ત્યાંથી મળતાં નથી. એટલે પથ્થરની ખાણો કે પ્રાપ્તિસ્થાનોએ માણુસો જઈને સામગ્રી લઈ આવતા. આમ વસ્તુઓ શોધવા માટે પણ સ્થળાંતરો થતાં હોવાનું જણાય છે. સામાન્યતઃ એવો મત બંધાય છે કે આ યુગના લોકો શિકાર કરીને પોતાનો યોગક્ષેમ ચલાવતા. પરન્તુ ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, હરણ, સાબર, નીલગાય જેવાં જાનવરોનાં હાડકાં ઉપરથી આ યુગનો માનવી શિકારની સાથે જનાવરો પણ પાળતો. ઉપરાંત પાળેલાં અને જંગલી જનાવરોનાં હાડકાંના નિરીક્ષણથી એ પણ જાણુવા મળે છે કે આ બધાં જ પશુઓનો ખોરાક એકસરખો અને એકસરખી કુદરતી પરિસ્થિતિમાં ઉત્પન્ન થતો વનસ્પતિઆહાર છે. આ દૃષ્ટિએ આ લોકો

પશુપાલકો પણ હોય. યોગક્ષેમને અનુકૂળ વાતાવરણ હોય ત્યાં લોકો લાંબા સમય સુધી વસવાટ કરતા અને તેથી મળતા ફુરસદના સમયમાં તેઓ તેમનાં આશ્રયસ્થાનોને ચિત્રોથી સુશોભિત કરતા. આ ચિત્રોમાં માનવો, પશુઓ, ભૌમિતિક આકૃતિઓ ચિતરતા તથા પથ્થર ઉપર પણ ભૌમિતિક આકૃતિઓનું આલેખન કરતા. આમ ભારતીય કલાનાં દર્શન પણ અન્ત્યાશ્મયુગથી થવાનો પ્રારંભ તેમના વસવાટોથી સૂચવાય છે. આ યુગના ઉત્તરકાળમાં માટીનાં વાસણો થોડા પ્રમાણમાં મળે છે પરન્તુ નવાશ્મકાળનાં સ્થળોએથી તેની ઉપલબ્ધિ વિશેષ જણાઈ છે. માટીકામને માટે એક સ્થળનો વધુ સમયનો વસવાટ જરૂરી છે. આમ નવાશ્મઓજારો અને માટીકામનો વિકાસ આ યુગના લોકોનું જીવન વધુ સ્થિર હોવાનું અનુમાન પ્રેરે છે. માટીનાં વાસણો બનાવવાના સમય દરમ્યાન એના કારીગરો માટે ખાદ્ય સામગ્રીનો જથ્થો હોવો જરૂરી છે. આથી અન્નસંચયની પ્રવૃત્તિ વિકસી, ફલસ્વરૂપ કૃષિપ્રવૃત્તિનો વિકાસ સ્પષ્ટ બને છે. દાણા એકત્ર કરી તેનો સંગ્રહ કરવા માટે તથા એકત્ર કરેલા દાણાનો ઉપયોગ કરવા માટે પણ લોકોએ એક સ્થળે લાંબા સમય સુધી રહેવું પડે એવી સ્થિતિનું નિર્માણ થયું. આથી મકાનો બાંધવાની પ્રવૃત્તિ અનિવાર્ય બની. આમ અન્નસંચય વધતાં એમાંથી સ્થાયી વસવાટ અને ગ્રામનિર્માણની શરૂઆત પ્રાગૈતિહાસિક યુગમાં થઈ ચૂકી હતી. ગ્રામનિર્માણની આ પરિસ્થિતિને આજની વિચાર-સરણીમાં વિકાસ કહેવામાં આવે છે. લેખક કહે છે તેમ ભારતમાં ગ્રામરચનાનો મૂળ ઉદ્દેશ અન્નસંચયનો છે એમ દર્શાવતા વિચારો વધુ સમયથી પ્રચારમાં છે. અન્નસંચયને લીધે અતિલોભ થવાથી લૂંટફાટનો ભય વધે છે. અને તેથી માત્સ્યન્યાય પ્રવર્તે છે એ ભારતીય વિચારણા છે. આ માત્સ્યન્યાય ઉપર કાબૂ રાખવા માટે રાજસત્તાનો ઉદય થાય છે અને ધંધા, ઉદ્યોગ અને પ્રવૃત્તિ વ્યવસ્થિત રાખવા માટે વર્ણવ્યવસ્થાનું સર્જન થાય છે. ભારતીય પ્રાગૈતિહાસિક યુગમાં આ વિકાસ થઈ ચૂક્યો હતો.

ખેતીનો ઉદ્યોગ, અન્નઉત્પાદન, સંચય અને વહેંચણીના પ્રશ્નો ખાસ ઉત્પન્ન થાય છે. આ માટે પૃથ્વી ઉપર થતા કુદરતી ફેરફારોનું સૂક્ષ્મ અવલોકન, તેના આકાશમાં થતા ફેરફારો સાથેનો સમન્વય મુખ્ય અંગો બને છે. ભારતીય પરંપરામાં આ મુખ્ય અંગ મહિનાઓનાં નામોમાં સ્પષ્ટ દેખાય છે અને વર્ષના જુદા જુદા સમયનાં નામો કુદરતી સુમેળ સાથે ભારતીય પરંપરામાં વિકસ્યાં છે. કાલમાનની સાથે સ્થળમાનનું મહત્ત્વ ખેતી માટે ઘણું છે. કેટલા ક્ષેત્રફળમાં કેટલું બિયારણ વાપરવાથી સાધારણ રીતે કેટલું ઉત્પન્ન આવશે એની ગણતરી અન્નસંચય માટે અત્યંત આવશ્યક હોઈ તેમાંથી ગણિત, ભૂમિતિ તથા અનાજ માપવાની પદ્ધતિ ઈત્યાદિનું પરિમાણજ્ઞાન પણ યોગક્ષેમના પાયા તરીકે કૃષિવલસમાજમાં વિકસ્યું હતું. આમ ખગોળ, જ્યોતિષ, લંબાઈ તથા પહોળાઈ માપવા માટે ભૂમિતિ તથા ઘનમાપ કાઢવાના જ્ઞાનનો પ્રારંભ પ્રાગૈતિહાસિક યુગમાં થયો હોવાનું જણાય છે.

ભારતના સંપર્કો જુદા જુદા પ્રદેશામાં

આ રીતે પ્રાગૈતિહાસિક યુગમાં થયેલા ફેરફારોને લીધે વધેલી પ્રવૃત્તિની અસરોને કારણે જુદા જુદા પ્રદેશના લોકો વચ્ચે વ્યવહાર વિકસેલો જોવાય છે, જેની સુંદર છણાવટ લેખકે આ પ્રકરણમાં કરી છે, અને તે પણ કાર્યકારણના સંદર્ભમાં. અન્ત્યાશ્મ, તામ્રાશ્મ અને નવાશ્મયુગના

લોકો એક સાથે જુદા જુદા પ્રદેશોમાં વસવાટ કરતા હશે તથા જરૂરી માલસામાન મેળવતા હશે; પરન્તુ ધાતુની બનાવટની શોધથી અને તે માટે જોઈતો કાચો માલ દરેક સ્થળેથી મળતો ન હોઈ તે મેળવવા ખાણો શોધવી, માલ મેળવવો અને શુદ્ધ કરવો વગેરે પ્રવૃત્તિઓ જરૂરી બને છે. આ પ્રવૃત્તિને પરિણામે તામ્રાશ્મકાળમાં પશ્ચિમ એશિયા તથા મધ્ય એશિયા સુધી ભારતના લોકો જતા હોવાના પુરાવાઓ મળી આવ્યા છે. વળી ભારતમાં આને લીધે પંજાબ, રાજસ્થાન, ગુજરાત, માળવા, મહારાષ્ટ્ર જેવા વિશાળ પ્રદેશ પર આ યુગમાં સંપર્કો સ્થપાયા હોવાનું સમજાય છે.

સમગ્ર પ્રાગૈતિહાસિક કાળ ઉપર દૃષ્ટિપાતથી જણાય છે કે પ્રાચીનાશ્મયુગમાં દેખાતી સાધનોની રૂપરચનાની સમાનતાની પાછળ પરસ્પરના સંપર્કોને બદલે સ્થળાંતરો અને સ્થાનિક પરિબળોમાં જીવનનિર્વાહ માટેનો પુરુષાર્થ વધારે અનુકૂળ હોવાનું લેખકનું અનુમાન ગ્રાહ્ય ગણાય છે; પરન્તુ મધ્યાશ્મ અને અન્ત્યાશ્મયુગમાં પોતાને જરૂરી સાધનો મેળવવા માટે લોકોને વધુ મોટા વિસ્તારમાં પરિભ્રમણ કરવું પડતું હોઈ ત્યાં પરસ્પર સંપર્ક વધારે શક્ય છે એવું લેખકનું માનવું એમણે કાર્યકારણરૂપે કરેલી ચર્ચાથી સ્પષ્ટ થાય છે.

પ્રાગૈતિહાસિક હવામાન

આપણે જોયું કે સંપર્કો અને સ્થળાંતરો ઘણે ભાગે યોગક્ષેમ માટે થાય છે. આપણું અવલોકન અને અતીતની સાધના સ્પષ્ટ સૂચવે છે કે જ્યારે જ્યારે નૈસર્ગિક કે માનવીય પ્રવૃત્તિઓથી એક સ્થળ યોગક્ષેમ માટે પ્રતિકૂળ જણાય ત્યારે ત્યારે માનવસમૂહ તે સ્થળનો ત્યાગ કરી બીજે સ્થળે જતા હોવાની પ્રક્રિયા થતી રહે છે. આ પ્રક્રિયામાં નૈસર્ગિક પરિસ્થિતિએ કેટલો ભાગ ભજવ્યો હશે એ પ્રાગિતિહાસી અવશેષોથી સૂચવી શકાય, જેની જાણકારી આપણને પ્રકરણ આઠમાંથી પ્રાપ્ત થાય છે. કાર્યકારણની પદ્ધતિએ પ્રાગૈતિહાસિક ભારતનું હવામાન કેવું હતું તેની સરળ સમજૂતી લેખકે તેમાં આપી છે.

લેખક નોંધે છે તેમ બધી માનવવસાહતો કે બધા પ્રવૃત્તિસૂચક અવશેષો આબોહવાના અનુમાન માટે ઉપયોગી હોતા નથી. પરન્તુ કેટલાંક સ્થળો તેમ જ સ્થળપ્રાપ્ત માનવપ્રવૃત્તિ-સૂચક તેમ જ સ્થાનિક પરિસ્થિતિસૂચક નાનામોટા અવશેષો, તે સ્થળની સ્તરરચના, ઊંચાઈ વગેરે અનેક પ્રમાણોથી હવામાન બાબત નિર્ણય લઈ શકાય છે. ઉપરાંત પૃથ્વી પર થતાં ધોવાણ અને નવરચનાનાં પરિબળો કામ કરતાં હોય છે, જે પણ હવામાન વિશે કેટલાંક અનુમાન કરવામાં ઉપયોગી નીવડે છે. જનાવરોનાં હાડકાંના અભ્યાસથી પણ આબોહવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી, શંખલાં, વનસ્પતિના વિવિધ અવશેષો, માટી, નદી વહેવાની પ્રક્રિયા વગેરેની મદદથી આબોહવા અને તેના ફેરફારો સમજી શકાય છે. પ્રાપ્ત અવશેષોના અભ્યાસના આધારે લેખકનું માનવું છે કે આપણી આજની આબોહવામાં ભારતની પ્રાગૈતિહાસિક યુગની લોહયુગ, તામ્રાશ્મયુગ તથા અન્ત્યાશ્મયુગની સંસ્કૃતિઓ વિકસી હોવી જોઈએ.

ભારતના પ્રાગિતિહાસના સંશોધનની સૂચક દિશાઓ :

ડૉ. મહેતાના મતે ભારતીય પ્રાગિતિહાસમાં ઘણું કામ હજી અપેક્ષિત છે અને એની કેટલીક સૂચક દિશાઓ આવી છે: (૧) મનુષ્યે બનાવેલાં ઓજારો કે તેણે વાપરેલી વસ્તુઓ શોધી

કાઢવી એ પ્રાગિતિહાસના અધ્યયનનું પ્રથમ સોપાન છે. (૨) પ્રાગૈતિહાસિક યુગનાં સ્થળોના સારા નકશા બનાવવાનું કાર્ય કરવાની ઘણી જરૂર છે. (૩) આપણે યુરોપ કે અમેરિકામાં પ્રાગિતિહાસ માટે થતા વિચારો પરથી આપણી સામગ્રીનું અર્થઘટન કરવાના પ્રયાસોને બદલે આપણા દેશની આબોહવામાં મનુષ્યે કરેલાં કાર્યોના પરિણામે પ્રાપ્ત અવશેષોનું અધ્યયન કરીને, તે દ્વારા આપણી જીવનપદ્ધતિનું સાદ્યંત જ્ઞાન મેળવીને તથા કાળ અને થળની સાથે એનો અનુબંધ મેળવીને સંભાવનાઓ રજૂ કરવી અત્યંત જરૂરી છે. (૪) એકવાર જાણીતાં થયેલાં સ્થળોની વધુ સૂક્ષ્મ પરીક્ષા કરવાની આવશ્યકતા છે. આવી પરીક્ષાથી અગાઉનાં વિધાનો કાં તો દૃઢ થાય છે, કાં તો તે અંગે નવી દિશા પ્રાપ્ત થાય છે. (૫) ઓજારોના સંચયનની સાથે એ સ્થળનું સર્વાંગી પરીક્ષણ કરવા સારુ ત્યાંની માટી, રેતી, ત્યાંથી મળતાં શંખ, છિપોલી વગેરે એકત્ર કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકવાની જરૂર છે. (૬) સામગ્રીનું અધ્યયન કરવા માટે પરીક્ષણનાં સાધનોમાં ભૂસ્તરવિદ્યા, રસાયણશાસ્ત્ર, ભૌતિક પ્રક્રિયાઓ તેમ જ પ્રાણી અને વનસ્પતિ શાસ્ત્રનાં વિવિધ અંગોનો ઉપયોગ જરૂરી છે. (૭) જ્ઞાનસાધના માટે જૂના પદાર્થોનો ઉપયોગ કરવો એ મુખ્ય ધ્યેયની સાથે તે સાચવવાનો પ્રયત્ન પણ કરતા રહેવો ઈષ્ટ છે. (૮) પરંતુ મતભેદને પ્રસંગે જ્ઞાનસાધના મહત્ત્વની છે તે ધ્યાનમાં રાખી જો વસ્તુનું બલિદાન આપવાનો પ્રસંગ આવે તો મૂળ વસ્તુના ફોટોગ્રાફ પાડી કે તેની પ્રતિકૃતિ બનાવી લઈને તેનું મૂળ સ્વરૂપ સાચવવાની અવશ્ય સાવધાની રાખવી જરૂરી છે. (૯) પ્રાપ્ત અવશેષોને સ્થળ અને કાળના સંદર્ભમાં ગોઠવવાની બાબતમાં ખાસ કરીને નકશામાં પ્રાપ્તિસ્થાનો દર્શાવવાં, ઉત્ખનનમાં પ્રાપ્ત પદાર્થોના થરોની વધુ સૂક્ષ્મ માહિતી દર્શાવવી, સંખ્યાનાં કોષ્ટકો તૈયાર કરવાં, તેનાં પરિમાણ દર્શાવવાં, ચિત્રોમાં ચોકસાઈપૂર્વક વિવિધતા લાવવી જેવાં સંકલનની પ્રક્રિયાનાં અંગો વિશે ધ્યાન આપવું જરૂરી છે. (૧૦) વ્યક્તિસંદર્શન જો સંલેખનમાં ન પરિણમે તો તે વૈયક્તિક દૃષ્ટિબિંદુ બને છે અને તેને સમષ્ટિગત રૂપ પ્રાપ્ત થતું નથી. તેથી પ્રાગિતિહાસમાં સંલેખનનું કાર્ય પણ મહત્ત્વનું છે. લેખન કાર્ય ભાષા દ્વારા થતું હોઈ પ્રાગિતિહાસ માટે ભાષાપ્રયોગો વિકસાવવાની ઘણી જરૂર છે. (૧૧) જ્યારે નવા વિષયો કે દૃષ્ટિબિંદુનો વિકાસ થાય ત્યારે નવા વિચારો કે વર્ણનો રજૂ કરવા માટે શબ્દાવલી વિકસાવવા જરૂરી બને છે. (૧૨) પ્રાગિતિહાસની ભાષાનો વિકાસ કરવા માટે પ્રાગિતિહાસના જ્ઞાનનો સારો ફેલાવો કરવો અત્યાવશ્યક છે. (૧૩) પ્રાગિતિહાસનાં સંશોધનો માટેની વિકાસની દિશામાં મળેલા પદાર્થોને સુવ્યવસ્થિત સંગૃહીત કરીને બહુજનહિતાય સંગ્રહાલયોમાં વ્યવસ્થિત પ્રદર્શિત કરવાં જરૂરી છે.

પુસ્તકને અંતે ઉપસંહાર કરતાં લેખક નોંધે છે કે ભારતીય પ્રાગિતિહાસમાં મનુષ્યોએ તમામ પ્રકારની પથ્થર ઉપરની કારીગીરી તથા કાળની ઉચ્ચ ભૂમિકા હાંસલ કરી હતી, ધાતુનો ઉદ્યોગ વિકસાવ્યો હતો તથા નાની વસાહતોથી માંડીને મોટાં નગરોનું આયોજન કરવાની શક્તિ તથા આજના કલાકારને મુગ્ધ કરે એવી કલાનાં સર્જન કરીને આજના ભારતની પરંપરાઓનાં દીર્ઘજીવી તત્ત્વોનાં મૂલ્યોની પ્રતિષ્ઠા પ્રાગૈતિહાસિક યુગમાં થઈ હતી. જેમ જેમ આનું વધુ ખેડાણ થશે તેમ તેમ ભારતીય જીવન અને સંસ્કૃતિની લાંબી પરંપરાનાં વધુ ને વધુ તત્ત્વો પ્રાગૈતિહાસિક ભારતની દેણગી હોવા વિશે પ્રકાશ પડશે.

આમ પ્રાગિતિહાસ એ તેનાં લાક્ષણિક અધ્યયન અને સંશોધનોમાં મનુષ્યનાં મનુષ્યત્વ, પ્રાચીનતા અને તેના વિકાસની વિવિધ કક્ષાઓ, તેની સિદ્ધિઓ અને નિષ્ફળતાઓ વગેરેની જ્ઞાનપ્રાપ્તિનું સાધન બની રહે છે. તેની સાધના ભૌતિક પુરાવાઓ પર નિર્ભર હોઈ તેની સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ ગતિ કરતી જ્ઞાનસાધનામાં શેષવત્ અનુમાન દ્વારા ભૂલાઈ ગયેલાં તત્ત્વોની સતત તપાસ છે એવી લેખકની વાત ધ્યાનમાં લેવા જેવી છે.

આ વિસ્તૃત અવલોકનથી સ્પષ્ટ થશે કે આ પુસ્તકના લેખક ડૉ. મહેતાએ કેવળ સો પૃષ્ઠની મર્યાદામાં રહીને પણ ઓછા ખેડાયેલા અને ઓછા પરિચિત વિષયને ગુજરાતીમાં બહુ સરસ રીતે સમજાવવાનો સ્વાભાવિક પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકનું વાચન ઇતિહાસ–પુરાતત્ત્વમાં રસ ધરાવતા સહુ વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને માટે અવશ્ય જરૂરી છે. પુસ્તકની આ જ ઉપયોગિતા છે. ભવિષ્યમાં આ વિષય અંગે બૃહદ્ગ્રંથ લેખક તરફથી અવશ્ય મળશે એવી આશા રાખવી બહુજનહિતાય જરૂરી બને છે.

રસેશ જમીનદાર

* * *

'રહસ્યવાદ' લેખક: રાજેન્દ્રસિંહ રાયજાદા, પ્રકાશક: ગુલાબકુમારી રા. રાયજાદા, સોંદરડા,—૩૬૨૨૨૦, પૃ. ૧૨૪, કિંમત રૂા. ૧૨–૦૦

શોધનિબંધનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં અમર્યાદિત છે. આ અમર્યાદિતતા એટલે વિષયનું શકય તેટલું ઊંડું અધ્યયન. સંશોધનના મૂળમાં અધ્યયનનું ઊંડાણ આવશ્યક છે. એમાંથી જ મૌલિક અર્થઘટન નિષ્પન્ન થાય છે. જેટલું સંશોધકનું પોતાના વિષય પરત્વેનું ઊંડાણ વિશેષ તેટલું જ તે સંશોધન મૂલ્યવાન. નૂતન અર્થઘટન અને દર્શનમાં સંશોધકનાં નિષ્ઠા, ઊંડાણ, તર્ક અને પરિશ્રમ સમાવિષ્ટ હોય છે. પરન્તુ બહુધા મહાનિબંધમાં નૂતન અર્થઘટન અને દર્શનનો અભાવ વર્તાય છે. સંશોધન નહીંવત્ હોય છે. પરાયા વિચારો–અર્થઘટનોના અવતરણોથી ખચિત મહાનિબંધોમાં સિવાય સંગ્રહનો પરિશ્રમ—કશું જ મૌલિક દૃષ્ટિગોચર થતું નથી. છતાં ય પદવીપ્રાપ્તિનો સંતોષ લેનાર–માણનારની સંખ્યા ઓછી નથી. પરન્તુ કેટલાક વિદ્યાપિપાસુ સંશોધકોનું કાર્ય (સંશોધન) આનંદ પમાડે છે. એના વાચનથી નવી ઉપલબ્ધિનાં શ્વાસ લઈ શકાય છે. રાજેન્દ્રસિંહ રાયજાદાનું પુસ્તક 'રહસ્યવાદ' વાંચતાં એવો વિશ્વાસ લઈ શકાયો છે. સંશોધકનું કર્તવ્ય રાયજાદાએ નિષ્ઠાથી બજાવ્યું છે. અલબત્ત પુસ્તક સંપૂર્ણ શોધનિબંધ નથી, પરન્તુ શોધનિબંધનાં માત્ર પ્રથમ જ બે પ્રકરણ છે. છતાંય એનું સાદ્યન્ત વાચન રાયજાદાની શોધયાત્રાનો પરિચય અવશ્ય આપી રહે છે. મૂળ વિષય છે 'અર્વાચીન ગુજરાતી કવિતામાં રહસ્યવાદ'. પોતાના વિષયની માંડણી અર્થે જે પૂર્વભૂમિકા બાંધી છે તે અહીં પ્રસ્તુત છે.

પંચાણું પૃષ્ઠમાં સમાયેલા આ પુસ્તકનું પ્રથમ પ્રકરણ 'રહસ્યવાદ' પચ્ચીસ પૃષ્ઠ રોકે છે. એમાં રહસ્યવાદના વિવિધ અર્થ; વ્યાખ્યાઓ અને પ્રકારોની ચર્ચા ઉપલબ્ધ છે. કોઈ પણ શબ્દસંકોચનની પ્રક્રિયા સ્વાભાવિક છે. અનેકાર્થી 'રહસ્ય' શબ્દ એના સંકોચનથી આજે

માત્ર 'છૂપી વાત' જેવો અર્થ જ ધરાવે છે. 'રહસ્ય' શબ્દની અર્થમાત્રા વિશેષ હોઈ એમાંથી 'રહસ્યવાદ' સુધીની યાત્રા છે. સંશોધક રહસ્ય શબ્દના વિવિધ અર્થો દર્શાવીને 'પણ આપણે તો 'રહસ્ય' શબ્દનો અર્થ 'ગૂઢતત્ત્વ', 'ગુહ્યભેદ' એવો સ્વીકારીએ તે વધુ યોગ્ય બનશે' એમ નોંધે છે. હિન્દીમાં 'રહસ્યવાદ' શબ્દનો પ્રયોગ ઈ. સ. ૧૯૨૭માં આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીએ કર્યાનું નોંધીને એ મૂળે અંગ્રેજી mysticismના પર્યાયરૂપે વપરાયો હશે એવી સંભાવના કરે છે. mystic શબ્દની વ્યુત્પત્તિ મૂળ ગ્રીક mystes કે mustes દર્શાવાય છે. એના અર્થ વિષે વિચારતાં સંશોધક ગુપ્તવિદ્યા અને તદન્વયે તંત્ર–મંત્ર–ત્રાટક સુધી પહોંચી જાદુવિદ્યાનો નિર્દેશ કરે છે. Magic રૂપે ઓળખાતી આ વિદ્યાનાં મૂળ છેક ઈરાનના મગી સાથે શોધી એ વિદ્યાના કેન્દ્ર મિસર અને દેવતા થોટ (Thot)નો ગ્રીક લોકોએ સ્વીકાર કર્યો છે એ પણ દર્શાવ્યું છે. 'જાદુ' શબ્દની વ્યુત્પત્તિ પણ નોંધી છે. જાદુ અને રહસ્યવાદની ભિન્નતા જી. બી. વૅટરના વિધાનથી આમ દર્શાવી છે: 'જાદુનો સાધક તેના અસ્તિત્વમાં પૂરી આસ્થા રાખે છે અને તેની આત્મશક્તિની સહાય લેવા ઇચ્છે છે, જ્યારે રહસ્યવાદી તેના પરોક્ષ રહેવા છતાં પણ તેનો અપરોક્ષ અનુભવ કરવા ઇચ્છે છે. આમ, તે તેની સાથે મળીને પરમાનંદમાં લીન રહેવાનું પસંદ કરે છે' ખ્રિસ્તીધર્મમાંના રહસ્યવાદનો નિર્દેશ કરીને mysticism શબ્દ તો ખરેખર આધુનિક જગતનો છે' એવો મત આપે છે. 'રહસ્યવાદ' શબ્દના અર્થની આટલી ચર્ચાથી એની વિભાવનાને સમજવામાં સરળતા રહે છે.

રહસ્યવાદને ચેતનાના રૂપમાં, સંવેદન તરીકે, અનુભૂતિના સ્વરૂપે અને મનોવૃત્તિના રૂપે જોનાર, સ્વીકારનાર, જાણનાર અને સમજનાર સહુની વ્યાખ્યા સંશોધકે અહીં આપી છે. એમાં આર. એલ. નોટલશિપ, ડબ્લ્યુ. ટી. સ્ટેસ, ફેડરર, જયશંકરપ્રસાદ, વિશ્વનાથ ગૌડ, બટ્રૅન્ડ રસેલ, વિલિયમ જેમ્સ, વોર્ન હર્ટમેન, ઈ. કેર્ઈડ, રબડે, એફ. સી. સ્પર્જન, પ્રસાદિની રહસ્વાદ વિષેની વ્યાખ્યાઓ આપીને સંશોધક એને માત્ર મનોવૈજ્ઞાનિક–દાર્શનિક પરિભાષારૂપે ઓળખાવે છે. અને એ પછી 'વિશુદ્ધ ચેતનાનું રૂપ આપનારી વ્યાખ્યાઓ માનસિક વૃત્તિઓનાં મૂળસ્રોત સુધી અથવા અંતિમ સૂક્ષ્મ જ્ઞાનપરક સ્થિતિ સુધી લઈ જઈને કોરું તત્ત્વજ્ઞાન જ આપે છે. 'સંવેદન'ને મહત્ત્વ આપતી પરિભાષામાં પણ એવો જ દોષ છે. 'અનુભૂતિ'ની વ્યાખ્યાઓ વ્યાવહારિકતાનો વિચાર કરે છે તો પણ તે વ્યક્તિગત સીમા સુધી લઈ જાય છે અને તેમાં ય આંતરિક સંવેદનની જ પ્રધાનતા રહે છે. આમાંથી ચોથા પ્રકારની વ્યાખ્યાઓમાં વ્યાવહારિક રૂપ મળે છે. તેને મનોવૃત્તિ કે સ્વભાવ ગણાવ્યાં છે. અને તે એકમાત્ર આંતરિક પ્રક્રિયા માત્ર રહેતી નથી. છતાં આ મનોવૃત્તિ પણ માર્ગદર્શકથી વધુ મહત્ત્વની નથી. આ દિશામાં રહસ્યવાદના કોઈ ક્રિયાત્મક પાસા તરફ ઉચિત ધ્યાન આપી શકતા નથી, તેથી એકાંગી વ્યાખ્યા બની જાય છે' (પૃ. ૧૯/૨૦) એવું મંતવ્ય દર્શાવીને કુમારી અંડરહિલ અને પ્રિંગલ પ્રિસ્ટનની વ્યાખ્યાઓ આપે છે. એ પછી રહસ્યવાદને સાધનનું રૂપ આપતી ડબ્લ્યુ. ઈ. હોકિંગ, મહેન્દ્રનાથ સરકાર, વાસુદેવ કીર્તિકર, ડૉ. રાધાકૃષ્ણન્, ચાર્લ્સ બૅનેટ, ડૉ. દાસગુપ્તાની વ્યાખ્યાઓ આપી છેવટે રહસ્યવાદનાં બધાં પાસાંઓનો સમાવેશ કરતી પરશુરામ ચતુર્વેદીની વ્યાખ્યા આપી છે. આટલી વ્યાખ્યાઓને અંતે સંશોધકે પોતાના સંશોધનને અનુલક્ષીને કવિતામાં આવતા રહસ્યવાદ વિશેની મૌલિક વ્યાખ્યા આપી છે. તે આમ છે;

'રહસ્યવાદ એ વ્યક્તિની પોતાની વિશુદ્ધિ અનુસાર 'પરમતત્ત્વ'ને ચેતનામાં ઝીલવાની પ્રક્રિયા છે, જેના દ્વારા માનવીય ચેતના સૌંદર્ય, આનંદ, પ્રેમ અને ઐક્યની અનુભૂતિને પામે છે. આવી વિશુદ્ધ ચેતના જીવનમાં પરિવર્તન લાવે છે. આ ચેતના જ્યારે પૂર્ણ વિશુદ્ધ બને છે ત્યારે તે જ 'પરમતત્ત્વ' બની જાય છે' (પૃ. ૨૪) સંશોધકે રહસ્યવાદના પ્રકારો વિવિધ દૃષ્ટિકોણથી આપેલા છે. આ પ્રકારોમાં સંશોધકની મૌલિકદૃષ્ટિનો પરિચય મળે છે.

દ્વિતીય પ્રકરણમાં વિવિધધર્મ, પંથ, સંપ્રદાય, મતમાં રહસ્યવાદ કેવી રીતે ગૂંથાયેલો છે તેની ચર્ચા છે. હિન્દુઓના પ્રાચીનતમ ગ્રંથોમાં ચતુર્વેદનું સ્થાન છે. એની અભિવ્યક્તિમાં રહસ્યવાદ ભર્યો છે. એમાંય ખાસ કરીને 'ઋગ્વેદ'ની ભાષા અને એની અભિવ્યક્તિ રહસ્યમય છે. એને પામવા માટે ઊંડું અધ્યયન જોઈએ–વિશિષ્ટ દૃષ્ટિ જોઈએ. સંશોધકનું કથન છે: 'વેદમાં છુપાયેલું જ્ઞાન પ્રતીકો દ્વારા રજૂ થયું છે. આ પ્રતીકોનો ગૂઢાર્થ ઉકેલી શકીએ તો વેદનાં રહસ્ય પામવાના દ્વાર ખૂલે' (પૃ. ૪૦). 'ઋગ્વેદ'ના 'નારદીય સૂકત'માં રહસ્યવાદનું વર્ણન હોઈ સંશોધકે સમગ્ર સૂક્તનું ભાષાન્તર ઉતાર્યું છે. 'ઋત' અને 'અદિતિ' જેવા શબ્દોનું રહસ્ય સંશોધકે વ્યકત કર્યું છે. 'વેદના રહસ્યવાદમાં પરમતત્ત્વ વિશેની વિચારણા અને અનુભૂતિ મળે છે. તે ઉપનિષદોમાં વધુ સ્પષ્ટ બનીને ઊપસી આવે છે' (પૃ. ૪૫) એમ જણાવીને 'ઉપનિષદોની વાણી એટલે રહસ્યની વાણી' એવો મત વ્યક્ત કરે છે. શૈવધર્મમાંના રહસ્યવાદને 'સાધનાત્મક રહસ્યવાદ' તરીકે ઓળખાવે છે. શાકતસંપ્રદાયનો રહસ્યવાદ પણ સાધનાત્મક છે. શાકતસંપ્રદાયની વિદ્યાને વ્યક્ત કરતું યંત્ર પૃ. ૫૬ પર આપવામાં આવ્યું છે તે સંશોધકનું મૌલિક દૃષ્ટિબિંદુ છે. જૈનધર્મમાં શક્તિની તાંત્રિક ભક્તિ અને ઉપાસના છે. એ જ રીતે બૌદ્ધધર્મમાં પણ તાંત્રિક ક્રિયાઓ હોઈ ઉભય ધર્મમાં રહસ્યવાદ હોવાનું સ્પષ્ટ છે. ઝેનસંપ્રદાય અને નાથસંપ્રદાયમાંના રહસ્યવાદનું દર્શન પણ સંશોધકે કરાવ્યું છે. અતિ સરળ ભાષામાં લાઘવતાથી રહસ્યવાદ નિરૂપણ સંશોધકનું વિષય આત્મસાત કર્યાનું પ્રમાણ છે.

'ભારતીય સંસ્કૃતિમાં અદ્વૈતવિચારણા અને તેના પર આધારિત રહસ્યભાવનાની સરિતા સતત વહેતી રહી છે' (પૃ. ૭૬) એમ દર્શાવીને સૂફી કવિઓના રહસ્યવાદને વ્યક્ત કર્યો છે. કબીરના 'નિર્ગુણપંથ'માં રહસ્યવાદનો વિકાસ થતો જોવા મળે છે. 'કબીરની રચનાઓમાં વિરહભર્યો ભાવ ગૂઢ અને સૂક્ષ્મ સ્તરોની અનુભૂતિઓ પ્રકટ કરી શકે છે. અગમ તત્ત્વ સાથે વિવિધ સંબંધોની રહસ્યમય અનુભૂતિઓ તેમાં પ્રકટે છે. એમાં યે અદ્વૈતની અનુભૂતિ રહસ્યવાદનો મૂળ સ્રોત છે' (પૃ. ૮૪–૮૫), કબીરમાં રહેલી રહસ્યવાદની ધારા સહજ અને રમણીય છે. રાધાસ્વામીમતમાંનો રહસ્યવાદ સંશોધકે સરળતાથી વ્યક્ત કર્યો છે. બાઉલપંથના રહસ્યવાદને સમજાવીને 'આધુનિક ગુજરાતી કવિઓમાં બાઉલપંથની અસરો અને રહસ્યવાદી અભિવ્યક્તિ મકરન્દ દવે જેવા કોઈક કવિમાં જોવા મળે છે' (પૃ. ૯૬) એમ નોંધે છે.

ચીનના તાઓ ધર્મ, પ્રાચીન હર્માય સમાજ, જરથુષ્ટ્રધર્મ, યહૂદીધર્મ અને ખ્રિસ્તીધર્મમાં રહસ્યવાદ રહેલો છે એ દર્શાવ્યું છે. તાઓધર્મમાં રહસ્યવાદ પૂરેપૂરો સમાયેલો છે. રાયજાદા નોંધે છે કે: 'તાઓધર્મનાં વચનોમાં વિરોધાભાસી કથનો અને શબ્દાર્થની સાથે ગૂઢાર્થ રહસ્યને સ્ફૂટ કરે છે' (પૃ. ૯૭). એમના મતે તાઓધર્મ આખો 'રહસ્યમય

અનુભૂતિની ખીણુ ' સમો છે. પિરામિડ મિસરવાસીઓના રહસ્યવાદનું પ્રતીક છે. જરથુષ્ટ્ર ધર્મમાંનો રહસ્યવાદ 'આત્મરહસ્યવાદ' છે. રહસ્યવાદ વિષે આટલું દર્શાવીને 'રહસ્યવાદ જગતનો મહાન અધ્યાત્મપંથ બની રહે છે' એવો આગવો મત આપીને રાયજાદાએ જે અંતિમ કથન કર્યું છે તે એમની સંશોધક પ્રતિભાને નિર્દેશે છે. 'પરંતુ મૂળભૂત રહસ્ય તો અનુભવપરક હોવાથી શબ્દબદ્ધ કદી પણુ ન થઈ શકે. ચેતનાની અંતિમ સ્થિતિ 'પરમતત્ત્વની' ગૂઢતા, વ્યાપકતા, ચૈતન્યતા અને સચ્ચિદાનંદ જેવી રહસ્યપૂર્ણ સ્થિતિનો આથી કંઈક ખ્યાલ આવી શકે' (પૃ. ૧૦) એવું જે અંતિમ કથન રાયજાદા આપે છે તેમાં એમની તદ્‌વિષયક અભ્યસનીય દૃષ્ટિ–પ્રતિભાનું દર્શન થાય છે.

'રહસ્યવાદ' જેવા અઘરા બે જટિલ વિષયનું સરળ નિરૂપણ અને અભિવ્યક્તિ આ પુસ્તકનું જમા પાસું છે. અન્યથા ભાષા જ 'રહસ્ય'ને પામવામાં અંતરાયરૂપ બને! અહીં વ્યક્ત થયેલી વિભાવના સર્વથા સંપૂર્ણ અને બિનવિવાદાસ્પદ છે એમ નથી પરન્તુ સાવ નહોતું એમાં પામી શકાય તેટલું મળે તેને સાનંદ સ્વીકારીને અભિનંદવું ઘટે.

પ્રફુલ્લ રાવલ

* * *

युगनिर्माता प्रेमचंद और कुछ अन्य निबंध : લેખક : ડૉ. પારુકાન્ત દેસાઈ; રોમા પ્રકાશન–મેવાસબ્લૉક, યુનિ. ઑફિસ કેમ્પસ, વડોદરા; ૧૯૮૦; પૃ. ૮૨; કિં. રૂ. ૧૫=૦૦

પુસ્તકના શીર્ષકથી સ્પષ્ટ જણાય છે તે મુજબ પ્રારંભમાં યુગનિર્માતા પ્રેમચંદ વિષે અને પછી કેટલાક અન્ય નિબંધો છે. આ માટે પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ શબ્દો, સરળતા ખાતર, યોજીશું. પૂર્વાર્ધનાં છત્રીસ પાનાં સુધી પ્રેમચંદજીના જીવન, સમય, કૃતિત્વ વગેરેનું અને ઉત્તરાર્ધનાં છત્રીસથી બાસીમા પાન સુધી નવલકથા, પ્રેમચંદજીની કેટલીક વિશિષ્ટ રચનાઓ અને અન્ય લેખકોની નવલકથાઓનું જુદાં જુદાં શીર્ષકો અને ઉપશીર્ષકોથી ડૉ. દેસાઈએ વિવેચન કર્યું છે.

પૂર્વાર્ધમાંના **शैशवकालीनप्रभाव** ઉપશીર્ષકમાં બાળક ધનપતરાય ઉર્ફે પ્રેમચંદના મન–અંતરમાં ઊંડી અસર કરનારી માર્મિક ઘટનાઓ–આઠવર્ષની ઉમરમાં માનું મૃત્યુ, પિતાએ કરેલું બીજું લગ્ન, વિમાતાનો વ્યવહાર, બાળપણથી લંગોટિયા મિત્રો સાથે રમતગમતનો અને વાંચનનો ઘણો શોખ, નાની ઉમરમાં મોટી ઉમરની અને અણગમતી સ્ત્રી સાથે લગ્ન, બાળ વિધવા શિવરાની સાથે પુનર્લગ્ન, વધુ અભ્યાસ કરવાની લાલસા, નોકરી અને કમાણી માટેનો રઝળપાટ વગેરેનો સમુચિત નિર્દેશ કરીને ડૉ. દેસાઈએ સફળતાથી એ બતાવ્યું છે કે પ્રેમચંદજીની કેટલીક વાર્તાઓ અને નવલકથાઓમાં ડોકાતાં વિશિષ્ટ પાત્રો અને ઘટનાઓનાં મૂળ–બીજ તેમના શૈશવમાં કયાં અને કેવી રીતે રહેલાં છે.

ડૉ. દેસાઈનો એ દૃઢ વિશ્વાસ છે કે સંસારનું મહત્તમ સાહિત્ય એના સર્જકોએ સહન કરેલા સંઘર્ષોનું પરિણામ છે. પ્રેમચંદજીનું સાહિત્ય પણ મહાન છે. કારણ કે એમનું જીવન

પણ સંઘર્ષની એક અવિરત યાત્રા છે. વૈયક્તિક–પારિવારિક, સાહિત્યિક વગેરે દરેક સ્તરે આર્થિક ભીંસ, સામાજિક રૂઢિઓ અને જનતાની સાહિત્યિક રુચિ-અરુચિના વ્યાપક સંઘર્ષનો સામનો કરતાં કરતાં જ પ્રેમચંદજી આગળ વધતા રહ્યા છે. આ સંઘર્ષોએ જ એમના કૃતિત્વને સતત પરિષ્કૃત, સુસ્પષ્ટ અને ઊંડા પ્રભાવવાળું બનાવ્યું છે.

प्रेमचंद का औपन्यासिक कृतित्वમાં, પ્રેમચંદજીની પ્રારંભિક નવલકથા **वरदान**ના વિષયવસ્તુ અંગે ઊહાપોહ કરતાં ડૉ. દેસાઈએ ભારપૂર્વક એ બતાવ્યું છે કે સમાજના એક વિશાળ વર્ગની જંગી આર્થિક મજબૂરીઓ અને તેના પરિણામે વિકસેલી–વકરેલી દહેજ કે પૈઠણ પ્રથા, બાળ લગ્નો, કજોડાં, વેશ્યા અને વિધવા સમસ્યા જેવી સમાજની રોગિષ્ઠ પરંપરાઓ પ્રેમચંદજીને લેખનકર્મની શરૂઆતથી જ કેટલી ઘેરી રીતે વ્યથિત કરી રહી હતી. **वरदान** ઉપન્યાસનું મૂળવસ્તુ અને ચરિત્ર સૃષ્ટિના શિલ્પમાં રહેલી લેખકની મૌલિકતાનો ડૉ. દેસાઈએ યોગ્ય જ નિર્દેશ કર્યો છે. આ સંદર્ભમાં ડૉ. હંસરાજ રહબર જેવા હિંદીના સમર્થ આલોચકના **वरदान**ના શિથિલ શિલ્પવિધાન અંગેના મંતવ્યોની શેહમાં તણાયા વગર ડૉ. દેસાઈએ પોતાનો મત મક્કમતાથી રજૂ કર્યો છે.

प्रेमाश्रम से कर्मभूमिના વિવેચનમાં કેટલીક જગ્યાએ ચર્ચા માટે ઊઠાવેલા મુદ્દાને એકબે વાકયોમાં રજૂ કરીને તેની સાથે જ નવા મુદ્દાને વિકસાવ્યો છે. પરિણામે પહેલો મુદ્દો અધૂરો રહી જાય છે અને નવો મુદ્દો પણ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત નથી કરી શકતો. દા. ત. પાન ઓગણીસ ઉપર સ્વતંત્ર પરિચ્છેદના પ્રારંભમાં **रंगभूमि**માં ઔદ્યોગિકરણની સમસ્યાની ચર્ચાનો ઉપક્રમ કરતાં ડૉ. દેસાઈ કહે છે:

'**प्रेमचंद जी नहीं चाहते थे कि देशका किसान मजदूर हो जाय ।** अतः सूरदास **सिगरेट के कारखाने का जी जान से विरोध करता है ।**'

આટલું કહ્યા પછી આના અનુસંધાનમાં સૂરદાસનું વક્તવ્ય જો ટાંક્યું હોત તો ડૉ. દેસાઈ પોતાના મંતવ્યને આંતરિક પ્રમાણથી વધુ અસરકારક બનાવી શકયા હોત. પરંતુ તેની જગ્યાએ આ જ પંક્તિમાં: '**वह (सूरदास) खिलाडी है ।**' નું વાકય મૂકીને એક નવો જ મુદ્દો જોડી દીધો છે. અને આના સમર્થનમાં સૂરદાસના વકતવ્યને રજૂ કર્યું છે. આ નવો મુદ્દો પુસ્તકના છેલ્લા પાનાના છેલ્લા પરિચ્છેદમાં સમુચિત સંદર્ભે ઊઠાવવામાં આવ્યો જ છે અને એ રીતે પુસ્તકના સમાપનમાં લેખકે પોતાની સમાહાર શકિતનો અચ્છો પરિચય કરાવ્યો છે. પરંતુ અત્રે તો એ અપ્રાસંગિક જ છે.

આધુનિક હિંદી સાહિત્યના ભારતેન્દુ હરિશ્ચંદ્ર અને આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીએ શરૂ કરેલાં સામયિકોને આર્થિક ભીંસમાં પણ ચાલુ રાખવામાં તેઓને જે મોટા સંઘર્ષનો સામનો કરવો પડેલો તેનો ઉલ્લેખ કરતાં ડૉ. દેસાઈ જણાવે છે: **इन दोनों** ने हिन्दी साहित्य के उत्कर्ष के लिए शारीरिक, मानसिक एवं आर्थिक कष्टोंको सहर्ष अंगिकृत किया था । महान से महान त्याग करने में उन्होंने पीछे मुड़कर नहीं देखा । **कई नवोदित साहित्यकारोंको**

स्थापित करनेमें उनका योगदान रहा है। घाटा खाकर या अनेक आर्थिक संकटों का सामना करके भी वे पत्र पत्रिकाओं को चलाते रहे। हरिश्चंद्र मैगज़िन और सरस्वती आदि।" આ લખાણમાં મૂળ પ્રતિપાદ્યના તંતુ દ્વારા વિવેચનાનો જે પટ વણાઈ રહ્યો છે તેમાં પહેલા રેખાંકિત વાક્યના અ–પ્રાસંગિક ટુકડાના રહી જવામાં ડૉ. દેસાઈની સમ્યક્ આકલન શક્તિની કચાશ વરતાય છે.

गबन ના પરિચયમાં બે જ વાક્યો લખ્યાં છે. લાગે છે કે गोदान એમને ઉતાવળે બોલાવી રહ્યું છે. गोदान માં નિરૂપિત ગ્રામીણ પરિવેશ અને પાત્રસૃષ્ટિની સાથે નાગરિક પરિવેશ અને પાત્રસૃષ્ટિના સંગુંફનને આચાર્ય નન્દદુલારે બાજપેયીજીએ बेमेल, अनुपयुक्त और अनावश्यक જણાવ્યું છે. જ્યારે ડૉ. દેસાઈએ આ અંગે સ્વમતનું નિરૂપણ કરતાં યોગ્ય જ જણાવ્યું છે: "प्रेमचंदजी एक युगदृष्टाकलाकार थे और उन्होंने भलीभांति देख लिया था कि किसानका शोषण केवल जमींदारों द्वारा ही नहीं होता प्रत्युत् एक पूरी मशनरी है जो पूंजीवादी व्यवस्थाकी देन है। रायसाहेब, खन्ना और तन्खा इसी मशनरी के विभिन्न पूर्जे हैं। शोषण ऊपर से नीचे की ओर होता है। किसान और मजदूर सबसे नीचे हैं जो बेचारे दबे जाते है।" પ્રેમચંદજીની પ્રાસંગિકતા વિષે શંકાઓ ઊઠાવનારાઓએ રેખાંકિત વાક્યો ઉપર મનન કરવું જોઈએ. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ખેડૂતો, ખેતમજૂરો અને ગ્રામીણોની દયનીય દશાનું ચિત્ર આજેય પણ કેટલું પ્રાસંગિક અને બોલકું જ છે તેનો ખ્યાલ આવશે. અન્યત્ર પણ આચાર્ય નન્દદુલારે બાજપેયીના મંતવ્ય—"गोदान का नायक होरी...अंतत: आदर्शवादी है।"થી જુદા પડીને પૂરતી દલીલો આપીને પ્રેમચંદજીને એક સાચા યથાર્થવાદી કલાકાર તરીકે મૂલવવાનો સ્તુત્ય પ્રયાસ ડૉ. દેસાઈએ કર્યો છે.

प्रेमचंद की विशेषताएँ ઉપશીર્ષકથી પ્રેમચંદજીની કેટલીક સાહિત્યિક વિશેષતાઓના મુદ્દા ઊઠાવીને એ અંગે એક એક બબ્બે નાના નાના પરિચ્છેદોમાં પોતાના વિચારો વ્યક્ત કરીને ડૉ. દેસાઈ આગળ વધ્યા છે. પ્રેમચંદ ઉપર મનોવૈજ્ઞાનિક વિશ્લેષણના અભાવનો જે આક્ષેપ કરવામાં આવે છે તેનો પ્રત્યુત્તર આપતાં ડૉ. દેસાઈએ પોતાનું મંતવ્ય સુંદર દૃષ્ટાંત દ્વારા સટીક રીતે રજૂ કર્યું છે. ડૉ. દેસાઈ જણાવે છે:

प्रेमचंद का मनोविज्ञान से सम्बन्धित ज्ञान एक विशेषज्ञका नहीं बल्कि एक माँ का है जो बिना शास्त्रों के पढ़े बच्चे के मन को ताड़ लेती है।"

त्रृटियाँ પેટાવિભાગમાં, સફલ નવલકથાકાર તરીકે નીવડેલા હોવા છતાં પણ પ્રેમચંદજીના કથા સાહિત્યમાં જણાઈ આવતી (१) उपदेशकवृत्ति (२) आरोपित आदर्शवाद (३) आकस्मिक घटनाएँ (४) वैज्ञानिक तटस्थता का अभाव" વગેરે જેવી કેટલીક ઉણપો પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે તે સમુચિત છે.

अन्य उपन्यासकार ઉપશીર્ષકથી પ્રેમચંદજીના સમકાલીન કેટલાક હિન્દી નવલકથાકારો ઉપર પ્રેમચંદજીની વિચારધારા અને શિલ્પવિન્યાસના પ્રભાવની અછડતી વાત કરી છે. પ્રેમચંદ-

યુગની નવલકથાઓમાં પ્રવેશતી વ્યક્તિવાદી ચેતનાની પણ ટૂંકી છતાં સૂચક નોંધ ડૉ. દેસાઈએ લીધી છે. વ્યક્તિવાદી ચેતનાના વાહકો તરીકે ઈલાચંદ્ર જોષી, ભગવતીચરણ વર્મા, જૈનેન્દ્રકુમાર વગેરેના નૂતન અભિગમ પ્રત્યે યોગ્ય સંકેત કરવામાં આવ્યો છે.

निष्कर्ष પેટા વિભાગમાં "આ બધાના અધ્યયનના સમગ્રાવલોકન" (!) ઉપરથી તારવેલા નિષ્કર્ષોમાં યુગનિર્માતા અને સમર્થ નવલકથાકાર તરીકે પ્રેમચંદજીની સર્વોપરિતાની જે છાપ ડૉ. દેસાઈ ઉપસાવવા મથી રહ્યા છે તેમાં તેમને જોઈએ તેટલી યારી મળી નથી. એમ લાગે છે કે પ્રેમચંદજીની કૃતિઓ અને એ અંગેના કેટલાક વિવેચન ગ્રંથો અને વિશેષાંકોનું જેટલું અને જેવું પણ વાંચન ડૉ. દેસાઈએ કર્યું છે તેને પરિણામે મનમાં જાગેલા ઊહાપોહના વલણને પ્રેમચંદજીની જન્મશતાબ્દીના ટાણે વ્યક્ત કરી દેવાની પડાપડીમાં તેઓ પણ પડ્યા છે. પરિણામે સ્વસ્થ, ગંભીર, વ્યાપક અને સ્પષ્ટ નિષ્કર્ષો તારવવા માટે અપેક્ષિત વિવેકનો કાંઈક અભાવ વરતાય છે.

પાન સાડત્રીસથી શરૂ થનારા ઉત્તરાર્ધના પ્રારંભમાં શ્રી રામપરશ મિશ્રજીના जल टूटता हुआ, જગદીશચંદ્રના धरती धन न अपना અને સ્ત્રી લેખિકા મન્નુ ભંડારીના आपका बंटी નામનાં ઉપન્યાસોની સંક્ષિપ્ત આલોચના કરી છે. પાન તેંતાલીસ ઉપર धरती धन न अपना 'ની સમીક્ષામાં નવા પરિચ્છેદના પ્રારંભમાં જે વાક્ય રચના છે તેને પદક્રમની દૃષ્ટિએ વ્યવસ્થિત કરવા જેવી છે. ડૉ. દેસાઈએ લખ્યું છે. "इस उपन्यास में लेखकने बखूबी हरिजनों पर होनेवाले अत्याचार, अपमान और उनकी आर्थिक विपन्नता की संताप–त्रयीको गहराई से उभारा है।" તેમાં રેખાંકિત बखूबी શબ્દને "संताप–त्रयीको बखूबी व गहराई से उभारा है"માં વાપર્યો હોત તો વાક્યવિન્યાસ ચુસ્ત બનત અને લેખકની એક વિશેષતાનો પણ સંકેત કરી શકાયો હોત !

आपका बंटीના વિવેચનની સમાપ્તિ કરતાં છેલ્લેથી બીજા પરિચ્છેદના અંત ભાગમાં ડૉ. દેસાઈએ નોબેલ પારિતોષિક વિજેતા કથાકાર આઈઝાક સિંગરનું કથારચના પ્રક્રિયા અંગેનું એક વક્તવ્ય મુક્યું છે:

"कथा लिखनेके लिए केवल तीन चीजों की आवश्यकता रहती है–एक तो कथावस्तु। बिना कथावस्तु के कथा नहीं लिखी जा सकती! जीवन के किसी खण्ड विशेष को लेकर कला–कारीगरी करने से काम नहीं चलेगा। दूसरी महत्त्वपूर्ण चीज यह है कि कथा लिखनेकी मेरी नीयत होनी चाहिए; तीसरी बात यह है कि मुझे यह प्रतीति होनी चाहिए कि यह कथा केवल मैं ही लिख सकता हूँ, दूसरा कोई नहीं।" આ ટાંચણ પછી લેખકે પોતાના તરફથી જે લખી દીધું છે કે "प्रस्तुत उपन्यास के लेखनमें इन तीनों का संगम हुआ है।" એ અધુરું લાગે છે. આ ત્રણેય વસ્તુઓનો સંગમ આ નવલકથામાં કેવી રીતે સધાયો છે તે વિગતે બતાવ્યું હોત તો ટાંકેલું વાક્ય દીપી ઊઠત અને નવલકથાની વિવેચનાને એક નવું વિવેચન પરિમાણ પણ મળત. છેલ્લા પરિચ્છેદમાં જયશંકર પ્રસાદજીના મહાકાવ્ય कामायनीની इड़ा અને श्रद्धाનો સંદર્ભ આપીને ડૉ. દેસાઈએ જે જણાવ્યું છે કે નાયિકા शकुन જેવી નારીઓમાં

અતિ બૌદ્ધિકતા અને અતિ ભાવુકતામાંના 'અત'ને ઓગાળી દઈ બૌદ્ધિકતા અને હાર્દિકતાના મંજુલ સમન્વય હોવાની તાતી જરૂરીયાત છે, તે ઘણું જ સૂચક અને અભિનંદનીય છે.

પાન સાઠ ઉપર એકાંગી અને પૂર્વગ્રહયુક્ત યથાર્થવાદની સખ્ત ટીકા ડૉ. દેસાઈએ કરી છે. યથાર્થવાદ અંગેની અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત ઉપર ભાર મૂકતાં ડૉ. દેસાઈએ યોગ્ય જ જણાવ્યું છે કે:

"सच्चा यथार्थवाद तो वह है कि जिस में जीवन को समग्रता से ग्रहण किया जाय—उसकी सारी अच्छाइयों बुराइयों के साथ। कम से कम साहित्य में तो खण्डित दृष्टि असंदिग्ध रूप से अस्वस्थ मानी जानी चाहिए।"

આ વિવેચન પુસ્તકની ભૂમિકાથી માંડીને પાન સીત્યોતેર સુધીમાં કેટલાક દોહા, સ્વરચિત અને અન્ય કવિઓની કાવ્ય પંક્તિઓનાં જે ઉદાહરણો ટાંક્યાં છે તેનાથી ડૉ. દેસાઈની ગદ્ય શૈલીમાં કસાવટ કે ચુસ્તતાનો અનુભવ થતો નથી. બહુ બહુ તો તેમના પોતાના વિચારની સમરૂપતા કે પુષ્ટિનો સંકેત લઈ શકાય!

ડૉ. દેસાઈનું આ પ્રથમ પુસ્તક છે અને આનાથી તેઓ સાહિત્ય વિવેચનાના ક્ષેત્રમાં અનગનતો પ્રવેશ કરી રહ્યા છે. તેમણે હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના વિવેચકોના ગ્રંથોમાંથી જરૂરી મંતવ્યો ટાંકીને પ્રેમચંદના મનોગતને રજૂ કરવા પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. સરળ ભાષા, પ્રવાહી શૈલી અને કેટલાક મહત્ત્વપૂર્ણ જુદા જુદા મુદ્દાઓનું સુંદર નિરૂપણ હોવાથી युगनिर्माता प्रेमचंद और कुछ अन्य निबन्ध એકંદરે વિવેચનનો એક સારો નમૂનો બની રહે છે.

રમણલાલ પાઠક

* * *

હરમાન હેસ : લે. સુરેશ દલાલ, પ્ર. ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મુંબઈ–૪૦૦, ૦૦૧, પ્રથમ આવૃતિ, ૧૯૮૨, પૃ. ૩૪ + ૨, કિં. એક રૂપિયો.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી સુરેશ દલાલે ઈ. સ. ૧૮૭૭માં જર્મનીના કાલ્વ નામના ગામમાં જન્મેલા અને સ્વિટ્ઝરલેન્ડના મોન્ટાગ્નોલા ગામમાં જીવનનો મોટા ભાગનો સમય વ્યતીત કરનાર હરમાન હેસનું જીવનચરિત્ર ખૂબ સુંદર, સરળ અને લોકભોગ્ય શૈલીમાં રજૂ કર્યું છે.

લેખકે કવિના જીવનને બાળપણ, કવન અને મરણ એમ ત્રણ વિભાગોમાં વહેંચ્યું છે. તેમનો ઉછેર ત્રીસ ભાષાઓ જાણનાર, મીશનની પ્રવૃત્તિ ચલાવનાર, મલાયલમ્ ભાષામાં બાઈબલનું ભાષાન્તર કરનાર પિતામહ, વિદ્વાન, સહનશીલ અને શોધક પિતા અને સંગીતજ્ઞ માતાની સ્નેહ અને પ્રેમાળ છત્રછાયામાં થયો હતો. બાળપણમાં જ જાદુગર થવાની, દુનિયાને પરિવર્તન કરવાની, અને એક વિદ્રોહીની ધગશ હતી. શિક્ષણની આધુનિક પ્રથાને તેઓ ધિક્કારે છે. સાચું શિક્ષણ તેઓ કુદરતના ખોળે વિચરીને, પુસ્તકોનું ચિંતન કરીને અને નટરાજની મૂર્તિને માને છે. "વાસ્તવિકતા એ અકસ્માત છે, જીવનની નકારાત્મક અવસ્થા છે અને નર્યો સૂનકાર છે એને ન

સ્વીકારો તો જ તમે એનાથી મહાન થઈ શકો " (પૃ. ૮) એમ માને છે. સંવેદનશક્તિ અને વિદ્રોહીશક્તિનો સુમેળ તેમના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે. સત્તાનો પ્રતિકાર અને વ્યક્તિની મહત્તાનો સ્વીકાર એ એમનો જીવનમંત્ર છે. (પૃ. ૧૧).

એમણે દસેક નવલકથાઓ, અનેક ટૂંકી વાર્તાઓ, કાવ્યોના સાત સંગ્રહો, અનેક વિવેચનો, નિબંધો, સંપાદનો અને ૩૮,૦૦૦ પત્રો જગતના ચરણે ધર્યા છે.

એમને " ધ ગ્લાસ બીડ ગેઈમ " નામની નવલકથા માટે ૧૯૪૬માં 'નોબલ પ્રાઈઝ' મળ્યું હતું. ઉપરાંત સિદ્ધાર્થ, Wandering, નાર્સિસસ અને ગોલ્ડમંડ જેવી નવલકથાઓ ક્નુલ્પ જેવી લઘુકથાની રચના કરી છે. Wandering, તો સચિત્ર કાવ્યમય અને તત્ત્વજ્ઞાનમય નોંધપોથી છે. જેને જર્મનભાષાની ભગવદ્ગીતા છે એમ કહેવા મન લલચાય તેવી છે. આવું વિશિષ્ટપ્રકારનું જીવનના પ્રત્યેક ક્ષેત્રનું કૃતિઓમાં ઉત્તમપ્રદાન કરનાર, મહાન તત્ત્વચિંતક, ક્રાંતિકારી હરમાન હેસ હતા.

જગતને માટે સ્પષ્ટ અભિપ્રાય આપતાં તેઓ કહે છે કે " આખી સંસ્કૃતિને ડિપ્રેશનનો, મેલનકોલિયાનો, ન્યૂરોસિસ અને સાઈકોસિસનો રોગ લાગ્યો છે. સંસ્કૃતિ પોતે જ સિઝોફ્રેનિક છે. યંત્રવાદ અને રાષ્ટ્રીયવાદને કારણે માનવીય સંબંધોમાં યાંત્રિકતા અને યુદ્ધો પ્રવેશ્યા છે. બધી વ્યકિતઓ અને વસ્તુઓને કાટ ચડયો છે, તે કાઢવો જોઈએ " (પૃ. ૧૬, ૧૭). તે માને છે કે " અનુભવ વિનાનું જ્ઞાન વાંઝિયું છે અને જ્ઞાન વિનાનો અનુભવ પોકળ અને નિરાધાર છે પામરમાંથી પરમ થવું હોય તો જ્ઞાન અને અનુભવ બન્નેનું રસાયણ હોવું જોઈએ " (પૃ. ૩૦).

આમ હરમાન હેસ જન્મે જર્મન, કર્મે ભારતીય છતાં યુરોપિયન, રોમેન્ટિક, કુશળ લેખક અને કવિ હતા. એક ઋષિની અદાવાળા છતાં વિદ્રોહીની મશાલવાળા, ઈશ્વરમાં શ્રદ્ધાવાળા હતા. પૂર્વ-પશ્ચિમનો અદ્ભૂત સમન્વય તેમનામાં જોવા મળે છે. તેમની બધી જ કૃતિઓમાં Two voice malody સંભળાય છે. ઈ. સ. ૧૯૬૨માં આ મહાનાત્માએ જગતમાંથી ચીર વિદાય લીધી.

પુસ્તિકના અંતમાં લેખકે હરમાન હેસની મુખ્ય કૃતિઓની સૂચિ આપી વાંચક અને ચાહકવર્ગને સારૂ ભાથું પૂરૂં પાડી પુસ્તિકાનું ગૌરવ વધાર્યું છે.

ચીમનલાલ લિટરરી ટ્રસ્ટે ખરેખર, આવી નાની પુસ્તિકાઓ દ્વારા વિશ્વના મહાન તત્ત્વ-ચિંતકો, સાહિત્યકારો, કવિઓના જીવનચરિત્રોને સિદ્ધ હસ્ત ગુજરાતના કવિઓ દ્વારા સમાજ સમક્ષ રજૂ કરવાનો સ્તુત્ય અને અભિનંદનીય પ્રયાસ હાથ ધર્યો છે.

પ્રસ્તુત પુસ્તિકા ગ્રંથાલયો અને ઘરોમાં ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા અને ભાવિ પેઢીના મનમાં રાષ્ટ્રીયતા, દેશપ્રેમ અને સંસ્કારનું સિંચન કરનાર બની રહેશે એવી શુભેચ્છા.

ભગવત્પ્રસાદ પનાલાલ પંડયા

* * *

ફોરમ : લે. કનુભાઈ કાપડિયા, **પ્ર.** '**કવિમિલન**' c/o કનુભાઈ કાપડિયા, મોટું મેદાન, મહેતા પોળ, વડોદરા, પ્રકાશન વર્ષ : ૧૯૮૨, આવૃત્તિ ૧, મૂલ્ય રૂા. ૫–૦૦

કાવ્યપ્રવૃત્તિ કરતી સંસ્થાઓ સાથે સંકળાતાં કવિમિત્રોના સાન્નિધ્યમાં કોઈકમાં પડેલું કાવ્યબીજ અંકુરિત થાય એનું ઉદાહરણ શ્રી. કનુભાઈ કાપડિયા છે. વડોદરાની કમલ કવિસભા, કવિમિલન, પ્રેમાનંદ સાહિત્યસભા અને અક્ષરા સાથે સંકળાયેલા શ્રી. કાપડિયા 'દીપ', 'સમર્પણ', 'તર્પણ', 'પ્રાણોલ્લાસ' જેવા કાવ્યસંગ્રહોના સંપાદનની પ્રવૃત્તિ કાવ્ય પ્રત્યેના સહજ પ્રેમથી પ્રેરાઈને કરે છે. વ્યવસાયે યુનિવર્સિટીના કર્મચારી કનુભાઈના હૃદયમાં જે ઊગ્યું તેને તેઓ શબ્દબદ્ધ કરવા પ્રેરાય છે.

"મારી ભાષાને ફૂટયાં છે ફૂલ,
શબ્દો બની ડોલી રહે રે લોલ!"

જેવો છે તેવો પોતાના હૈયાનો આલેખ એમની કવિતામાં છે. એને રજૂ કરતાં કવિસંમેલનોમાં, રેડિયોના 'કાવ્યધારા' વિભાગમાં ભાગ લેતાં શ્રોતાઓને પોતાના સંવેદનના સહભાગી બનાવે છે. ત્રીસ વર્ષથી કાવ્યપ્રવૃત્તિ સાથે સંકળાયેલા શ્રી. કનુભાઈના વનપ્રવેશ પ્રસંગે 'કવિમિલન' સંસ્થાના સહકારથી એમનો આ પહેલો કાવ્યસંગ્રહ 'ફોરમ' પ્રકાશિત થાય છે.

ગઝલ, મુક્તક, અછાંદસ, ગીત, હાઈકુ જેવા પ્રકારોમાં વહેતી કવિતામાં વિષયવૈવિધ્ય ધ્યાન ખેંચે છે. ગાંધીજી, પ્રેમાનંદ, કવિ કલાપી, પૂ. મોટા, પૂ. રંગ અવધૂત જેવી વ્યક્તિઓ; પુષ્પો, શ્રાવણ, વસંત, ઉષા જેવાં પ્રકૃતિતત્ત્વો ઉપરાંત પ્રણય, કરફ્યુ, કુટુંબનિયોજન, દિવાળી, ગુજરાત, શાયરી જેવા વિષયોને સ્પર્શતા કાવ્યસંગ્રહમાં પહેલું જ કાવ્ય રાષ્ટ્રવાદી કવિતાના વાતાવરણમાં મૂકી આપતી ગઝલ છે—

"વતનનું બદનથી જતન કરવું પડશે;
મા ભોમ કાજ થોડું સહન કરવું પડશે."

એ કવિતામાં વાસ્તવિકતાનો આગ્રહ સ્હેજે રખાય. એનું અનુસંધાન બીજી ગઝલની "અદ્ધર ધરાથી ચાલતાં પટકાઈ ગયો હું" જેવી પંક્તિમાં જોઈ શકાય.

પ્રણયકાવ્યોમાં મુખ્યત્વે મિલનની ઝંખના, દિવાળીવિષયક કાવ્યમાં ઉપદેશ, 'જય જવાન જય કિસાન' માં નારા ગજવતા કૂચગીતની છટા, 'ચમચો', 'પાટલીઓ બોલે'માં કટાક્ષ, કરફ્યુ અને કુટુંબનિયોજનવિષયક કાવ્યોમાં ફરમાશુ આયાસ વર્તાય છે.

"છોગાળા ઘૂંઘટનો ઘૂમટો ના ખોલું" લોકસાહિત્યની ભાવસૃષ્ટિનું સ્મરણ કરાવે છે. "નંદના કુંવર મારો છેડલો છોડ", "ખેલે છે રંગને રેલાવતો", "ભાતીગળ ભીંજાવી મારી ચૂંદડી" મધ્યકાલીન કૃષ્ણવિષયક પદોનું અનુસંધાન સાચવે છે.

શ્રી. કાપડિયાની કવિતા મુખ્યત્વે સભારંજની છે. એની અસરકારક રજૂઆત જ મનોરંજક નીવડે છે, અર્થની ઊંડી પળોજણમાં શ્રોતાઓ પડે તો

ના ખ્વાબમાં છે સત્યતા,
પણ કંટકોમાં ગુલાબ છે,
ભલે પ્રેમીઓ મૂગા ઊભા,
પણ આંખમાં જવાબ છે." જેવી પંક્તિમાં મેળ બેસાડવો દુષ્કર થઈ પડે. હાઈકુમાં ચમત્કૃતિનો અભાવ છે. શ્રી. કનુભાઈ ગઝલ માટે આશાસ્પદ છે.

દેવદત્ત જોશી

* * *

સાભાર-સ્વીકાર

૧ **દ્રુમપર્ણ :** લે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્ર. પ્રમુખ, ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મજીઠિયા ચેમ્બર્સ ૨૭૬, ડૉ. ડી. એન. રોડ. મુંબઈ,–૪૦૦ ૦૦૧, પૃ. ૩૨ + ૪૭૨, કિંમત : રૂા. ૬૦ = ૦૦.

૨ **મરમી સંતોનું દર્શન :** લે. જયંતિલાલ આચાર્ય, પ્ર. કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી પ્રેસ, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, પૃ. x + ૨૪૮, કિંમત : રૂા. ૨૬ = ૦૦.

૩ **સંસ્કૃત સાહિત્યમાં કરુણ રસ :** લે. અને પ્ર. રશ્મિકાન્ત પદ્મકાન્ત મહેતા, બ્લોક : ચ-૧૭/૪; સેકટર-૨૯, ગાંધીનગર-૩૮૨૦૨૯, પૃ. ૫૬, કિંમત : રૂા. ૨૦=૦૦.

૪ **સાતમો પુરુષ :** લે. મફત ઓઝા, પ્ર. આદર્શ પ્રકાશન, જુમ્મામસ્જિદ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૨૩૨, કિંમત : રૂા. ૨૨ = ૦૦.

૫ **તર્પણ :** લે. શ્રી યોગેશ્વરજી, પ્ર. કુમકુમ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ, પૃ. ૮૮, કિંમત : રૂા. ૬ = ૦૦.

૬ **રામચરિત માનસ :** પદ્યાનુવાદ : શ્રી યોગેશ્વરજી, પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૨ + ૬૮૪, કિંમત : રૂા. ૬૫ = ૦૦.

૭ **ભક્તરાજ કાશીરામભાઈ :** લે. રમેશચંદ્ર લાભશંકર પંડયા, પ્ર. ટ્રસ્ટી, અ. નિ. શુક્લ નાથજીભાઈ ઈચ્છારામ સાર્વજનિક ટ્રસ્ટ, નડીયાદ. પૃ. ૧૨ + ૪૫૨, કિંમત : રૂા. ૬ = ૦૦.

૮ **હરિજનોની સમસ્યા :** લે. ભોગીભાઈ ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટસ, વડોદરા-૩૯૦ ૦૦૫, પૃ. ૪૩૨ + ૫૬ + ૮ + ૪ = ૫૦૦, કિંમત : રૂા. ૩૨ = ૦૦.

૯ **બે કિનારાની વચ્ચે :** લે. યોગેન્દ્ર વ્યાસ, પ્ર. શ્રી પાર્શ્વ પ્રકાશન, નિશાપોળના નાકે, ઝવેરીવાડ, રિલીફરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૯૨, કિંમત : રૂા. ૧૦ = ૫૦ પૈસા.

ALEMBIC CHEMICAL WORKS CO., LTD.

BARODA-390 003

MANUFACTURERS OF ANTIBIOTICS,
ETHICAL PHARMACEUTICALS
AND
HOME PRODUCTS

Statement about the ownership and other particulars about newspapers

SVĀDHYĀYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1	*Place of the Publication* :	Oriental Institute, M. S. University of Baroda, Baroda
2	*Periodicity of its Publication* :	Three Months—September, December, March and June
3	*Printer's Name* : *(Whether citizen of India)* *(If foreigner, state the country of origin)* *Address* :	Dr. S. G. Kantawala Yes " Shri–ram " Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
4	*Publisher's Name* : *(Whether citizen of India ?)* *(If foreigner, state the country of origin)* *Address* :	Dr. S. G. Kantawala Yes "Shri–ram" Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
5	*Editor's Name* : *(Whether citizen of India ?)* *(If foreigner, state the country of origin)* *Address* :	Dr. S. G. Kantawala Yes "Shri–ram" Kantareshvar Mahadev's Pole, Bajwada, Baroda-390 001
6	*Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital*	The M. S. University of Baroda, Baroda

I, S. G. Kantawala, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

S. G. Kantawala
Signature of Publisher

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ) ભાગ ૧, સ્કંધ ૧-૩**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૩૪૭	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત : ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૦૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પોટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર : એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—સ્વ. ક. ન. જોષી (૧૯૮૦)	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૮૦)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૦૦
૩૫૯	**કવિ ગિરધર : જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research... and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005



everest/790/JY

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

રૂા. ન.પૈ.

૧. **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ ૧૦=૫૦
વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ ૬=૫૦

૨. **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા ૯=૫૦

૩. **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી ૧૧=૫૦

૪. **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ૨=૫૦

૫. **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી ૮=૦૦

૬. **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા ૧૦=૫૦

૭. **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ ૨૪=૦૦

૮. **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ ૧૫=૫૦

૯. **હમ્મીર પ્રબન્ધ**—સં.: ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ ૬=૦૦

૧૦. **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ ૩૧=૦૦

૧૧. **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા ૧[illegible]=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧. વિવિધ **વ્યાખ્યાનો ગુચ્છ ૧** ૨=૫૦

૨. ,, ,, ,, ૨ ૨=૫૦

૩. ,, ,, ,, ૩ ૬=૫૦

૪. **નિરુત્તમા** ૨=૫૦

૫. **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) ૨=૫૦

૬. **પ્રવેશકો, ગુચ્છ પહેલો** ૪=૫૦

૭. ,, ,, **બીજો** ૩=૦૦

૮. **અંબડ વિદ્યાધર રાસ** ૪=૦૦

૯. **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) ૪=૦૦

૧૦. **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) ૪=૦૦

૧૧. **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) ૪=૦૦

૧૨. **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક: ડૉ. હર્ષદ મ. ત્રિવેદી ૮=૫૦

૧૩. **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** ૧૫=૫૦

૧૪. **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સં. ડૉ. હર્ષદ ત્રિવેદી ૬=૭૫

૧૫. **વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર ૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,

રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડોલર (ટપાલખર્ચ સાથે)

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
સંપાદક

મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મેનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, અ. નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુન, ૧૯૮૩.